
# ગૌરવ ગાથા ગિરનારની



પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૪૫

# ગિરનારની ગૌરવગાથા

ગિરનારનું મહિમાગાન કરતા ૧૫ પ્રસંગો અને તીર્થ પરિચય

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


નામ : **ગિરનારની ગૌરવગાથા**
**Girnar's gourav gatha**

પ્રકાશન : વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

સાહિત્યસેવા : ૬૦-૦૦

પૃષ્ઠ : ૮ + ૧૬૮

પ્રતિ : ૨૦૦૦

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) **જિતેન્દ્ર જ્વેલર્સ** ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) **ગૂર્જર પ્રકાશન** રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) **પ્રવચન શ્રુતતીર્થ** વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929

## પુસ્તક પ્રકાશન લાભાર્થી

## અ.સૌ કંચનબેન મુક્તિભાઇ મોરખીયા (લાખણી, અમદાવાદ) પરિવારની

# સુકૃતાનુમોદના

**પ્રેરણા : પૂ.મુનિરાજ શ્રી હેમશ્રમણવિજયજી મહારાજ**

સિદ્ધહસ્તલેખક પૂ.ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તથા હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ. આચાર્યશ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજની નિરંતર વરસતી કૃપાના પ્રભાવે લાખણી નિવાસી માતુશ્રી જાસુદબેન રાજમલભાઈ ચુનીલાલ મોરખીયા પરિવારની ધર્મભાવના પણ વધતી જઈ રહી છે.

સૌથી મોટાપુત્ર મુક્તિભાઈએ પોતાના અમદાવાદના ઘરે અરનાથ પ્રભુજીનું ગૃહ જિનાલય બનાવ્યું, તેમજ વર્ષીતપની સાધના કરી. મોટા પુત્રવધૂ અ.સૌ. કંચનબેને ૪ વર્ષીતપ પૂર્ણ કર્યા ને પમો વર્ષીતપ ચાલુ છે, ઉપધાનતપ, વીશસ્થાનકતપ, ૧૦ ઉપવાસ, મોક્ષદંડકતપ, ૫૦૦ આયંબિલ તપ, વર્ધમાનતપની ૧૮ ઓળી, ચૈત્રી પૂનમ તપ, ક્ષત્રિયકુંડ તપ, નવપદની ઓળી-૯, ચોમાસી તપ, સિદ્ધગિરિતીર્થે ૨ ચાતુર્માસ, આવી અનેકવિધ તપ આરાધના કરી છે. સુપુત્ર મિતેશે માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ૮ ઉપવાસ અને ઉપધાન તપ. સુપુત્રી રિદ્ધિએ ૨૧ ઉપવાસ, ૮ ઉપવાસ, વર્ષીતપ, ઉપધાનતપ, પુત્રવધૂ રીંકલ અને જયશ્રીએ ૧૦ ઉપવાસનો તપ કરેલ છે.

સં. ૨૦૭૨ના ફાગણ સુદ-૧૫, ફાગણ વદ-૧ તા. ૨૩ અને ૨૪ માર્ચના બે દિવસની શ્રી ગિરનારજી મહાતીર્થની યાત્રાનું મોરખીયા પરિવારે આયોજન કરી લાખણી સમસ્ત સંઘ સાથે સહુને જોડ્યા હતા. જેમાં સુપુત્ર વિક્રમ મુક્તિભાઈએ જાત દેખરેખથી પ્રસંગને દીપાવ્યો હતો. મોરખીયા પરિવારના ચૈત્ય - મોક્ષ - આર્વી - ક્રિયા વગેરે બાળકો પણ ધર્મ માર્ગે આગળ વધી રહ્યાં છે. આવી ઉત્તમ ધર્મભાવના ધરાવતા **કંચનબેન મુક્તિભાઈ મોરખીયા** પરિવારની આ પુસ્તકનો ઉદારદિલથી લાભ લેવા બદલ અનુમોદના કરીએ છીએ.



# ઓળખ
## સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**
**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

# કથાક્રમ

| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ભાવે કેવલજ્ઞાન | ૧ |
| ૨ | ઋણમુક્તિ | ૪ |
| ૩ | પાંચ પાંચ બલિદાન | ૮ |
| ૪ | કસોટી તો કંચનની જ થાય | ૨૫ |
| ૫ | તીર્થની રક્ષા કાજે | ૪૧ |
| ૬ | દેવરિયા મુનિવર, ધ્યાનમાં રહેજો | ૫૮ |
| ૭ | યાત્રામાં યુદ્ધ | ૬૫ |
| ૮ | પતિતમાંથી પાવન | ૭૧ |
| ૯ | ગિરનારની ગીત-ગાયિકા | ૭૫ |
| ૧૦ | શિષ્ય વિજય | ૮૩ |
| ૧૧ | બંધનમાંથી મુક્તિ | ૮૬ |
| ૧૨ | બહુરત્ના વસુંધરા | ૯૫ |
| ૧૩ | હોડમાં હોમાયેલું તીર્થ | ૧૦૯ |
| ૧૪ | શત્રુ શરણાગત બન્યો | ૧૧૭ |
| ૧૫ | મુંડને વળી મૂડકું શું? | ૧૨૪ |
| ૧૬ | ગૌરવવંતો ગિરનાર અને જિનાલયો | ૧૩૧ |

# કથા પરિચય


બાવીશમાં તીર્થપતિ શ્રી નેમિનાથ પ્રભુના
દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ
આ ત્રણ કલ્યાણકો જે પાવનભૂમિ પર થયા છે.
તે પર્વતરાજ ગઢ ગિરનાર
પશ્ચિમ ભારતની એકમાત્ર કલ્યાણક ભૂમિ છે.
અતીત ચોવીસીના દશ જિનેશ્વરો
આ જ ગિરનાર ગિરિ પરથી નિર્વાણ પામ્યાં હતાં.
આવતી ચોવીસીના પ્રત્યેક પરમેશ્વર
આ જ પર્વતની પીઠ પરથી
મોક્ષના અનંત સામ્રાજ્યના સ્વામિ બનનાર છે.
વળી કરોડો મુનિઓ આ ગિરિસંગે સિદ્ધિ વર્યા છે
અને વરશે.
શત્રુંજયના પાંચમા શિખર સ્વરૂપ
આ ગિરનાર પણ સિદ્ધગિરિ છે
આવા ગિરનારની ગૌરવગાથા ગાનારા
તીર્થભક્તોના જીવન પ્રસંગો તથા
ગિરિમંદિરોની માનસયાત્રા કાજે પ્રયાણ કરીએ.

# કથા પરિચય

બાવીશમાં તીર્થપતિ શ્રી નેમિનાથ પ્રભુના
દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ
આ ત્રણ કલ્યાણકો જે પાવનભૂમિ પર થયા છે.
તે પર્વતરાજ ગઢ ગિરનાર
પશ્ચિમ ભારતની એકમાત્ર કલ્યાણક ભૂમિ છે.
અતીત ચોવીસીના દશ જિનેશ્વરો
આ જ ગિરનાર ગિરિ પરથી નિર્વાણ પામ્યાં હતાં.
આવતી ચોવીસીના પ્રત્યેક પરમેશ્વર
આ જ પર્વતની પીઠ પરથી
મોક્ષના અનંત સામ્રાજ્યના સ્વામિ બનનાર છે.
વળી કરોડો મુનિઓ આ ગિરિસંગે સિદ્ધિ વર્યા છે
અને વરશે.
શત્રુંજયના પાંચમા શિખર સ્વરૂપ
આ ગિરનાર પણ સિદ્ધગિરિ છે
આવા ગિરનારની ગૌરવગાથા ગાનારા
તીર્થભક્તોના જીવન પ્રસંગો તથા
ગિરિમંદિરોની માનસયાત્રા કાજે પ્રયાણ કરીએ.

## સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે
# પ્રકાશિત પુસ્તક શ્રેણિ

૧ આબુતીર્થોદ્ધારક મંત્રીશ્વર વિમલ
૨ ગિરનારની ગૌરવ ગાથા
૩ પુણ્યે જય પાપે ક્ષય
૪ લેખ મિટે નહિ મેખ લગાયો
૫ નળ દમયંતી
૬ સુખ દુઃખની ઘટમાળ
૭ પ્રત્યેક બુદ્ધ
૮ મહારાજા ખારવેલ
૯ મહાસતી મૃગાવતી
૧૦ કલ્યાણ કળશ
૧૧ કલ્યાણ પથ
૧૨ કલ્યાણ કાવ્ય
૧૩ જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૧
૧૪ જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૨
૧૫ જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૩
૧૬ સંસ્કૃતિની રસધાર ભાગ-૧
૧૭ સંસ્કૃતિની રસધાર ભાગ-૨
૧૮ સંસ્કૃતિની રસધાર ભાગ-૩
૧૯ સંસ્કૃતિની રસધાર ભાગ-૪
૨૦ સંસ્કૃતિની રસધાર ભાગ-૫
૨૧ પ્રેરણાના પારિજાત
૨૨ અક્ષરના દીવડા
૨૩ દીવાદાંડી
૨૪ ઉપવન
૨૫ પાથેય



# ૧ ભાવે કેવલજ્ઞાન

પાણી લહેરાઈ રહ્યાં હતાં. વહાણ આગળ વધ્યે જતું હતું ને ગિરનાર તીર્થ નજીક આવતું જતું હતું. પણ આદર્યાં અધૂરાં ન રહે, તો આ સંસાર ચિત્ર-વિચિત્ર શાનો ?

અચાનક તૂફાન જાગ્યું. આંધીએ પાણીને ઘૂમરાતું કર્યું. પશ્ચિમનો પવન સુસવાટા સાથે ફૂંકાવા માંડ્યો. ઊડતી ધૂળની ડમરીઓએ વાતાવરણને ધૂંધળું બનાવી મૂક્યું અને નાવ મધદરિયે હાલમ-ડોલમ થવા માંડી.

મતિ અને સુમતિ ! મહાભારતના મહામાનવો પાંડવોની વંશવેલી પર ઊગેલું એક ફૂલ પાંડુષણ રાજા ! મતિ-સુમતિ એમના પુત્રો !

મતિ-સુમતિને એકદા ગિરનાર સાંભર્યો અને સમુદ્ર-માર્ગે એમણે યાત્રા-પ્રસ્થાન કર્યું, પણ વિધાતાની પીંછીંમાં કોઈ નવું જ ચિત્ર ઘૂંટાતું હતું, આદર્યાં અધૂરાં રહ્યાં. નાવ મધદરિયે આવી ને ભીષણ તૂફાન જાગ્યું !

સાગરના બધા સફરીઓ, તૂફાન જોતાં જ ધ્રૂજી ઊઠ્યા ! દૂર દૂર સાગરના પાણીમાં પ્રલય-વેગ હતો ને આંધી વધુ ને વધુ ભીષણ સ્વરૂપ લઈ રહી હતી !

બધા સફરીઓનાં હૈયા જ્યારે ઊંચાં થઈ ગયાં, ત્યારેય મતિ-સુમતિ તો શાંત જ બેઠા હતા. એમની આંખો સામે ગિરનાર ખડો હતો અને વાણી વિના તેઓ ભગવાન નેમનાં ગીત ગાઈ રહ્યા હતા !

પળ વીતી અને ઝંઝાવાતે વધુ વેગ પકડ્યો, બે પળ વીતી ને પાણીનાં મોજાંઓ નાવને ઉથલાવવા દોડ્યાં આવતાં જણાયાં ! અંતે, નાવની ગતિ પર ફટકો પડ્યો ને નાવ ભરદરિયે અટવાઈ !

સઢની ફરેરાટી બોલાઈ ગઈ હતી ! સુકાન હવે હાથમાં રહ્યું ન હતું અને નાવિકોની હૈયા-ક્ષિતિજેથી આશાનો સૂર્ય અસ્ત થઈ ગયો હતો ! પણ બધા સફરીઓની વચ્ચે મતિ-સુમતિ સાવ અભય બનીને બેઠા હતા, મરણનો એમને ભય ન હતો અને જીવનની એમને ઝંખના ન હતી ! બસ, એમને તો અત્ર, તત્ર ને સર્વત્ર મસ્તીની બંસી સંભળાતી હતી !

ઘડી-અધઘડી વીતી ને સાગરપ્રલય નૃત્યના ઠેકા લેતો જણાયો. એક જોરદાર આંધી આવી ને નાવ ઊથલી પડી. પાણીનાં મોજાંની જીવલેણ થપાટ વાગી ને નાવનાં સંધાનનો ભુક્કો બોલાયો, એનાં પાટિયેપાટિયાં વિખૂટાં પડી ગયાં !

ધર્મનું સાચું સાધન ડિલ નહિ, દિલ છે, ને સાચું જ્ઞાન કેવળજ્ઞાન ભાવથી મળે છે !



## ૨ ઋણમુક્તિ

યુગાદિ-મંદિરના પ્રોત્તુંગ શિખરે ધજા લહેરાતી થઈ. જનતાના જયનાદે આકાશ આખું છવાઈ ગયું અને દંડનાયક બાહડે પિતૃ-ઋણ અદા થયાનો સંતોષ અનુભવ્યો.

ધજા લહેરાતી મૂકીને દંડનાયક નીચે ઊતર્યા. એમની આંખ આગળ પોતાના પિતા ને ગુજરાતના ભાગ્ય-વિધાતા એવા ઉદયન મંત્રી તરવર્યા ! એમનો એ મૃત્યુકાળ ખડો થયો ! પિતાએ પુત્રની પાસે સેવેલાં અરમાનના એ શબ્દો ગુંજવા લાગ્યા !

મૃત્યૂએ જ્યારે દ્વાર ખખડાવ્યું, ત્યારે મહામાત્ય ઉદયન રણ-છાવણીમાં પોઢ્યા હતા. ગુજરાતને એમણે જરૂર વિજયી બનાવ્યું હતું, પણ પોતાના જીવનને હોડમાં મૂકીને ! ગુજરાતની શાન રાખતાં, એમનું શરીર જખમી બન્યું હતું.

રણવાટે સંચરતા મંત્રી વચ્ચે તીર્થાધિરાજ શત્રુંજયમાં ભગવાન યુગાદિને ભેટીને આગળ વધ્યા હતા. એ કાષ્ટ-મંદિરમાં જલતી દિવેટ લઈને ફરતા ઉંદરોને જોઈને એમનું દિલ ખળભળી ઊઠ્યું હતું. યાત્રા કરીને પાછા વળતાં એમણે નિર્ધાર કર્યો હતો કે, હું આ કાષ્ટ-મંદિરનું નવનિર્માણ કરીશ ! પણ આદર્યાં અધૂરાં જ રહ્યાં ! યુદ્ધમાં વિજયી બનીને પાછા વળતાં જ મંત્રીશ્વર મૃત્યુબિછાને પોઢ્યા અને એમણે પોતાના પુત્રને આટલો સંદેશ આપવાનું સૂચન કર્યું :

'મારી ઇચ્છા તમે પૂરી કરજો ! મારી ભાવના હતી : યુગાદિ-મંદિરનું હું નવસર્જન કરું ! મારી ઝંખના હતી : મહાતીર્થ ગિરનાર પર હું પાજ પગથાર કંડારું !'

-ને મંત્રીએ પ્રાણ તજ્યા. ગુજરાતે એક પીઢ પ્રધાન ખોયો !

દંડનાયકની આંખ સામે, પિતૃ-જીવનની એ સંધ્યા તરવરી રહી. આજે પોતે યુગાદિ-મંદિરનું નવસર્જન કરી શક્યા અને પિતૃઋણથી કંઈક મુક્ત થયા, એ બદલ એમના હોઠે હાસ્ય રમી ગયું !

બે કરોડ અને સત્તાણું લાખ રૂપિયાના સદ્વ્યય પછી યુગાદિ મંદિરનું નવસર્જન પૂરું થયું હતું અને કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરીશ્વર મહારાજાનો પ્રતિષ્ઠા વાસક્ષેપ મેળવવાનું ભાગ્ય બાહડને લાધ્યું હતું. પરંતુ દંડનાયકને હજી સંતોષ ન હતો. એમના કાનમાં હજી ગિરનાર ને એની પગથારનાં પડઘા ગૂંજી રહ્યા હતા. એક વચન પૂરું થયાના આનંદ કરતાં, એક વચન હજી અધૂરું હતું, એનો અસંતોષ એમને થોડા જ દિવસોમાં ગિરનાર લઈ ગયો. દંડનાયક બાહડ ઋણમુક્તિ કાજે ગિરનાર આવ્યા !

ઊંચી ઊંચી ભેખડો ! નજર તાગ ન પામી શકે, એટલો બધો પર્વતનો વિરાટ ઘેરાવો અને વાદળથી વાતો કરતાં એનાં ગગનચુંબી શિખરો !

દંડનાયક ગિરનારને નિહાળી રહ્યા. આવા વિરાટકાય પર્વતમાં ક્યા રસ્તે પગથાર સર્જવી, એની મૂંઝવણ એમને અકળાવી ગઈ. સાથે આવેલા શિલ્પીઓએ ઘણી ઘણી મહેનત લીધી, પણ પગથારનું ટાંકણું ક્યાંથી મારવું, એનો નિર્ણય તેઓ ન કરી શક્યા.

દંડનાયકની ચિંતા વધી ગઈ. ઋણમુક્તિ માટેની ઝંખના અદમ્ય હતી. સર્જનના ટાંકણાનો ધ્વનિ નેમનાથની ટૂકની ઘૂઘરીઓનો મર્મર ધ્વનિ : આ બે ધ્વનિનો સંગમ, મંત્રીશ્વર જલદી ઇચ્છતા હતા.

પળો વીતી, ઘડીઓ પસાર થઈ. દિવસ આખો ચાલ્યો ગયો, પણ એ મૂંઝવણનો ઉકેલ ન આવ્યો.

દંડનાયકે ઘણી મથામણ અને ઘણાં મંથનો કર્યાં, પણ માનવનું ગણિત હવે ગિરનાર પર નકામું લાગ્યું. ને એમને ગિરનારની રક્ષિકા અંબિકા-મા સાંભરી આવી. એક અણનમ સંકલ્પ સાથે ને અજોડ વિશ્વાસ સાથે દંડનાયક અંબિકાને ચરણે બેસી ગયા ! એમની હૈયા-સિતારી એટલું જ ગાતી હતી : મા, મને રસ્તો બતાવ ! જે રસ્તે ડગ ભરીને હું ઋણમાંથી મુક્તિનો શ્વાસ લઉં !

એક, બે ને ત્રણ ઉપવાસ ! ત્રણ દિવસ વીતી ગયા. પણ આંખ સામે પથરાયેલા વિરાટ અંધકારમાં કાણુંય પડ્યું ન હતું, પણ બાહડને વિશ્વાસ હતો કે, અણધારી રીતે જ આ અંધકારને અજવાળતી દીવડી લાધશે ને એ અંધકાર પળ પછી અજવાસમાં પલટાઈ જશે !

ને બન્યું પણ એમ જ ! ત્રીજા ઉપવાસને અંતે 'મા' અંબિકા હાજર થયાં ને એમણે કહ્યું :


'બાહડ ! હું જે રસ્તે અક્ષત વેરતી જાઉં, એ રસ્તે પગથારનું સર્જન-ટાંકણું મારજે !'

ધરતી હસી ઊઠી. વાતાવરણમાં આનંદ છવાયો. ગિરનારની વિકટ વાટ વચ્ચે અંબિકાદેવી ચોખા વેરતાં ગયાં ને એ રસ્તે પગથારનાં ટાંકણાં પડતાં ગયાં.

- ને એક પળ એવી આવી,, જ્યારે ટાંકણાઓનો ધ્વનિ, નેમનાથની ટૂકમાં ઘૂમી વળ્યો.

ઋણમુક્તિ પછીનો એ આનંદ બાહડના રોમ રોમમાં ફરી વળ્યો. ત્રેસઠ લાખ રૂપિયાના જંગી ખર્ચ પછી પાજ બંધાઈ અને ગિરનારની વિકટ વાટ કંઈક સહેલી થઈ !

●



# 3 પાંચ પાંચ બલિદાન

તીર્થ-રક્ષાની વેદીએ 'બલિદાન'નો સાદ કર્યો અને એક પછી એક જવાંમર્દો મોતને ભેટવા કૂદી પડ્યા : એક ! બે ! ત્રણ ! ચાર અને પાંચ ! પાંચ પાંચ બલિદાનથી વેદી રક્તરંગી બની ઊઠી !

કેટલાય દિવસોનો પ્રવાસ ખેડીને સંઘ ગિરનારની તળેટીમાં આવ્યો હતો. પણ છેલ્લા કેટલાક કાળથી ગિરનાર પર બીજા જ પક્ષે, પોતાનો કબજો જમાવવા માંડ્યો હતો. શ્વેતાંબરોની સાથે ઝૂઝવું, એમનાં તીર્થો પર અન્યાયી પંજો મારવો અને બળના જોરે તીર્થો પર પોતાની હકૂમત કબૂલ કરાવવી, એ પક્ષનો આ જ મુદ્રાલેખ બન્યો હતો !

ધામણઉલિ નગરમાં વસતો ધાર શ્રાવક કુબેરનો કૃપાપાત્ર લેખાતો. એની પાસે ઋદ્ધિ-સિદ્ધિ અપાર હતી, લક્ષ્મી એના આંગણે પાણી ભરતી હતી. ગૃહસ્થાશ્રમનો છોડ પણ અણફળ્યો ન હતો, એની પર પણ પાંચ પાંચ ફળો ઝૂમી પડ્યાં હતાં !

આમ, શ્રાવક ધાર ખૂબ વૈભવશાળી તરીકે ગવાતો, છતાંય ધર્મનો પ્રેમ, અને ધર્મ ઉપર અથાગ શ્રદ્ધા ધરાવતો ધાર શ્રાદ્ધ આચરણમાં પણ ખૂબ જ આગળ પડતો ભાગ લેતો ! ધર્મ અને ધન : આ બન્નેમાં 'ધાર'નું નામ ગવાતું !

એક વાર હૈયાની સિતારી પરથી 'ગિરનાર'નું ગીત છેડાયું અને ધારને 'ગિરનાર'ની ધૂન લાગી ! પણ વિશાળ દૃષ્ટિ પહેલાં સમિષ્ટનાં દર્શન કરે છે અને વ્યક્તિ પોતે તો સમષ્ટિમાં આવી જ જતી હોય છે ને ?

ગામ આખામાં ધાર શ્રાવકે સંઘનું આમંત્રણ પાઠવ્યું. એનો ધ્વનિ આજુબાજુનાં ગામોમાંય પડ્યો. જોતજોતામાં તો ધારના ગૃહાંગણે ગામ-ગામનાં ભક્તિભર્યાં હૈયાંઓનો સંગમ સધાયો !

-ને એક પાવની પળે, સંઘનું પ્રસ્થાન પગલું ઊઠ્યું ! ગિરનાર દૂર હતો, છતાંય કદમ કદમની કૂચે, એક દિવસે સંઘને મહાતીર્થ ગિરનારનો ભેટો કરાવી આપ્યો !

શ્વાસે શ્વાસે જેની ઝંખના હતી, દિલ દિલની દિલરુબા પર જેનાં ગાન હતાં, એ તીર્થનો ભેટો તો થઈ ગયો, પણ ત્યાંની અંધાધૂધી જોતાં જ દરેકની આંખે કમકમાં આવી ગયાં !

— • —

ગિરનાર પર જે પક્ષ, પોતાનો અન્યાયી હક જમાવી રહ્યો હતો, એણે દૂર દૂરથી આવતા સંઘની વાત સાંભળી અને એ પક્ષ પોતાનાં શસ્ત્રો સજ્જ કરવા બેસી ગયો ! એણે નિર્ણય કર્યો કે, સંઘને ઉપર જતાં પહેલાં જ રોકવો અને પોતાના હક આગળ કરીને, શ્વેતાંબરોનો

અધિકાર નામંજૂર જાહેર કરવો ! આમ છતાંય જો ધાર્યા પાસા ન પડે, તો છેલ્લે યુદ્ધ.......?

આ દેખીતો અન્યાય હતો, પણ પક્ષનો આંધળો પ્રેમ ન્યાયની આંખને ધૂંધળી બનાવીને અન્યાયની આંખમાં તેજ મૂકતો હોય છે.

સંઘ જ્યાં તીર્થની પગથાર આગળ આવી ઊભો, ત્યાં જ સામો પક્ષ દીવાલ બનીને ઊભો રહી ગયો ! એની વાત એક જ હતી કે, આ તીર્થ પરની એક તસુ જેટલી ધરતી પર પણ તમારો અધિકાર નથી, માટે ચાલ્યા જાવ ! નહિ તો પરિણામ ખતરાભર્યું આવશે !

એ દિવસે પ્રત્યેકની આંખેથી આંસુધાર વહી રહી ! એ આંસુધારે જાણે ગિરનારની તળેટી અભિષેકાઈ, ને સંઘ પાછો વળ્યો !

હવે શું કરવું ? સમસ્યાનો ઉકેલ લાવવા સંઘના મોવડીઓ એકઠા થયા. ઘણી મંત્રણાઓ પછી આ અન્યાયની સામે પડવા રાજાની સહાય માંગવાનો એકમતે નિર્ણય લેવાયો ! પણ અન્યાયની એ સુરંગનો દોર ખુદ રાજાના હાથમાં જ હતો અને રાજા તરફથી જ એમાં દારૂ-દેવતા ચંપાતા હતા !

સંઘનું એક વગદાર મંડળ રાજાને ચરણે ભેટણું ધરીને ઊભું રહી ગયું અને પોતાની પર તોળાયેલા અન્યાયની ફરિયાદ એણે રજૂ કરી !

સામો પક્ષ દૂરંદેશીભર્યો હતો, ગિરનાર પર પોતાના અન્યાયના આંદોલનને આકાર આપતાં પહેલાં જ એણે રાજાની કૃપા મેળવીને એ રાજાને પોતાનો બનાવી લીધો હતો!

સંઘના મોવડીઓ પોતાની ફરિયાદ સંભળાવીને એનો પડઘો સાંભળવાની પ્રતીક્ષા કરી રહ્યા. પણ એ પડઘો સાંભળતાં જ મોવડીઓ હતાશ બની ગયા ! રાજાએ કહ્યું :

'આમાં અન્યાયની છાંટ પણ ક્યાં છે ? આ તીર્થ પર શ્વેતાંબરોનો અધિકાર પણ સાબિત થઈ શકતો નથી !'

આ જ્વાળા હતી, એટલું નહિ, પણ આ જ્વાળા જળમાંથી નીકળી હતી, એનું આશ્ચર્ય અને એનો ખેદ મોવડીઓનાં મોં પર ઊભરાઈ આવ્યો !

જળ જ જ્યાં જ્વાળા બને, ત્યાં શાંતિની શોધ ક્યાં કરવી ? સંઘનું મંડળ વીલા મોં સાથે પાછું ફર્યું !

પાછી એ જ મંત્રણા ને એ જ વિચારણા !

હવે પછી કયું પગલું લેવું ? સંઘના અગ્રણીઓ ગંભીર મંત્રણાઓ ચલાવી રહ્યા ! હાર એમને ખપતી ન હતી ! પોતાનું જ તીર્થ ! અને એની પર પણ પોતાનો અધિકાર નહિ ? આ જ વાત, સહુને શૂલ બનીને પીડી રહી ! પ્રાણની બાજી લગાવીને પણ તીર્થની રક્ષા ઇચ્છતા કેટલાક જવાંમર્દો ઊભા થઈ ગયા. એમની જવાંમર્દીએ સિંહ-સાદ ફેંક્યો :

'ન્યાયની સામે નહિ, પણ અન્યાયની સામે અવાજ ઉઠાવવો છે, એમાં આટલી બધી વિચારણાઓ ? અમે અમારું લોહી રેડી દઈશું, પણ તીર્થ પરના આતતાયીઓને તો હઠાવીને જ જંપીશું !'

'બલિદાન' સિવાય સમસ્યાનો ઉકેલ બધાંને અસંભવિત લાગ્યો ! મંત્રણા વિખરાઈ. બલિદાનનો નિર્ણય સંઘ આખામાં ઘૂમી વળ્યો !

— ● —

સંઘવી શ્રાવક ધારના પાંચે પુત્રો, આજે મરણિયા બનીને ઝૂઝવા માંગતા હતા. એમને ખબર હતી કે, મોતના જાગતા મૃગરાજની કેસરા ખેંચવા જવાનું છે ! અને આ આઘાતનો પ્રત્યાઘાત મૃત્યુ જ હોઈ શકે, પણ તીર્થ-પ્રેમ, ધર્મની વફાદારી અને ઊકળતા લોહી-કણો આજે મોતની પણ પરવા કરવા તૈયાર ન હતા !

સંઘપતિ ધાર પોતાના પુત્રોની એ 'રણ-યાત્રા'ને અભિવંદી રહ્યા ! સંઘ જુસ્સા સાથે અને જવાંમર્દી સાથે ગિરનાર તરફ ચાલી નીકળ્યો. બન્ને પક્ષનો નિર્ણય એક જ હતો : યુદ્ધ !

ગિરનારની પગથાર આજે લોહીભીની બનવાની હતી ! આગળ જવાંમર્દો ને પાછળ વિરાટ સંઘ ! ગરવો ગઢ આવી લાગ્યો !

મૃત્યુને હથેળીમાં રાખનારા જવાંમર્દોએ ગિરનારની પગથાર પર પગલું મૂક્યું ! સામેથી સમશેરો તોળાઈ ને અવાજ ગુંજી ઊઠયો : ખબરદાર - એક પણ પગલું આગળ વધ્યા તો ?

અવાજની સામે અવાજ ઊઠ્યો : ખબરદાર ! એક પણ અક્ષર બોલ્યા તો - તીર્થ અમારું છે ! અમારાં જીવતાં એને છીનવી લેવાનો કોઈનો અધિકાર નથી ! પહેલાં અમારાં લોહી રેડાશે ! પછી હક-અધિકારની કબર ખોદાશે !

વાત વાતમાંથી વાદ અને વાદમાંથી યુદ્ધનાદ રણકી ઊઠ્યા ! બન્ને પક્ષો પોતાનો અધિકાર કાયમ રાખવા રક્ત નીંગળતી સમશેરો સાથે મેદાનમાં કૂદી પડ્યા.

સામો પક્ષ વિરાટ હતો, રાજબળનો એને સાથ હતો ! પણ સાચો પ્રેમ, બળાબળનો વિચાર ન કરે, એ જ છે ! એક હરિણી પણ જો પોતાના નવજાત મૃગબાળને, સિંહના મોંમાંથી પાછો ખેંચવા સિંહરાજની સામે પડી શકે છે, તો તીર્થની દાઝથી દાઝેલાં હૈયાં કેમ પાછાં હઠી શકે ?

મુઠ્ઠીભર મરજીવાઓ તીર્થની રક્ષા કાજે અણગણ શત્રુઓની સામે ઝઝૂમી રહ્યા ! શ્રાવક ધાર પોતાના લોહીની, પોતાના પુત્રોની એ જવાંમર્દી જોઈ રહ્યા. થોડી વાર થઈ અને તેમનો એક પુત્ર મરાયો ! તીર્થરક્ષાની વેદી પર એક બલિદાન અપાયું, છતાંય યુદ્ધ ચાલુ જ રહ્યું ! આતતાયીઓનું અંતર ન પીગળ્યું !

પ્રાણવિહોણા એ શબને રણમાં રઝળતું જોવા છતાં પિતૃ-હૈયાએ એક પણ આંસુ ન સાર્યું ! રક્ષાની કાજે થયેલા મોતને મહોત્સવ માનીને પોતાના પુત્રના એ તીર્થ-પ્રેમને ધાર જોતા જ રહ્યા ! પણ તીર્થ-રક્ષાની વેદી જલદી બુઝાય એવી ન હતી !

વાતાવરણમાં 'લોહી...લોહી'ના પુકારો ઊઠતા હતા, ત્યાં તો તીર્થ-રક્ષા કાજે ઝૂઝતો બીજો પુત્ર પણ ઢળી પડ્યો ! વેદી બે બેનાં બલિદાનથી રંગાઈ ગઈ ! શ્રાવક ધાર એ શહીદને પણ હસતી આંખે જોતો જ રહ્યો ! એને થયું : મૃગરાજની સામે પડવું હોય, તો ઓછામાં ઓછું હાથીબળ તો મેળવવું જ ઘટે !

ગિરનારની પગથાર પર લોહીના ગુલાલે જાણે શહાદતની રંગોળી રચી !

બે બાંધવો ઢળી પડ્યા હતા અને પોતાને પણ એમના પગલે જ પોતાનું પગલું ઉઠાવવાનું હતું, એનો ખ્યાલ હોવા છતાંય ધારના ત્રણ પુત્રો હજી એ જ જોમ-જુસ્સા સાથે યુદ્ધ આપી રહ્યા હતા, ને ઢળી પડેલા પોતાના બે બાંધવોના બિડાયેલા હોઠમાંથી એવી કોઈ અણગુંજતી રણહાક સાંભળી રહ્યા હતા, જેથી ઊકળતા લોહી-કણોની ઉષ્મા વધતી જતી હતી !

પળ વીતી ! બે પળ પસાર થઈ ! ને સામા મોરચે એક ઝનૂની ટુકડી 'માર... માર...' કરતી આવી પહોંચી ! ને ધારના ત્રણે ત્રણ પુત્રો એકી સાથે મોતના ખપ્પરમાં હોમાઈ ગયા !

સંઘ સમસ્તમાં સનસનાટી ફેલાઈ ગઈ. સંઘપતિના પાંચ પાંચ પુત્ર યુદ્ધ આપતાં આપતાં ઢળી પડ્યા હતા ને એમના દેહમાંથી છૂટતી લોહીધારમાંથી લોહીના લેખ લખાઈ રહ્યા હતા. ઇતિહાસની કોઈ અજ્ઞાત લેખિની એ લોહીમાં પોતાની લેખિની ઝબોળી ઝબોળીને 'તીર્થ રક્ષા'નો લોહીભીનો ઇતિહાસ તૈયાર કરી રહી ! આમ, વાતાવરણ અતિકરુણ હતું.

ધારને હજી પણ પીછેહઠ ખપતી ન હતી ! પાંચ પાંચ બલિદાન પછીય યાત્રા નહોતી થઈ, એનું દુઃખ ન હતું ! સંઘ પાછો ફર્યો, પણ પીછેહઠના એ પગલામાંથીય વિજયનો રણકાર ઊઠતો હતો !

શહાદતને વરેલા પોતાના શહીદપુત્રોને આનંદ-અનુમોદનની અંજલિ આપીને શ્રાવક ધાર એકાકી જ કોઈ ઠેકાણે ચાલી નીકળ્યા. એમનું ધ્યેય હતું તીર્થરક્ષા ! એમની મંજિલ હતી તીર્થરક્ષા !

— ● —

એક વૃદ્ધકાયા કાન્યકુબ્જમાં ઘૂમી રહી હતી અને પોતાની જિજ્ઞાસાની પ્યાસ બુઝાવવા, એ કેઈને કંઈ કંઈ પૂછી રહી હતી. જનતા એને આશ્ચર્ય સાથે જોઈ રહેતી. એ વૃદ્ધ હતો, છતાંય જવાનને બાજુમાં મૂકી દે, એવું જોર એના પગલેપગલે વેરાતું જતું હતું ! મોં પર કરચલીઓ હતી, મોઢાના મહેલમાં દાંતનાં બત્રીસ સિંહાસનોની બેઠક અખંડ ન હતી, છતાંય એની વાણી પાષાણમાંય પ્રાણનો સંચાર કરે એવી હતી !

જનતા એ વૃદ્ધના ખબર-અંતર પૂછવા મથતી, પણ એ તો જવાબ વાળ્યા વિના આગળ વધી જતો ! એ વૃદ્ધકાયા કાન્યકુબ્જમાં કોઈને શોધી રહી હતી. થોડા વળાંકો, થોડા રાજમાર્ગો અને થોડી મહેલાતોને વટાવીને એ વૃદ્ધ આગળ ચાલ્યો. એક ઠેકાણે એણે અંદર નજર કરી અને આનંદનો શ્વાસ લેતો એ એકદમ થંભી ગયો !

એ એક ધર્મસભા હતી, જ્યાં વૃદ્ધ થંભી ગયો હતો. સરસ્વતી અને સાધુતાનો સંગમ જેના જીવન-કાંઠે મળતો હતો, એવા એક મહાન સૂરિરાજ પ્રવચન દઈ રહ્યા હતા. નગરનો રાજવી ખુદ 'આમરાજા' ત્યાં નમ્રભાવે અંજલિ સાથે પ્રવચનના પ્રવાહની મસ્તી માણી રહ્યો હતો.

ઘૂમતો ઘૂમતો એ વૃદ્ધ, આ ધર્મસભામાં છેક પ્રવચન-પીઠ આગળ આવી ઊભો ને બુલંદ સ્વરે એણે કહેવા માંડ્યું :

'સૂરિરાજ ! હવે આ શાસ્ત્રો સમજાવવાં મૂકી દો, કેમ કે આજે તો શસ્ત્રને સજાવવાનો વખત આવી લાગ્યો છે !'

રાજવી આમની આંખનો ખૂણો લાલ બની ગયો : પોતાના ગુરુદેવ રાજગુરુ શ્રી બપ્પભટ્ટિસૂરિજી મહારાજનું એક રખડતો માણસ આવું અપમાન કેમ કરી શકે ?

સૂરિરાજ આમનો મનોભાવ સમજી ગયા. એમણે સંકેતથી મૌન રહેવા સૂચવ્યું. વૃદ્ધની વાણીએ વધુ છૂટ લીધી :

'સૂરિરાજ ! ગિરનાર પર આજે જ્યારે શત્રુઓનો ઘેરો અમીટ બનતો ચાલ્યો છે, ત્યારે કલમની અણી છોલીને શાસ્ત્ર-સર્જનનું કાર્ય પણ રહેવા દો ! આજે તો હવે કૃપાણો સજવાનો અવસર છે ! શાસ્ત્ર નહીં, હવે શસ્ત્ર ખખડાવવાં પડશે ! સૂરિજી ! સમજો ને સૌને સમજાવો, જાગો ને જગતને જગાડો.'

એ વૃદ્ધ, શ્રાવક ધાર હતો ! એને આવાં તીખાં તમતમતાં બાણ છોડવાનો અધિકાર હતો, કારણ પોતાના પુત્રોને રક્ષાનો સાદ પડતાં જ, વિના વિચારે એણે રણવાટે વિદાય કર્યા હતા. પાંચ પાંચ બલિદાન પછીય એની આંખ આંસુભીની નહોતી બની ! આવું આત્મવિલોપન કરનાર વખત આવ્યે પોતાના અંદરના અવાજને વાણી વાટે બહાર કાઢતો હોય અને લોકને એમાં વિવેકનો વિનાશ દેખાતો હોય, તો એ શું ક્ષમ્ય ન ગણાય ?

ધાર શ્રાવકે લોહીના એ લેખ વાંચી સંભળાવ્યા ! ગિરનાર છોડીને એકલો જ ભમતો ભમતો પોતાની ટહેલને ઝીલે એવા શૂરાતનની શોધ કરતો કરતો એ કાન્યકુબ્જ આવ્યો હતો, અને પોતાની ટહેલને ઝીલી લે, એવી જવાંમર્દી આખરે શ્રાવક ધારને મળી આવી !

શ્રી બપ્પભટ્ટિસૂરિજી એ કાળ અને એ સમયની એક મહાશક્તિ હતા; જે શક્તિએ પોતાના બળે 'આમ' જેવા એક મહાન રાજવી પર ચુંબકીય આકર્ષણ પેદા કર્યું હતું !

એ મહાશક્તિએ લોહીના લેખ સાંભળ્યા અને રાજા આમની આગળ ગિરનારનો મહાપ્રભાવ અને અત્યારે એની પર તોળાયેલાં વિઘ્નો : આ બધાંનું વર્ણન, દિલ દ્રવે એ રીતે કર્યું. એ વિઘ્નોને વિખેરવાની સક્રિય પદ્ધતિ પણ એમણે બતાવી અને મહાસંઘ સાથે ગિરનારનું પ્રસ્થાન નક્કી થયું.

સંઘના નેતા તરીકે સૂરિરાજ બપ્પભટ્ટિ હોય, ને સંઘપતિ તરીકે રાજવી 'આમ' હોય, પછી શું કમીના રહે ? એક દિવસે મંગલ પળે મહાસંઘનું પ્રયાણ થયું. ધારનો આનંદ આજે નિરવધિ બન્યો હતો. એનું ચિરદૃષ્ટ સ્વપ્ન હવે સત્યની પગદંડીએ પલાણ્યું હતું.

જાણે ચક્રવર્તીની વિજયયાત્રા જ ન હોય, એવી વિરાટ મેદની ને એવા વિશાળ વૈભવ સાથે સંઘનું પગલું ગિરનાર તરફ બઢવા લાગ્યું, પણ આ સહુની વચ્ચે સૌથી વધુ આકર્ષક ને આશ્ચર્યનું કેન્દ્ર તો હતી : રાજા આમની પ્રતિજ્ઞા !

ક્યાં કાન્યકુબ્જ ને ક્યાં ગિરનાર ? છતાંય રાજવી આમે એવા શપથ પ્રાણાન્તે પણ પાળવાની તૈયારી સાથે લીધાં હતાં કે, ગિરનારના શણગાર ભગવાન શ્રી નેમનાથનાં દર્શન-પૂજન કર્યા પછી જ હું ભોજન કરીશ ! સંઘનો પડાવ એક દિવસ સ્તંભતીર્થમાં નંખાયો. ત્યાં એક એવી ઝંઝા ચડી આવી કે, આમનો જીવનદીપ ઝિલમિલ થઈ ઊઠ્યો !

— ● —

સંઘમાં સનસનાટી મચી ગઈ હતી.

સંઘપતિ આમરાજાની જીવન-જ્યોત ઝિલમિલી ઊઠી હતી. કાન્યકુબ્જ છોડ્યાને ઠીક ઠીક દિવસો વીતી ગયા હતા. આમની પ્રતિજ્ઞા પથ્થરની રેખા હતી. ગિરનારનાં દર્શન, પછી જ આહાર-ગ્રહણની એ પ્રતિજ્ઞા અડગ હતી. રાજવૈભવમાં ઊછરેલું એ કોમળ કમળ ક્યાં સુધી પાણી વિના રહી શકે ? સ્તંભતીર્થ પહોંચતાં પહોંચતાં તો એ કમળ મૂરઝાવા આવ્યું. રાજા આમના જીવન-કોડિયે ઘી ન પુરાય, તો એ કોડિયું પળ પછી જ બુઝાઈ જાય, એવી એંધાણીઓ સહુને જણાવા લાગી, પણ રાજા આમ પોતાની પ્રતિજ્ઞાથી તસુ પણ પાછા હઠવા તૈયાર ન હતા ! એમને તો શરીરને હોડમાં મૂકીનેય પોતાના શપથ પાળવા હતા !

શ્રી બપ્પભટ્ટિસૂરિ પણ ચિંતામગ્ન બની ગયા. રાજા આમ પીછેહઠનું એકાદ પગલુંય ભરે એમ ન હતા. સૂરિરાજે આમની આગળ ઘણા ઘણા વિચારકોણો દોરી બતાવ્યા, પણ આમે તો પ્રતિજ્ઞાને જ આગળ ધરી.

સંઘના મોવડીઓ પણ આવ્યા ને ગયા ! સ્તંભતીર્થના આગેવાનોએ પણ આમની અણનમ પ્રતિજ્ઞાના એ કંચનને કસોટીની એરણ પર ચઢાવ્યું, પણ કંચન એ કંચન જ રહ્યું !

સૌથી વધુ ચિંતા-બોજ તો શ્રી બપ્પભટ્ટિસૂરિજીના મોં પર વંચાતો હતો. એક બાજુ શપથ હતા, તો બીજી બાજુ શરીર હતું. શરીર ને શપથની એ લડાઈમાં શૌર્ય ક્યા પક્ષે છે, એ વિચારવાની મહેનત કરવી પડે એમ ન હતી. વિજયની વરમાળ શપથના શિર પર ઝૂમતી દેખાતી હતી !

અંતે સૂરિરાજે પોતાની મંત્રવિદ્યાને સંભારી. 'કૃષ્માંડી' દેવીને શબ્દશક્તિથી સૂરિદેવે નીચે ઉતાર્યાં અને કહ્યું :

'દેવી ! જ્યાં માનવીય શક્તિએ પોતાની હાર કબૂલી છે, ત્યાં તારે તારી શક્તિ કામે લગાડવાની છે ! સંઘપતિ રાજા આમની જીવન-નાવ આજે શપથ અને શરીરનાં પ્રચંડ મોજાંઓ વચ્ચે હાલક-ડોલક થઈ રહી છે. રાજા શપથને મહાન ગણે છે. સંઘ આખો શરીરને મહાન ગણે છે, માટે રાજાના ઝિલમિલતાં જીવન-કોડિયાનું તેજ સ્થિર બને. એ માટે આજે દૈવીશક્તિનાં સંભારણાં કરવાં પડ્યાં છે !'

દેવી અદૃશ્ય બની ગઈ ! સૂરિરાજની આંખ પરિણામને ભાળવા અનાગતની સામે મીટ માંડી રહી. ત્યાં તો આકાશવાણી થઈ :

'રાજન્ ! આમ ! ગિરનારની અધિષ્ઠાયિકા હું અંબાદેવી, આજે તારી પ્રતિજ્ઞા પર ઓવારી ગઈ છું અને શપથ ને શરીરની રક્ષા કાજે તારી વહારે દોડી આવી છું. ગરવા ગઢ ગિરનારના મંદિરમાંથી ભગવાન નેમનાથની આ પ્રતિમા લઈ હું આવી છું ! કરી લે એનાં દર્શન અને અખંડ રાખ શરીરને અને શપથને !'

પળ બે પળમાં તો દરેક આંખ વિકસ્વર બની ઊઠી. બધાએ આકાશ ભણી મીટ માંડી !

આનંદ ! આનંદ ! એક વિશાળકાય પ્રતિમા મંદ મંદ ગતિએ નીચે ઊતરી આવતી હતી !

આમ રાજાના શરીરની શક્તિ હણાઈ ગઈ હતી છતાં પ્રભુની પધરામણીએ એમાં કોઈ નવું બળ ઊમટી પડ્યું, તેઓ એકદમ ઊભા થઈ ગયા ને અંજલિ જોડીને પ્રભુના ચરણે નમી પડ્યા !

પ્રભુ પધાર્યા ! આખું સ્તંભતીર્થ એ પધરામણી જોવા ઊમટ્યું ! હજી આમ રાજા અણનમ હતા. એમણે કહ્યું :

'મારી પ્રતિજ્ઞા હજી અધૂરી છે, પ્રાણ ભલે જાય, પણ 'પણ' અખંડ રહેવું જોઈએ !'

ત્યાં તો આકાશમાંથી કોઈ અજ્ઞાતસિતારી ઝણઝણી :

'આમ ! આ પ્રતિમાના પૂજનથી ગિરનારની મૂળ પ્રતિમા જ પૂજી ગણાશે, બન્ને પૂજનનું પુણ્ય સમાન જ છે !'

સૂરિરાજે અને સંઘે આ આકાશવાણીને જુદી જુદી રીતે સમજાવી અને અંતે રાજા આમ દેવી-વચનથી પારણું કરવા તૈયાર થયા !

શપથની પણ શાન જળવાઈ ! શરીરની શક્તિ પણ અખંડ રહી અને શરીર-શપથની આ સ્મારિકા ચિરંજીવ જ રહી ગઈ ! દેવ-દીધી એ પ્રતિમા સ્તંભતીર્થનું સૌભાગ્યતિલક બની ! એક દિવસે સંઘના પ્રસ્થાન પગલાં ગિરનારને ભેટવા ઊઠ્યાં !

— ● —

ગિરનારમાં તંગદિલી વધી રહી હતી. સૂરિરાજ બપ્પભટ્ટિની ધર્મશક્તિ ને આમરાજની કર્મશક્તિ : આ બન્ને શક્તિઓ ખભે-ખભા મિલાવીને આતતાયીઓને આંતરવા આવી રહી હોવાના સમાચારે ત્યાં ચકચાર ચગાવી દીધી !

સામા પક્ષને એવો ખ્યાલ પણ ન હતો કે, ધારના પુત્રોની શહીદી ને એ પાંચ પાંચ બલિદાનનો પડઘો આવો જબ્બર ને જીવલેણ પડશે ! એમણે પણ પોતાનું સંગઠન ને બળ જમા કરવા માંડ્યું.

ગિરનારના રાજાએ આજુબાજુના રાજાઓ પર સસૈન્ય આવી જવાના કહેણ પાઠવ્યાં ને ધીમે ધીમે અગિયાર અગિયાર રાજાઓ પોતાના દળ-બળ સાથે ગિરનારની તળેટીએ છાવણી નાંખીને એકત્રિત થઈ ગયા. આમ એક બાજુ આતતાયીઓ પોતાનું બળ વધારી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ સૂરિરાજ બપ્પભટ્ટિ ને સંઘપતિ આમરાજ સંઘ સાથે ધીમે ધીમે ગિરનાર તરફ આગળ વધી રહ્યા હતા.

આમરાજે પોતાના ગુપ્તચરો દ્વારા ગિરનારની બધી માહિતી મેળવી લીધી હતી. આ બધું જાણ્યા પછી એમના રક્તકણો ઊકળી ઊઠ્યા, ને એમણે યુદ્ધની ભેરી બજાવીને અને સમશેરો ચલાવીને પણ આતતાયીઓને નાથવાનો નિર્ણય લઈ લીધો.

સૂરિરાજનો વિચારકોણ આમથી જરા જુદો હતો ! એમની દૃષ્ટિએ વાગ્યુદ્ધ પછીનું જ ધર્મયુદ્ધ વાજબી હતું પણ આતતાયીઓને હઠાવવાના વિષયમાં તો બન્ને એકમત જ હતા ! બન્ને શક્તિઓ પોતપોતાના ક્ષેત્રે બિનહરીફ અને અજોડ હતી ! સૂરિરાજ શાસ્ત્રના અગાધ વેત્તા હતા, તો આમરાજા શસ્ત્રના ! એક કલમ ચલાવી જાણતા હતા, તો બીજા કૃપાણ !

બન્ને પક્ષ જે દિવસની રાહ જોઈ રહ્યા હતા, એ દિવસ આવી પહોંચ્યો ! વિરાટ સંઘ એક દિવસ ગિરનારની પગથાર આગળ આવી ઊભો ! સામે અગિયાર અગિયાર આતતાયીઓનું એકઠું થયેલું બળ ઊભું રહી ગયું, ને પછી એ રણહાકો પ્રચંડ પડઘા પાડી રહી :

'આ તીર્થ પર જેનો અધિકાર ન હોય, એ એક ડગલું પણ આગળ ન જ વધે ! અગિયાર અગિયાર રાજાઓની આ આણ છે !'

આમરાજે શસ્ત્રો સાબદાં બનાવતાં પહેલાં, સૂરિરાજની સાથે આંખ મિલાવી. એ મૌનમાં જ કંઈક વાત થઈ ગઈ ને સંઘ પાછો ફર્યો. આગળ વધવા, કેટલીક વખત પાછળ હટવું પડે છે ! સામા પક્ષને થયું : આ બધાં લાકડાંની તલવારે યુદ્ધ ખેલવા નીકળી પડ્યા લાગે છે !

યુદ્ધનો વ્યૂહ રચવાની અને સેના સાબદી રાખવાની સૂચના આપીને આમરાજ સીધા જ સૂરિરાજ પાસે આવ્યા ને મંત્રણા શરૂ થઈ ! સૂરિરાજે કહ્યું :

'ક્ષત્રિયને જેટલો વિશ્વાસ પોતાનાં શસ્ત્રો પર હોય, એથીય વધુ વિશ્વાસ, અમને અમારાં શાસ્ત્રો પર છે ! પહેલાં હું શાસ્ત્રનું યુદ્ધ લડી લઉં. પછીની વાત પછી.'

રાજા આમને માટે આ દિશા ને આ દ્વાર અજ્ઞાત હતાં. એમણે ગુરુવચનને શિરસાવંદ્ય કર્યું.

'અહિંસા આપણો ધર્મ છે. જ્યાં સુધી હિંસાની ઓથ લીધા વિના શત્રુ જિતાતો હોય, ત્યાં સુધી હિંસાની ઓથ શાને લેવી ?'

સૂરિજીએ પોતાના પગલાનું ઊજળું પાસુંય બતાવ્યું ! ને એક રાજદૂત ગિરનારના રાજાની સમક્ષ જવા રવાના થયો એની પાસે મહત્ત્વનો સંદેશ હતો !

— ● —

રાજદૂત સંદેશ લઈને પાછો વળ્યો. સૂરિરાજ એ સંદેશ વાંચીને રાજભવન તરફ જવા તૈયાર થયા. જોઈતું હતું, એ જ નક્કી થયું હતું. સૂરિજીને ગિરનારના પરપક્ષીય રાજાની મુલાકાત જોઈતી હતી. એ માટે દૂત રવાના થયો હતો અને મુલાકાતના નિર્ણયનો વળતો સંદેશ લઈને એ હાજર થયો હતો.

શ્રી બપ્પભટ્ટસૂરિજી પોતાના મુખ્ય શિષ્યો સાથે રાજાને મળ્યા અને ત્યાં એમણે પોતાની વાત રજૂ કરી :

'રાજન ! તીર્થ અમારું જ છે. છતાંય સામસામો વાદ થાય અને એમાં જે જીતે, એનું તીર્થ ! આ જ અમારી માંગ છે !'

સૂરિરાજનો પ્રભાવશાળી એ ચહેરો-મહોરો ! વાણીની એ મીઠાશ ! અને રૂપ-રંગથી હર્યોભર્યો એ દેહ ! આ બધું જોતાં જ રાજા એમની પર મોહી પડ્યો. એમની વાત કબૂલતાં એણે કહ્યું :

'હા, સૂરિરાજ ! કબૂલ ! ખખડાવો વાદ-વિવાદના મોરચા ! ઉથલાવો શાસ્ત્રો ! ને પુરવાર કરી આપો શ્વેતાંબરોનો હક્ક !'

કામ ખૂબ જ સફળતાથી અને અવિલંબે પાર પડી ગયું. એ સભામાં જ વાદનો મોરચો, એના મધ્યસ્થો અને એની કડક શરતો : આ બધાંનો નિર્ણય લેવાઈ ગયો !

જ્યાં શસ્ત્રો સરાણે ચડાવાતાં હતાં ને કૃપાણો ઘુમાવાતી હતી, ત્યાં શાસ્ત્રો ઉથલાવવાનાં ને કલમને ધારદાર બનાવવાના પ્રયત્નો શરૂ થઈ ગયા !

બીજે જ દિવસે ચર્ચાના મોરચા સાબદા બની ગયા ! એક તરફ શ્રી બપ્પભટ્ટસૂરિ સહિત વિરાટ સંઘ અને બીજી તરફ પંડિતો સાથે અગિયાર અગિયાર રાજાઓ !

સણસણતાં વાગ્બાણોની ઝડી શરૂ થઈ ! સૂરિરાજની જિહ્વાગ્રે જાણે સરસ્વતી આવી ઊભી ! એક પ્રશ્નની સામે સો સો પ્રત્યુત્તરો છૂટવા માંડ્યા ! અને શસ્ત્રો ઘુમાવવાની પ્રતિપક્ષની ચાલાકી, શાસ્ત્રો ઉથલાવવામાં સાવ બુઠ્ઠી જણાવા લાગી.

પ્રતિપક્ષને થયું કે, આના કરતાં શસ્ત્રોનો સંગ્રામ જ સારો હતો ! શાસ્ત્રોનો સંગ્રામ કબૂલવામાં પોતે ભીંત ભૂલ્યા છે ! એક, બે, ત્રણ નહિ, સાત સાત દિવસ સુધી સંગ્રામ જામ્યો, પણ એમાં શ્વેતાંબરીય પ્રતિભા જ ઝળહળતી રહી અને સાતમા દિવસે મધ્યસ્થોએ પોતાનો નિર્ણય જાહેર કર્યો :

'જય શ્વેતાંબરોનો છે ! વિજયી શ્રી બપ્પભટ્ટસૂરિજી છે !'

જેના પક્ષે હાર તેને દેશત્યાગ ! આ શરત નક્કી હતી ! અગિયાર અગિયાર રાજાઓ પોતાની પર ઝીંકાયેલી દર્દીલી હારને જોતા જ રહ્યા અને શ્વેતાંબરોનો જયનાદ તો જાણે શૂળ બનીને એમના કાનને કોતરી રહ્યો !

ત્યાં તો શ્રી બપ્પભટ્ટિસૂરિજી ઊભા થયા. વિજયની એકાદ પણ ગર્વ-રેખ એમના મોં પર વંચાતી ન હતી. તેઓએ નવી દરખાસ્ત રજૂ કરી :

'રાજન્ ! જય તો સત્યનો જ થયો છે અને તીર્થ કોનું છે, એ પુરવાર પણ થઈ ચૂક્યું છે. છતાંય હું હજી નવી દરખાસ્ત રજૂ કરું છું કે, બન્ને પક્ષો આ તીર્થની અધિષ્ઠાયિકા-અંબાદેવીને આરાધે ને એની પાસે નિર્ણય માંગે.'

હતાશ-ભગ્નાશ બનેલા પ્રતિપક્ષમાં પાછા પ્રાણસંચાર થયા: વિજયની એક અમર આશાએ પાછા તેઓ કૂદી પડ્યા :

'કબૂલ, કબૂલ ! દેવીનો નિર્ણય જ આખરી નિર્ણય ગણાશે.'

સામા મોરચેથી, એકી સાથે અવાજો પર અવાજો ઊઠ્યા !

ને સમરાંગણની ભૂમિ, સાધનાભૂમિ બની ગઈ ! બન્ને પક્ષના સાધકો શ્રદ્ધાપૂર્વક સંકલ્પ સાથે, પલાંઠી લગાવીને બેસી ગયા. વાતાવરણમાં શાંતિનું મોજું ઘૂમી વળ્યું. ઘડી પળ પહેલાંના વાદવિવાદ આથમી ગયા અને વિરાટ મેદની કોઈ ભેદીરહસ્યનો તાગ પામવા આતુરઅંતરે અજ્ઞાતને અવલોકી રહી.

એ જ શાંતિ ! એ જ પ્રશાન્તિ !

પળ બે પળ ને અર્ધઘટિકા વીતી ગઈ. પછી આકાશમાં કોઈ તેજ-આભા ખીલવાની પૂર્વભૂમિકા રચાઈ. થોડી વાર થઈ ને અજ્ઞાત આકારમાંથી એક સ્પષ્ટ આકૃતિ ધીમે ધીમે ઊભી થવા લાગી !

હજારો મસ્તકો એ દિશા ભણી ઝૂકી ગયાં ! સહુએ પોતાના સંકલ્પ-છોડ પર વિશ્વાસનું પાણી સિંચ્યું.

એ આકૃતિમાં શાસનદેવી અંબા પધાર્યાં હતાં. એમણે પોતાના તરફથી સત્યનો નિર્ણય જણાવતી બે ગાથાઓ કહી સંભળાવી :

**इक्को वि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स**
**संसारसागराओ तारेइ नरं व नारिं वा ॥१॥**
**उज्जितसेल-सिहरे दिक्खानाणं निसिहिया जस्स**
**तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ॥२॥**

અંબાદેવી આકાશમાં રહીને જ આટલું બોલ્યાં ને અદશ્ય બની ગયાં ! અંબાવાણીનો ભાવ આ હતો :

'ભગવાન મહાવીરને કરાયેલો એક પણ નમસ્કાર, મુક્તિને આપનારો બની શકે છે, પછી નમનાર ભલે પુરુષ હોય કે સ્ત્રી !'

'તે ધર્મચક્રવર્તી-નેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું, જેમનાં દીક્ષા કેવલજ્ઞાન ને નિર્વાણ : આ ત્રણ કલ્યાણક ગિરનાર પર થયાં છે !'

ગાથાનો અર્થ આટલો જ હતો ! શ્રી બપ્પભટ્ટિસૂરિની પ્રતિભા નાચી ઊઠી. આ અર્થમાંથી જ એમની પ્રતિભા, પોતાના પક્ષનો વિજયઘોષ સાંભળી રહી હતી !

સામો પક્ષ દ્વિધામાં હતો. આ બે ગાથા, કોના પક્ષે વિજયનો નિર્ણય જણાવી ગઈ, એનો એને ખ્યાલ ન આવી શક્યો !

શ્રી બપ્પભટ્ટિસૂરિજી હવે તો મૌન ન જ રહી શક્યા. પોતાના જયની જડબેસલાક યુક્તિને એમની ગંભીર પ્રતિભા પામી ગઈ હતી. એથી એમણે કરુણા-ઝરતી વાણીમાં કહેવા માંડ્યું :

'રાજન્ ! પ્રતિપક્ષનો એ મુખ્યસિદ્ધાંત છે કે, 'સ્ત્રીમુક્તિ' ન જ હોઈ શકે ! સ્ત્રી દુઃખની છેલ્લી ટોચ, સાતમી નારકીને ન પામી શકે, માટે જ એ સુખની છેલ્લી ટોચ, મુક્તિને પણ ન મેળવી શકે. આ


એમનો તર્ક છે. પણ અંબાદેવીએ કહ્યું કે '**तारेइ नरं व नारिं वा**' એ નમસ્કાર સહુને તારે છે, સ્ત્રી કે પુરુષની સીમાઓ ત્યાં નથી ! આ પરથી જે પક્ષ 'સ્ત્રી-મુક્તિ' માનતો હોય એને ઉદ્દેશીને જ આ ગાથા કહેવાઈ છે, માટે વાદ-વિવાદથી પુરવાર થયેલા, શ્વેતાંબરોના તીર્થઅધિકાર પર દેવી પોતાના સહી-સિક્કા કરી ગઈ છે, માટે તીર્થ કોનું ? આ પ્રશ્ન જ ગિરનાર પરથી હવે સદાને માટે ભૂંસાઈ જાય છે !'

મધ્યસ્થોએ સૂરિરાજના કથનને 'જયઘોષ' કરીને વધાવી લીધું. એ ઘોષમાં હજારો ઘોષ ભળ્યા ! ને પ્રતિપક્ષ હિજરતની તૈયારીમાં પડ્યો !

પાંચ પાંચ બલિદાનનું લોહી કુમકુમ બનીને, યાત્રીઓને વધાવી રહ્યું. ! એ શહાદત પર લાખ્ખો અંજલિઓ આપતી સંઘની વણઝાર આગળ વધી ! શ્રાવક ધાર ત્યારે આનંદની મસ્તીમાં ગુમભાન બનીને એમાં હર્ષોન્માદથી પછડાતા હતા ને દૂર દૂર ખેંચાઈ જતા હતા, પણ એ પછડાટમાંય પ્રસન્નતા હતી !

દૂર દૂર રહેલી ભગવાન નેમિનાથની ઊંચી ઊંચી ટૂંક બધાની મંજિલ હતી !

●



# ૪ કસોટી તો કંચનની જ થાય

કસોટી તો કંચનની જ થાય ! કથીર તો કાયર ગણાય, કસોટીના સોટી માર ઝીલવા !

રત્નશ્રાદ્ધની પ્રતિજ્ઞા આજે સરાણે ચડી રહી હતી, અને પ્રતિજ્ઞાનું એ સુવર્ણ અગ્નિસ્નાનમાં શુદ્ધ અને વધુ શુદ્ધ બની રહ્યું હતું ! એની એક પ્રતિજ્ઞા હતી : ગરવા ગઢ ગિરનારને ભેટીશ. ભગવાન નેમિનાથનાં વંદન-પૂજન કરીશ અને પછી જ પ્રતિજ્ઞાની આગળ પૂર્ણવિરામ મૂકીશ. ત્યાં સુધી ધરતી જ મારી શય્યા બનશે. એકાસણું જ મારો મુદ્રાલેખ

બનશે. એક વિગઈનું ભોજન જ મારી આહાર-મર્યાદા બનશે અને બ્રહ્મવ્રતની આરાધના જ મારો જીવંત આદર્શ બનશે.

આ પ્રતિજ્ઞા જલની રેખ નહિ, પણ પથ્થરની રેખ જેવી અમીટ હતી અને રત્નશ્રાદ્ધે હજારોની હાજરી વચ્ચે એને ધારણ કરી હતી.

સુજલા, સુફલા અને શસ્યશ્યામલા કાશ્મીરની એ ધરતી ! અને એ ધરતી પર ઊભતું 'નવહુલ્લ' નગર ! રત્નશ્રાવકનું આ વતન. એક વાર ધરતીનાં ભાગ્ય જાગ્યાં અને સરસ્વતી ને સાધુતાનો એક ભવ્ય-સંગમ વહેતો ત્યાં આવી પહોંચ્યો !

'પદ્મમહાદેવ' નામના એક જ્ઞાની નવહુલ્લમાં પધાર્યા. વિશિષ્ટ જ્ઞાનના તેઓ ધારક હતા અને એ જ્ઞાનનાં કામણ તો દેવોની દુનિયાને પણ આકર્ષે, એવાં અજબનાં હતાં ! જલ છંટકાવ કરીને દેવોએ ભૂમિને શુદ્ધ બનાવી; ત્યાં સુવર્ણકમલની રચના થઈ અને જ્ઞાનીએ દેશના દીધી.

રત્નશ્રાદ્ધ ત્યાં હાજર હતા. દેશનામાં વર્ણવાયેલ તીર્થ ગિરનાર, એનું અમોઘ ફળ, એનો યાત્રા-પ્રભાવ, એની યાત્રાનું પુણ્ય ! આ બધું એમની આંખમાં થઈને, અંતરમાં પ્રવેશી ગયું !

અંતર જ્યારે આશક બને છે, ત્યારે બધું જ આસાન બની જાય છે પછી શૂલમાંય એ ફૂલ ખીલેલાં જુએ છે !

રત્નશ્રાદ્ધ ગિરનારના આશક બની ગયા. ભરસભામાં પળનોય વિચાર કર્યા વિના એ ઊભા થઈ ગયા અને અંજલિ મિલાવીને બોલ્યા :

'ભગવંત ! પ્રતિજ્ઞા કરાવો : બ્રહ્મવ્રત ! એક જ વિગઈનું ભોજન ! ધરતી જ શય્યા અને એકાસણું ! જ્યાં સુધી તીર્થ ગિરનારની યાત્રા ન થાય, ત્યાં સુધી મારાં આહાર-વિહાર, આટલાં જ સીમિત રહે, એવી પ્રતિજ્ઞા આપો.'

સભા ફાટી આંખે જોતી જ રહી : રે ! ક્યાં કાશ્મીર ને ક્યાં ગિરનાર ! ખીલેલું જોબન ક્યાં ને આવી કડક પ્રતિજ્ઞા ક્યાં ! પણ ગુરુદેવ જ્ઞાની હતા. એમણે પ્રતિજ્ઞા આપી દીધી. રત્નશ્રાદ્ધ નાચી ઊઠ્યા.

એમના શિરે કુબેરની કૃપા હતી. ધનપતિની હરોળમાં એમનું આસન મોખરે હતું ! એમણે ગામ-આખામાં સંઘની જાહેરાત કરાવી દીધી. એના ધ્વનિ આજુબાજુનાં ગામોમાંય ટકરાવા માંડ્યા ને ઠેર ઠેર ગિરનારના સંઘની હલચલ મચી ગઈ !

રાજવી નવહંસના પણ ચારે હાથ રત્નશ્રાવક પર હતા. એમની આગળ ભેટણું ધરીને રત્નશ્રાદ્ધે વાત જણાવી. રાણી વિજયદેવી તો રત્નની પત્ની 'પઉમિણિ'નાં સખી હતાં. એમણે સંઘની વાત જાણીને સખીને કહ્યું :

'પઉમિણિ ! તારા સંઘમાં કોઈ ખામી ન આવવી જોઈએ. એ ખામી મારી જ કહેવાશે, માટે લે, મારા તરફથી આટલી ભેટ !'

ને વિજયાદેવીએ આભૂષણો ને ધનનો ઢગલો કરી દીધો. એ દિવસ આવી લાગ્યો. રાજ તરફથી મહોત્સવના માંડવા નંખાયા. સેંકડો હાથી, ઘોડા અને રથો સાથે ગિરનારના એ યાત્રિક સંઘે પ્રયાણ કર્યું. સંઘમાં રત્નના પરિવારે સક્રિય ભાગ લીધો. પત્ની પઉમિણિ, પુત્ર કોમલ અને બાંધવબેલડી મદન ને પૂર્ણસિંહ !

ગિરનારની ધૂન સાથે, યાત્રીઓ આગળ વધતા ચાલ્યા. રત્ન પ્રતિજ્ઞામાં અણનમ હતો. દિવસો વીતી ગયા : સંઘ સોરઠની હદમાં પ્રવેશ્યો.

— ● —

યાત્રા-સંઘની આગળ બે રાહ ફંટાતા હતા : એક રાહ શત્રુંજયને અડીને જતો હતો, પણ એ રસ્તે ગિરનાર જતાં એ વખતની પ્રસિદ્ધ પર્વત-જોડલી, જેનું નામ 'રોલા-તોલા' હતું, એ આવતી ન હતી. બીજો રાહ કચ્છની સૌભાગ્ય-ભૂમિ સમા ભદ્રેશ્વરને ભેટીને જતો હતો ને એ રસ્તેય એક પર્વત-જોડલી આવતી હતી !

કાશ્મીરની ધરતી પરથી શરૂ થયેલી એક સંઘયાત્રા ભદ્રેશ્વરને ભેટીને 'રોલા-તોલા'ની તળેટીએ આવી ઊભી.

અત્યાર સુધી એ કંચન કસોટીની એરણે નહોતું ચડ્યું. વિઘ્નનું વાદળ-દળ ઘેરાઈ જાય, એવી એંધાણી પણ કોઈને જણાતી ન હતી, પણ કોઈ અજ્ઞાત દિશામાંથી વિઘ્નોનાં વાદળ ધસી આવી રહ્યાં હતાં ! 'રોલા-તોલા'ની એ તળેટીમાં સંઘનો આખો દિવસ સુખપૂર્વક વીત્યો.

રાત વીતી ગઈ ને પ્રભાત પ્રગટ્યું. સંઘનું પ્રયાણ થયું. હજી ગિરિ-છેડો આવ્યો ન આવ્યો, ત્યાં તો વિઘ્નોનાં વાદળ ઊમટી આવ્યાં ! આકાશ ઘનઘોર બન્યું, વીજ પર વીજ ઝબૂકવા માંડી ને વાદળાં મુશળધારે વરસવા માંડ્યાં !

કાળુંમેશ મોં ! ફાડેલું જડબું ! ન પુરુષ, ન સિંહ, કોઈ જુદી જ આકૃતિ ! તાડ જેવી ઊંચી કાયા ! અણિયાળી દાઢોમાંથી ખંધું અટ્ટહાસ્ય ! અને વાઘ નખ !

રે ! રે ! આ તો પિશાચ ! ગિરિની કોઈ અંધારી ને અજ્ઞાત દિશામાંથી એક પિશાચ 'ખાઉં-ખાઉં' કરતો બહાર ધસી આવ્યો ને સંઘ પર તૂટી પડ્યો !

પળ બે પળમાં તો પિશાચના વાઘ-નખ લોહી તરબોળ બન્યા ને બે ત્રણ શબ ત્યાં ઢળી પડ્યાં.

રે ! ન ગાજવીજ ! ન વાદળ ! ન ગર્જના - ને વિઘ્નોની આ અણધારી વર્ષા કેમ ક્યાંથી તૂટી પડી ?

સંઘનું રક્ષક-દળ વિચારે ચડ્યું ! પિશાચે પોતાનો લોહિયાળ પંજો આગળ ફેલાવ્યો. સંઘમાં સનસનાટી ને હાહાકાર ફેલાઈ ગયાં. પિશાચનું વિકરાળ ને પ્રચંડ રૂપ જોઈને, આખો સંઘ દમ ભીડીને પાછો નાઠો ! પિશાચે પણ એ પીછેહઠના પગલે, પોતાનું પગલું દબાવ્યું !

જે રાજપૂત લોહી હતું, જેનામાં શૂરાતન હતું, એ ઊભા રહી ગયા. વિનય વેરીને પણ વશ કરી શકે છે. એમણે અંજલિ જોડીને પિશાચને પૂછ્યું :

'કોણ છો તમે ? દેવ કે દૈત્ય ? શા માટે તમે ઉપદ્રવ કરો છો ? આપ દેવ હો, તો અમે એ પ્રમાણે આપની પૂજા કરીએ, આપ દૈત્ય હો, તો એ પ્રમાણે આપની પૂજા કરીએ. ?

પિશાચ તો આજે પ્રલય-નૃત્યના ઠેકા લઈ રહ્યો હતો. એ કાળમૂર્તિનું મોં ખૂલ્યું. હાથીના દાંત જેવી બે દાઢાઓ બહાર નીકળેલી હતી ! ભૂખરાં વાળની સૂકી ને લાંબી લટો અગ્નિ-જ્વાળાની જેમ ઊછળી રહી હતી ! એ બોલ્યો :

'જો કોઈ એક ડગલું પણ આગળ વધશે, તો એને હું ઊભો ને ઊભો ચીરી નાખીશ ને જીવતો ને જીવતો ખાઈ જઈશ ! ઊભા રહો...'

-ને એ પિશાચે પોતાનો પંજો લાંબો કર્યો !

રક્ષક-મંડળ સહિત આખો સંઘ ભયનો માર્યો એકી શ્વાસે પાછો હઠી ગયો. સંઘપતિ રત્નશ્રાદ્ધની આગળ રક્ષક-મંડળે આ ચકચારભરી વાત રજૂ કરી. એ પણ એક ક્ષણ તો સન્ન થઈ ગયા : રે ! આ વિઘ્ન ? આવું જીવલેણ ? ખરે જ શ્રેયનો પંથ વિઘ્નોનો !

વિરાટ સંઘ એક ખુલ્લા મેદાનમાં એકત્રિત થઈ ગયો ! અનુભવી લોકો આવેલી આ સમસ્યાને હલ કરવા વિચારે ચઢ્યા. જ્યોતિષીઓ પોતાનાં ટીપણાં ખોલીને ગ્રહ, નક્ષત્ર અને તારાને પોતાની આંગળીને વેઢે રમાડવા લાગ્યા ! કોઈએ પ્રયાણના મુહૂર્ત પર આ આખી આપત્તિ ઢોળી દીધી, તો કોઈ વળી શકુન-અપશકુનની ચર્ચામાં પડ્યા.

કાયરો બોલ્યા : જીવતો નર ભદ્રા પામે ! માણસ જીવતો હશે, તો આવી આવી ઘણી યાત્રાઓ ફરીથી પણ કરી શકશે. માટે પાછા ફરો ભાઈઓ !

વીરોની વાણી હતી : જીવનદ્વારે આવતો અને એ દ્વારને ખખડાવતો મૃત્યુ જ એક એવો અતિથિ છે કે, જે એક જ વાર આવે છે, તો પછી મૃત્યુની ધ્રુજારી શી ? ચાલો, જવાંમર્દો આગેકદમ ! નેમિના ધ્યાનમાં મરીશું, પણ પાછા તો નથી જ હઠવું.

સંઘ આખામાં સાંજને ટાણે, વૃક્ષ પર જુદી જુદી દિશાએથી જુદાં જુદાં પંખીઓ આવી મળે, એ રીતે જુદા જુદા વિચારો ઘૂંટાતા હતા ! અનુભવીઓ પણ કોઈ રસ્તો ન શોધી શક્યા !

આખરે રત્નશ્રાદ્ધે જ અંધકારમાં અજવાળનો લિસોટો દોર્યો ! એમણે પોતાનું વિચાર-પાસું રજૂ કર્યું :

'જવામર્દોનું એક જૂથ પિશાચ પાસે જાય અને એ કઈ રીતે પ્રસન્ન થાય એમ છે, એ જાણી આવે.'

તરત જ નવલોહિયા જવાનો આગળ આવીને ઊભા ને એ બીડું ઝડપીને મૃત્યુના ઘાટ તરફ ચાલતા હતા.

પિશાચનું પ્રચંડરૂપ હજી એવું જ હતું, એક શિલાખંડ પર બેસીને દાંત કચકચાવતો એ કંઈક બોલી રહ્યો હતો.

જવાંમર્દોને જોઈને જ, પિશાચ ખુન્નસ સાથે ખડો થયો ને સામો દોડ્યો ! જવાંમર્દો દોડી આવતા મૃત્યુને જોતા જ રહ્યા અને એ મૃત્યૂની સામે દોડી જઈને એમણે પૂછ્યું :

'યક્ષરાજ ! પ્રસન્ન થાવ ! અમે આપની પ્રસન્નતા મેળવવા આવ્યા છીએ, આપની પ્રસન્નતાનો ઉપાય દર્શાવો. સંઘપતિ રત્નશ્રાદ્ધનું પ્રતિનિધિપણું અમારી પાસે છે.'

પિશાચનો ક્રોધ થોડોક ઠંડો પડ્યો. દાંત કચકચાવીને એણે કહ્યું :

'પ્રસન્નતા ! હું કંઈ એમ ને એમ પ્રસન્ન થઈ જાઉં, એવો નથી. નાળિયેર, ફૂલની પાંખડી, નૈવેદ્ય કે દીવાની એક જ્યોતથી પ્રસન્ન થાય, એ બીજા, હું નહીં ! મારે તો પીવું છે લોહી ! ખાવું છે માંસ ! ને દાંતની વચ્ચે પીસવાં છે હાડકાં ! અને એય એક મોટા માણસનાં ! આવો એક જ નર-બલિ મને પ્રસન્ન કરી શકશે. પછી તો સંઘ આખાને હું મારા સગા હાથે વિદાય આપીશ !

પિશાચ બીજી તરફ વળ્યો. જવાંમર્દો બીજી તરફ વળ્યા.

આંખે આંખે આતુરતા હતી. અંતરે અંતરે જિજ્ઞાસા હતી ! સહુની મીટ, ગિરિ-પ્રદેશ ભણી હતી ત્યાં તો જવાંમર્દોનું એ જૂથ, સહુની આંખે ચડ્યું. એનું ક્ષેમકુશળ જોઈને, બધાને ભાવિ પ્રકાશમય જણાયું !

શ્રાદ્ધરત્ન સહુથી પહેલાં ઊભા થયા ને સામા ગયા. જૂથ પાસેથી સમાચાર જાણીને તેઓ આનંદથી બોલી ઊઠ્યા :

'ઓહ ! ધન્ય ઘડી અને ધન્ય ભાગ્ય ! જો એક બલિ દ્વારા એ પિશાચ હસી ઊઠતો હોય અને આખો સંઘ હેમખેમ ગિરનાર જઈ શકતો હોય, તો એ બલિ તરીકે હોમાવા હું જ તૈયાર છું !

આખો સંઘ ટોળે વળીને ઊભો. જેણે જેણે આ બલિદાનની વાત અને રત્નશ્રાવકની હોમાવાની હિમાયત સાંભળી, એણે એણે કમકમાં અનુભવ્યાં. સંઘ સમસ્તમાં આ વાતે સનસનાટી ફેલાવી દીધી. પઉમિણિ આ સાંભળતાં જ દોડતી આવી. મોતના મોંમાં ચવાઈ જવાની એણે તૈયારી બતાવી ! રત્નના ભાઈઓ મદન અને પૂર્ણસિંહ પણ કેસરિયાં કરવા સજ્જ થઈને આગળ ધસી આવ્યા.

સંઘપતિ રત્નનો પુત્ર કોમલ પણ આ વાત સાંભળતાં જ કૂદકો મારતો દોડી આવ્યો ને એણે કહ્યું :

'ઝેરનો આ કટારો તો હું જ પી જઈશ ! મારા એક બલિના જ બળે આખા સંઘનું કુશળ જો અખંડ રહેતું હોય, તો એ મૃત્યુ મારે માટે મિત્ર છે. હું એને બાહુ પ્રસારીને ભેટીશ !'

-ને બસ, મૃત્યુને ભેટવા જવાનો ત્યાં સંઘર્ષ મંડાઈ ગયો ! મૃત્યુ જાણે એ જવાંમર્દોને મન આજે માત્ર વેશાન્તર જેવી સામાન્ય વિધિ બની ગઈ હતી ને સહુ પોતાનું મૃત્યુ કબૂલ રખાય, એ કાજેની ઝાર-ઝાર ઝંખના સેવી રહ્યા હતા.

રત્નશ્રાદ્ધ આજે અણનમ યોદ્ધો બની ગયો હતો. એના ઊકળતા રક્ત-કણોમાં 'મૃત્યુ મૈત્રી'નો ધર્મસંદેશ ફાટ ફાટ બનીને ઘૂમતો હતો.

આવું 'ધર્મમૃત્યુ' બીજો કોઈ ઝડપી જાય, એ એને ના-કબૂલ હતું. એ એકનો બે ન થયો!

લઘુબાંધવો, પઉમિણિ ને કોમલ : આ બધો પરિવાર પણ સૂતા નહિ, જાગતા સિંહરાજની કેસરા ખેંચવા થનગની રહ્યો હતો !

અંતે, બધાનું મૃત્યુ નામંજૂર થયું. સંઘપતિની મૃત્યુ-ઝંખના એટલી બધી તીવ્ર હતી કે, બધાંને એની સામે પોતાની હાર કબૂલવી પડી !

મૃત્યુ-પંથ પર પગલીઓ પડી. એ શહીદ મરીને અમર બનવા ચાલી નીકળ્યો ! એના રક્તકણોમાં 'ગિરનાર-તીર્થ' ને 'નેમિનાથ'ની ધૂન મચી રહી હતી.

સંઘ સમસ્ત શહીદ રત્નશ્રાવકની મૃત્યુયાત્રાનું સાફલ્ય કાંક્ષતો રહ્યો. ત્યાં જ એકાએક હૈયેહૈયું દબાય એવી ભીડને ચીરીને એક નારી આગળ આવી ઊભી. એના શરીર પર વીરાંગનાનો વેશ હતો. પોતાની આગળ પડેલી મૃત્યુ-પગલીઓ પર એણે પગ ઉપાડ્યો !

સંઘ સમસ્તે એ વીરાંગનાને પાછી વાળવા કાગારોળ-બૂમરાણ કરી મૂકી, પણ એ તો મૃત્યુથી મૈત્રી કરવા આગળ વધી ગઈ !

*બધાં એ નારીને જોતા જ રહ્યા. સહુના મોં પર મૃત્યુના માર્ગે* આગે બઢતી એ પગલીઓ આશ્ચર્ય વધારતી હતી ! ત્યાં તો પાછળથી વીરોને વળાવવા એકઠી થયેલી ભીડને ચીરતો, ન જવાન ન બાળ, જેવો એક દેહ બહાર આવ્યો !

હજી શૈશવના શણગાર એના દેહ પર ઝૂલતાં હતાં, છતાંય એનાં લોહી-કણોમાં જવાંમર્દી ઊછળતી દેખાતી હતી. મૃત્યુ-પથ પર પડેલી પોતાના પુરોગામી શહીદોની પગલીઓ એણે જોઈ અને એ પણ પોતાનું પગલું ઉઠાવીને મૃત્યુના મિલન કાજે ચાલી નીકળ્યો !

ત્રણ ત્રણ શહીદો મૃત્યૃ-પથ પર અગ્રેસર થયા ! દરેક આંખ અને અંતર આશ્ચર્યવિભોર હતું.

કંચન હવે કસોટી પર ચડતું હતું. અગ્નિસ્નાન કાજે અગ્નિકુંડમાં ઝંપલાવવા એ તૈયાર થઈને ઊભું રહ્યું !

મૃત્યુ-પથને પોતાના પગ નીચે ખૂંદીને ત્રણ ત્રણ શહીદો ત્યાં આવી ઊભા, જ્યાં પિશાચ પોતાનું કાળ-ડમરુ ઘુમાવતો ઘુમાવતો મૃત્યુના રાસડા લઈ રહ્યો હતો !

વીર-શહીદ રત્નશ્રાવક છેક પિશાચની નજીક જઈને ઊભા. એમણે 'ગિરનાર ને નેમિનાથ'ની ધૂન પોતાના દેહના કણ કણમાં ઘૂંટતી કરી અને કાયોત્સર્ગમાં અડીખમ બનીને ઊભા રહી ગયા. ગરવો ગઢ ગિરનાર એમની આંખમાં સમાઈ ગયો. કામવિજેતા ભગવાન નેમ, એમના અંતરમાં બિરાજ્યા હતા ! આખું જગત એમણે પોતાની નજર આગળથી ભૂંસી નાખ્યું હતું અને તેઓ જાણે મરીને જીવવા અણનમ ખડા રહી ગયા હતા !

રત્નશ્રાદ્ધથી થોડે દૂર એક વીરાંગના પર્વતની જેમ અડોલ ખડી રહી ગઈ. અંગના આજે વીરાંગના બની હતી, પોતાનું સ્ત્રીત્વ વીસરી જઈને, એ શૂરાતનના ખેલ ખેલવા નીકળી પડી હતી અને પોતાના પતિદેવનું કૌશલ્ય કાંક્ષવા એમની પાછળ આવીને કાયોત્સર્ગમાં એ સ્થિર બનીને ઊભી રહી ગઈ. એ હતી પઉમિણિ !

ઓહ ! અને આ બહાદુર કોણ ? બાળ છતાંય બહાદુર એ હતો કોમલ ! પોતાનાં માતા-પિતાના પંથે એ પણ મૃત્યુને મળી લેવાની ઝંખના સાથે પલાણ્યો હતો અને માતૃદેવ ને પિતૃદેવની કુશળકામના ઝંખતો ઝંખતો એય કાયોત્સર્ગની મુદ્રામાં ઊભો રહી ગયો હતો.

શહીદો સામે જ ઊભા હતા. એમને ડારવા-ડરાવવા પિશાચે અટ્ટહાસ્ય કર્યું. એના ભીષણ પડઘાઓથી વન આખું ગાજી ઊઠ્યું ! પિશાચે પોતાનું ડમરુ જોર-જોરથી આકાશમાં ઘુમાવ્યું ને વાતાવરણમાં વધુ ભીષણતા ને કરુણતા જામતી ગઈ ! એણે પોતાની આંખમાંથી અગ્નિકણો ફેંક્યાં, મોંમાંથી જ્વાળામુખી વહેતો કર્યો અને રત્નશ્રાવકને ડરાવવા પોતાનો વાઘનખી-પંજો લંબાવ્યો ! એણે એક છલાંગ મારી ને

શિલા પરથી છેક રત્નની પડખે એ કૂદી પડ્યો. પણ કંચન કંચન હતું, જેમ જેમ એની પર અગ્નિના અભિષેક થતા હતા, એમ એમ એની ઉજ્જવળતા વધતી જતી હતી. શહીદ-રત્ન જાણે પર્વત બનીને ઊભા હતા. આ બધા ઉપસર્ગો ને ઉપદ્રવોની એમના પર જરીકે અસર ન પડી. એમનું એક રોમ પણ ઊંચું ન થયું, જાણે રત્નનો દેહ આજે પાણી મટીને પર્વત બન્યો હતો !

પિશાચ સમસમી ઊઠ્યો ! પોતાની આટલી પ્રચંડ લીલા જો એક પર્વત આગળ પણ ભજવાઈ હોત, તો એ થર થર ધ્રૂજી ઊઠત ! માણસમાં આટલી અડોલતા ? શું મારી શક્તિ લાજશે ? છટ્ ! હમણાં જ છેલ્લો દાવ અને છેલ્લો ફેંસલો !

પિશાચ હવે પિશાચ બન્યો. એણે પોતાના વાઘનખી પંજામાં રત્નને ભીડવ્યો; પંજો ખૂબ જ અધ્ધર લઈ લીધો ને રત્નને આકાશમાં ચક્કર ચક્કર ઘુમાવીને એણે દૂર દૂર ફંગોળી દીધો ! આવું એણે એક નહિ, બે નહિ, ત્રણ ત્રણ વાર કર્યું, તોય કંચન કથીર ન બન્યું ! રત્ન પોતાની પ્રતિજ્ઞામાં અણનમ જ રહ્યા.

પિશાચે હવે મગજ ગુમાવ્યું. એનો ક્રોધ બેકાબૂ બન્યો : રાક્ષસી-શક્તિ આગળ પણ શું માનવીય બળનો જ વિજય ? એણે રત્નશ્રાદ્ધને પોતાની મુઠ્ઠીમાં ઉપાડ્યો ને એક અંધારી, ઊંડી ને પાતાળતળી ગુફામાં ફેંકી દીધો. ગુફાનું દ્વાર ખુલ્લું હતું. ત્યાં એક વિરાટકાય શિલા ગબડાવીને એ દ્વારને એણે પૂરી દીધું.

પિશાચ હવે મેદાનમાં આવી ઊભો. એણે એક સિંહનાદ કર્યો ને પર્વતની શિલાઓ ધ્રૂજી ઊઠી ! એણે પોતાનું ડમરુ જોર જોરથી ઘુમાવ્યું અને ધ્રુજાટના એ ધ્વનિ વધુ કરુણ ને ભયાનક બન્યા ! છતાં રત્નશ્રાવક અડોલ હતા ! પઉમિણિ અણનમ હતી ! ને કોમલ અડીખમ બનીને ઊભો જ હતો !

— ● —

ગિરનારની રખવાળણ શાસનદેવી અંબાના ચરણે સાત સાત ક્ષેત્રપાલો પ્રણામ કરતા ઊભા હતા. એ એકદમ થંભી ગયા. 'રોલા-તોલા'ની પર્વતમાળથી ગિરનાર ઘણો દૂર ન હતો. રત્નને ડગાવવા ત્યાં આરંભાયેલી તાંડવ-લીલાના પડઘા ક્ષેત્રપાલોના કાને ટકરાયા અને તેઓ અવાક્ બની ગયા !

પર્વતના ધણધણાટ ચાલુ જ હતા. એના ધ્વનિ 'અંબા'ના રહેઠાણે પહોંચ્યા. ક્ષેત્રપતિઓ વિમાસણમાં હતા. અંબાએ જ્ઞાનની પ્રકાશ-રેખા વડે જોયું, તો કંચન અગ્નિસ્નાનની જીવલેણ પળોને વિતાવી રહ્યું હતું, એક શહીદ પોતાનાં શોણિત અને શરીરના ભોગે પણ શપથની શાન બઢાવવા ઝઝૂમી રહ્યો હતો !

શાસનદેવી અંબા ઊભાં થઈ ગયાં. ક્ષેત્રપાલોને એમણે આ વાત જણાવી અને બધા એ પિશાચને પડકાર આપવા તૈયાર થઈ ગયા. અંબાદેવીની સાથે ક્ષેત્રપાલો સીધા જ પર્વતની એ ધરતી પર પહોંચ્યા અને એમણે એકી અવાજે પિશાચને પડકાર્યો : રે ! દુષ્ટ ! તેં આ શી તાંડવ-લીલા આરંભી છે ? લડી લેવાની જો તાકાત હોય, તારું લોહી જો ઊકળી ઊઠ્યું હોય તો આવી જા મેદાને ! સિંહના સંગ્રામ સિંહની સામે જ શોભે, સસલાં સામે નહિ ! દૈવી-શક્તિ વચ્ચે જ હરીફાઈ જામી શકે ! તું દેવ છે ને સામે માણસ છે. આ અજુગતી હરીફાઈ છે ! હું અંબા અને આ સાત સાત ક્ષેત્રપાલો, રત્નશ્રાદ્ધ અને એનાં પત્ની ને પુત્રની રક્ષા કાજે આવ્યાં છીએ ! હવે એમનો વાળ પણ વાંકો નહિ થઈ શકે.'

ક્રોધનો અગ્નિ વીફર્યો તો હતો જ ! એમાં વળી પાછી ઘીની મુશળ ધાર રેડાઈ, પિશાચ છંછેડાઈ ગયો અને એ યુદ્ધ કાજે કૂદી પડ્યો.

પિશાચ પોતાના ક્ષેત્રે ભલે અજેય હતો, પણ આ તો એથીય વધુ ઊંચી કક્ષાનું દૈવીબળ હતું ! સામસામો સંગ્રામ જામી પડ્યો. પિશાચ એકલો હતો. સામે સાત સાત ક્ષેત્રપાલો અને અંબાદેવી હતાં ! અંબાદેવી

સંગ્રામનો આખરી નિર્ણય જલદી ઇચ્છતાં હતાં, એમણે સીધો જ હુમલો પિશાચ પર કર્યો. એક પાદ-પ્રહારથી જ એને ધૂળ ચાટતો કરી દીધો અને પોતાની ટચલી આંગળી પર લઈને પિશાચને ઘુમાવીને દૂર-સુદૂર ફંગોળી દેવાની અંબાએ તૈયારી કરી, પણ ત્યાં તો આખું વાતાવરણ અને આખો પ્રસંગ પલટાઈ ગયો !

એકાએક ત્યાં કોઈ દિવ્ય મૂર્તિ-શો દેવ ખડો થઈ ગયો ! બાજુમાં જ દિવ્ય અલંકારો ને દેવતાઈ વસ્ત્રોમાં સુસજ્જ રત્નશ્રાદ્ધ પઉમિણિ અને કોમલ ત્રણે આવી ઊભા.

ક્યાં ગુફામાં ફંગોળાયેલો એ રત્ન ? ક્યાં દૂર દૂર ઊભતાં એ પઉમિણિ ને એ કોમલ ? કોણે એ શિલા ખસેડીને રત્નને મુક્તિ અપાવી ? ત્યાં તો એ દિવ્યમૂર્તિ નત બની ગઈ. એણે અંબા સહિત બધાને અંજલિ જોડી. એ પિશાચ જ હતો. એણે કહ્યું :

'દેવી-અંબા ! ક્ષેત્રપાલો ! રત્નશ્રાદ્ધ ! પઉમિણિ ને કોમળ ! એ પિશાચ હું જ છું. પ્રલય-તાંડવનો નૃત્યકાર હું જ હતો ! આ અપરાધ બદલ ક્ષમા ચાહું છું. કંચન કથીર તો નથી ને ? એની પરીક્ષા કરવા જ મેં આ બધા ઉપદ્રવો કર્યા, પણ કાનબુટ્ટી પકડીને મારે કબૂલ કરવું પડે છે કે રત્નશ્રાદ્ધ એ રત્નશ્રાદ્ધ જ છે ! એમના શપથ શપથ જ છે ! અગ્નિનું સ્નાન કરીનેય જે હસતું-રમતું રહે, એ જ કંચન છે અને કસોટી તો કંચનની જ થાય !'

ભેદી રહસ્ય પોતાના ગુપ્ત ભેદ-ભરમ ફગાવીને ખુલ્લું થતું હતું ! પિશાચ રત્નશ્રાદ્ધના ચરણે ઢળી પડતાં બોલ્યો. એની આંખમાં આંસુધાર હતી. આનંદની, આશ્ચર્યની અને આઘાતની દ્યોતક એ આંસુધાર હતી. એણે કહ્યું :

'રત્ન ! ક્ષમા ! તેં જે દિવસે વ્યાખ્યાન-સભામાં પ્રતિજ્ઞા લીધેલી, તે જ દિવસથી મેં નક્કી કર્યું હતું કે, કસોટી તો કરી જ જોવી : કંચન,

કંચન જ છે ને ? અને આજે કસોટીના એ સોટીમાર ખાધા પછીય તું પ્રસન્નમુખ ને અડોલ છે. જય તારો, પરાજય મારો !'

રત્નશ્રાદ્ધના પગ આગળ એક દૈવીશક્તિ ઘૂંટણિયે પડી હતી !

– ● –

આનંદની બૂમો પર બૂમો પાડી હર્ષની ચિચિયારીઓથી પર્વતનો સૂનો-સૂકો ખંડ ગુંજી ઊઠ્યો ! કસોટીમાંથી હેમખેમ બહાર આવેલા એ કંચનને બધાએ ઉષ્માભર્યા સ્વાગતથી વધાવી લીધું, ને સંઘનું પ્રસ્થાન-પગલું ગિરનારની કેડીએ કેડીએ આગળ વધતું ચાલ્યું.

આકાશ હવે નિરભ્ર જણાતું હતું. ગાજવીજ કે વાદળીની એકાદ આછી પણ એંધાણી જણાતી ન હતી ને ગિરનાથ તીર્થ નજીક ને નજીક આવતું હતું, પણ એ આકાશ સાવ નિરભ્ર ન હતું. એના કોઈ ખૂણે, વિઘ્નોનાં વાદળ ઘેરાતાં હતાં. ગાજવીજ ને વર્ષાની પણ પૂર્વભૂમિકા રચાઈ રહી હતી, પણ આ બધું અજ્ઞાત ને અજાણ્યું હતું.

શ્વાસેશ્વાસમાં જેનો વિશ્વાસ અને જેની આશ હતી એ ગિરનાર પર એક દિવસ, સંઘ આવી ઊભો. હજારોના હાથ અભિષેકના જળ કળશથી વિરાજી ઊઠ્યા ! એકસાથે પાણીની હજારો ધારાવલિઓ ભગવાન નેમિનાથની એ પ્રતિમા પર વરસવા માંડી.

બસ, વિઘ્નોનાં વાદળ પાણીના ભારને હવે ઝીલી શકે એમ ન હતાં ! કંચન માટે પાછી અગ્નિપરીક્ષા આવી ઊભી ! ભગવાન નેમિનાથનું એ બિમ્બ વેળુનું હતું. એથી પાણીની હજાર હજાર ધારાને એ ન ખમી શક્યું ! એથી એ બિંબ ઓગળીને નામોનિશાનથીય મટી ગયું !

આખા મંદિરમાં સન્નાટો છવાઈ ગયો ! પ્રત્યેક અંતર કમકમા સાથે રડી પડ્યું !! આ શું ? આ કેવી જીવલેણ આફત ? વિધિના આ કેવા ફટકા પર ફટકા ?

વિઘ્નોનાં વાદળ અણધાર્યા આવી ચડ્યાં ને અણધાર્યાં જ વરસી ગયાં ! કંચન પાછું કસોટીએ ચડ્યું. રત્નશ્રાવકને થયું :

'ધિગ્ મને ! મારા પાપે આ બિંબ પર આફત તૂટી પડી ! વિઘ્નોના કેટકેટલા આવર્તોને વિદારીને સંઘ ગિરનાર આવી પહોંચ્યો અને અહીં પણ પાછું વિઘ્ન !'

રત્નશ્રાદ્ધની આંખ ચોધાર રડી ઊઠી. એમના રોમરોમ ધ્રૂજી ઊઠ્યા. અને એક ભીષ્મ-પ્રતિજ્ઞાની સાથે જ ત્યાં પલાંઠી લગાવીને એઓ બેસી ગયા. એમનો સંકલ્પ હતો :

'શાસનદેવી અંબાને હું પ્રસન્ન કરીશ. ભગવાન નેમનાથનું એક ભવ્ય બિંબ મેળવીશ અને પછી જ આહાર ગ્રહણ કરીશ.'

સર્જનનું વિસર્જન થયું. લેપ્યમય એ પ્રતિમા ખંડ ખંડમાં ને કણ કણમાં વેરાઈ ગઈ ! અને આ બાજુ કંચન કસોટીએ ચડીને આગભરી પળો વિતાવવા માંડ્યું.

રાત-પ્રભાતના ચક્રે અનેક ચક્રાવા લીધા, છતાં પ્રતિજ્ઞા અધૂરી જ રહી ! આહાર વિના દિવસો પર દિવસો વીતવા લાગ્યા. પણ રત્નશ્રાદ્ધ પોતાના શપથના પંથથી તસુભર પણ પીછેહઠ કરવા તૈયાર ન હતા.

અમોઘ-બળી હોય તો એ તપ જ છે ! એક મધરાતની નીરવ-શાંતિનો ભંગ થયો. 'મા અંબા' તપ-શક્તિથી ખેંચાઈને નીચે આવ્યાં. વરદ હાથ ઊંચા કરીને, માએ પોતાના બાળને કહ્યું :

'વત્સ ! પ્રસન્ન છું. તારી સાધનાના સામર્થ્યથી ખેંચાઈને હું નીચે આવી છું. માંગ, માંગ ! જે જોઈએ એ આપવા તૈયાર છું !'

સાધકની સાધનાના મોં પર સહસ્રદળ કમળનું હાસ્ય ખીલી ઊઠ્યું ! રત્નશ્રાવકે પોતાની માંગ રજૂ કરી :

'મા ! તારી પ્રસન્નતા એ જ મારું પીઠબળ છે. એના સહારે હું અણનમ રહી શકું છું. ભગવાન નેમનાથની એક ભવ્ય રમ્ય પ્રતિમા મારે જોઈએ, જેના દ્વારા આ તીર્થ પાછું સનાથ બને !'

સાધનાની કળી હજાર હજાર પાંખડીએ પાંગરી ઊઠી. એ જ અધરાતે અંબાદેવી રત્નને 'કાંચન બલાનક' નામની ગુફા-નગરીમાં લઈ

ચાલ્યાં ! આકાશમાં અદશ્ય થતી એ બે આકૃતિઓને સંઘ જોતો જ રહ્યો !

— ● —

દેવરાજ ઇન્દ્રે જેનું નિર્માણ કરાવ્યું હતું. જેના સ્તંભે સ્તંભે ને તોરણે તોરણે લક્ષ્મીનો સાગર ઘૂઘવતો હતો, દેવો જ્યાંનું દાસ કાર્ય ઉઠાવતા હતા, સુરસંઘ જ્યાંનું સેવાકાર્ય કરતાં સ્વામીત્વની ખુમારી અનુભવતો, એવું આ બડભાગી તીર્થ !

'કાંચન બલાનક' તીર્થનો આ ટૂંકો મહિમા હતો. રત્નશ્રાદ્ધ અહીં આવી ઊભા. દેવીએ કહ્યું :

'આ તીર્થ પર ૭૨-૭૨ પ્રભુ પ્રતિમાઓ છે. એમાં જ્યાં તારી દૃષ્ટિ આકર્ષાય ને જે મૂર્તિ તારી આંખમાં સમાઈ જાય, એ તારી ! બસ, વત્સ ! આટલાથી તું પ્રસન્ન ખરો ને ?'

માની કૃપા ચાર ચાર હાથે વત્સ પર વરસી રહી ! રત્નશ્રાદ્ધ તો આ તીર્થ, મંદિર, અહીંની પ્રતિમાઓ : આ બધું જોઈને છક્ક થઈ ગયા હતા. એમની આંખ ને અંતરમાં આનંદ ને આશ્ચર્યનો મહેરામણ ઊમટ્યો હતો ! એ મહેરામણનાં પાણી છલકી છલકીને મોં પર ફરી વળતાં હતાં આજે જીવનનો ધન્ય દિવસ હતો !

૧૮ સુવર્ણની, ૧૮ રત્નની, ૧૮ રજતની અને ૧૮ વજ્રની આમ ૭૨ પ્રતિમાઓ આ મંદિરમાં વિરાજિત હતી ! કઈ પ્રતિમા પસંદ કરવી અને કઈ ન કરવી, એ દ્વિધા રત્નના દિલને મૂંઝવી રહી ! અંતે રત્નના તેજથી ઝળહળતું એક બિંબ રત્ને પસંદ કર્યું પણ દેવીએ એને વારતાં કહ્યું :

'વત્સ ! તીર્થ મહાન છે અને ભાવિ અંધકારભર્યું છે ! કલજુગની કાળી કહાણીઓની નોંધ ઇતિહાસ ક્રૂજતે હાથે નોંધશે, માટે રત્નનું આ બિંબ લઈને ગિરનાર પર સ્થાપવું યોગ્ય નથી ! કોઈ આતતાયીના ડોળા આ રત્ન-બિંબ પર કતરાશે, તો એની આશાતના કેટલી બધી થશે ? માટે ભાવિનો વિચાર કર !'

રત્નશ્રાદ્ધને પોતાનો વિચાર ફેરવવો પડ્યો. એમણે પાષાણનું એક દિલહર બિંબ પસંદ કર્યું. અંબાએ એમાં સહમતિનો સૂર મિલાવ્યો અને આખરી સૂચના કરતાં કહ્યું :

'વત્સ ! પાછળ નજર કરીને તું જોતો નહિ, નહિ તો જ્યાં તું નજર કરીશ, ત્યાં જ આ બિંબ સ્થિર થઈ જશે !'

અંબાએ સૂતરના તાણાવાણાથી વીંટીને આ બિંબ રત્નને આપ્યું ને રત્નશ્રાદ્ધ ગિરનાર તરફ ચાલતા થયા. પોતે એક દૈવી ધરતીનો પુણ્યપ્રવાસ ખેડીને આવ્યા, એનો અનહદ આનંદ હતો. ગિરનારના મંદિરની બહારના ભાગમાં રત્નશ્રાદ્ધ આવી ઊભા અને મંદિરને દ્વારે એમનું પગલું થંભી ગયું.

આશંકા ને ઔત્સુક્ય : આ બે ગજબ-અજબની મનની દશાઓ છે. કેટલીક વાર કાંઠે આવેલી નાવને આ દશાઓ જળ- સમાધિ લેવરાવે છે ! રત્નને માટે પણ આમ જ થયું ! એમનામાં એક આશંકા ને એક ઔત્સુક્ય જાગી ઊઠ્યું : દેવી મારી સાથે માયા તો નહિ જ રમી ગયાં હોય ને ? આવું વિરાટકાય બિંબ છે, છતાં ભાર કેમ નથી ? શું ખરે જ દૈવીપ્રભાવથી બિંબ પોતાની મેળે આવી રહ્યું હશે ? ને સૂતરના તાંતણે બંધાયું હશે ?


રત્ને આશંકાથી પાછળ જોવા નજર કરી અને બસ ! ખેલ ખતમ થઈ ગયો ! મંદિરના દ્વારમાં ને દ્વારમાં જ બિંબ સ્થિર થઈ ગયું !

પાછું વિઘ્ન ! પાછી આફત ! પણ ભૂલ રત્નની હતી. હજારો હાથ કામે વળગ્યા, પણ તસુભર પણ ન ખસ્યું. અંતે આખા મંદિરની ધરમૂળથી નવ-રચનાનો નિર્ણય લેવાયો.

વિઘ્નોની જ વાટ હતી, પણ વીરતા એને ખૂંદી ખૂંદીને ગિરનાર સુધી પહોંચી હતી. જ્યાં દ્વાર ત્યાં ગર્ભગૃહ ! આખું મંદિર નવું બનાવવામાં આવ્યું અને એના પાયામાં એક ઇતિહાસ પૂરાયો.

'કસોટી તો કંચનની થાય !'

•



# ૫ તીર્થની રક્ષા કાજે

તીર્થની રક્ષાનો પ્રશ્ન વિરાટ અને વિકટ બનતો જતો હતો. જેમ જેમ એ પ્રશ્નની શૃંખલાના અંકોડા તોડવાની મહેનત ઉગ્ર બનતી હતી, તેમ તેમ પ્રશ્નના અંકોડાં વધુ મજબૂત બનતા જતા હતા.

તીર્થની રક્ષા કાજે મંત્રણા કરવા જૂનાગઢમાં ચોર્યાશી ચોર્યાશી જૈન સંઘો એકઠા થયા હતા !

જ્યાં ભગવાન નેમનાથે નવ-નવ ભવની પ્રીત તોડીને, પ્રવ્રજ્યા આદરી હતી, એ ગિરનાર તીર્થની યાત્રા આજે દિવસોથી બંધ હતી.

એને બંધ કરનારા હતા : બૌદ્ધો ! અને જ્વાળા પાસેથી જેમ જળની આશા રાખવી નકામી ગણાય, એમ જૂનાગઢના રાજવી ખેંગાર પાસેથી પણ ન્યાયની આશા રાખવી નકામી હતી ! હા, ખેંગાર પાસેથી હજી ન્યાય ન મળત, તોય આ પ્રશ્ન આટલો બધો જ્વલંત અને જટિલ ન બનત, પણ જ્યારે અન્યાયની ચાબુકો ખુદ ખેંગારે જ વીંઝવા માંડી, ત્યારે આજુબાજુના વગદાર જૈનસંઘો જૂનાગઢમાં એકઠા થયા.

ન પ્રયત્નો કરવામાં કોઈએ કમી ના રાખી, ન મંત્રણાઓ કરવામાં કોઈએ પાછું વળીને જોયું ! પણ એકે ઉપાય કારગત ન નીવડ્યો. ખેંગાર ખુદ બૌદ્ધોનો હિમાયતી બનીને બેઠો હતો અને એણે રાજાજ્ઞાના સહારે ગિરનારની યાત્રા બંધ કરાવી હતી.

ગઈ કાલે ગિરનારનો જે ગઢ ને ભગવાન નેમનાથનું જે જિનમંદિર, માનવસમૂહથી કિલ્લોલ કરતું હતું, ત્યાં આજે સૂમસામ અને સૂનુંસૂનું વાતાવરણ છવાયું હતું.

ગઈ કાલે ભગવાન નેમનાથની જે શ્યામલ પ્રતિમા દૂધના અભિષેકથી, કાળાંકાળાં વાદળ વચ્ચે ખીલેલા ચન્દ્રની જેમ શોભતી હતી, એ પ્રતિમા પર આજે પાણીનાં પ્રક્ષાલ-જળ પણ દેખાતાં નહોતાં !

પોતાની પર થતા આ હડહડતા અન્યાયના વિરોધ કાજે, જ્યારે જૈનસંઘ ખેંગાર આગળ અવાજ ઉઠાવતો, ત્યારે ખેંગાર કવિતાના કોઈ ધ્રુવપદની જેમ એક જ વાત વારંવાર સુણાવતા :

'તમે તમારા કપાળેથી કેસરનું તિલક ભૂંસી નાખો અને ભગવાન બુદ્ધનું શરણ સ્વીકારો, પછી જ તીર્થના તમારા હક્કો તમને પાછા મળશે.'

ખેંગાર હસીહસીને આ ધ્રુવપદ લલકારતો અને જૈનસંઘ આંસુ સારીને પાછો વળતો. 'તીર્થયાત્રા'નો જ પ્રશ્ન જૈનસંઘની આગળ ન હતો, બીજા બીજા પ્રશ્નોની નાગચૂડમાં પણ જૈન-સંઘને સપડાવવામાં આવ્યો હતો. બૌદ્ધ-ધર્મનો અંગીકાર ન કરાય, તો ભાવિનું જીવન પણ જોખમાય

એમ હતું. પરંતુ આ તો પ્રાણની બાજી લગાવીને પણ 'તીર્થરક્ષા' અને 'ધર્મરક્ષા' કાજે ખપી જાય એવા જવાંમર્દ જૈનો હતા. પ્રાણ જાય તો જાય, પણ 'પણ' ન તૂટે, એવી અડોલ એમની ધર્મશ્રદ્ધા હતી.

ગિરનારની તળેટીમાં ખેંગારના રક્ષકો ઘૂમી રહ્યા હતા. કેસરનાં તિલકથી ઓપતા કોઈ પણ જૈનને યાત્રામાં રૂકાવટ કરતા તેઓ સમશેર ઘુમાવીને કહેતા :

'રૂક જાવ ! 'બુદ્ધં શરણં ગચ્છામિ'ના અવાજથી પહેલાં આકાશને ભરી દો, પછી જ તીર્થ-યાત્રા કાજે કદમ ઉઠાવી શકાશે.'

બૌદ્ધ ભિખ્ખુઓ ખેંગારમાં રોજ રોજ ધર્મઝનૂન પૂરતા હતા અને જૈનસંઘ પર વિઘ્નોનાં ઘેરાયેલાં વાદળો વધુ ને વધુ ગાઢાં બન્યે જતાં હતાં.

તીર્થની રક્ષા કાજે બધી માનવીય શક્તિઓ જ્યારે વપરાઈ ગઈ, ત્યારે દૈવી શક્તિને સંભારીને એના સહારે તીર્થરક્ષા કરવાનું જૈનસંઘે પગલું ભર્યું, પણ તીર્થરક્ષાએ જાણે આજે જૈનોની જવાંમર્દી અને ધર્મશ્રદ્ધાની પરીક્ષા કાજે નિર્ધાર કર્યો હતો ! ગિરનાર તીર્થની અધિષ્ઠાયિકા 'અંબાદેવી'એ પણ બૌદ્ધોની આગળ પોતાની હાર કબૂલ કરતાં કહ્યું :

'જૈનોના આ તીર્થને બૌદ્ધ-ધર્મની રક્ષિકા દેવીએ પોતાના બળથી ઘેરી લીધું છે, એ ઘેરાને હઠાવવા મારી દૈવી-શક્તિ પણ નાકામિયાબ નીવડે એમ છે. એથી જરૂર છે હવે મંત્ર-શક્તિની ! મુનિ બળદેવ જરૂર તીર્થની રક્ષા કાજે બધું કરી છૂટશે, અને માનવીય ને દૈવી શક્તિએ જ્યાં હાર મેળવી છે, ત્યાં એમની માંત્રિક શક્તિનો ગર્વભેર જય થશે.'

વિઘ્નોનાં વાદળ ભલે કાળાં-ભમ્મર બનીને ધસી આવ્યાં હતાં, પણ હવે એની જરાય દરકાર કરવા જેવી ન હતી. દૂરદૂરથી પર્વતને પણ ધ્રુજાવે એવા વાવંટોળના આગમનની એંધાણીઓ મળી ગઈ હતી. ઓહ ! અને સૂર્ય તો હજારહજાર કિરણે પ્રકાશ ફેંકતો પ્રકાશિત જ હતો, પછી તો અંધકાર અને ઓછાયાની કલ્પના પણ ક્યાં હતી !

ઉદાસી હતી, ત્યાં ઉજમાનો ઉત્સવ રચાઈ ગયો ! જૈન સંઘનું પ્રતિનિધિત્વ લઈને એક સંદેશવાહક મુનિ બળભદ્રને તેડવા ચાલી નીકળ્યો. પવનવેગી સાંઢણીનાં દર્શન આંખથી અગોચર ન થયાં, ત્યાં સુધી એ દિશામાં જૈન-સંઘની મીટ અમીટ જ રહી !

— ● —

ગુપ્તવેશ ! ગુપ્તદેશ !

મુનિ બળભદ્રનો વેશ ગુપ્ત હતો અને દેશ પણ ! છેલ્લા કેટલાક સમયથી એમણે એક ગુફાને પોતાનું રહેઠાણ બનાવ્યું હતું. જ્યાં ઝરણાંના ઝંકારોમાંથી દિન-રાત પ્રકૃતિનું સંગીત સંભળાયા કરે, એવી ગિરિ-કંદરાઓની વચ્ચે એ ગુફા આવેલી હતી. ગુફામાં જ્યારે બળભદ્ર મુનિ બિરાજતા ત્યારે એમના દેહનું ઢાંકણ શ્રમણવેશ બનતો હતો અને જ્યારે તેઓ ગુફાની બહાર પગ મૂકતા ત્યારે એક ગોવાળનો વેશ એમના શ્રમણવેશ પર ઢંકાઈ જતો !

એક જૈનશ્રમણ અને ગુપ્તવેશ ?

મુનિ બળભદ્રની જીવન-ઘડીમાંથી સરી પડેલા રેતકણોનું સંશોધન આનો જવાબ આપવા સમર્થ ગણાય.

આચાર્યપદનો મેરુભાર શિર પર લદાયા પછી જીવન-જ્યોતનાં દિવેલ-દિવેટ જ્યાં સુધી ન ખૂટે અને એની તેજશિખા જ્યાં સુધી ન તૂટે, ત્યાં આઠ કોળિયાથી જ આયંબિલ કરવાના ભીષ્મ શપથ જેમણે સ્વીકાર્યા હતા, એવા શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ એ યુગના જબ્બર માંત્રિક હતા, અજબ-ગજબના મંત્રો અને એના ફળદાતા દેવતાઓ એમના દાસ હતા. મુનિ બળભદ્ર એમના જ એક આજ્ઞાંકિત શિષ્ય હતા.

માનવી જેને ધ્યેય બનાવે છે અને એ ધ્યેયની ખાતર આગળ જતાં મોટી વયે પોતાનું જીવન અવસર આવ્યે કુરબાન કરી દે છે. વટવૃક્ષ રૂપે એ ધ્યેય ભલે મોટી ઉંમરે દેખાઈ આવે, પણ એનાં બીજ અને અંકુરો તો શૈશવમાં જ ઊગીને ઊભાં થઈ ગયાં હોય છે.

મુનિ બળભદ્રને પહેલેથી જ મંત્ર-વિદ્યા પ્રત્યે અનેરું આકર્ષણ હતું અને વધુમાં પોતે જેને સમર્પિત થઈ ગયા હતા, એ ગુરુદેવ એક જબ્બર માંત્રિક હતા !

પલ્લીપુરીના પાદરમાં એક સૂર્યમંદિર આવેલું હતું. એની પ્રતિમા ઘણી જ ચમત્કારી હતી ! શ્રી યશોભદ્રસૂરિજી એક વાર સૂર્યમંદિરના આંગણેથી પસાર થઈ રહ્યા હતા. મૂર્તિના અધિષ્ઠાતા દેવને થયું કે, આ આચાર્યશ્રી મારા મંદિરે પધારે તો કેવું સારું ?

સૂર્યના અધિષ્ઠાતાએ એક દેવ-માયા સર્જી ! નિરભ્ર ભાસતા આકાશમાં અણધાર્યાં વાદળો ઊમટી પડ્યાં. થોડી ગર્જનાઓ થઈ. થોડી વીજ ઝબૂકી ગઈ અને આકાશની આંખેથી મુશળધાર આંસુધાર સરવાની શરૂઆત થઈ ગઈ !

અપ્કાયની વિરાધનાથી બચવા આચાર્યદેવે આજુબાજુ નજર દોડાવી, તો નજીકમાં સૂર્યમંદિર દેખાઈ આવ્યું અને શ્રી યશોભદ્રસૂરિજી એમાં પ્રવેશી ગયા.

દેવમાયા સફળ થઈ ! સૂરિ-દેવની સામે એક દેવ ખડો થઈ ગયો. એણે કહ્યું : શ્રી યશોભદ્રસૂરિ ! માગો ! માગો ! જે જોઈએ એ આપવા હું તૈયાર છું !

રજ અને રત્ન, માટી અને મણિ : આ બધાને સમદૃષ્ટિથી જ નીરખનારા સમદર્શી સૂરિને તો વળી માગવાનું શું હોય ? એમની નિસ્પૃહતા બોલી ઊઠી :

'જિનશાસનવિહોણું ચક્રવર્તીપદ પણ જૈનને મન ચીંથરેહાલ જીવન જેવું છે ! અને જૈન-શાસનની પ્રાપ્તિ પછીના ચીંથરેહાલ જીવનમાં પણ જૈનધર્મી ચક્રવર્તીની ખુમારીને થૂ કરે, એવી ખુમારીભરી જિંદગાની જીવી શકે છે ! આવું જૈનશાસન ને એનું શ્રામણ્ય અમને મળ્યું છે, પછી માંગવાનું શું હોય ?'

'દેવદર્શન અમોઘ હોય છે. કદીક પણ નિષ્ફળ જાય, એ દેવ-દર્શન નહિ ! વરદાન માગો, આપવા તૈયાર છું ! ભિક્ષા મારા હાથમાં છે, જરૂર છે ભિક્ષાપાત્રની.'

દેવે ઘણી વિનંતી કરી,પણ સૂરિદેવે ભિક્ષાપાત્ર ન ધર્યું, તે ન જ ધર્યું !

શ્રી યશોભદ્રસૂરિજી વરદાન માગ્યા વિના જ પાછા ફર્યા, પણ આ તો દેવ-દર્શન હતું, જે કદી અફળ ન જાય ! દેવે એક બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને આચાર્યદેવને બે અણમૂલી વસ્તુઓ સમર્પિત કરી ! એક અદ્‌ભુત 'અંજન'ને જેને આંખમાં આંજવાથી સ્વર્ગને નજરોનજર નિહાળી શકાય, અને બીજી એક મંત્ર-વિદ્યાની પ્રત !

સિંહણના દૂધને પીવાની કે પચાવવાની વાત તો દૂર રહી, પણ એને ધારણ કરવાય સુવર્ણપાત્ર જોઈએ.

દેવદીધી મંત્રની પ્રતને આચાર્યદેવ એક વાર વાંચી ગયા અને બધી વિદ્યાઓ એમને સિદ્ધહસ્ત થઈ ગઈ ! એમને થયું કે, આ પ્રતમાં રહેલા સિંહણના દૂધને કોઈ ધારી નહિ શકે અને ધારશે, તો જીરવી નહિ શકે ! એમણે મુનિ બળભદ્રને બોલાવીને કહ્યું :

'જા ! આ ગુપ્ત-પ્રત સૂર્યમંદિરમાં જઈને પાછી આપી આવ ! દેવને મારા તરફથી કહેજે કે, આ દૂધ સિંહણનું છે. સિંહ બાળ જ એને પીને પચાવી શકે !'

પોતાના સંદેશ સાથે ગુપ્ત-પ્રત, આચાર્યદેવે મુનિને આપી દીધી. વધુ પડતી જિજ્ઞાસા કોઈ વાર જિજ્ઞાસુને એના પથ પરથી ભ્રષ્ટ કરવામાં અચૂક કારણ બની જાય છે.

મુનિ બળભદ્ર પણ મંત્ર-જિજ્ઞાસુ હતા, વચમાં જ એમણે એ ગુપ્ત-પત્રનાં ત્રણ પૃષ્ઠો છૂપાવી દીધાં અને સૂર્યમંદિરમાં જઈને બાકીની પ્રત દેવના ચરણે ધરી દીધી !

મુનિ બળભદ્ર મંત્ર પ્રત સોંપીને જ્યારે સૂર્યમંદિરની બહાર આવ્યા અને ગોપવેલા ત્રણ પાનાં જ્યારે એમને ન દેખાયાં, ત્યારે એમની આંખ આંસુ-ભીની બની ગઈ ! એમની સ્થિતિ ઝાંઝવાના નીર જોઈને તીર છોડનારા ભ્રાંત મૃગ-બાળ જેવી થઈ હતી : છોડ્યું તીર, પણ ન મળ્યું નીર !

ગુર્વાજ્ઞાને ઉપેક્ષીને મુનિ બળભદ્રે ત્રણ પૃષ્ઠો ગોપવ્યાં પણ એઓ બન્ને બાજુથી નિરાશ થયા : એક તરફ ગુરુની આણ લોપાઈ હતી અને બીજી તરફ એ લોપવા છતાં નિરાશા જ મળી હતી. પોતાની ભૂલ પર એમણે આંસુ વહાવ્યાં.

સૂર્યમૂર્તિના અધિષ્ઠાતાએ જ એ ત્રણ મંત્રપૃષ્ઠોનું હરણ કર્યું હતું ! મુનિનાં આંસુ જોઈને એ પૃષ્ઠો પાછાં આપતાં દેવે આશિષ સાથે કહ્યું :

'મુનિવર ! લો, આ ત્રણ પૃષ્ઠો ! મંત્ર-વિદ્યાના બળે તમે ભાવિમાં જ્વલંત ઇતિહાસ રચી શકશો.'

અમૃતનાં તો બે બુંદો પણ ઘણાં ગણાય ! ત્રણ પૃષ્ઠોમાં ઘણી ઘણી ભેદી દુનિયા છુપાયેલી હતી. મુનિ બળભદ્રે એ બધા મંત્રો સિદ્ધહસ્ત કરી લીધા ! એક વાર બળભદ્ર મુનિ મંત્ર-શાસ્ત્રનું પુનરાવર્તન કરી રહ્યા હતા. બાજુમાં જ બકરીઓની લીંડીઓ વેરાયેલી પડી હતી એનો એમને ખ્યાલ ન રહ્યો અને 'સંજીવિની' વિદ્યાનું પુનરાવર્તન થઈ ગયું. એ વિદ્યાના બળે લીંડીઓમાંથી બકરીઓ ઊભી થઈ ગઈ !

શ્રી યશોભદ્રસૂરિશ્વરજીના કાને પોતાની વસતિમાં બકરીઓનો અવાજ અથડાયો અને તેઓ ચોંક્યા ! અવાજની દિશામાં એમણે જોયું, તો મુનિ બળભદ્ર સ્વાધ્યાય-મગ્ન હતા અને એમની આજુબાજુ બકરીઓ ફરી રહી હતી !

ભૂલ જરૂર થઈ ગઈ હતી. ગુરુદેવ જ્યારે સામા ખડા થઈ ગયા, ત્યારે પોતાની ભૂલ સમજાતાં મુનિ બળભદ્રને વાર ન લાગી પણ હવે શું થાય ? ભૂલનું કારણ તો ભૂતકાળ હતો અને એનો વિપાક વર્તમાન-કાળ રૂપે ખડો હતો.

ગમે તેવા વિકટ ને વિરાટ સંયોગો સર્જાય, છતાં જે ન તો મૂંઝાય કે ન તો મૂરઝાય, પરંતુ એમાં પણ કર્તવ્યની કેડી કંડારે, એ ગીતાર્થ !

હવે તો જીવરક્ષાનો પ્રશ્ન હતો ! લીંડીમાંથી ઊભી થયેલી બકરીઓને પાળવી, એ હવે કર્તવ્ય બની જતું. પરમગીતાર્થ શ્રી યશોભદ્રસૂરિજીએ પોતાના શિષ્યને કહ્યું :

'બળભદ્ર ! ભૂલ તો થઈ ગઈ. હવે તારે જ આનું ઉત્તરદાયિત્વ સ્વીકારવું પડશે. આ બકરીના ટોળાને લઈને તું કોઈ અજ્ઞાત પ્રદેશમાં રહેજે. આ તારા વેશ પર ગોવાળના વેશને ઢાંકણ બનાવજે. બસ, ગુપ્ત-દેશ અને ગુપ્તવેશ !'

મુનિ બળભદ્ર જીવ-રક્ષા કાજે ગુપ્તવેશ ધરીને ગુપ્ત દેશ ભણી ચાલ્યા ગયા ! દૂર દૂર ગિરિકંદરાઓમાં છુપાયેલી એક ગુફા એમણે શોધી કાઢી અને એના મેદાનમાં બે અલગ અલગ વાડાઓ ઊભા કર્યા : એક બકરાનાં રહેઠાણ કાજે, બીજો બકરીઓનાં રહેઠાણ કાજે ! જીવરક્ષા કરવાની હતી, પણ બીજાઓની જીવ-રક્ષા ભૂલીને નહિ. બનતાં સુધી તેઓ બકરીઓને સૂકું ઘાસ જ નીરતા. ગુફાની બહાર તેઓ ગોવાળ બની જતા, જ્યારે ગુફામાં સાધક બનીને પલાંઠી લગાવીને બેઠેલા તેઓ દેખાતા.

બસ, એકાંત હતું ! સાચા સંતનું દિલ જ્યાં ઓવારી જાય, એવું વાતાવરણ હતું. મુનિ બળભદ્રે બીજા પણ ઘણા ઘણા મંત્રો સિદ્ધ કર્યા !

– ● –

આંખમાં મિલનનું અદમ્ય ઝંખન હતું ! કાખમાં એક મહત્ત્વનો સંદેશ હતો અને પગમાં હતો પાંખ-વેગ !

જૂનાગઢને છોડ્યાને આજે દિવસો વીતી ગયા હતા. તીર્થની રક્ષા કાજે, બળભદ્ર મુનિને તેડી લાવવાનું બીડું ઝડપનાર નવજવાન મુનિ બળભદ્રની ભાળ મેળવવા, ધરતીના કણ-કણ ખૂંદી વળ્યો હતો પણ ગિરિકંદરાઓમાં ઘૂમતા એ મુનિ ક્યાંથી મળે ?

પવન-પંથી સાંઢણી જ્યાં જ્યાં મુનિની એંધાણીઓ કળાતી, ત્યાં ત્યાં દોડી જતી, પણ નિરાશા જ એના ભાગ્ય-લેખ બનતા. બીડું ઝડપનાર બડભાગી આશા સાથે આગે આગે ધપી રહ્યો હતો. આગળ કોઈ રાહ ન હતો, પાછળ કોઈ પંથ ન હતો. એણે દૂર-સુદૂર મીટ માંડી, તો ત્યાં બકરીઓને ચરાવતો એક ગોવાળ એની નજરે ચડ્યો !

નવજવાને સાંઢણી દોડાવી મૂકી ! ગોવાળ ધરતીનો બાળ હોય, એમ ન જણાયું ! ભાલ એનું વિશાળ હતું. તેજકણોની ત્યાં વર્ષા થઈ રહી હતી ! ગોવાળનું ભવ્ય મુખારવિંદ જોઈને નવજવાન મોહી પડ્યો ! પવનવેગી સાંઢણીથી નીચે ઊતરીને એણે પૂછ્યું : ધરતીના ઓ છોરું ! આટલામાં કોઈ મુનિ વસે છે ?

'નામ ?'

ગોવાળે નવજવાન તરફ જોયું.

'મુનિ-બળભદ્ર !'

'મુનિ બળભદ્ર ? હા. જુઓ દૂર દૂર પેલી ગિરિ કંદરાઓ આવેલી છે ને ? એની ગુફાઓમાં એ મુનિના રહેઠાણ છે !'

વધુ વિગતો મેળવવા નવજવાન થોભ્યો નહિ. સાંઢણી પવન-વેગે ગુફા ભણી દોડી ગઈ !

ગોવાળને થયું કે, મારું કોઈ અગત્યનું કામ ઊભું થયું લાગે છે ! એ ગોવાળ ગુપ્ત-વેશમાં મુનિ બળભદ્ર પોતે જ હતા ! માંત્રિક વિદ્યાના બળે સાંઢણી પહોંચે, એ પહેલા જ ગોવાળ ગુફામાં પહોંચી જઈને મુનિના વેશમાં ધ્યાન-મગ્ન બનીને બેસી ગયો !

પર્વતોનાં ચઢાણ-ઉતરાણ પસાર કરવાનાં હતાં. થોડું ચઢ્યા પછી એક મેદાન આવ્યું. સાંઢણી મેદાન વટાવીને આગળ વધી રહી. નવજવાન ચોમેર જોતો હતો : ગુફા ક્યાં છે ? નજીકના ઢાળમાં કંઈક બખોલ જેવું જણાયું. સાંઢણીને ત્યાં રાખીને નવજવાન ઢાળમાં ઊતર્યો !

દૂર દૂર કોઈ મધુર ઘોષ ગુંજી રહ્યો હતો ! નવજવાને ઘોષની દિશા પકડી. ગીચ વનરાજીને વીંધ્યા પછી જવાનને ગુફાનાં સ્પષ્ટ દર્શન થયાં, એનો આનંદ નિરવધિ બન્યો ! ગુફા વિશાળ હતી, સાથે ભવ્ય પણ ! એક મુનિ મધ્યમાં બિરાજ્યા હતા, જવાન ત્યાં જઈને મુનિ-ચરણમાં ઢળી પડ્યો.

આંખમાં કેટલાય દિવસોથી ઘેરાતું મિલનનું સ્વપ્ન સાકાર બન્યું હતું. કાંખમાં રહેલો સંઘનો સંદેશ મુનિને આપતાં જવાને શાંતિનો શ્વાસ લીધો. સંદેશ વાંચીને મુનિ બળભદ્રનું ખમીર અને ખૂન ખીલી ઊઠ્યું ! તેઓ ખુમારી સાથે બોલ્યા :

'જૈનત્વનું ખમીર હજી ખતમ નથી થયું ! ખેંગાર ! યાદ રાખજે, તારી ધારણાને ધૂળધાણી ન કરું, તો મારું નામ બળભદ્ર નહિ !'

જવાનની પીઠ થાબડતાં મુનિ બોલ્યા : ધન્ય તારી જવાંમર્દી ! તીર્થની રક્ષા કાજે તેં કંઈ ઓછું નથી કર્યું. રક્ષા કાજે મારી આહુતિ આપવી પડે, તો હું આહુતિ આપવા પણ તૈયાર છું. જા, સંઘને કહેજે કે, મુનિ બળભદ્ર આવી રહ્યા છે અને ખેંગારને ચેતવજે કે, જેવી ખુમારી જૈન સંઘને બતાવી, એવી મુનિ બળભદ્રને ન બતાવતો !

આશા અને વિશ્વાસનું શંબલ ખભે નાખીને બડભાગી જવાન ચાલી નીકળ્યો, જીર્ણ દુર્ગ તરફ !

દેવો જેના દાસ હતા, એ બળભદ્ર મુનિને તો પગ હલાવવાનીય જરૂર ન હતી ! માંગલ્યભરી એક પળે મુનિએ વિદ્યા-શક્તિથી જૂનાગઢ ભણી તીર્થની રક્ષા કાજે નવ-પ્રસ્થાનનું વિરાટ કદમ ઉઠાવ્યું.

— ● —

જ્યોત જ્યારે બુઝાવવાની હોય છે, ત્યારે એના ઝળહળાટ વધુ તેજસ્વી બનતા હોય છે ! પણ વિચારીએ, તો એ વધુ તેજસ્વિતા જ એના નિર્વાણની નિશાની હોય છે.

ખેંગારની ખુમારી કોઈ ઓર જ વધી ગઈ હતી. એની બંને આંખોમાંથી નરી ધર્માંધતા જ વેરાતી હતી. મુનિ બળભદ્રે એક વાર ખેંગારને સમજાવવા પ્રયત્ન કરી જોયો, પરંતુ ખેંગારે તો એમની આગળ પણ વધુ પડતી ખુમારી દર્શાવી.

શૂળીની સામે શૂળથી પતે એમ નથી, એવો જ્યારે મુનિ બળભદ્રને વિશ્વાસ બેસી ગયો, ત્યારે એમણે એક દિવસ ઉગ્ર પગલું ભર્યું, જેમાં ક્રાંતિના ધણધણાટ હતા !

ખૂન ખળભળી ઊઠ્યું હતું ! લોહીના કણકણમાં ઉકળાટ હતો ! તીર્થની રક્ષા કાજે છેલ્લા દાવ અજમાવી લેવાના શપથ સાથે મુનિ બળભદ્ર ખેંગાર પાસે જઈ પહોંચ્યા અને બોલ્યા :

'રાજન્ ! છેલ્લા દાવ ખેલી નાંખવા આજે હું આવ્યો છું ! જે બોલવું હોય, એ બોલી નાંખો.'

મુનિ બળદેવના આ બોલમાં સિંહનાદના પડઘા હતાં ! તીર્થરક્ષા કાજે જાનની બાજી લગાવી દેવાનું શૌર્ય મુનિ બળભદ્રમાં ફાટફાટ બનીને ઘૂમી રહ્યું હતું ! ખેંગારનો જવાબ એ જ હતો :

'ફેંકી દો આ ધર્મ-ધ્વજને, ફંગોળી દો આ શ્રમણ વેશને, ફગાવી દો જૈન ધર્મની શરણાગતિને ! મેં આ જ વાત કરી હતી, કરું છું અને કરતો રહીશ. ભગવાન બુદ્ધના ભિખ્ખુ સંઘનો ગણવેશ તમારી રાહ જુએ છે. ભગવાન બુદ્ધનાં ત્રિપિટકો તમારી પ્રતીક્ષા કરી રહ્યાં છે !'

તીર હવે છૂટી ગયું હતું ! ખેંગારની ખુમારીના એ છેલ્લા ઝાકઝમાળ હતા: મુનિ બળભદ્રના લોહીનો ઉકળાટ વધી રહ્યો હતો.

'ખેંગાર ! તારી આંખ પર આજે ધર્માંધતાનાં ઘેરાં પડળ છવાયાં છે. ધર્મ-ઝનૂન તને આજે કર્તવ્ય અને અકર્તવ્ય જોવા દેતું નથી. એક વાર નહિ, હજાર વાર કહું છું કે, આ નહિ બને, નહિ બને, નહિ બને ! દેહ ભલે અહીં ઢળી પડે, પણ શ્રમણનો આ વેશ નહિ ઉતારું. ધર્મધ્વજને

હું વફાદાર રહીશ અને જિન-ધર્મનાં ગાન છેલ્લા શ્વાસ સુધી લલકારતો જ રહીશ.'

એક બાજુ જૈનસંઘોનું જૂથ બેઠું હતું, તો બીજી બાજુ ખેંગાર અને ભિખ્ખુ સંઘની બેઠક હતી. હવામાં સન્નાટો છવાઈ ગયો ! 'કાં આ પાર કે કાં પેલી પાર'નો ખેલ હતો.

ખેંગારની જીભ જંગ ખેલવા નીકળી પડી :

'બળભદ્ર ! તીર્થની રક્ષા કાજે તો જંગ ખેલાશે, જંગ ! તું શું કરી શકવાનો હતો ? અહિંસા તારો ધર્મ છે, તારી પાસે એવું તે કયું કૌવત ભર્યું પડ્યું છે, જે કૌવત કુરુક્ષેત્ર રચી શકે ! અને મરી ફીટનારના મહિમાને ગાતું 'મહાભારત' રચાય !'

'અહિંસાની મશ્કરી ! મા ઉપર આક્ષેપ ?' મુનિ બળભદ્ર ઊછળી પડ્યા. આખી સભા ખળખળી ઊઠી !

અહિંસા-ધર્મનો પૂજારી વખત આવ્યે પૂજામાં પોતાનું માથું પણ મૂકી શકે છે. અહિંસા ક્ષુદ્રની નહિ, ક્ષત્રિયની છે. જે અહિંસા કીડીની રક્ષા કરવાનું કહે છે, એ જ અહિંસા વખત આવ્યે કુંજરની સામે પડવાની હાકલ પણ કરી શકે છે. કારણ અહિંસા કાયરની નહિ, કૌવત-ધારીની છે !

જ્યાંથી ગઈ કાલે મયૂરનો કેકારવ હતો, ત્યાંથી આજે સિંહનાદ થઈ રહ્યા હતા ! મુનિ બળભદ્રની જવાંમર્દી જંગ જીતવા નીકળી પડી હતી. તેઓ વધુ ઉગ્ર બન્યા :

'ખેંગાર ! જાનની બાજી લગાવીશું, પણ જિનની રક્ષા કરીશું ! કારણ જૈનને મન જાન કરતાં જિન વધુ વહાલા છે ! બાજી હજી હાથમાં છે, માની જાવ ! નહિ તો કાલે ઝંઝાવાત જાગશે ! જૂનાગઢનો રાજવી એ ઝંઝામાં હોમાશે !'

'તમારી પાસે એવી તે કઈ શક્તિ છે કે, જૂનાગઢનો રાજવી ડરી જાય ? હું ડરનાર નથી, હું તો ડારનાર છું !'

'શક્તિ ? કીડીમાં કંઈ એવી શક્તિ છે કે, જેથી એ કુંજરને પણ કનડી શકે ? માંત્રિક શક્તિના જોરે શું શક્ય નથી ? તારા જવાંમર્દો, તારી સમશેરો, તારા ખડ્ગો અને તારા ભાલાઓની શક્તિને પણ થૂ કરી શકે, એવી શક્તિ મંત્ર-વિદ્યામાં છે !'

'માંત્રિક શક્તિ !' ખેંગારે અટ્ટહાસ વેર્યું. બૌદ્ધ ભિખ્ખુઓનાં હાસ્ય એમાં ભળ્યાં અને એ વધુ ભયંકર બન્યું.

છેલ્લાં શસ્ત્ર છોડ્યા વિના હવે તો છૂટકો જ ન હતો ! મુનિ બળભદ્રે પ્રસ્તાવના રચતાં કહ્યું :

'ખેંગાર ! બસ, હવે જઉં છું. ખેલ ખતમ થતાં પહેલાં કંઈ કહેવું નથી ને ?'

'બસ, એ જ કહેવું છે : ફેંકી દો ધર્મ-ધ્વજ !'

'બસ, બંધ કરો ! આવું નથી સાંભળવું ! યાદ રાખજો : અન્યાયના આ આગ-અંગારા તમને જ ન ભરખી જાય, તો મારું નામ બળભદ્ર નહિ. જાઉં છું, જોજો, મારી આ મંત્ર-વિદ્યા !'

મંત્રેલા અક્ષતની એક મૂઠી ખેંગારના શરીર પર ફેંકીને મુનિ બળભદ્ર ચાલ્યા ગયા. એમની પાછળ જૈનસંઘનાં કદમ ઊઠ્યાં.

ઝંઝાવાત ઝીંકાયો ! ખેંગારનું ખમીર તૂટ્યું ! માનવીય ને દૈવી શક્તિઓ જ્યાં હારી હતી, ત્યાં મંત્ર-શક્તિનો ગર્વભેર વિજય થયો ! સિંહ સમો ગર્જારવ કરતો ખેંગાર સસલું બનીને 'ત્રાહિમામ્ ત્રાહિમામ્'ની રાડો પાડી રહ્યો !

ક્યાં ગયા એ સિંહનાદો ! ક્યાં ગયું એ ખમીર ? મુનિ બળભદ્રે ફેંકેલા અક્ષતે ખેંગારના શરીરમાં જ્વાલા પેટાવી હતી. એના રોમ રોમમાં જાણે અગ્નિ સળગ્યો હતો ! ન કહી શકાય અને ન સહી શકાય, એવી વેદના ખેંગારના શરીરમાં ઘૂમી રહી.

ભિખ્ખું-સંઘ, મંત્રી-મંડળ અને આખો રાજપરિવાર ચિંતાની ચિતામાં બળી રહ્યો હતો.

ખેંગારે ત્રાડ પાડી. રાજ પરિવાર એને વીંટળાઈ વળ્યો.

'ફૂંકો રણભેરી, બજાવો રણ-ખંજરી, સજાવો સમશેરો, સજ્જ કરો સેના અને બળભદ્રને જીવતો ને જીવતો પકડીને હાજર કરો !'

હાકલ કરતાં કરતાં તો ખેંગારની વેદનાએ ઉગ્ર રૂપ પકડ્યું. સિંહનાદ જ્યાંથી નીકળ્યા હતા, ત્યાંથી બકરીના બેં બેં અવાજ નીકળવા માંડ્યા : નથી સહેવાતી આ વેદના-ઝીંકો ! મારી જ્વાલાને ઠારવા કોઈ તો જલધાર બનો !

'ત્રાહિ...ત્રાહિ'ની ત્રાડોથી જૂનાગઢ ગુંજી ઊઠ્યું ! મહામંત્રીએ બીજી બાજુ નગારે ઘાવ દીધો અને વિરાટ સેનાને યુદ્ધના વેશમાં સજ્જ કરી, જે બળભદ્રને કેદ કરે !

કેસરિયાં કરવા વિરાટસેના નીકળી પડી. આશા અને વિશ્વાસનો શ્વાસ સેનાનો પ્રાણ હતો ! જૂનાગઢ જોઈ રહ્યું કે, મુઠ્ઠીભર જૈનો પર વિરાટસેના ધસમસતી જઈ રહી છે !

મોખરે સેનાપતિ હતો. પોતાના શૂરાતન પર એને શ્રદ્ધા હતી, પણ એણે બહાર આવીને જોયું, તો નરી હતાશા જ ચોમેરથી આવીને એને વીંટળાઈ વળી !

ઘડી પહેલા જ્યાં કશું જ ન હતું, ત્યાં એક અભેદ્ય કિલ્લો ઊભો ઊભો ખેંગારની સેનાને પડકારી રહ્યો હતો ! એની ચોમેર ઊંડી ખાઈમાં જાણે સમુદ્ર તુફાને ચઢ્યો હોય, એવા પાણીના ઘુઘવાટ સંભળાતા હતા અને કિલ્લાના કાંગરે અગ્નિની સર્વભક્ષી જ્વાળાઓ પોતાની કાતિલ જીભથી લબકારા મારી રહી હતી ! શૂરાઓનું શૂરાતન શાપિત બની જાય, એવું ભયાનક આ દૃશ્ય હતું !

મુનિ બળભદ્ર જાણતા હતા કે, પોતે એક સિંહને-સૂતેલા નહિ, પણ જાગતા સિંહને છંછેડીને આવ્યા છે, પણ ડરવાની કંઈ જરૂર ન

હતી, કારણ ખેંગાર જો સિંહ હતો, તો પોતે એક અષ્ટાપદ હતા ! એમણે માંત્રિક-શક્તિથી એક કિલ્લો ઊભો કર્યો હતો. જેની નીચે ચોમેર ઘૂઘવતાં પાણી હોય અને ઊંચે સર્વભક્ષી જ્વાળાઓના ભયંકર ભડકા હોય !

ગામેગામથી તીર્થની રક્ષા કાજે, એકઠા થયેલા જૈનસંઘો કિલ્લાનું કવચ ઓઢીને અભય બની ગયા ! મુનિ બળભદ્રને વિશ્વાસ હતો કે, હમણાં જ ખેંગારની સેના માર માર કરતી આવવી જ જોઈએ. એમણે કાંગરેથી જૂનાગઢ ભણી એક નજર ફેંકી, તો વિરાટ સૈન્ય કારમી હતાશા સાથે ઊભું હતું. હતાશાની વસમી નાગચુડે પ્રત્યેકના દેહ પર ભયાનક ભરડો લીધો હતો.

સેનાપતિની નજર મુનિ બળભદ્રને આંબી ગઈ. એણે ખાઈની નજીક આવીને કહ્યું :

'બળભદ્ર ! હજી કહું છું કે, સમજી જા ! ખેંગારની ખફા-મરજી એટલે જ કરપીણ મોત !'

મુનિ બળભદ્રે બાજુમાં પડેલી એક સોટી ઉઠાવતાં કહ્યું : માંત્રિક-વિદ્યાનાં હજી વધુ ચમકારા જોવા છે, સેનાપતિ ? મારા અમીટ ને અતૂટ બળનું હજી પણ પારખું નથી થયું ? જુઓ....!'

રાતાં કણેરની એક સોટી મુનિએ ચોગમ વીંઝી અને વીંઝતાંની સાથે જ આજુબાજુનાં વૃક્ષોની અગ્ર-ડાળીઓ ભૂમિશાયી બની ગઈ !

વિરાટ-સેનાને નિરવધિ આશ્ચર્ય વીંટળાઈ વળ્યું ! સેનાપતિ ઝંખવાણો પડી ગયો ! આ શક્તિ ? કોણ આને નાથી શકે ?

સેનાપતિને બળનું વધુ પારખું કરવાની ઇચ્છા થઈ. એણે વ્યંગમાં કહ્યું :

'સર્જનનો સંહાર તો બધા કરી શકે ! વિરલો તો એ કહેવાય, જે સંહારમાં સર્જન ખડું કરે ! ડાળીઓ વૃક્ષથી છૂટી તો પાડી શકાય, શું આ ડાળીઓને પાછી સાંધવાનું બળ છે, તમારી પાસે ?'

'હા.' શ્વેત-કણેરની સોટી ઉઠાવતાં મુનિએ કહ્યું.

મુનિએ શ્વેત-કણેરની સોટી ચોમેર વીંઝી અને વિખરાઈને વિખૂટી પડી ગયેલી એ બધી જ ડાળો પાછી વૃક્ષ પર સંધાઈ ગઈ, જાણે લોહચુંબકના આકર્ષણે લોઢું ખેંચાયું !

સેનાપતિ, મુનિની માંત્રિક-શક્તિને મનોમન નમી પડ્યો ! મુનિ સાવધાનીનો સંદેશ પાઠવતાં બોલ્યા :

'મારા તરફથી ખેંગારને કહેજો કે, મુનિ બળભદ્રે સંદેશ પાઠવ્યો છે કે, શરીરનાં રોમ રોમને થર થર ધ્રુજાવતી આ વેદનાથી મુક્ત થવું હોય, તો જૈન-ધર્મની શરણાગતિ સ્વીકારવા સજ્જ બનો. એના સિવાય દેવલોકથી ધનવંતરીને નીચે ઉતારશો તોય રોગમુક્ત નહિ બની શકો.'

વિશ્વાસે નિઃશ્વાસ લીધો ! વિરાટ સેનાએ પીછેહઠ કરી. સેનાપતિનો સંદેશ સાંભળીને ખેંગારની આંખ આગળ ધરતી આખી ફરતી દેખાઈ. હવે કોઈ ઉપાય ન હતો, કોઈ યોજના ન હતી. ભિખ્ખુ-સંઘની નિરાશા આંખનાં આંસુ બનીને બહાર ટપકતી હતી !

'યુદ્ધવિરામ'નો આદેશ ખુદ ખેંગારે આપ્યો ! આકાશમાં ઘૂમતી સમશેરો મ્યાનની કેદમાં ચાલી ગઈ !

જૂનાગઢના રાજવી ખેંગાર એક શરણાગતની અદાથી મુનિ બળભદ્ર પાસે જવા તૈયાર થયા. ભિખ્ખુ સંઘ હવે રુકાવટ કરી શકે એમ ન હતો.

શરીર પર શહીદનો નહિ, શરણાગતનો વેશ હતો ! ચાલમાં અને બોલમાં શહીદીનું શૂરાતન નહિ, પણ શરણાગતિની શાંતિ હતી ! ખેંગાર મુનિ બળભદ્રનાં ચરણે ઝૂકી પડ્યા !

ગઈકાલનાં વેર-ઝેર જાણે ભૂતકાળનું એક અદીઠું પ્રકરણ બની ગયું ! જે અદાથી મા પોતાના શિશુનો વાંસો પંપાળે, એ જ અદાથી ખેંગારના શિરે વાત્સલ્ય વહાવતો હાથ મૂકતાં મુનિ બળભદ્ર બોલ્યા : ધર્મલાભ !

જૈન-ધર્મની દીક્ષા, અન્યાયની શિક્ષા, ન્યાયની ભિક્ષા અને તીર્થની રક્ષા-આ ચતુર્ભેટિ જાણે તીર્થની રક્ષા કાજેનો જ્વલંત ઇતિહાસ લખાયો !

ખેંગાર હવે પોતાનાં આંસુને ખાળી શકે એમ ન હતા. અનુતાપના આંસુની એ ધાર મુનિ બળભદ્રના પગનો અભિષેક કરી રહી ! ડૂસકાં સાથે, રુદન સાથે ખેંગાર બોલ્યા :

'ભગવંત ! મારી ધર્માંધતા બદલ હું ક્ષમા યાચું છું !'

ખેંગારને બોલવાનું ઘણું હતું પણ આંસુ બોલવા દેતા ન હતા ! વાત્સલ્ય સાથે મુનિ બળભદ્રે કહ્યું :

'રાજન્ ! ન સંભારશો હવે ભૂતકાળને ! જુઓ, ગિરનારની પેલી ઊંચી ઊંચી ટેકરીઓ આપણને સાદ દઈ રહી છે ! ભગવાન નેમિનાથનું પેલું શ્યામલ શ્યામલ બિંબ કોઈ અભિનવ સંદેશ આપવા આછા સ્મિત સાથે ગિરનારના શિખરે વિરાજી રહ્યું છે ! ચાલો, ગિરનાર !'

મુનિ બળભદ્રે ગિરનારની વાટે કદમ ઉઠાવ્યું ! એમના કદમે કદમે બીજાં લાખ્ખો કદમ ઊઠ્યાં !

•



# ૯ દેવરિયા મુનિવર, ધ્યાનમાં રહેજો

ઝંઝા એકાએક ચડી આવી ! વાદળદળ અણધાર્યું જ એકઠું થઈ ગયું ! વીજના ચમકારાએ વાતાવરણમાં ઓચિંતુ જ ભયનું પડઘમ બજાવ્યું ! પંખીઓ માળામાં છુપાઈ ગયાં. પશુઓમાં દોડધામ મચી ગઈ. સૂર્ય આવરાઈ ગયો ને ચોમેર આછો આછો અંધાર છવાતો ચાલ્યો.

ગિરનાર ઉપરનું આકાશ વાદળોના ગડગડાટથી ઝળૂંબી રહ્યું ને એની ગુફાઓ ગડગડાટના પડછંદાઓથી ગાજી ઊઠી.

ગિરનારની પગ-વાટ સાવ સૂની સૂની થઈ પડી. દૂર દૂર એક શ્રમણી સિવાય કોઈ નજરે ચડતું નહોતું. એમને પોતાની એક

આચારસંહિતા હતી. વરસાદનું એક ફોરું પણ શરીરે અડે, તો એનું પ્રાયશ્ચિત્ત એમને માટે અનિવાર્ય હતું.

પોતે એકલવાયાં રહી ગયાં, એનો ભય શ્રમણીના મોં પર ન હતો, પરંતુ આચારની મર્યાદાનો ભંગ કરાવે, એ જાતનું સર્જાતું વાતાવરણ જરૂર એમના હૈયે શલ્ય બનીને ડંખતું હતું. એઓ ઝડપથી ચાલ્યાં જતાં હતાં.

વાદળની દોડાદોડ ગજબની હતી. થોડી પળોમાં તો વિરાટ મેઘાડંબર છાઈ ગયો. ઓતરાદા પવનની એક થપાટ એવી તો જોરદાર વાગી કે, આકાશ રોવા માંડ્યું. એ રુદન પર વીજનો એક અગ્નિ-ઝરતો સજ્જડ ચાબુક વીંઝાયો અને એ આંસુધાર, મુશળધાર બની.

શ્રમણી ચોમેર નજર ઘુમાવી રહ્યાં. આશ્રય કાજે કોઈ ગુફા નજરે ચડતી ન હતી. હવે તો આગે બઢ્યા સિવાય છૂટકો જ ન હતો. નીર નીંગળતાં વસ્ત્રે એઓ આગે બઢ્યાં.

વરસાદ થંભવાની કોઈ એંધાણી જણાતી ન હતી. શ્રમણી થોડે દૂર ગયાં, એક ગુફા આવી. એઓ એમાં પ્રવેશી ગયાં. એકાંત હતું. વસ્ત્રોમાંથી પાણી ટપકી રહ્યું હતું. શ્રમણીએ વસ્ત્રો વેગળાં કર્યાં.

ગુફા ! એમાંય વળી મેઘાડંબરની તાંડવલીલા ! અંધારું હતું. બહાર ઝીંકાતી ઝડીઓનો અવાજ ગુફામાં સ્પષ્ટ સંભળાતો હતો. થોડી વાર થઈ અને વીજળીના એક ઝબકારે ગુફાનો અંધાર ચિરાઈ ગયો. વીજના ઝબકારે જે દૃશ્ય ખડું થયું, એ જોઈને શ્રમણી થડકાર અનુભવી રહ્યાં. ભીનાં ને ભીનાં વસ્ત્રો એમણે તરત જ પુનઃ ઓઢી લીધાં.

દૂર દૂર એક મુનિ ધ્યાનમાં ઊભા હતા. વીજના ઝબકારે એમનું ધ્યાન ધણધણી ઊઠ્યું હતું. વીજ તો અલોપ થઈ ગઈ, પણ એના તેજમાં જોવાઈ ગયેલી નિરાવરણા શ્રમણીની એ આકૃતિ મુનિનો પીછો પકડી રહી.

એ આકૃતિને હઠાવવા મુનિએ ઘણો ઘણો પ્રયત્ન કર્યો. ધ્યાન-ધારણા ને સમાધિની લોખંડી દીવાલો પાછળ એ સંતાઈ ગયા, પણ મનનો મોરલો તો આ દીવાલો ઠેકીને પણ એ આકૃતિને નિહાળી રહ્યો.

મુનિની આંખ આગળ ઘડીપળ પહેલાંનું પાર્વતીય વાતાવરણ ખડું થઈ ગયું. પળ પહેલાં તો આકાશ સાવ નિરભ્ર હતું. પવન મંદ મંદ વહેતો હતો. નાનકડા શિશુની જેમ પ્રકૃતિ ગેલ કરી રહી હતી અને પળમાં જ પલટો આવી ગયો ! એકાએક વાદળ, વા ને વીજ જામી ગયાં ! મુશળધાર વર્ષા આરંભાઈ ગઈ. પોતાની આંતર-દુનિયામાં મુનિએ ડોકિયું કર્યું. અંદર દોડાદોડ કરતાં વિકારનાં વાદળો પણ મુનિને આવાં જ આકસ્મિક ભાસ્યાં. રે ! પળ પહેલાં તો હજી મનના મંદિરે જિનની ઉપાસના બિરાજમાન હતી. એને પદભ્રષ્ટ કરીને ત્યાં આ વાસના ક્યારે ચડી બેઠી ! અંતરનું આકાશ પળ પહેલાં કેટલું નિર્મળ હતું ! ન એકે વિકારનું વાદળ ! ન જરા જેટલીય વાસનાની વીજ અને ન આછો-આછોય વિષય વાંછાનો વાયરો !

મુનિને પોતાની સાધના-ઇમારત કડડભૂસ થતી લાગી. એમણે એક જ ઝાટકે મનની લગામ ખેંચી. ગુફા-ત્યાગ કાજે એક વિરાટ કદમ ઉઠાવ્યું, પણ એક ધીમો ધ્વનિ સંભળાયો : મુનિ ! ખૂની ન બનો, શું તમારે અંતરનું ખૂન કરીને બેનમૂન થવું છે ! મુનિ ઊભા રહી ગયા : કોનો આ ધ્વનિ ? આજુબાજુ કોઈ જણાયું નહિ, ત્યારે જ મુનિ સમજી શક્યા કે, આ તો પોતાના જ મનનો પડઘો હતો ! બંધન-બેડી વિનાનું કોઈક બંધન મુનિના પગને પકડી રહ્યું.

બહાર તોફાન શમ્યું ન હતું, પણ મુનિને અત્યારે એનો વિચારય ન હતો. એમને તો પોતાની આંતર ધરતી પર અત્યારે પ્રલય-નર્તન ખેલતી જે એક ઝંઝાઝડી ઝીંકાઈ રહી હતી, ને સાધનાની જે સઘન-વનરાઈ ભયમાં હતી અને શ્રમણ ધર્મના જે બે કિનારા ભયથી કણસી રહ્યા હતા, એની જ ચિંતા હતી.

ત્યાં તો એક વીજ ફરી ઝબૂકી ગઈ. બહાર તો અજવાળ વેરાયો, પણ મુનિના અંતરમાં કાળી અમાસ ઊતરી પડી અને રહ્યા-સહ્યા તેજલિસોટા પણ ત્યાંથી ભૂંસાઈ ગયા !

વસ્ત્રભીની શ્રમણીનું પુનઃદર્શન થયું ને મુનિનું મન મર્યાદા છાંડીને બોલી ઊઠ્યું : રાજુલ !

પોતાનું નામ સાંભળતાં જ શ્રમણીએ સન્નાટો અનુભવ્યો. એ સાદમાં વાત્સલ્ય નહોતું, વાસનાનો ધ્વનિ હતો. એ શ્રમણી વિચારવા લાગ્યાં : મુનિ રથનેમિ અહીં ક્યાંથી ! શું...?

ત્યાં તો મુનિનો મોરલો ફરી ટહુકી ઊઠ્યો :

'તું ઢેલ ! હું મોર ! આષાઢના અહીં આલાપ છે. મેઘાડંબરે અહીં માલતીના માંડવા રચ્યા છે. મનને મહેકાવે એવી માળા, અહીં વર્ષાબિંદુએ ગૂંથી છે. આસોપાલવના તોરણ રૂપે અહીં વીજ ઝબૂકી રહી છે. સાધ્વી ! તું સુંદર છે. હું તને સુંદરી માનું છું. આવ... આમ આવ...!

શ્રમણીની આંખ આગળ હજી અદૂરનો જ ભૂતકાળ ખડો થઈ ગયો. એક વખતની પોતે રાજકુમારી ! શ્રી નેમકુમાર પોતાને પરણવા જાન જોડીને આવ્યા, પણ અબોલોની આલમનાં આંસુ એમણે જોયાં અને એમનો જાન બચાવવા પોતાની જાન એમણે પાછી વાળી. વર્ષભર એમણે દાન આપ્યું ને અંતે આ જ ગરવા ગઢ ગિરનાર ઉપર એઓ પ્રવ્રજિત બન્યા. વર્ષો પછી પોતે પણ એ જ પંથે ચાલી નીકળી. પોતાના દેવર રથનેમિએ પણ નેમિનાથનો સાથ કર્યો.

શું સિંહના સામર્થ્યથી સંયમપંથે સંચરેલા દેવરિયા મુનિ, સસલું બની જશે ? સાધ્વી રાજુલ એક વાર તો કમકમાં અનુભવી રહ્યાં પણ બીજી જ પળે એમણે કહ્યું :

'દેવરિયા મુનિવર ! ધ્યાનમાં રહેજો !'

મુનિ બોલ્યા : શું ધ્યાન ને શું ધારણા ? સુંદરી ! તું મને મુનિવર તરીકે ન નિહાળ ! આજે તારી આગળ હું એક વર રૂપે ખડો છું. 'મુનિવર' આ મારો ભૂતકાળ હતો અને કદાચ ભવિષ્ય પણ હશે ? પરંતુ આજે તો હું 'વર'નો વર્તમાનકાળ ધરાવવા માંગું છું.

શ્રમણી મનોમન બોલ્યાં : તાળી બે હાથના મિલનનું નામ છે. માખણ ભલે સામે રહ્યું, પણ હું જ્યાં સુધી અગન ન બનું, ત્યાં સુધી

કોઈની તાકાત નથી કે, એ માખણને પીગળાવી શકે ! એઓ બોલ્યાં : ધ્યાન થકી હોય ભવનો પાર રે ! મુનિવર, ધ્યાનમાં રહેજો !

પળ યુગ સમી વીતતી હતી. મુનિનું મન ઝંખનાના છેલ્લા તલસાટમાં તરફડી રહ્યું હતું. પ્રિયતમની ભાષામાં એ બોલ્યા : વીજ ઝબૂકે એટલામાં મોતી પરોવી લે. યૌવનનું ઉપવન હજી પુરબહારમાં છે, ત્યાં સુધી ચાલો, ભોગી ભ્રમર બનીને આપણે એની પરાગ પી લઈએ. ધર્મ, ધ્યાન ને ધારણાની વાતો કરવાની વય આ નથી. ઘડપણમાં ગોવિંદના ગુણ ક્યાં નથી ગવાતા ?

શ્રમણીને થયું : હૈયાના મર્મને ચોંટ નહિ લાગે, તો આ તોફાની-વૃત્તિ શાંત નહિ થાય. એ બોલ્યાં : જાદવ-કુળમાં નેમ નગિનો, વમન કરી છે મુજને તેણે રે ! દેવરિયા મુનિવર ! આજે ધ્યાનના ધ્રુવતારકને ધમરોળવા કાં બેઠા છો ? એના વિના ભવનો પાર શક્ય નથી. યાદવકુળના તિલક ભગવાન શ્રી નેમનાથના તમે સગા ભાઈ ! તમારા ભાઈએ મને વમી નાંખી. આ વમનને ચાટવા માટે જીભ લંબાવતાં તમને શરમ પણ નથી આવતી ? નારી માત્ર મળમૂત્રની ક્યારી છે, પછી એ રાજરાણી હોય કે રખડતી ભિખારણ હોય. આ ક્યારી આજે તમને કેમ આટલી પ્યારી લાગી છે, એ જ મને સમજાતું નથી !

શ્રમણી જોઈ રહ્યાં : તોફાની હાથીના ગંડસ્થળે અંકુશની અણી ભોંકાતાં એ જ એક આંચકો અનુભવે, એવી વૃત્તિનાં દર્શન મુનિવરમાં જણાતાં જ એ ફરીથી બોલ્યાં :

'હું રે સંયમી તમે મહાવ્રતધારી, કામે મહાવ્રત જાશો હારી રે મુનિવર ! ભોગ વમ્યા રે મુનિ મનથી ન ઇચ્છે, નાગ અગંધન કુળના જેમ રે મુનિવર ! મુનિ, શાસ્ત્રો ભણ્યા છો તો ગંધનકુળ અને અગંધન કુળના નાગની રોમાંચક વાતો જાણતા જ હશો. વમેલું વાંછે એ સાપ ગંધન કુળનો. પ્રાણને હોડમાં મૂકે, પણ વમેલું ન વાંછે, એ સાપ અગંધન કુળનો. ભોગી ગંધનકુળના સાપ જેવો છે, યોગી અગંધન કુળના સાપ જેવો. હું સંયમી છું, તમેય સંયમી છો. મને વાંછીને તમે મહાવ્રતને હારવા

કાં તૈયાર થયા છો ? શું અગંધન કુળના સાપ જેવા એક નાચીજ પ્રાણીથી પણ તમે ગયા ? એય પાછા મુનિ થઈને ? વમેલાંને વાંછવા કરતાં એ નાગ મોતને મહાન ગણે છે, અને તમે આજે મહાભાગ હોવા છતાં વમેલાંને વાંછવામાં જ જીવનની ધન્યતા સમજવા તૈયાર થયા છો ?'

શ્રમણી ગંભીર ભાવે મુનિના પલટાતા પરિણામ નિહાળી રહ્યાં. મુનિ વિચારી રહ્યા હતા : રે ! શું એક સાપ જેવું પ્રાણી પણ મારાથી ચડી જાય ! વમેલાંને વાંછીને કલ્પના-સુખની આ એક પળ મારા માટે કેટકેટલા યુગનાં દુઃખોને નોતરી આણશે ? મુનિ ગંભીર બની ગયા. પોતાના ભવભ્રમણનું ચક્ર એમને જોરજોરથી ભીષણ ઘરેરાટી સાથે ઘૂમતું જણાવા માંડ્યું. એઓ ધ્રૂજી ઊઠ્યા.

ત્યાં તો શ્રમણીનો જાગૃતિનાદ આવ્યો :

'દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો ! ગાયોના ધણને હાંકનારો ગોવાળ એ ગાયોનો ધણી નથી. એની માલિકી ફક્ત એક નાનકડી લાકડી ઉપર જ છે. ધ્યાનમાંથી ચૂકનાર મુનિ આ રીતે જ ધણની માલિકી જતી કરીને, ફક્ત લાકડીનો લુખ્ખો માલિક બને છે ! શું તમારે ગોવાળ કહેવડાવવું છે ? રાન રાન રખડતા ગોવાળ ?

મુનિ અપલક નેત્રે સાંભળી રહ્યા. એ નાદ આગળ વધ્યો :

'મુનિ, તમે તો ધનકુબેર છો, આ કામનાને કચડી નાખો, નહિ તો ધનકુબેરમાંથી તમે માત્ર એ ધનના ભંડારી બની જશો. જેનો હક્ક માત્ર ચાવીના ઝૂમખા પર હોય. એક પાઈ પણ એની આજ્ઞામાં નહિ ? માત્ર વેશના જ ધણી બનીને, તમારે જાત-વંચના ને જગત-વંચનાનું ઘોર પાપ વહોરવું હોય, તો તમે જાણો. બાકી વેશ પાછળ ઊભેલી વિભુતાના વિરાટનું સ્વામીત્વ તમારે જોઈતું હોય, તો મનના ઘોડાના ચાબુકધારી સવાર બની જાવ.'

રથનેમિનો રથ પુનઃ પથ પર આવી ગયો. વાસનાના એ મનોરથને એક ઉપાસના-મૂર્તિએ બાળીને ભસ્મ બનાવી મૂક્યા.

શ્રમણીએ જોયું : રથનેમિની આંખ ચોધારે રડી ઊઠી હતી. એ ધાર અંતરની કાળાશનું ધોવાણ બનવાનું ભાગ્ય પામી, એ બદલ શ્રમણી આનંદી ઊઠ્યાં.

શ્રમણ અને શ્રમણી બંનેની નજર ગુફા બહાર ગઈ. આકાશ નિરભ્ર બની ગયું હતું. ઊંચા-ઊંચા ગઢ ગિરનારનાં શિખરો સ્વચ્છ થઈ ગયાં હતાં. પ્રકાશ પાથરતાં સૂર્યકિરણોથી ગિરનારની ભૂખરી શિલાઓ, સૌંદર્યની એક અજબની કવિતા શી બનીને ઊભેલી જણાતી હતી. ભગવાન નેમનાથના પુનિત દર્શને લઈ જતી પગવાટ યાત્રીઓની અવરજવરથી પુનઃ સજીવન બની ગઈ હતી.

રથનેમિને બહારના વાતાવરણમાં પોતાના અંતરનું જ પ્રતિબિંબ ભાસ્યું. એક નારીએ આજે પોતાનો હાથ ઝાલ્યો હતો, ને વાસનાના વમળમાંથી પોતે ઊગરી ગયા હતા; એનો ઉપકાર સ્વીકારતાં એમનાથી બોલી જવાયું :

'કૂપ પડંતા તુમે કર ઝાલી રાખિયો. ભવના ઊંડેરા કૂવામાં ઝંપલાવતાં મને હાથ ઝાલીને ઝાલનારી ઓ પવિત્રતા, આ પતિતને આશીર્વાદ આપો.'

ને મુનિ રથનેમિની આંખ આંસુભીની બની.


પવિત્રતાએ છેલ્લે છેલ્લે એટલું જ ઉચ્ચાર્યું : દેવરિયા મુનિવર, ધ્યાનમાં રહેજો.

પશ્ચાત્તાપ સાથે, પ્રાયશ્ચિત્તની ભાવનામાં મુનિ ચાલી નીકળ્યા, ભગવાન નેમનાથનાં દર્શન કાજે !

કર્તવ્ય અદા કર્યાની સુરખી સાથે, શ્રમણી રાજુલ પણ ચાલી નીકળ્યાં, જગપતિ નેમનાથની વંદના કાજે !

દૂર દૂર તીર્થંકર શ્રી નેમનાથ પ્રભુ જ્યાં સમવસરણમાં વિરાજમાન હતા, એ ગિરિશિખર સાદ દઈ રહ્યું હતું.

●



# ૭ યાત્રામાં યુદ્ધ

સતીઓ, સાવજો ને શૂરાઓથી પંકાતી સોરઠની ભોમકા છે. બે મહાન દેવનગરીઓએ, આ ભોમકાને ઇતિહાસને પાને અમર કરી મૂકી છે : એક દેવનગરી શત્રુંજય પર ખડી છે, તો બીજી દેવનગરી ગિરનાર પર !

બંને દેવનગરીઓની પાસે ઇતિહાસ છે. બંને પોતપોતાની આગવી અસ્મિતા માટે જગમશહૂર છે. ગિરનાર જેમ અનેકનો માનીતો દેવ રહ્યો છે, એમ ઘણા ઘણા સંઘર્ષોનો એ સાક્ષીય રહ્યો છે.

વર્ષો પહેલાંની એક ઉષા હજી હમણાં જ ખીલી હતી. ગિરનાર ઝળાંહળાં થતો હતો. એની તળભૂમિ પર આજે આનંદના અવસરિયા રાસ રમતાં હતાં કારણ કે છેક હસ્તિનાપુર જેવી દૂરની ધરતી પરથી નીકળેલો એક યાત્રાસંઘ આજે ગિરનારની ગોદમાં આવી લાગ્યો હતો.

કેઈ ગામ-નગરોને ભેટતો ભેટતો એ યાત્રાસંઘ, શત્રુંજયના યુગાદિભગવાનને નમીને જ ચાલ્યો આવતો હતો. યાત્રાનું છેલ્લું તીર્થ હતું : ગિરનાર !

ગિરિ-યાત્રા આરંભાઈ. સંઘપતિ ધનશેઠનો મન-મોરલો કળા કરી ઊઠ્યો. દિવસોનું સ્વપ્ન આજે સાકાર થતું હતું.

વાતાવરણ સૌંદર્ય નીતરતું હતું. ધરતીના કણ કણ જાણે કવિતામય હતાં, કામવિજેતા ભગવાન નેમિનાથનો ભવ્ય દરબાર આવ્યો. યાત્રીઓ નાચી ઊઠ્યાં.

જિન ભક્તીનો મહોત્સવ આરંભાયો. સંઘવી ધનશેઠે પૈસાને આજે પાણી કરતાંય સસ્તા જ ગણ્યા હતા. પંચરંગી ફૂલોની માળા મઘમઘાટ વેરી રહી. ધૂપના મઘમઘાટ વાતાવરણને સુવાસિત કરી રહ્યા. નૈવેદ્યની સોડમે રંગમંડપને ભરી દીધો.

દ્રવ્યપૂજા પૂર્ણ થઈ. ભાવપૂજા શરૂ થઈ. સંગીતના સૂરો રેલાઈ ઊઠ્યા. કોકિલકંઠો રણકાર કરી રહ્યા.

આંખો સંઘ પ્રભુભક્તિમાં ખોવાઈ ગયો. પણ ત્યાં જ રંગમાં ભંગ પડ્યો ! પૂજા અધૂરી રહી ! પાછળથી એક બીજો સંઘ આવ્યો. એના સંઘવી હતા વરુણ શેઠ ! એ સંઘ ખૂબ દૂરથી આવ્યો હતો. મહારાષ્ટ્રમાં આવેલા મલયપુરથી સંઘે પ્રસ્થાન કર્યું હતું. સંઘવી દિગંબર મતના અનુયાયી હતા. ભગવાન નેમનાથના અંગે રચાયેલાં આભૂષણો ને કંઠે છવાયેલા ફૂલહારો જોઈને એમનું ધર્મઝનૂન ઝાલ્યું ન રહ્યું. એ આગળ ધસી ગયા. એક જ ઝાટકે એમણે ફૂલહારો ને આભૂષણો ફંગોળી દીધાં. યાત્રામાં જાણે યુદ્ધની ભૂમિકા રચાવા માંડી !

ધનશેઠ આ અણધારી આફતનો હજી વિચાર કરે, એ પહેલાં તો આ બધું બની ગયું. એ ઊભા થયા. ત્યાં તો વરુણશેઠનો ગર્વભર્યો અવાજ કાને અથડાયો :

'વીતરાગીને રાગી બનાવવાનો આ ધંધો કેવો ! પ્રભુ તો પ્રભુ છે. હાર ને આભૂષણો એમને ન ખપે.'

ને રહ્યાંસહ્યાં આભૂષણો પણ ફંગોળાઈ ગયાં. ક્યાં ક્ષણ પહેલાં અનેરી આભાથી ઓપતી અદ્ભુત પ્રતિમા ! ને ક્યાં અત્યારે એની પર વીતેલી આશાતના !

ધનશેઠ ને યાત્રીઓનું દિલ સળગી ઊઠ્યું. શેઠે પડકાર નાખ્યો : અમારી પૂજાને વેરણછેરણ કરનાર તમે વળી કોણ ?

વરુણ ઝાલ્યો ન રહ્યો. એણેય હાકોટો નાખ્યો : તમે વળી કોણ એટલે ? અમે આ તીર્થના માલિક ! અમે આ મંદિર ને મૂર્તિના ઈજારદાર ! તમે શ્વેતાંબરો તો આજકાલના છો. તીર્થ અમારું છું, પછી અમે તમને કહી પણ ન શકીએ ?

ધનશેઠને હાડોહાડ લાગી આવ્યું : રે ! કેવી આ જોહુકમી ને કેવું આ જૂઠ ! ગિરનાર પર વળી દિગંબરોનો હક્ક ક્યારથી ? આ તો ઠીક શ્વેતાંબરોની દયા કે, દિગંબરો ગિરનારની યાત્રા કરી શકે છે ! શેઠે કહ્યું :

'ગિરનાર કોનો છે અને કોનો નથી એનો નિર્ણય આપણે કરીએ, એ પહેલાં જ ઈતિહાસનાં પાને લખાઈ ગયો છે. હજી એની શાહી પણ પૂરી સુકાઈ નથી. આંચ કે લાંચ સાચને નડતાં નથી. અમારા સંઘની લાગણી દુભાવવા બદલ તમારે તો ક્ષમા માંગવી જોઈએ. જો પ્રભુને આંગી કે ફૂલ ન ખપે, તો તમે પ્રભુને રથમાં કાં પધરાવો છો ? પ્રભુની પ્રતિમાની મર્યાદા એક હાથે ન દોરવી જોઈએ. બંને વચ્ચે ભેદ સમજી લેવો જોઈએ.'

વાત અકાટ્ય હતી. વીતરાગ જો આભૂષણોથી રાગમય બની જતા હોય, તો પ્રભુની પ્રતિમાને સ્ત્રીઓ સ્પર્શ કરે અને એને રથમાં પધરાવાય, તોય એમને રાગની આગ અડી જ જવી જોઈએ ! વાતનો જવાબ લાતથી વાળતા વરુણ શેઠે કહ્યું :

'એ બધી વેવલી વાતો મૂકો.અમારું તો એક જ કહેવું છે. દિગંબર-વિધિ પ્રમાણે જ પૂજા કરવી હોય તો કરો, નહિ તો સજા માટે સજ્જ રહો.'

'સજા ! ધરમની ધજાને અણનમ રાખવા જતાં સજા મળે જ નહિ ! ને મળે તોય એ સજા શહીદને માટે મજા બને. અમે શહીદ છીએ. શાસનની ને અનુશાસનની શાન અમે નંદાવા નહિ દઈએ.'

વાત વધી પડી. યાત્રાએ યુદ્ધનો વેશ સજ્યો. બંને પક્ષના ડાહ્યા આગેવાનો આગળ આવ્યા, ને નિર્ણય લેવાયો કે, ગિરિનગરના રાજવી વિક્રમની રાજસભામાં બંને પક્ષ પોતપોતાના મંતવ્યો રજૂ કરીને, ગિરનારની ઇજારદારીનો ન્યાય માંગે !

બંને સંઘો નીચે આવ્યા. મધ્યાહ્ન વીતી ગયો હતો. સભાનું વિસર્જન થઈ ચૂક્યું હતું. છતાં બંને પક્ષે રાજસભાનાં દ્વાર ખખડાવ્યાં.

વિક્રમરાજ બહાર આવ્યા. પરિસ્થિતિ સાંભળતાં જ એમને વિવાદ વકરેલો જણાયો. એમણે સવાર પર વાત ઠેલતાં કહ્યું :

'તમારો નિર્ણય કાલની રાજસભા કરશે.'

બંને પક્ષોના દિલમાં પ્રતીક્ષા અને પરીક્ષાનો પાવક પ્રજવળી ઊઠ્યો : સવાર ક્યારે ઊગે ?

ધનશેઠના દિલમાં શ્રદ્ધા હતી : ગિરનાર આપણો જ છે. શ્રદ્ધા અને વિશ્વાસનો ભેટો કરાવવા એમણે રાતે ગિરનારની ગીત-ગાયિકા અધિષ્ઠાત્રી-દેવીને આરાધી. મધરાતે દેવીએ દેખા દીધી. ધનશેઠે પૂછ્યું : મા ! ગિરનાર કોનો ? આવતી કાલના નિર્ણય ટાણે આપ વહારે ધાશો ને ?

દેવી બોલ્યાં : ધનશેઠ ! સાચને આંચ નથી. તમે કાલે વિક્રમરાજાને કહેજો કે, અમારા 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રમાં અમે ગિરનારનું રોજ સ્મરણ કરીએ છીએ, એ જ પ્રબળ પ્રમાણ છે. ગિરનારની ઈજારદારી કોની ? આ સવાલ જ રહેતો નથી !

મધરાતે પણ આ દેવીબોલે ધનશેઠના દિલમાં વિશ્વાસનો સૂર્યોદય થઈ ચૂક્યો. સવાર થઈ. આશા-વિશ્વાસભર્યા હૈયાએ રાજસભામાં આવ્યા.

ધનશેઠે પોતાની વાત રજૂ કરતાં કહ્યું : રાજવી ! ઈતિહાસનાં પાનાંની સાખ અત્યારે બાજુ પર મૂકો, તોય એક સાધારણ વાત પરથી જ વાદનો નિર્ણય થઈ શકે એમ છે. અમે ચૈત્યવંદનના સૂત્રમાં રોજ ગિરનારને યાદ કરીએ છીએ. નાનાં છોકરાંને પૂછો, તોય એ કહી આપે કે, ગિરનાર શ્વેતાંબરોનો ! અમે એને રોજ રોજ યાદ કરીએ છીએ.

વિક્રમને વાત વાજબી લાગી. એમણે વરુણ શેઠ તરફ જોઈને પૂછ્યું : તમારે શું કહેવું છે ?

વરુણ શેઠ પાસે વાત કરતાં લાતનું બળ વધુ હતું, પણ આ તો રાજસભા ! અહીં લાત જય ન અપાવી શકે. એમણે મોં-માથા વિનાની વાતો રજૂ કરી. અંતે વિક્રમે કહ્યું :

'વરુણ શેઠ ! આવી નબળી વાતોથી વાદ ન જિતાય. ધનશેઠની શરત માન્ય રાખો છો ?'

વરુણ શેઠ ઝંખવાણા પડી ગયા. એમને થયું : આમાં માયા કાં ન હોય ! રાતોરાત નવી ગાથા બનાવીને, બધા યાત્રીઓને એમણે ગોખાવી દીધી હોય, એવું પણ કેમ ન બને ? એમણે કહ્યું :

'રાજવી ! ધનશેઠની વાત કબૂલ ! પણ એ સૂત્ર બોલનાર એમના સંઘનો યાત્રી ન હોવો જોઈએ. આજુબાજુથી કોઈને બોલાવો અને એ જો સિદ્ધસ્તવમાં સ્મરણ કરાવતી ગાથા બોલે, તો ગિરનારના ઈજારદાર એ, બસ !'

પવનવેગી સાંઢણી પલાણાઈ. થોડી ઘડીઓમાં તો એક નાની દીકરીને લઈને એ સાંઢણી રાજદરબારે હાજર થઈ ગઈ.

રાજાએ દીકરીને પૂછ્યું : તને સિદ્ધસ્તવ સૂત્ર આવડે છે ?

જવાબ 'હા'માં આવ્યો. રાજાએ પૂછ્યું : 'એમાં ગિરનારનું સ્મરણ કરવામાં આવે છે ખરું ?

નાની બાળા તરત બોલી : હા, હા. 'ઉજ્જિંત-સેલ-સિહરે...' ગિરનાર પર્વતના શિખર પર જેમના દીક્ષા, જ્ઞાન ને નિર્વાણ : આ ત્રણ કલ્યાણક ઊજવાયાં, એ નેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું.


બાળાના બોલ પૂરા થયા-ન-થયા, ત્યાં તો એની પર ફૂલોની વૃષ્ટિ થઈ. ચોમેરથી આવેલા હર્ષનાદો ગિરનારની ભેખડેથી ટકરાઈને પાછા ફર્યા.

ધનશેઠના હાથ અજ્ઞાત રીતે આકાશ ભણી નમી રહ્યા. મનોમન જાણે એ બોલ્યા : મા ! તેં અણીને અવસરે આબરૂ રાખી !

વિક્રમરાજાએ નિર્ણય જાહેર કર્યો : ગિરનારના એક માત્ર ઈજારદાર શ્વેતાંબરો જ છે.

ઈતિહાસમાં ગિરનારની ઈજારદારીનો એક વધુ પુરાવો એ દહાડે દાખલ થયો.

●



# ૮ પતિતમાંથી પાવન

અંતરના આકાશે જામેલી કાળી-ડિબાંગ ઘનઘોર રાત કઈ પાવની-પળે ઓગળી જાય અને એ આકાશ ક્યારે પ્રકાશમય બની જાય, એ કહેવું આસાન નથી ! ગોમેધ-વિપ્રના અંતરના આકાશે ઘેરાયેલી રાતનું દર્શન કરનારને તો એમ જ થઈ જતું કે, અહીં હવે પ્રકાશનો કણ પણ ઝગી ઊઠે, એ સાવ અશક્ય વાત છે.

ગોમેધ બ્રાહ્મણની પણ એક વખત તો બોલબાલા હતી. એનો પણ એક યુગ હતો, ત્યારે સુગ્રામ ગામમાં એક વેદનિષ્ઠ બ્રાહ્મણ તરીકે

એનાથી વધારે ભાગ્યે જ કોઈ પ્રસિદ્ધ હતું. પોતાના જીવનમાં એણે હજારો યજ્ઞયાગ કર્યા હતા અને લાખો બ્રાહ્મણોને જમાડ્યા હતા. યજ્ઞ-યાગના માની લીધેલા ધર્મ પાછળ એણે અનેક અબોલ પ્રાણીઓના જીવ લીધા હતા અને લોહીની નદીઓ વહેવડાવી હતી. આથી આજુ-બાજુના કેઈ ગામોમાં ગોમેધનું નામ ત્યારે એક ધર્મમૂર્તિ બ્રાહ્મણ તરીકે પ્રસિદ્ધ થયેલું હતું પણ આ તો એનો ભૂતકાળ હતો.

જીવનના ઉત્તરાર્ધમાં પ્રવેશેલો ગોમેધ તો અનેક રોગોનું રહેઠાણ બન્યો હતો. એના શરીરના રોમેરોમમાંથી જાણે રોગોએ એક સામટો હુમલો કર્યો હતો અને ગોમેધ ટકાનો ત્રણ શેર બનીને રસ્તે રઝળી રહ્યો હતો.

કોઢ જેવા કેઈ કેઈ રોગથી ખદબદી ઊઠેલી ગોમેધની કાયા જોઈને અહિંસા-પ્રેમી લોકોને થતું કે, નક્કી આ ગોમેધને આ ભવનાં પાપ જ ઉદયમાં આવ્યાં ! યજ્ઞની વેદી પર વધેરાયેલાં પશુઓની આહ નક્કી આના જીવનને અડી-આભડી ગઈ, નહિ તો થોડા સમય પૂર્વે સોનાના ત્રાજવે તોળાતો આ ગોમેધ આજે ટકાનો ત્રણ શેર શી રીતે બની જાય ?

આ સંસાર તો સ્વાર્થનો સગો છે. ગોમેધની કાયા કોઢગ્રસ્ત બની અને પડછાયાની જેમ પીછો ન મૂકનારાં સગાં-સ્નેહીઓ આંખની ઓળખનેય વીસરી ગયાં. મહેલમાં મહાલતો ગોમેધ હવે દર-દર ટીચાતો અને ઘર-ઘર ભટકતો રખડુ બન્યો. કોણ એની સંભાળ લે ? કોણ એની પર હેતાળ હાથ ફેરવીને સહાનુભૂતિ બતાવે ?

શેરીઓમાં રખડતો, રાજમાર્ગો પર રઝળતો અને વેદનાનો માર્યો ઉકરડા જેવી અશુચિમાં મૂર્છા ખાઈને પટકાઈ પડતો ગોમેધ, જાણે મરવાના વાંકે જીવનનો ભાર વેંઢારી રહ્યો. એ ઘણી વાર વિચારે ચડતો : મેં જીવનભર યજ્ઞ-યાગ કર્યા, દેવી-દેવતાને રીઝવવા મેં કેટલાય પૈસાનું પાણી કર્યું અને અત્યારે મારી હાલત આવી કરુણ ? આમ કેમ બન્યું હશે ? એ વિચાર્યા જ કરતો, વિચાર્યા જ કરતો, પણ એને સમાધાન ન

જડતું. પરંતુ આવા ભાગ્યહીનના જીવનમાંય એક અજબ ઘડી આવી ! જાણે એ ઘડી એના જીવનમાં જામેલી રાતને ઓગાળી નાખીને ત્યાં પ્રભાતનાં પગલાં પડાવવા જ આવી હતી.

એક વાર ગોમેધ રસ્તામાં રઝળતો પડ્યો હતો. એના અંગેઅંગમાંથી પરુ વહી રહ્યું હતું. એની આસપાસ માખીઓ બણબણી રહી હતી અને નાક ફાટી જાય, એવી દુર્ગંધ એની ચોમેર વછૂટી રહી હતી. આવા વાતાવરણ વચ્ચેય જાણે કોઈ બગીચામાંથી પસાર થઈ રહ્યા હોય, એવી ધીર-ગંભીર ચાલે એક જૈન મુનિ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ગોમેધને જોતાં જ એમની કરુણા જાગી ઊઠી. એઓ વિશિષ્ટ જ્ઞાની હતી. એથી ગોમેધની પાસે ગયા અને ધર્મલાભ આપીને એમણે કહ્યું : 'વત્સ ! તારી હાલત આટલી બધી કરુણ !

સહાનુભૂતિભર્યો સાદ આજે વર્ષો પછી સાંભળવા મળતો હતો. ગોમેધ હર્ષનો રોમાંચ અનુભવી રહ્યો. એણે કશું પણ છુપાવ્યા વિના પોતાની વીતક-વાર્તા મુનિને કહી સંભળાવી. મુનિએ જ્ઞાનના પ્રકાશમાં એનું ભાવિ જોયું. ઘડી-બે-ઘડી જેટલું જ એનું આયુષ્ય બાકી હતું. ગોમેધ જો જરાક જાગ્રત બની જાય, તો એનું ભવ્ય ભાવિ રચાય, એવી શક્યતા હતી. મુનિએ કહ્યું :

'ગોમેધ ! તું હવે ઘડી-બે-ઘડીનો મહેમાન છે. માખણ મેળવવા તેં જીવનભર જળ વલોવવા જેવી મિથ્યા મહેનત કરી છે. યજ્ઞયાગની પણ હિંસા કદી ધર્મ બની શકે ખરી ? જીવનભર તેં જે હિંસા અને હોમ ચાલુ રાખ્યા, એનો જ આ અંજામ છે ! છતાં હજી બાજી હાથમાં છે, ત્યાં સુધીમાં સાચો ધર્મ કોને કહેવાય, સાચી સાધનાનું સ્વરૂપ કેવું હોય અને સાચો સાધક તો હૈયાથી કેટલો બધો કૂણો હોય ? આ બધું સમજી જા ! જીવન તો તારું બગડ્યું ! હવે મોતને સુધારી લેવું, એ તારા હાથની વાત છે !'

ભૂખ્યાને જાણે ભોજન મળ્યાં ! તરસ્યાને જાણે અમૃતનાં પાન મળ્યાં ! ગોમેધ પોતાની બધી વેદના વીસરી જઈને મુનિની વાણી સાંભળી રહ્યો. મુનિએ ટૂંકમાં ધર્મનું સ્વરૂપ બતાવીને અંતે 'નવકાર' સંભળાવીને એટલું જ કહ્યું.

'ગોમેધ ! તું હવે ગિરનારનો ગીતગાયક બની જા. ગરવો ગઢ ગિરનાર છે, એનો મહિમા અપરંપાર છે ! આવા એ ગિરનાર પર બિરાજતા ભગવાન શ્રી નેમિનાથ પ્રભુજીના જપ સાથે અને મહામંત્ર નવકારના ધ્યાનમાં તલ્લીન બની જવા પૂર્વક જો તું મૃત્યુ પામીશ, તો તારું ભાવિ સુધરી જશે, માટે બીજું બધું જ ભૂલી જઈને હવે નેમિનાથ પ્રભુ અને નવકાર મંત્રને તું જીવનનો મંત્ર બનાવી દે.'

ગોમેધ મૃત્યુને ઉજાળી લેવા તૈયાર થઈ ગયો. એણે મુનિને નમસ્કાર કર્યા અને ગિરનાર-પતિ શ્રી નેમિનાથ પ્રભુના સ્મરણ સાથે નવકારનું રટણ પણ ચાલુ કર્યું. વધતી જતી વેદનામાં પણ આ સ્મરણ-રટણના પ્રભાવથી ગોમેધ જાણે કોઈ અપૂર્વ મસ્તી અનુભવી રહ્યો. એના હોઠ પર નવકારના જાપ ચાલુ જ રહ્યા. થોડીઘણી પળો વીતી અને ગોમેધનો જીવન-દીપ બુઝાયો. કોઈ અંધારી ખીણમાં પટકાઈ પડવાની અણીએ ઊભેલા ગોમેધને જાણે મુનિએ હાથ ઝાલીને સ્વર્ગના સોપાન પર ચડાવી દીધો. એ ગોમેધ-બ્રાહ્મણ ગિરનાર અને નવકારના ગીત ગાતો-ગાતો મૃત્યુ પામ્યો ને ગિરનારના અધિષ્ઠાયક ગોમેધ યક્ષ તરીકે ઉત્પન્ન થયો.

ગિરનારના ગીતગાયક ગોમેધ-યક્ષ, વાહ ! શી અદ્ભુત તારા જીવન-મરણની કથા ! શી ગૌરવવંતી તારી દેહ છટા ! શંકુ, ત્રિશૂલ અને નકુલથી શોભતી તારી ત્રણ વામ-ભુજાઓથી અને ચક્ર, પરશુ તેમજ બીજોરાથી ઓપતી તારી ત્રણ દક્ષિણ ભુજાઓની તાકાતની તો વાત જ શી થાય ! ઓ ગિરનાર અને ઓ નવકાર, તનેય ધન્ય-ધન્ય કે, તેં આવા પતિતને પાવન બનાવીને 'પતિત પાવન'નું બિરુદ સાર્થક કર્યું !

•



# ૯ ગિરનારની ગીત-ગાયિકા

માથે કોઈ છત્ર ન હતું. સિવાય વિરાટ આકાશ ! પગ નીચે કોઈ આધાર ન હતો. સિવાય પથરાળ ધરતી !!

ને એક નોંધારી નારી પોતાની કૂખની કુંજમાં ઊગેલાં બે માસુમ ફૂલોને લઈને દોડી રહી હતી. મૃત્યુ જાણે પડછાયો બનીને, એનો પીછો પકડવા મથી રહ્યું હતું ! પણ એની જીભ પર તો ગિરનાર રમતો હતો, ગભરાટની તીણી ચીસો ત્યાં ન હતી ! એની આંખ તો ગિરનારના અધિષ્ઠાતા ભગવાન નેમને જ નિહાળી રહી હતી. મોતના મોંમાંથી ઉગારે, એવી દીન, હીન, ને કાકલૂદીભરી પ્રાર્થના ત્યાં ન હતી !

એક આભ બે સૂર્યને સાથે રાખી શકે ? એક મ્યાન પણ હજી કદાચ બે સમશેરોનો સમન્વય સાધી શકે ! એક જ ગુફા કદીક બે વનરાજોનું રહેઠાણ બની જાય ! પણ એક માનવી પોતાની વિરુદ્ધના વિચાર-આચારો ન સાંખી શકે ! 'કાં હું નહિ, કાં વિરોધી નહિ'ની ઝુંબેશ ચલાવીને જ એ વિરોધને ઠાર કરવાની માનવીય તાસીર છે !

રૂડો સોરઠ ! અને કોડીનાર નગર ! ત્યાં સોમભટ્ટના સંસારને આવી જ તાસીર ઘેરી રહી હતી અને એનો ભોગ અંબિકા બની અને છેલ્લે છેલ્લે ભવન છોડીને વનમાં નાસી જવાનો પ્રસંગ એની આગળ ડોકાયો !

સોમભટ્ટ યજ્ઞ-યાગનો પૂજારી હતો ને એની પત્ની અંબિકા જૈન-ધર્મની અનન્ય પૂજારણ હતી. એકના દેવ વીતરાગ હતા, ગુરુ નિર્ગ્રંથ હતા ને ધર્મ અહિંસાભર્યો હતો ! જ્યારે બીજાના દેવ ભોગની સ્વપ્નિલ ધરતી પર રાચનારા હતા, ગુરુ ઘરબારી હતા ને હિંસાએ જ જાણે ધર્મનું નામ ધર્યું હતું ! બસ, બધી ખાનાખરાબીનું મૂળ આ જ હતું. સોમભટ્ટને એ માન્ય ન હતું કે, પોતાનાં ઘરમાં જૈનધર્મની જય બોલાય, નિર્ગ્રંથોની પગલીઓ પડે અને અહિંસાને અંજલિઓ ધરાતી રહે ! પરંતુ એની પત્ની અંબિકા બધાની નારાજી વહોરીનેય આ બધું કર્યા કરતી, એનાથી આ બધું થઈ જ જતું !

ઘરમાં રોજ-બરોજ આ અંગે વિરોધના વંટોળ ઊડતા. સોમભટ્ટ કહેતો : બ્રાહ્મણ અને જૈનને તો સર્પ અને સમડી જેવું સનાતન વેર, માટે મારા ઘરમાં આ વિરોધીધર્મ ન જોઈએ પણ અંબિકાની દૃષ્ટિ સમ્યક્ હતી, એનાં હાડ-માંસ સુધી જૈન-ધર્મની શ્રદ્ધા ફેલાઈ ચૂકી હતી. પતિ પોતાની વિરોધમાં હતો, સાસુનો મોરચો પણ પોતાની સામે હતો, છતાંય એક અક્ષર પણ બોલ્યા વિના જૈન-ધર્મમાં એ અણનમ રહેતી !

એક દિવસની કહાણી છે, જે દિવસે આ ઝઘડાએ હદ મૂકી ! પર્વના દિવસો હતા. એક લૌકિક પર્વની ઉજવણીમાં ભાગ લેવા બધા બહાર

ગયા હતા. ઘરમાં અંબિકા એકલી હતી, એની આંખ સામે પોતાનાં બે માસુમ બાળકો રમી રહ્યાં હતાં !

ભાગ્યજોગે એટલામાં તો જૈન-નિર્ગ્રંથો આવી પહોંચ્યા. અંબિકાના મન-મયૂરને જાણે આષાઢી-ગર્જનાઓ સંભળાઈ ને ચારે પગે નૃત્ય કરવા માંડ્યું. પર્વ હોવાથી મિષ્ટરસોઈ ઘરમાં બની હતી. અંબિકાએ જૈન-મુનિને ભિક્ષા કાજે ભક્તિભીની પ્રાર્થના કરી. મુનિએ સ્વીકાર કર્યો ને લાભ આપીને એ પાછા વળી ગયા !

આજુબાજુના પડોશીઓએ આ જોયું અને એમનાં દિલ અંબિકા પર આગ વરસાવવા મંડી પડ્યાં, એટલામાં તો અંબિકાની સાસુ ત્યાં આવી પહોંચી. લોકોએ બધી વાત વધારીને એને કહી ! એથી એ સાસુને તો જોઈતું હતું એ જ મળી ગયું. દ્વેષનો દવ તો જલતો જ હતો, એમાં જાણે દિવેલ રેડાયું. ધસમસતી એ ઘરમાં આવી અને અંબિકા પર તૂટી પડી :

'દુષ્ટા ! આ તેં શું કર્યું ! આજે તો મારે છેલ્લો ફેંસલો કરી જ નાંખવો છે ! આ ઘરમાં રહેવું હોય, તો બાળી મૂક જૈનધર્મને ! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે ! કાં તું નહિ, કાં તારો ધર્મ નહિ ! આ મિષ્ટ-ભોજન કંઈ એ મૂંડિયા માટે નહોતું બનાવ્યું ! મિષ્ટાન્નનું મંગલાચરણ તેં મૂંડિયાઓથી કર્યું ? ચાલી જા, આ ઘરમાંથી, તારું મોં પણ હવે કોઈ દિ' ન બતાવતી.'

ને સાસુ બાજુમાં પડેલો ધોકો લઈને, અંબિકાને ધીબી નાખવા તૈયાર થઈ ગઈ. અંબિકાએ માન્યું કે, હવે આ ઘર મારે માટે નકામું છે ! એણે જોયું તો આગ વેરતી આંખો, ને પ્રલયનાં મોજાંઓ છોડતા 'પાતાળ કળશા' જેવું મોં ! સાસુ જાણે મૃત્યુનું દૂતકાર્ય દઈને ધસી રહી હતી !

અંબિકા ધ્રૂજી ઊઠી. એણે બાજુમાં જ રમતાં પોતાનાં માસુમ બાળ-ફૂલોને કેડમાં ભરાવ્યાં ને જીવ બચાવવા એ વન-વગડાના વાટે નાસી છૂટી !

હૈયાની સિતારી પર ગિરનારનું ગીત ઘૂંટાતું હતું ! અંબિકા શીલ-મૂર્તિ હતી. આજીવન એણે કોઈની પર પણ પ્રેમનું પાણી ઢોળ્યું ન હતું, સિવાય પોતાના પતિ ! ભરવગડામાં હવે એ નિર્ભય હતી, પણ ત્યાં તો પેટમાંથી પુકાર ઊઠ્યો : ભૂખ !

માસુમ કળીઓ જે હજી ખીલી-વણખીલી હતી, એ આ વનવગડાના વાયરા શી રીતે ખમી શકે ? બાળકોએ કરુણ રુદન આરંભ્યું. એમના હોઠ પર તૃષા ને પેટ પર ભૂખ વંચાતી હતી !

અંબિકાએ ચોમેર આંખ દોડાવી, પણ ન ક્યાંય એવું વૃક્ષ જણાયું જેનાં ફળફૂલ પોતાના પુત્રોનો 'પેટ પુકાર' શાંત કરી શકે ! ન ક્યાંય એવું સરોવર દેખાયું, જેનું ખોબાભર પાણી કરમાતા-કરમાયેલાં હોઠ પર હાસ્યની હરિયાળી સર્જી શકે ! પણ એને પોતાના ધર્મ પર, શીલ પર ને શ્રદ્ધા પર પણ શ્રદ્ધા હતી ! એણે ગિરનારને સંભાર્યો ને બે હાથ જોડીને પ્રાર્થના કરી :

'ઓ વનદેવતા ! જન્મભર મેં મારા પતિ સિવાય ક્યાંય પ્રેમ ન કર્યો હોય અને સ્વપ્નેય જિનધર્મ સિવાય બીજે મેં અહોભાવ ન ધર્યો હોય, તો મારાં માસુમ-બાળકોનાં રુદનને, હાસ્યમાં ફેરવી શકું, એવું વાતાવરણ અહીં સર્જાય !'

ને જ્યારે અંબિકાએ આંખ પરથી પાંપણનો પડદો હટાવ્યો, ત્યારે એની સામે એક વૃક્ષ ઊગી નીકળ્યું હતું ને પથ્થરમાંથી પાણી પ્રગટી રહ્યું હતું ! ભૂખ હવે ભાગી ગઈ. તૃષા હવે મટી ગઈ.

ગિરનારની ગીત-ગાયિકા અંબિકાએ ફરી એક વાર ભગવાન નેમની ધૂન મચાવી અને એ ગિરનારની દિશા ભણી, ઝડપી ગતિએ ચાલી નીકળી !

— ● —

અન્ન-પૂર્ણ ભાજનોની વાત ફેલાતાં જ કોડીનારમાં આશ્ચર્યનું મોજું ફરી વળ્યું ! અંબિકા નાસી છૂટી હતી, એથી એની સાસુએ સંતોષનું

સ્મિત કર્યું અને એ રસોડામાં આવી, પણ ત્યાં જોયું તો બધાં ભોજનપાત્રો 'અન્નપૂર્ણ' હતાં, એમાં કણ પણ ઓછો નહોતો દેખાતો. એના આશ્ચર્યનો પાર ન રહ્યો :

'રે ! અંબિકાએ જૈન મુનિઓને દાન દીધું, એ વાત શું વાહિયાત ? ના, ના, વાહિયાત તો ન જ હોઈ શકે ! બધાએ એ આંખેઆંખ જોયું છે ! તો પછી આ ભોજનપાત્રો છલોછલ ભરેલાં ક્યાંથી ? નક્કી, દેવ એનું દાસ-કાર્ય કરતા હોવા જોઈએ ! એનું શીલ એની શાન જાળવવા કદાચ વહારે આવ્યું હોય, એવુંય કાં ન બને ?'

ને આગ વરસાવતી એ આંખ આંસુભીની બની ! એક સતી પર ગુજારેલો સિતમનો કોરડો જાણે સાસુના પોતાના હૈયા પર જ વેદના જન્માવવા માંડ્યો !

સાંજ ઢળી ! પૂર્વની બારી બંધ થઈ ગઈ ! સોમભટ્ટ ઘરે આવ્યો. અંબિકાને ન જોતાં જ એના હૈયે ફાળ પડી. બધી વિગત જાણીને એને મા પર ગુસ્સો આવ્યો અને જ્યારે 'અન્નપૂર્ણ' ભોજન પાત્રોની વાત એણે જાણી ત્યારે તો એની આંખે પણ ચોમાસું બેઠું : પોતે એક સતિનો પતિ હતો, છતાંય એ 'સત્'ને પોતે જાણી ન શક્યો તેમજ જાળવી પણ ન શક્યો. ઉપરથી એ 'સત્' પર સિતમો ગુજાર્યા. એનું દુઃખ અસહ્ય બન્યું ને આંસુ રૂપે એ બહાર ઢોળાવા માંડ્યું !

સોમભટ્ટે જાતે જ અંબિકાની ખોજ ચલાવવાનો નિર્ણય કર્યો ને એ ચાલી નીકળ્યો ! ક્રૂરતાનું સ્થાન અત્યારે કરુણાએ લીધું હતું. પ્રચંડતાના સિંહાસને અત્યારે પશ્ચાત્તાપની છડીઓ પુકારાતી હતી ! શંકાવાળી દિશાઓ તરફ દોડતાં દોડતાં સોમભટ્ટ અંતે થાક્યો, પણ પ્રયત્ન ચાલુ જ રહ્યા !

શીલનો જેને સાથ હતો, ગિરનારના જેને આશીર્વાદ હતા, એ અંબિકા તો નિર્ભય બનીને આગળ વધી રહી હતી. ગિરનારની કોઈ

ગુફાને સાધના-ભૂમિ બનાવીને, ત્યાં જ છેલ્લા શ્વાસ છોડવાની ઝંખના અંબિકાના પગમાં વેગ પૂરી રહી હતી !

બપોર જામી રહી, હવાની લેરખી પણ લબકારા મારતી જ્વાળા જેવી લાગતી હતી ! દૂર દૂર મૃગજળના જાળ જાણે ખળખળ વહેતાં ભાસતાં હતાં !

અંબિકા હવે આરામની ખોજમાં હતી, ત્યાં બાજુમાં જ એક કૂવો જણાયો, એની પર એક ઘટાદાર વૃક્ષ છાંય ધરીને ઊભું હતું ! બે માસુમ કળીઓને નીચે મૂકી, પણ અભયનાં આ નીરવ વાતાવરણમાંય જાણે અંબિકાના કાને ભવનો ભૈરવ-નાદ અથડાતો જણાયો ! એણે વૃક્ષ પર ચડીને જોયું તો દૂરદૂરથી કોઈ માણસ પોતાનો પીછો પકડવા મુઠ્ઠીઓ વાળીને પોતાની વાટે દોડી આવતો હતો ! એણે જરા આંખ લંબાવી અને ધારીને જોયું તો એ ધ્રૂજી ઊઠી :

'રે ! આ તો મારા પતિ સોમભટ્ટ ! શું હજી પણ દમનનો કોરડો વીંઝવાનો બાકી હશે ? ઘરમાંથી દાઝીને નીકળી, તો શું વનમાંય આગ આવી પહોંચી ?'

વળતી જ પળે અંબિકા સ્વસ્થ બની ગઈ. ઝાડ પરથી એ નીચે ઊતરી. ગિરનારની એ ગાયિકાએ છેલ્લું ગીત-ગાન લલકાર્યું ! ભગવાન નેમના ચરણમાં એણે અંતિમ પ્રણામ કર્યા અને એણે કંઈક નિર્ણય લઈ લીધો !

એ વૃક્ષને ધ્યેય બનાવીને સોમભટ્ટ ખૂબ જ વેગથી દોડી રહ્યો હતો. એને આશા જન્મી હતી કે એ વૃક્ષ નીચેની સ્ત્રી અંબિકા જ છે ? પોતાની પત્ની ! એથી એના ચરણને પશ્ચાત્તાપની ઊની ઊની આંસુ-ધારથી અભિષેકીને પાવન થવાની એની ઝંખના અદમ્ય બનતી ચાલી હતી, પણ કુદરતનો કારીગર કોઈ જુદો જ આકાર ઇચ્છતો હતો ! સંયોગનું સૌંદર્યમય શિલ્પ નહિ પણ વિરહનું રડતું-ખંડિયેર સર્જવાની વિધિની ઇચ્છા હતી !

સોમભટ્ટ હવે વૃક્ષની ખૂબ જ નજીક આવી પહોંચ્યો હતો, પણ ત્યાં એણે એકાએક ધડાકો સાંભળ્યો ને એની નાડીના ધબકાર વધી પડ્યા !

અંબિકાએ કૂવો પૂર્યો હતો, બે માસુમ ફૂલોને/પુત્રોને સાથે લઈને ! એનો જ એ પ્રચંડ અવાજ હતો ! સોમભટ્ટને આવતો જોતાં જ અંબિકા ગભરાઈ ઊઠી અને એણે આત્મહત્યાનો નિર્ણય લીધો ! કરુણ જીવન જીવવા કરતાં એથીય વધુ દારુણ મૃત્યુમાં એણે વધુ શાંતિ કલ્પી અને પોતાના બે પુત્રો શુભંકર-વિભંકરને સાથે લઈને અંબિકાએ કૂવો પૂર્યો !

સોમભટ્ટ હાંફતો હાંફતો એ વૃક્ષ પાસે આવ્યો, ત્યારે ત્યાં કોઈ પણ ન દેખાયું ! એણે બાજુના કૂવામાં જોયું તો એક મા બે પુત્રો સાથે ત્યાંની અંધારી, સાંકડી ને દર્દીલી દુનિયામાં છેલ્લા શ્વાસ લઈ રહી હતી !

પ્રયત્ન કરવો હવે વ્યર્થ હતો ! પુરુષાર્થની પગલીઓ આગળ વધી શકે, એવો અવકાશ જ હવે ત્યાં ન હતો ! કૂવો ખૂબ જ ઊંડો હતો ! એ ઊંડાણને ભેદવા-અડવા પુરુષાર્થ પણ અશક્ત હતો ! સોમભટ્ટ ડૂસકે-ડૂસકે રડી પડ્યો !

જીવનનું અર્ધ-અંગ અલોપ થઈ ગયું, એનીય વેદના હતી ! એક સતી પર સિતમ ગુજારવામાં જરાયે બાકી રાખ્યું ન હતું, એનાય ઘા હતા, ને આંસુની સરિતામાં સ્નાન કરીને શુદ્ધ થવાની પળ આવી અને હાથતાળી દઈને એકાએક ભાગી છૂટી, એનોય મર્મભેદી આઘાત હતો ! વેદનાનાં આવા ને આટલા વેગવાન વંટોળ વચ્ચે સોમભટ્ટનો જીવન-દીવો હવે ટકી શકે એવો ન હતો ! સોમભટ્ટ પણ પશ્ચાત્તાપ સાથે, આંસુ સાથે ને આગ સાથે ત્યાં ને ત્યાં જ ઢળી પડ્યો !

જેનો માળો ક્યાં ? અને જેનું મિલન સ્થળ ક્યાં ? એ બધાં પંખીઓ એક વન-વગડામાં એકસાથે દેહનું પિંજર છોડીને, અજાણી ભોમ ભણી ને અજ્ઞાત દિશા ભણી ઊડી ગયાં !

કુદરતની કે કર્મની કલમ પણ કદીક અભૂતપૂર્વ ઈતિહાસ લખે છે ! જે ઈતિહાસનાં પાત્રોમાં કદીક સ્વામી સેવક કે સેવક સ્વામી બનતો જોવાય છે. જેનાં પાને દોસ્ત દુશ્મન તો દુશ્મન દોસ્ત થતો જોઈને કર્મરાજની એ નાટ્યકલા પર આશ્ચર્ય જન્મી ઊઠે છે !

— ● —

ઊડતાં ઊડતાં એ બધાં પંખીઓ પાછાં એક જ માળામાં પુરાયાં ! પણ અહીં પતિ પામર બન્યો ને પત્ની પ્રભુ બની ! ગિરનારનાં ગીત-ગાન ગાતાં ગાતાં છેલ્લો શ્વાસ છૂટ્યો હતો, એથી સતી અંબિકા મટીને ગિરનારની અધિષ્ઠાત્રી દેવી અંબિકા બની ને ગતજનમનો પતિ સોમભટ્ટ એ દેવીના વાહન તરીકે એ માળામાં ભરાયો ! અને જેને સાથે લઈને અંબિકાએ કૂવો પૂર્યો હતો, એ બે માસુમ ફૂલો પણ આ જ માળાનાં પંખી બન્યાં ! આમ, ગિરનારના ગાને, જ આત્મહત્યાનાં વિષની ગોઝારી અસરને પલટાવી દીધી ! ભગવાન નેમના ધ્યાને, આત્મઘાતના અમલમાંથી પણ અમૃત ખેંચી કાઢ્યું !

મહાતીર્થ ગિરનારની ગીત-ગાયિકા ને અધિષ્ઠાત્રી આજની અંબિકાદેવીનો આ ઈતિહાસ છે ! આ ઈતિહાસનાં પાનાં ઉથલાવતાં ક્રોધની કરુણ કહાણીય સંભળાય છે ! ગિરનારની ગીત-ગાયિકા આ અંબિકાદેવી આજેય ગિરનારનું દિનરાત રખોપું કરે છે !

●



# ૧૦ શિષ્ય વિજય

શિષ્ય-વિજય એટલે ગુરુનો પરાજય નહિ પણ ગુરુનો જ સવાયો વિજય ! માટે જ ગુરુ શિષ્યથી પોતાનો પરાજય જ ઇચ્છે, કારણ કે એ પરાજય પરાજય નથી. વિજયનું જ જરા અળખામણું બીજું નામ છે ! આ જય-વિજયના પડઘમ ગિરનારે સાંભળ્યા અને ઇતિહાસનાં પાને ગિરનારની સાક્ષીએ એનો ઉલ્લેખ થયો, એ પ્રસંગ જાણવા/માણવા જેવો છે.

ગિરનારની ભેખડો ધ્રૂજી ઊઠી ! છત્રશિલાના પથ્થરો થર...થર કંપવા માંડ્યાં !

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા અને ગુર્જરેશ્વર કુમારપાળે ગિરનારની પગથાર પર પગ મૂક્યો અને પર્વતે ધણધણાટ કર્યો !

પાટણનો એ મહાસંઘ, ઘણી ઘણી યાત્રાઓ કર્યા પછી આજે ગિરનારનાં દર્શન પામ્યો હતો. સંઘમાં ઉદયનપુત્ર વાગ્ભટ્ટ હતો, ષડ્ભાષા ચક્રવર્તી મહાકવિ શ્રીપાલનું પણ સ્થાન હતું અને એમનો પુત્ર કવિ સિદ્ધપાલ પણ સાથે જ હતો !

તીર્થધિરાજ શ્રી શત્રુંજયને ભેટીને સંઘ ગિરનાર આવ્યો, પણ યાત્રાના પહેલા પગથિયે જ વિઘ્ન આવી ઊભું ! ગિરનાર જાણે નૃત્ય કરવા માંડ્યો. એથી શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ અને કુમારપાળ સીધા જ નીચે ઊતરી આવ્યા !

બધાના આશ્ચર્યનો પાર ન રહ્યો. સૂરીશ્વર અને રાજેશ્વર નીચે ઊતર્યા કે તરત જ ગિરનાર પાછો શાંત બની ગયો ! આ ધ્રુજારી પાછળનું રહસ્ય ખોજવા, બધા વિચારમાં ચડ્યા, પણ એના ભેદ-ભરમ જાણી શકવા કોઈ સમર્થ ન નીવડ્યું ! અંતે કેટલાક વૃદ્ધો આગળ આવ્યા. એમને એક લોકવાણી યાદ આવી ને એમણે કહ્યું :

'સૂરીશ્વર ! એક એવી લોકવાણી પ્રચલિત છે કે, આ પર્વત પર બે પુણ્યશાળીનાં જ્યારે એકસાથે પગલાં થશે ત્યારે એમના પુણ્યના બળે આ પર્વત ધ્રૂજી ઊઠશે ! આપ બંને એકબીજાથી ચઢિયાતા પુણ્યવાળા છો, માટે જ આ પર્વત આપના પગલે ધ્રૂજી ઊઠ્યો હશે !'

બધા આ લોકવાણી સાંભળી રહ્યા, બધાને એમાં સત્યનો અધિકાંશ જણાયો !

– તો શું હવે ગિરનારને ભેટ્યા વિના જ પાછા જવું ? સંઘની સાથે કોણ જાય ? સૂરીશ્વર કે ગુર્જરેશ્વર ?

સૂરીશ્વરજી સકલ સંઘની આ મૂંઝવણને કળી ગયા. એમણે કહ્યું :

'રાજન્ ! એકસાથે તો આપણે બંને હવે યાત્રા નહિ કરી શકીએ, માટે સંઘની સાથે તમે જ યાત્રા કરી લો. અઢળક દ્રવ્યનો વ્યય તમે કર્યો છે, અને સંઘપતિ પણ તમે જ છો.'

એક શિષ્ય આ વાતને કેમ માન્ય કરી શકે ? એને મન તો ગુરુનાં માન-સન્માન જ પોતાનાં માન-સન્માન હતાં. કુમારપાળ પોતાને એક અદના શિષ્ય તરીકે ગણતો હતો. એણે કહ્યું :

ગુરુદેવ ! આ તો બને જ કેમ ? સંઘની સાથે મારા જેવાને તો જવાનો અધિકાર પણ નથી. સંઘની આગળ તો આપ જેવા ત્યાગીઓ જ ચાલી શકે ! સંઘનું નેતૃત્વ ધારણ કરીને હું નહિ જઉં, ગુરુદેવ ! આપશ્રી જ પધારો અને સંઘને નિશ્રા આપો !'

સમર્પણભાવ જાણે બોલી રહ્યો ! બધા આ ગુરુ-શિષ્યને જોતા જ રહ્યા. પ્રશ્ન એક જ હતો કે મહાન કોણ ? ગુરુ કે શિષ્ય ? લાખ્ખોના તારણહાર, રાજગુરુ શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજીની પ્રેરણાથી જ આ સંઘ નીકળ્યો હતો, માટે કલિકાલસર્વજ્ઞ પણ નેતૃત્વના અધિકારી હતા ! જ્યારે ગુર્જરેશ્વર લખલૂંટ લક્ષ્મી ઠેર ઠેર વેરીને, સંઘ ને શાસન દીપાવ્યું હતું. માટે કુમારપાળ પણ કંઈ ઓછા અધિકારી નહોતા !

છતાંય ગુરુ-શિષ્ય બંનેને માન-સન્માન ખપતા ન હતા. બંને એના ત્યાગના આશક હતા ! અંતે વિજય ગુર્જરેશ્વરનો જ થયો, પણ શિષ્યવિજયમાં ગુરુવિજય સમાયો જ હતો.

એ દિવસે ગુર્જરેશ્વર પાછા વળ્યા. કલિકાલસર્વજ્ઞની નિશ્રા હેઠળ જ આખો સંઘ કામ-વિજેતા ભગવાન શ્રી નેમિનાથને ભેટવા ચાલી નીકળ્યો !

- ને ગુર્જરેશ્વરે ભાવિમાં કોઈ પુણ્ય જોડલી આ તીર્થયાત્રાથી વંચિત ન રહે ને દૃષ્ટિથી છત્રશિલાનો રસ્તો છોડીને, બીજે રસ્તે નવી પગથાર રચવા માટે પોતાના તરફથી ત્રેસઠ લાખ સુવર્ણમુદ્રાઓ ગિરનારને ચરણે સમર્પિત કરી.

•



# ૧૧ બંધનમાંથી મુક્તિ

કાળની વિકરાળ ને વિશાળ ફાળ પણ જેને આંબતાં થાકી જાય એવો એ સમય ! ગત ચોવીશીના ત્રીજા તીર્થંકર સાગરનો એ સમય ! ભરત નામનું ક્ષેત્ર અને ઉજ્જયિની નામની નગરી !

તીર્થંકર સાગરનાં દર્શન પામીને ઉજ્જયિનીનો ઉમંગ, એના અંગઅંગમાંથી છલકાવા માંડ્યો.

આભને પેલે પાર વસનારી દેવોની દુનિયા ધરતી પર ઊતરી અને સમવસરણ સર્જાયું. સમવસરણ સર્જાયું ને રાજાથી માંડી પ્રજા સુધીના લોકોની એમાં ઠઠ જામી.

તીર્થંકર પ્રભુની વાણી વહેવા માંડી ! જાણે વીણાના તાર ઝણઝણી ઊઠ્યા : પાયલના ઝંકાર એ ધ્વનિની આગળ કોઈ હિસાબમાં ન હતા. પાણીની શીતળતા એ વાણી આગળ પાંગળી હતી !

ઉજ્જયિનીપતિ રાજા નરવાહન ભરીસભામાં ઊભા થઈ ગયા. એમના મનમાં એક પ્રશ્ન ઘોળાતો હતો : મારી મુક્તિ ક્યારે ?

રાજા અલગારી આલમના આશક હતા. ભર્યાભાદર્યા રાજમાં પણ એમનાં રહેઠાણ કાદવમાં જેમ કમળ રહે, એવા હતાં. દિનરાત એમના મગજમાં એક જ પ્રશ્ન ઊઠતો : રે ! આ ભવપિંજરનાં બંધન ક્યારે તૂટશે ?

આવો મજેનો મેળાપ વળી ક્યાં મળવાનો હતો ? પ્રાણીમાત્રને મનને અને સચરાચર-સૃષ્ટિને નિહાળનારું આવું કેવળજ્ઞાન વારંવાર ક્યાં ભેટવાનું હતું ! રાજાએ પોતાના મનની મથામણ પ્રભુની આગળ ખુલ્લી કરી : પ્રભો ! મારી મુક્તિ ક્યારે ?

આખી ઉજ્જયિની પોતાના રાજાનો પ્રશ્ન સાંભળીને, એનો જવાબ જાણવા તલપી રહી ! ત્યાં તો ભગવાન સાગરે પ્રકાશ્યું ?

'રાજન ! આ ભવપિંજરમાંથી મુક્તિ મેળવવી અને નીલાકાશમાં ઊડવું સહેલું છે, પણ આ પિંજરને પિંજર માનવું, આ બંધન છે, એવું હૈયાજ્ઞાન ઊગી નીકળવું એ જ અઘરી વાત છે ! આ ભવ તને બંધન ભાસ્યું છે, માટે તારી મુક્તિ અફર છે !'

'અફર ? તો મુક્તિ ક્યારે પ્રભો ?'

રાજા પોતાની અફર મુક્તિ જાણીને રોમેરોમે નાચી ઊઠ્યો.

રાજન્ ! આગામી ચોવીશીના બાવીસમા તીર્થપતિ શ્રી નેમિનાથનું તીર્થ, તારા માટે તો સાચું તીર્થ બની જશે ! સંસારના સાગરથી પાર ઉતારે, એ તીર્થ ! શ્રી નેમિનાથ-પ્રભુના શાસનમાં તને જ્ઞાન થશે, તારું નિર્વાણ થશે અને આ અનંત બંધનમાંથી છૂટીને તું મુક્તિનો ઉલ્લાસ અનુભવી શકીશ !'

'ભગવન ! જેમના તીર્થને પામીને હું મુક્ત બનીશ, એ મારા ઉપકારીનું આછું ભાવિ સાંભળવાની જિજ્ઞાસા છે.'

રાજાએ ઉત્સુકતા બતાવી. જનતા સાવધાન બની, ભગવાન ભાવિને કહેવા માંડ્યા :

'ગિરનારના ગરવા ગઢ પર જેમનાં ત્રણ મહાકલ્યાણકો દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ ઊજવાશે એ નેમિકુમાર આબાલ્યથી જ વિરાગી હશે ! અનિચ્છાએ એ પરણવા જશે, પણ પશુના પોકાર સાંભળીને, એમના જાન બચાવવા પોતાની જાનને એ પાછી વાળશે ને મહાદાન દઈને ગિરનાર પર એ પ્રવ્રજિત બનશે.'

ભગવાન સાગરે આછું ભાવિ કહી સંભળાવ્યું.

ઉજ્જયિની-પતિ નરવાહનના રૂંવે-રૂંવે આજે આનંદ નાચતો હતો. મહિનાઓના મંથન પછી આજે એમને માખણ મળ્યું હતું.

સભા વિસર્જાઈ ! દરેકના મોં પર ઉજાસ હતો, પણ એ ઉજાસ ચિરસ્થાયી ન રહ્યો ! પ્રજાના રાજા આજે વિરાગનો ચિરાગ જગાવવા માગતા હતા. પોતાની પાટે યુવરાજને અભિષિક્ત કરીને એમણે 'સંસાર-ત્યાગ'નો નિર્ણય જનતાને જણાવ્યો.

હૈયાના હાર, હાથના હીરા ને માથાના મુકુટ સમા રાજવી વિદાય લેતા હોય ને જનતા ગંભીરતા ન અનુભવે, એ કઈ રીતે બને ? પણ બંધનમાંથી મુક્તિના આ આશક આજે કંઈ પણ વિચારવા તૈયાર ન હતા. આંશિક તો આંશિક, પણ મુક્તિની એમને મહેચ્છા હતી. પ્રજા જોતી રહી અને રાજાએ સાગર તીર્થંકર પાસે દીક્ષાની શિક્ષા ગ્રહણ કરી લીધી !

— • —

બ્રહ્મલોકની ઈન્દ્ર શય્યા સૂની પડી-ન-પડી, ત્યાં તો માનવલોકમાંથી ઊડતું ઊડતું એક પંખેરું ત્યાં આવ્યું ને એ શય્યાની શાન-શૌકત ને શોભા અખંડ રહી !

દેવોએ હર્ષનો ધ્વનિ કર્યો. વાતાવરણમાં નવું યૌવન ઊભરાયું. નવોત્પન્ન એ ઇન્દ્રરાજની ચોમેર દેવો ખડા રહી ગયા !

ઇન્દ્રરાજે અતીત-જીવનને જોવા જાણવા, પોતાના અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો ને એ બોલી ઊઠ્યા :

'ઓહ ! હું તો ઉજ્જયિની પતિ ! નરવાહન મારું નામ ! ભગવાન સાગરની મારી પર કૃપા ઊતરી કે એમણે મને મારો 'મુક્તિ-કાળ' જણાવ્યો ને પછી ભવતારણી પ્રવ્રજ્યા આપી ! સંયમ-જીવન પૂર્ણ થતાં જ હું આ સ્વર્ગમાં ઉત્પન્ન થયો. રે ! દસ સાગરોપમનો વિરાટ-કાળ મારે હજી અહીંના આ સોનાના પિંજરામાં વિતાવવો પડશે ! કેટલો બધો કાળ ! પિંજરમાં તો કોઈ મોહાતું નથી, પણ પિંજરના આ સોનાની મોહિનીથી જ, બધા બંધનને હસતે મોઢે સ્વીકારે છે ! આ બંધન લોખંડી છે. તૂટ્યું તૂટે નહિ, ખૂટ્યું ખૂટે નહિ ! આ સોનામાં હું સ્નેહાઈ ન જાઉં, એ માટે મારે કોઈ અમૃત-આલંબન અહીં ખડું કરી દેવું જોઈએ, જેથી દસ સાગરોપમનો વિરાટ કાળ મારે માટે એકલો ભોગકાળ જ નહિ, પરંતુ ભક્તિકાળ પણ બની શકે !'

દેવરાજનું ધ્યાન સામે જ ખડા રહેલા દેવો તરફ ન હતું. દિવ્ય-સંગીત ભણી પણ એમના કાન ન હતા. વાતાવરણમાં માદકતા હતી, મોહિની હતી અને માધુરી હતી, પણ દેવરાજનું મન તો અગોચરના કોઈ પ્રવાસે હતું. થોડી વાર થઈ ને દેવરાજ મનોમન બોલી ઊઠ્યા :

'ઓહ ! મારું જીવન એકલું અંધકારમય જ નહિ નીવડે ! એમાં અજવાળી પૂનમ પણ પૂરબહારમાં ખીલશે. મારા ભાવિના ઉપકારીની ભક્તિ કાજે, ભગવાન નેમિનાથની અજબની મૂર્તિ હું સરજીશ ! અને એમનાં એ ગાન-તાન જ મારા અંધકારની અજવાળી કોર બની રહેશે !'

દેવરાજ જાતને ધન્ય માની રહ્યા :

'જેમનું તીર્થ મને સંસારના આ ભીષણ સાગરથી તારશે, એમની આ યત્કિંચિત્ ભક્તિ જ, મને એમનો ભેટો કરાવી આપશે, ધન્ય હું !

વંદના એ તીર્થંકર સાગર પ્રભુને ! જેમણે મને દિશા, દેશ અને દ્વાર બતાવ્યાં-નિરંજનોની નગરીનાં !'

દેવરાજ પ્રફુલ્લી ઊઠ્યા. ગત-જનમના ઉજ્જયિનીપતિ નરવાહનની જ આ દેહ ને દેશની પલટ હતી. અનુપમ સંયમ-આરાધના પછી એમના પુણ્યે એમને પાંચમા બ્રહ્મ દેવલોકની દેન કરી હતી, પણ આ તો અનોખો આતમ હતો. સુખના આવા વિરાટ સાગર વચ્ચેય એને મુક્તિ સાંભરી આવી ને એ મુક્તિદાતાની ભક્તિ કાજે એણે ભગવાન નેમિનાથની પ્રતિમા સરજવાનો પુણ્ય-સંકલ્પ કર્યો !

એ પળ પુણ્યવંતી હશે ! એ સમય સોહાગી હશે, જ્યારે દેવરાજે પ્રતિમા સર્જવાનો સંકલ્પ કર્યો અને દેવોને તો સંકલ્પથી જ સિદ્ધિ વરે.

સંકલ્પ પછીની પળોમાં બ્રહ્મલોકની એ ભોમ, ભક્તિભોમ બની ગઈ ! વજ્રમય કણોમાંથી એક અદ્ભુત જિન-પ્રતિમા સર્જાઈ ગઈ !

બસ, હવે તો એ પ્રતિમાની સામે ભક્તિ-ગાન શરૂ થઈ ગયાં. દેવરાજ એ પ્રતિમામાં એક એવી પુણ્ય-વિભૂતિનું દર્શન કરતા, જે વિભૂતિ પોતાની જીવન-નૈયાનો ખેવૈયા બનનાર હોય !

— ● —

દસ સાગરોપમનો વિરાટ-કાળ !

કાળનાં જળ ખળ ખળ વહ્યે જતાં હતાં. એ જળ પ્રવાહની ધસધસતી ગતિમાં સાગરોપમ તો શી વિસાતમાં ? દશ સાગરોપમનો વિરાટ-કાળ પૂર્ણ થવા આવ્યો. હવે આ પ્રતિમાનું શું ? દેવરાજે ભાવિમાં ડોકિયું કર્યું :

'ઓહ ! ભાવિ તો ભવ્ય છે ! આ પ્રતિમાનું સ્થાન ગિરનારની ગુફામાં છે. કાળ જતાં આ પ્રતિમા ગિરનારનું ગૌરવ બનનાર છે. ગુફામાંથી આ પ્રતિમાનો ઉદ્ઘાટક પણ હું જ બનવાનો છું ! ધન્ય ધન્ય !'

રત્ન-રચિત વિમાન તૈયાર થઈ ગયું. દેવરાજ પોતાના પરિવાર સાથે પોતાની પ્રતિમાને લઈને ગિરનારની ગુફા ભણી ઉડ્ડયન કરી ગયા.

દેવલોકમાંથી સરતું સરતું એ વિમાન માનવલોકમાં ઘૂમરાવા લાગ્યું. ગિરનારનો પ્રદેશ આવ્યો ને એ વિમાન ઊભું રહી ગયું.

એક વિરાટ ગુફા ! ખૂબ જ વિરાટ, સાથે સાથે ભવ્ય ! દેવરાજનું દિલ ત્યાં ચોંટી ગયું. એ ગુફામાં એક ભવ્ય મંદિર એમણે ખડું કરી દીધું. એ મંદિરની શોભા તરીકે પોતાનું બિંબ ત્યાં પ્રતિષ્ઠા પામી ગયું, સાથે સાથે રત્નનાં, મણિનાં ને મુક્તાનાં બીજાંય જિન-બિંબો ત્યાં પધરાવીને દેવરાજ પાછા વળ્યા. એ ગુફાને દેવરાજે 'કાંચન બલાનક' નામ આપ્યું !

હૈયામાં આનંદના ભાવ સાથે આંસુનુંય વિચિત્રમિલન હતું ! દેવરાજ પાછા બ્રહ્મલોકમાં આવ્યા. બ્રહ્મલોક એનો એ હતો, છતાં દેવરાજને એ સાવ સૂનો લાગવા માંડ્યો. કારણ પોતાનું દિલ, પોતાનું તીર્થ તો માનવલોકની ધરતી પર ગિરનારની ગુફામાં જઈ પહોંચ્યું હતું. બ્રહ્મલોકનું બંધન હવે એમને કારમું ભાસવા માંડ્યું, પણ હવે તો આયુષ્ય કાળ પૂર્ણ થવા આવ્યો હતો.

બ્રહ્મલોકના બાગમાં ખૂલીને ખીલેલું એ ફૂલ એક દિ' ખરી પડ્યું. એક ફૂલની વિદાય પાછળ, ઘણા ભ્રમરો બેચેન બન્યા ! એ ફૂલ એટલે દેવરાજ પોતે જ. 'કાંચન-બલાનક' તીર્થના સ્થાપક ! ભાવિના ગિરનારપતિ ભગવાન નેમિનાથની પ્રતિમાના સર્જનહાર !!

આ વાત પર પણ ઘણા ઘણા ઉદય-અસ્તો થઈ ગયા. કાળનું વિરાટચક્ર ઘૂમતું જ રહ્યું ! દેવરાજ કાળના ચકાવામાં ઘૂમતા જ રહ્યા. ભવસાગરનાં ઘણાં ઘણાં આવર્તો વટાવ્યા પછી દેવરાજે મહાપલ્લી દેશમાં આવેલ ક્ષિતિપુરમાં દેહ ધર્યો !

— ● —

ધરતી ધન્ય બની. એક મધરાતે ત્રણે લોકમાં આનંદનો તેજ-લિસોટો દોરાયો. જગદુદ્ધારકનો જન્મ થયો. સહુએ તેને 'નેમકુમાર'ના લાડીલા નામે સંબોધ્યો.

યૌવનનું ઉપવન હતું. એમાંય પાછી વસંત બેઠી. એથી નેમકુમારને જોતાં કોઈ ધરાતું જ નહિ. સમુદ્રવિજય ને શિવાદેવીની લાગણી-સભર માગણી નેમકુમારને દ્વારિકાના દ્વાર ભણી દોરી ગઈ, જ્યાં રાજકુમારી રાજુલ પોતાના ભાવિ પતિ નેમકુમારની વાટ જોઈ રહી હતી. પરંતુ લલાટના લેખ કોઈ જુદા જ હતા. અબોલ પશુઓના જાન બચાવવા, લગ્નની આ જાનને પાછી વાળવાની નેમકુમારે સારથિને આજ્ઞા કરી, રથ પાછો વળ્યો. મહાદાન અપાયું ને નેમકુમારે ગિરનારની વાટે પગલું ઉઠાવ્યું !

આ પગલાં પર પણ થોડાં સૂર્ય કિરણો ઊગી-ઊગીને આથમી ગયાં. નેમકુમારે જલાવેલી તપની યજ્ઞવેદીમાં છેલ્લી આહુતિ પણ અપાઈ ગઈ, ને એમને એક દિ' ''કૈવલ્યશ્રી'ની ભેટ થઈ !

જગત આનંદ્યું. જનતા હિલોળે ચડી. બસ, પછી તો જીવતી-જાગતી એ ધર્મમૂર્તિ ઠેર-ઠેર વિચરવા માંડી. એની કીર્તિકથાઓ પુરબહારમાં ફેલાઈ.

— • —

મહાપલ્લી દેશ ! ક્ષિતિપુર ત્યાંનું જ એક નગર ! પુણ્યસાર એનો અધિપતિ !

મહાપલ્લીના વાયુમંડલમાં ઘૂમતી ઘૂમતી, ભગવાન નેમિનાથની પુણ્યકથાઓ, એક દિ' પુણ્યસારને આકર્ષી ગઈ ને એણે ભગવાનને ભેટવાનો નિશ્ચય કર્યો, એક પુણ્યપળે એને ભગવાન ભેટી પણ ગયા.

સમવસરણ સર્જાયું હતું ! બાર બાર પર્ષદાઓ એકઠી થઈ હતી. ભગવાનના શ્રીમુખેથી વહેતી વાણીમાંથી કેઈ ભવ્યો અમૃતનું આચમન કરી રહ્યા હતા. દૂર દૂરથી આવેલો પુણ્યસાર સમવસરણને જોઈને નાચી ઊઠ્યો. ભગવાનની દેશના સાંભળતા, એના રૂંવે રૂંવે કંપનો ફરી વળ્યાં : રે ! આવા ભીષણ અને ભયાનક આ ભવપિંજરમાંથી, આતમનું આ પંખી મુક્તિ ક્યારે મેળવશે ? જેની પાંખ પર નીલગગનના મુક્ત-વિહારનો ઇજારો લખાયેલો પડ્યો છે ! એણે પ્રભુને પ્રશ્ન કર્યો :

'પ્રભો ! પ્રભો ! મારો મોક્ષ ક્યારે ?'

'પુણ્યસાર ! તું આસન્ન મોક્ષગામી છે. આ ભવમાં જ તું મુક્તિમાં જઈશ !'

ઓહ ! 'મારો મોક્ષ આ ભવમાં જ ?'

પુણ્યસારનાં રોમ રોમ ખડાં થઈ ગયાં. એના આનંદની અવધિ ન રહી ! એણે વિનંતિ કરી :

'ભગવન્ ! મારો પૂર્વભવ સંભળાવશો ?'

ચોમેર આતુરતા હતી. ભગવાને પૂર્વભવની કહાણી આરંભી :

'જુગ-જુગ જૂનો કાળ છે. ઉજ્જયિની નામની નગરી છે. ગઈ ચોવીશીના ત્રીજા સાગરતીર્થંકર એક વાર નગરીના આંગણે પધાર્યા. ત્યાંનો રાજા નરવાહન સમવસરણમાં આવ્યો ને એણે પૂછ્યું : પ્રભો ! મારો મોક્ષ ક્યારે ? ભગવાન સાગરે જવાબ આપ્યો : રાજા ! તું બડભાગી છે ! આવતી ચોવીશીના બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથના શાસનમાં તારો મોક્ષ થશે.'

પર્ષદા આ વાત સાંભળવામાં તલ્લીન હતી. વાતનો મેળ અત્યારના કાળ સાથે મળતો જણાતો હતો. બધા વિચારમાં હતા. વાત આગળ વધી :

'નરવાહન આનંદ્યો. એણે ભગવાન સાગર પાસે ચારિત્ર અંગીકાર કર્યું. કાળધર્મ પામીને બ્રહ્મલોકમાં એ ઇન્દ્ર થયો. ત્યાં એણે જેના તીર્થને પામીને પોતે મોક્ષમાં જવાનો હતો, એ તીર્થપતિની એક વજ્રમય પ્રતિમા બનાવી ને એનાં પૂજનઅર્ચન દ્વારા એનું દશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થયું. આયુષ્યની સમાપ્તિ પૂર્વે એણે એ પ્રતિમાને ગિરનારની એક ગુફામાં પધરાવી. ત્યાં એક મંદિર ખડું કર્યું. બીજાં જિન-બિંબોય ત્યાં પધરાવ્યા ને એ ગુફાને એણે 'કાંચન-બલાનક' નામ આપ્યું. બ્રહ્મલોકનો એ ઇન્દ્રરાજ ત્યાંથી ઘણાં જન્મો પછી મહાપલ્લી દેશમાં અવતર્યો !'

મહાપલ્લીનું નામ આવતાં જ પુણ્યસાર અધીરો બન્યો. એણે પૂછ્યું :

'ભગવન્ ! મહાપલ્લીમાં ? અત્યારે એ ક્યાં છે ?'

'હા, એ ઇન્દ્ર મહાપલ્લીના ક્ષિતિપુર નગરમાં અવતર્યો.'

'ક્ષિતિપુરમાં ? ક્ષિતિપુરથી તો હું જ આપના દર્શનાર્થે આવ્યો છું !'

પુણ્યસારની આશ્ચર્યવિભોરતા વધતી હતી.

'હા, પુણ્યસાર ! તું પોતે જ બ્રહ્મલોકનો એ ઇન્દ્રરાજ ને ઉજ્જયિનીનો એ નરવાહન પણ તું જ ! આ ભવમાં તારી મુક્તિ અફર છે.'

ભગવાને વાત પૂરી કરી. પુણ્યસારનું દિલ આજના હર્ષને સમાવવા અસમર્થ હતું. આ તે સત્ય કે સ્વપ્ન ? એણે આંખો ચોળી, પણ પોતે ખરેખર સમવસરણમાં જ ભગવાની સામે ઊભો હતો ! પાછું પોતાનું એ સર્જન એને સાંભર્યું. અને એણે પૂછ્યું :

'ભગવન્ ! ભગવન્ ! આજે મારી આંખમાં અમૃતના અંજન અંજાયાં છે. બ્રહ્મલોકમાં સર્જેલી એ પ્રતિમા અત્યારે શું ગિરનારની ગુફામાં સુરક્ષિત છે ?'

'હા, પુણ્યસાર ! એ ગુફાનું ઉદ્‌ઘાટન તારા હાથે જ થવાનું છે. તારા હાથે જ ગિરનાર પર એક મંદિર ખડું થવાનું છે ને પછી તારી મુક્તિ થવાની છે !'

દેશના પૂર્ણ થઈ. પુણ્યસારની આંખ આગળ હવે કોઈ નવી જ દુનિયા વરતાતી હતી. એણે સીધી જ ગિરનારની વાટ પકડી, એ ગુફા જાણે એને સાદ દઈ રહી હતી.

ગુફાના દ્વાર ખૂલ્યાં, અંદર એક ભવ્ય જિનમંદિર હતું. તેજ તેજના અંબાર એમાં રૂમઝૂમ-રૂમઝૂમ નાચતા હતા.

કાંચન-બલાનકની એ પ્રતિમામાંથી પુણ્યસાર જાણે મુક્તિસંદેશ સાંભળી રહ્યો : આ ભવ તારે માટે બંધનમાંથી મુક્તિ પામવાનો ભવ છે !

•



## ૧૨ બહુરત્ના વસુંધરા

ગિરનારની ગુફાઓ, ગિરિકંદરાઓ અને કોતરોમાં આજે શિલ્પીઓનાં ટાંકણાંઓ, છીણીઓ અને હથોડીઓના પડઘમ ઘૂમી રહ્યા હતા !

શિલ્પકારોની દૃષ્ટિ, પાષાણમાં કોઈ સજીવ સૃષ્ટિ કંડારવાનાં સંગીન સપનાં જોઈ રહી હતી. પાષાણોમાં પ્રાણ પૂરીને એને બોલતા કરવાનું સ્વપ્ન એમની આંખમાં રમી રહ્યું હતું ! શિલ્પ-શાસ્ત્રોને પાષાણ-ખંડોમાં સજીવન કરીને, એ ખંડોને જ શિલ્પ-શાસ્ત્રોનું પ્રતિબિંબ બનાવી જવાનો, એમના હાથમાં અખૂટ ઉત્સાહ હતો ! અને એક એક

પાષાણ જાણે ઇતિહાસની કહાણી કહેતો કહેતો એ નવનિર્માણમાં જડાઈ રહ્યો હતો !

ગરવા ગઢ ગિરનાર પર, નવાં દેરાં ચણાઈ રહ્યાં હતાં અને જૂનાં દેરાંઓ પર પણ નવનિર્માણની કથાઓ કંડારાઈ રહી હતી !

ગુજરાતની ઝંડી નીચે સોરઠ હજી હમણાં જ આવી ઊભું હતું. મહારાજ સિદ્ધરાજે પોતાના બાહુબળે, જંગ જીતીને સૌરાષ્ટ્રને સર કર્યું હતું અને એને ગુજરાતનું એક અવિભાજ્ય અંગ બનાવ્યું હતું !

કાંડામાં કૌવત અને પ્રજ્ઞામાં પ્રતિભા ! વાણીમાં વફાદારી અને બુદ્ધિમાં બળ ! સજ્જનમંત્રી એક ધર્મપ્રેમી અને સિદ્ધરાજનો અનુગ્રહ મેળવનારા જૈન અમાત્ય હતા. અને સોરઠને સર કર્યા પછી સોરઠના ‘દંડનાયક’ તરીકેનો અભિષેક સિદ્ધરાજે સજ્જન મંત્રીના શિરે કર્યો !

દૃષ્ટિમાં દીર્ઘ-દર્શિતા હતી અને સ્વભાવમાં સ્નેહ-સંપાદન કરવાની કુનેહ હતી ! સજ્જને જૂનાગઢમાં પોતાનું મુખ્ય મથક ઊભું કર્યું અને થોડા દિવસોમાં તો આખા સૌરાષ્ટ્રનો સ્નેહ દંડનાયકે મેળવી લીધો. સોરઠના ખૂણે ખૂણેથી વહેતી, સ્નેહની સરિતાઓનાં વહેણ સજ્જન ભણી વળ્યાં અને સરિતાઓ જૂનાગઢમાં ઠલવાઈ ! જાણે સરિતાઓ સમર્પિત થઈ ગઈ !

દંડનાયકે એક દિવસ ગિરનારનો સાદ સાંભળ્યો. એમણે જોયું, તો કાળનાં ખળ ખળ વહી જતાં જળમાં ગિરનારનાં દેરાંઓનું નૂર ઘસડાઈ ગયું હતું. દેરાંઓ પર જાણે સંહારની લાલ આંખ કતરાઈ ચૂકી હતી. ઈંટ-ઈંટ વચ્ચેથી ચૂનાનાં સ્નેહ સંધાણ સરી પડ્યાં હતાં ! દીવાલ-દીવાલને ચીરતી ચિરાડો પોતાનું જડબું વધુ ને વધુ પહોળું કરી રહી હતી અને પ્રલયના ઝંઝાનિલના ઝપાટામાં પણ ગઈ કાલ સુધી અણનમ ઊભી શકે, એવું ગિરનારનું દેવ-નગર આજે કાળની એક ફૂંકે જ ઊડી જાય, એવું જર્જરિત બની ઊઠ્યું !

મૂરઝાયેલાં એ મંદિરોને ફરીથી મહોરતાં કરવા અઢળક ધન જોઈએ. સોરઠમાં આજે ટહેલ પડે એટલી જ વાર હતી. ટહેલ પડતાં જ જીર્ણોદ્ધારની ઝોળી છલકાઈ જાય એમ હતું ! પરંતુ એ માટે ગામેગામ ને નગરેનગર ઘૂમી વળે, એવો ખંતીલો કાર્યકર જોઈએ ! દંડનાયક હમણાં આટલો બધો ભોગ આપી શકવા અસમર્થ હતા, કેમ કે સૌરાષ્ટ્ર સમસ્તના સંચાલનનો ભાર એમના શિર પર હતો !

આખરે દંડનાયક સજ્જને સૌરાષ્ટ્રની ઊપજમાંથી નવનિર્માણ આરંભવાનો વિચાર કર્યો. એમને આત્મવિશ્વાસ હતો કે, પછીથી સોરઠ મારી ઝોળીને છલકાવી દેશે !

મંગળપળે, મહામૂલી ઘડીએ અને એક સુવર્ણ દિવસે ગિરનાર પર નિર્માણનું શિલ્પ-ટાંકણું સળવળ્યું !

કલા જેનો કસબ હતો, શિલ્પ-શાસ્ત્રો જેના મોઢે રમતાં હતાં, એવા શિલ્પી-સંઘના ભાગ્ય-દ્વારે ટકોર પડ્યા અને એ સંઘ પોતાનાં ઓજારમાં ઓજસ પૂરીને ગિરનારનાં મંદિરોમાં કલાને કંડારવા મંડી પડ્યો ! ગિરનારની ગુફાએ ગુફાએ અને કોતરે-કોતરે એ ટાંકણાંઓના પ્રતિધ્વનિ પડ્યા !

— ● —

અજાતશત્રુને પણ શત્રુ હોય છે ! સદા અને સર્વદા સંસારને જે સ્નેહથી સજી દેવા કટિબદ્ધ હોય, એના પર પણ આગઅંગારા ફેંકનારા મળી આવે છે !

ગિરનારના ઉદ્ધાર કાજે, દંડનાયક સજ્જને જે પગલું લીધું, એની પાટણમાં વિપરીત જ અસર પડી અને એક દિ' સિદ્ધરાજ સમસમી ઊઠ્યા !

દંડનાયકના દુશ્મનો કોઈ છિદ્ર કે કોઈ એવી તક જ ગોતી રહ્યા હતા. એમણે જોયું, તો ત્રણ-ત્રણ વરસ થવા છતાં જૂનાગઢથી સજ્જને સૌરાષ્ટ્રની આવકમાંથી એક કોડીય પાટણ મોકલી ન હતી ! સિદ્ધરાજના કાન ફૂંકવા એમણે કમ્મર કસી :

'મહારાજા ! કેવો આ કળજુગ આવ્યો છે ! શું દોસ્ત કે શું દુશ્મન ? કોઈનાય દિલની ધરતી, વિશ્વાસનાં વાવેતર માટે આજે પથરાળ બની છે ! મહારાજ ! રાજભંડારના અધ્યક્ષને પૂછવા જેવું છે કે, જૂનાગઢથી એક કોડીય રાજના ચોપડે જમા થઈ છે ખરી ?'

હુકમ છૂટ્યો અને ચોપડા સાથે અધ્યક્ષ હાજર થઈ ગયો ! ચોપડાનાં કાળાં પાનાં ઉથલાવતાં સિદ્ધરાજે એને પૂછ્યું : આમાં જૂનાગઢના હિસાબ-કિતાબ ક્યાં છે ?

'મહારાજ ! જૂનાગઢથી કંઈ જ આવ્યું નથી, પછી એનો હિસાબ-કિતાબ તો ક્યાંથી લખાયો હોય ?

ચોપડાનાં નિષ્પ્રાણ પાનાં પણ જાણે બોલ્યાં : ના, મહારાજ ! જૂનાગઢથી એક કાણી કોડીય નથી આવી !

સિદ્ધરાજ સમસમી ઊઠ્યા ! પ્રધાનોને પડકારતાં એમણે કહ્યું :

'શું આટલું બધું અંધેર ચાલે છે ? આજે ત્રણ ત્રણ વર્ષનાં વહાણાં વાયાં, છતાંય સોરઠની સાગર સમી સમૃદ્ધિમાંથી એક બિંદુય આવ્યું નથી ? અને છતાં સજ્જન પાસે કોઈ હિસાબ પણ માંગતું નથી ?'

મહામંત્રીને થયું : મહારાજા કંઈક વધુ પડતા લાલ થઈ ગયા છે ! એમને દંડનાયક પર પૂરો વિશ્વાસ હતો ! એમણે કહ્યું :

'મહારાજ ! આમાં અવિશ્વાસની કે આશંકા કરવાની કંઈ જરૂર નથી ! નેકી અને નીતિ, ઈમાનદારી ને વફાદારી, હજી કંઈ મરી ગયાં નથી ! રાજ્ય તરફથી એક દૂત રવાના થાય ! સજ્જન પાસે જઈને એ ખુલાસો માંગે અને પછી જો ખુલાસામાં અવિશ્વાસની એંધાણી જણાય, તો જુદી વાત !'

મહામાત્યની આ દૂરંદેશી અને ઠરેલપણા પર સિદ્ધરાજ ઊછળી પડ્યા :

'નેકી-નેકીની છડીઓ શું પુકારે છો ? નેકી ને નીતિ તો મહાસાગરના પેટાળમાં વેરાયેલાં અકલંક રત્નો જેવી મહામૂલી ચીજ છે. મરજીવા જ એને મેળવી અને માણી શકે. સમૃદ્ધિના સાગર વચ્ચે રહીને નેકી જાળવવી, કંઈ આસાન વાત નથી !'

બધાંને થયું કે કાચું કપાય છે, પણ સિદ્ધરાજની સાન કોણ પકડે ? મહામંત્રી કંઈક બોલવા જતા હતા, ત્યાં જ સિદ્ધરાજ જરા ઉગ્ર બની ગયા :

'અને રાજ ચલાવવું એ કંઈ, કોઈ નાટકમાં રાજાનો ખેલ ભજવી નાખવા જેવી રમત નથી ! વિશ્વાસ રાખવાની પણ કોઈ સીમા હોય ને ! ત્રણ ત્રણ વરસ વીત્યાં, છતાંય વિશ્વાસ ? આ તો રાજનાં કાજ છે ! ઉગ્ર પગલાં લેવાવાં જ જોઈએ, નહિ તો બીજા બધા દંડનાયકો સજ્જનનું અનુકરણ કરશે અને રાજભંડારનું તળિયું ઘસવાનો વખત આવશે ! 'હાથમાં એની બાથમાં' એવો આ કળજુગ છે ! નીતિશાસ્ત્ર કહે છે કે, ઊગતો શત્રુ, વધતો વ્યાધિ, ફેલાતો અગ્નિ અને ગુણાકાર-સરવાળા પામતું ઋણ : આ બધાં ઊગતા જ ડામી દેવાં જોઈએ !

સિદ્ધરાજનું આટલું લાંબું વક્તવ્ય આજે ઘણા દિવસે મહામંત્રીને સાંભળવા મળતું હતું ! મહામંત્રીને થયું કે, તપેલી ધરતી પર જળ-બુંદ નાંખવાનો હમણાં અવસર કે અર્થ નથી ! ન તો એ જળ-બિંદુ ધખતી ધરાને ઠારી શકશે કે ન તો એ પોતાનું અસ્તિત્વ જાળવી શકશે !

દંડનાયક સજ્જનના દુશ્મનોનો દાવ ધાર્યો પડ્યો હતો ! કાન-સાન અને ભાન વિનાના રાજવીઓ જ્યારે કોપે, ત્યારે પ્રલયનું નૃત્ય જ આરંભાતું હોય છે.

સિદ્ધરાજે કહ્યું : 'મંત્રીજી ! મારે જાતે જ સજ્જનની પાસે હિસાબ લેવા જવું પડશે ! આવતી કાલે જ હું જૂનાગઢ ભણી જવા રવાના થઈ જઈશ ! સાંજ સુધીમાં પ્રવાસની તૈયારી થઈ જવી જોઈએ !'

મહામંત્રીએ નહોતું ધાર્યું કે, આટલું ઉગ્ર અને ઉતાવળું પગલું સિદ્ધરાજ ભરશે ! એમને સજ્જન પર અનહદ વિશ્વાસ હતો અને એ વિશ્વાસના દાવે સમસમી ઊઠેલા સિદ્ધરાજના સમાચાર તો જૂનાગઢ પાઠવવા જ જોઈએ ને ?

સમય અલ્પ હતો ! વચમાં એક રાતનો જ પડદો પડેલો હતો ! સવારે તો સિદ્ધરાજની સવારી કૂચ કરી જવાની હતી !

એક અસવાર ! અને એક પવન-પંથી સાંઢણી ! મહામંત્રીને માટે આટલું જ ઘણું હતું ! પળનોય વિલંબ હવે સજ્જનના હિતની દૃષ્ટિએ પાલવે એમ ન હતો !

પાટણને છોડીને સૂર્ય જ્યારે સાગરની સફરે જવા તૈયાર થયો, ત્યારે પવન-પંથી સાંઢણી પર એક અસવાર એ સૂર્યની સાથે ચાલી નીકળ્યો !

એ અસવાર જવાન હતો ! કાર્યને પાર પાડવાની કુનેહ અને કૌવત એને વરેલી હતી ! થોડી વાર થઈ અને સાંઢણીના જોજન-પંથી પગ નીચેથી કેટલીય ધરતી કપાઈ ગઈ ! જુવાનની આંખ આગળ જૂનાગઢ અને એના દંડનાયક સજ્જન મંત્રી તરવરી રહ્યા હતા.

– ● –

બહુરત્ના વસુંધરા ! દંડનાયક બોલ્યા.

પાટણથી હરણ-ફાળે આવેલા, જવાન અસવાર પાસેથી પાટણના વર્તમાન સાંભળીને એક વાર તો સજ્જનની આંખ સામે અંધારીઅમાસ છવાઈ ગઈ, પણ વળતી જ પળે, વિશ્વાસનો શ્વાસ લઈને તેઓ બોલ્યા :

‘વસુંધરા બહુરત્ના છે ! માટીના ઢેર નીચે ઘણાં એવાં-એવાં રત્નો ધરબાઈને પડ્યાં હોય છે કે, જેના તેજ કણો એક વાર તો સંસારને તેજથી તરબતર બનાવી દે !’

સજ્જનની આંખ આગળ એક એવું ચિત્ર ખડું થઈ ગયું, જેમાં ભાઈ-ભાઈ અને દોસ્ત-દોસ્ત દોલતના પાપે અવિશ્વાસની અંધારી અમાસમાં અથડાતા દેખાયા !

અથાગ ભાવિને ભાળતી આંખો ! કદાવર-દેહ ! પૂર્ણિમાના પ્રકાશે-મહાસાગરની ઊછળતી ઉજ્જવળ છોળો જેવું ધવલ વદન ! ને જાનુ સુધી લંબાયેલા બે બાહુ ! દંડનાયક સજ્જનની આંખમાં પાટણના મહામાત્યનું ચિત્ર ખડું થઈ ગયું ! તેઓ વાણી વિના જાણે બોલી ઊઠ્યા :

'વાહ ! મહામાત્ય ! તમે ખરી દોસ્તી જાળવી !'

પાટણથી આવેલા સંદેશવાહકને, મહામંત્રી સજ્જનની છાતી લોખંડી લાગી ! એને થયું : દિવસો થોડા છે ! મહારાજા મારતે ઘોડે આવી રહ્યા છે. અત્યારે જ્યાં બિંદુ પણ નથી દેખાતું, ત્યાં સમૃદ્ધિનો સિંધુ લહેરતો મૂકવાનો છે અને છતાંય વિશ્વાસથી દંડનાયક સજ્જન છાતી ઠોકીને કહી રહ્યા છે કે, વસુંધરા બહુરત્ના છે !

મહામંત્રી સજ્જને સંદેશવાહક ભણી મોઢું ફેરવ્યું :

'ચિંતામગ્ન કેમ બની ગયો ! સિદ્ધરાજના ઘોડાના ડાબલા મને સંભળાય છે ! એમની આંખમાં ઘેરાયેલી લાલાશ પણ હું જોઈ શકું છું ! પણ મને વિશ્વાસ છે કે, સોરઠની બહુરત્ના વસુંધરા હું એક ટહેલ નાંખું એટલી જ વાર છે. મારી ઝોળી છલકાઈને ઊભરાઈ જશે !'

દંડનાયકની આંખ સોરઠની માનસયાત્રા કાજે નીકળી પડી ! એમની યાત્રાનું પહેલું જ તીર્થ 'વામનસ્થળી' આવ્યું ! જ્યાં જૈનોની જાહોજલાલીએ સમૃદ્ધિનું છેલ્લું શિખર સર કરેલું હતું ! વિરાટ ત્યાંનો જૈન સંઘ હતો ! અને ગરવા ગઢ ગિરનારની પુણ્ય છાયામાં જ એ નગર વસેલું હતું. તેથી તીર્થ કાજે તન, મન, ધન અને જીવનને પણ હોડમાં મૂકી દે, એવા શ્રદ્ધા-સભર શ્રાવકો પણ ત્યાં વસતા હતા !

ભગવાન નેમનાથને સંભારીને દંડનાયક, તીર્થોદ્ધારની ઝોળીને કાંડે નાંખીને નીકળી પડ્યા. શ્રદ્ધાનો એમને સાથ હતો. વિશ્વાસ એમની ઓથે હતો.

વામનસ્થળીનું મહાજન એકઠું થઈ ગયું. મહાજને દંડનાયક મંત્રીશ્વરની આગળ ઉત્સાહનો શંખધ્વનિ કર્યો :

'મંત્રીશ્વર ! સોરઠની ત્રણ વરસની ઊપજ જેટલી રકમ એકઠી કરવી અને એ પણ ગિરનારના જીર્ણોદ્ધાર કાજે, એ સાવ સહેલી વાત છે ! સોરઠના દાનવીરો એક ટહેલે જ તમારી ઝોળી છલકાવી દેશે.'

જીર્ણોદ્ધારની ઝોળીમાં પોતાની સમૃદ્ધિ ઠાલવવા ઘડી એકમાં તો વામનસ્થળી એકઠું થઈ ગયું ! ફાળામાં નામ નોંધાવવા દ્વારા લાભ લેવાની પડાપડી શરૂ થઈ. એક કાગળ આગળ આગળ વધતો ગયો, એની પર સમૃદ્ધિના સ્તંભો ખડા થતા ગયા.

સભાને વીંધીને એક માણસ આગળ આવવા મથી રહ્યો હતો, પણ સભા એને કહી રહી હતી :

'ભલા માણસ ! સભામાં આગળ જઈને તારે શું કરવું છે ? મહારાજા સિદ્ધરાજના કોપ-અગ્નિને ઠારવા, આષાઢની ઘન-ઘોર વાદળીઓ સમૃદ્ધિના જળને મુક્ત મને વરસાવી રહી છે, તેમાં તું જળના એક બિંદુને ત્યાં નાંખી આવીશ, એનો શો હિસાબ ? છે તારામાં શક્તિ કે, એકલે હાથે એ ઝોળીને તું છલકાવી શકે ?'

'હા !' નમ્રતાથી જવાબ આપીને એ માણસ આગળ વધી ગયો. સભાને એના દીવાનાપણાનો આભાસ થયો ! કોઈ બોલ્યું : પાગલ છે પાગલ ! એના વેશ-પહેરવેશ તો જુઓ ! ઉંબરાને ઓળંગવાની તો હામ નથી ને મેરુ ગિરિના પાંડુક વનની યાત્રા કાજે નીકળ્યો છે !

મેલાં ઘેલાં કપડાં ! ન મોં પર કોઈ જાતની ઉજમા ! પેલો માણસ તો સભાને વીંધીને છેક દંડનાયક સજ્જનની સામે જઈને ઊભો રહ્યો. એણે પૂછ્યું :

'શી વાત છે ? મહાજન શા માટે ભેગું થયું છે ?'

ગામના મોવડીઓને તો આ ઘેલો જ ભાસ્યો, પણ એનાં વાણી-વર્તન પરથી સજ્જનને કંઈ કરી છૂટવાની ભાવના એનામાં દેખાઈ ! દંડનાયકે ઉપસ્થિત થયેલી બધી પરિસ્થિતિ જણાવી !

'ઓહ્ ! ત્રણ વરસ શું, ત્રીસ વરસની ઊપજ એકઠી કરવી હોય, તોય હું એકલ હાથે એટલી સંપત્તિ આપવા તૈયાર છું ! આ લાભ તો મુજ રંકને જ મળવો જોઈએ !'

બહારથી મેલોઘેલો છતાંય અંદરથી દૂધ જેવો ઊજળો એ માણસ, દંડનાયકના પગ ચૂમતો કરગરવા લાગ્યો ! દંડનાયકે પૂછ્યું : તારું નામ ?

'ભીમ-સાથરિયો. મહારાજ ! આ મહાજન તો બડભાગી છે. આવાં આવાં તો ઘણાં અવસરિયાં એને મળ્યાં જ કરે છે, મુજ રાંકનાં ભાગ્ય-દ્વાર આજે ખૂલ્યાં ! ધનની ચિંતા ન કરતાં, જોઈએ તેટલાં ગાડાં ભરી જજો, પણ આ લાભ મને જ મળવો જોઈએ !'

સજ્જનના ચરણની રજ માથે ચડાવતાં ભીમે ધન્યતાના રોમાંચ અનુભવ્યા ! સજ્જને પણ આનંદની એક ઝણઝણાટી અનુભવી ! એ ઊભા થયા અને બોલ્યા :

'ભાઈઓ ! સોના-મઢ્યા મુકુટમાં જડેલાં રત્નોનાં તેજ તો સહુ જુએ છે અને જાણે છે, ચીંથરે-વીંટ્યું આ રતન છે ! જગત ભલે એનું તેજ ન જાણે, પણ એ તો ઝગારા મારતું ઝળહળી જ રહ્યું છે ! જગત હવે જાણશે કે, સોરઠની બહુરત્ના વસુંધરાએ કેવાં કેવાં રત્નો પેદા કર્યાં છે ! વેશ જેનો મેલોઘેલો છે, એ આજે એકલે હાથે આ ઝોળીને છલકાવી દેવા તૈયાર થયો છે ! દુનિયા જેને દીવાનો કહે છે, એ ઘણી વાર એટલો બધો દિવ્ય હોય છે કે, એને દીવાનો કહેતી દુનિયા પોતે જ દીવાની ઠરે છે ! બહુરત્ના વસુંધરાએ આજે એક એવું રત્ન પેદા કર્યું છે કે, એ રતનના અજવાળે જુગ-જુગ પછીનો ઇતિહાસ પણ અજવાળાં સાથે એના ગાન ગાશે !'

મહાજન ભીમના એ દાન પર ઓવારી ઊઠ્યું. દંડનાયક સજ્જને એ દિવસે, આભ સાથે વાતો કરતી મહેલાતોનાં આતિથ્ય ન સ્વીકાર્યાં અને ભીમની ઝૂંપડીએ એ જઈ ઊભા !

મોટા મોટા શેઠ અને શાહુકારોની દિલની માંગણી અને લાગણી સજ્જનના અંતરને ન અડી ! અડી એમને ભીમની વાણી ! કેમ કે એમાં લાગણીની લવણિમા હતી ને માગણીની મનોહરતા હતી !

બહારથી તો ઝૂંપડી જેવો જ એ ઘરનો દેદાર હતો, પણ અંદર તો જાણે દોલત-દેવીનો દરબાર રચાયેલો હતો ! ભીમે એક ઓરડીનાં બારણાં ખોલી નાખતાં કહ્યું :

'સજ્જન દેવ ! જુઓ, ધનના આ ઢગલા તમારા જ છે, જેટલું ધન જોઈએ, એટલું વગર સંકોચે લઈ જશો !'

બહારથી જ્યાં અમાસ દેખાતી હતી, ત્યાં અંદર પુરબહારમાં ખીલેલી પૂર્ણિમા જોઈને સજ્જન મંત્રી છક્ક થઈ ગયા !

રત્નો, માણેક, નીલમ અને મોતીના ઢગમાંથી ઊછળતી તેજછોળો વાતાવરણમાં 'પ્રકાશ'નો ધ્વનિ પાડી રહી હતી ! ત્રણ શું ત્રીસ વરસની સોરઠની આવક ભરવી હોય, તોય અખૂટ જ રહે, એવો સમૃદ્ધિનો સાગર ત્યાં ઘુઘવાટ કરતો લહેરાઈ રહ્યો હતો !

મંત્રીશ્વરના મુખમાંથી એવા ઉદ્‌ગારો સરી પડ્યા : વાહ ! સોરઠ ! ધન્ય તારી બહુરત્ના વસુંધરા !

આખા સોરઠમાં ઘૂમી વળવા નીકળેલા દંડનાયક એ જ સાંજે જૂનાગઢ તરફ પાછા ફરી ગયા. કેમ કે જીર્ણોદ્ધારની ઝોળી ભરી દેવાનું વચન મળી ગયું હતું !

– • –

આંખનો ખૂણો હજીય લાલ જ હતો ! કપાળ પર ખેંચાયેલી ક્રોધની ત્રિવલીઓ હજી એવી ને એવી જ હતી ! અને ભ્રુકૂટિ પરની ભયાનકતા વધતી જ જતી હતી !

ઊંચો-ઊંચો ગિરનાર અને એની ચોમેર નાની નાની ટેકરીઓ ! પિતાની પડછંદ કાયાની આસપાસ જાણે નાનાં શિશુઓ ખેલતાં કૂદતાં હોય, એવું દૃશ્ય દેખાતું હતું !

જૂનાગઢ નજીક આવતું હતું ! દંડનાયક સજ્જન સિદ્ધરાજની સામે આવી ઊભા ! વફાદારી ને સમર્પિત ભાવ હજી એના એ જ અને એવા ને એવા જ દેખાતાં હતાં !

'જય હો, ગુર્જરપતિનો ! કુશળ છે ને ?'

દંડનાયક-સજ્જનનું અભિવાદન સાંભળીને સિદ્ધરાજ સીધા જ સમસમી ઊઠ્યા અને છંછેડાયા :

'કુશળ ક્યાંથી હોય ? ત્રણ વર્ષનો હિસાબ ક્યાં છે ? એ લેવા જ હું આવ્યો છું !'

'મહારાજ ! પાઈ-પાઈનો હિસાબ તૈયાર છે અને આવક પણ આપની સેવામાં હાજર છે !'

ધખધખતી ધરતી પર જાણે જળબિંદુ સર્યાં ! સિદ્ધરાજ જરા ઠંડા પડ્યા. એમને તરત જ ખ્યાલ આવ્યો કે, પોતાનું પગલું ઉતાવળું અને ઉગ્ર છે. બાદશાહી સ્વાગત સાથે સિદ્ધરાજનો પ્રવેશ થયો.

જૂનાગઢ અને એની બાળકથી માંડીને બુઢ્ઢા સુધીની આમજનતા સજ્જનની નેકી માટે એકી-અવાજે જે પ્રશંસા કરી રહી હતી, એ સિદ્ધરાજે સાંભળી !

સિદ્ધરાજે સાંભળ્યું હતું કે, ગિરનારનાં દહેરાં પર નવનિર્માણનું ટાંકણું પડ્યું છે અને ત્યાં ભવ્ય દેરાં ચણાઈ રહ્યાં છે ! બીજે દિવસે સિદ્ધરાજ ગિરનારનાં મંદિરોનાં દર્શન માટે ઉપર ચડ્યા !

શ્વેતવર્ણી પાષાણોની, એક નવી નગરી જ જાણે ગિરનાર પર ખડી થઈ ગઈ હતી ! જોતાં જ એમ થાય કે, જાણે દૂધના અભિષેક થઈ રહ્યા છે ! નજરમાં નેહના નાદ ઊઠે, એવી ભવ્યતા, પાષાણના અણુ અણુમાં ઊભરાતી હતી !

સિદ્ધરાજે જોયું, તો શિલ્પ અનુપમ હતું, કળા અકથ્ય હતી, જાણે પ્રાણની જ પ્રતિષ્ઠા બાકી હોય, એવી પૂતળીઓ થાંભલે-થાંભલે ઊભી

હતી ! છીણી અને ટાંકણાંથી અણઅડક્યો કોઈ પથ્થર ન હતો ! શિલ્પ-શાસ્ત્રને રમતું મૂકવા, સમય અને શક્તિનું જ્યાં બલિદાન ન દેવાયું હોય, એવો કોઈ સ્તંભ ન હતો !

સિદ્ધરાજ નવનિર્માણના સ્વાંગ પહેરીને ખડાં થયેલાં એ જૈનમંદિરો પર ઓવારી ઊઠ્યા ! આનંદના નિરવધિ ઉછાળ એમના અંગને વીંટળાઈ વળ્યા ! એમનું મોં જાણે એવા ઉદ્ગારનું ઉદ્ગાતા બન્યું :

'બડભાગી એ પિતા ! અને બડભાગી એ માતા ! જે પિતાના કુળમાં એવાં સંતાન અવતર્યાં, જે માતાની કૂખે એવા પુત્રો ધારણ કર્યા કે, જેમણે આવાં ભવ્ય દહેરાં ચણાવ્યાં !'

દંડનાયક સમયના પારખુ હતા. એ જાણતા હતા કે, સમયે બોલાયેલા એક શબ્દની શક્તિ આગળ, કસમયે બોલાયેલા અબજો શબ્દોની શક્તિ નગણ્ય છે ! તેઓ ઠાવકું મોં રાખીને બોલ્યા :

'બડભાગી તો છે એ કર્ણદેવ અને બડભાગી તો છે એ મીનળદેવી ! જેમના શૂરા-સંતાન ગુર્જરપતિ શ્રી સિદ્ધરાજે પિતૃસ્મૃતિ કાજે અહીં આવાં અનુપમ આ દહેરાં બંધાવ્યાં !'

અણહકની કીર્તિ-કામના સિદ્ધરાજને મન એક કાળો અપયશ જ હતો ! એઓ સાશ્ચર્ય બોલ્યા :

'સજ્જન ! કીર્તિ ને યશના વણહકના અભિષેક મારે ન ખપે ! મેં ક્યારે આ મંદિરોના પાયામાં એક પાઈ પણ પૂરી છે ?'

સચ્ચાઈના સ્નેહી સિદ્ધરાજે સજ્જનની સામે જોયું !

'મહારાજ ! વણહકના અભિષેક કેમ ? સોરઠની ત્રણ ત્રણ વર્ષની ઊપજ અહીં રેડી દીધી છે ! એથી આ મંદિરો હસતાં બન્યાં છે ! શું સોરઠના સ્વામી આપ નથી ? સોરઠની ઊપજ આપની અંગત ઊપજ ન કહેવાય ? એટલે જ મેં કહ્યું કે, ધન્ય એ કર્ણદેવ અને ધન્ય એ મીનળદેવી !'

સિદ્ધરાજનું માથું નમી ગયું ! દંડનાયક એ મંદિરો ભણી આંગળી ચીંધતાં બોલ્યા :

'હા, સોરઠની ત્રણ વર્ષની ઊપજમાંથી આ દેવનગરીના ઉદ્ધાર થયા છે ! અને જુઓ, આ મંદિરો પર શું લખાયું છે. મહારાજ ? 'કર્ણપ્રસાદ' અને છતાંય આપને સોરઠની ત્રણ વર્ષની આવક જોઈતી હોય, તો પાઈ-પાઈના હિસાબ-કિતાબ સાથે વામનસ્થળીનો મેલોઘેલો છતાંય ઊજળો 'ભીમ સાથરિયો' એકલ હાથે આપવા તૈયાર છે, મહારાજ ! વસુંધરા તો બહુરત્ના છે !'

નિર્ભયતાથી, નીડરતાથી સજ્જને કહી દીધું !

'ના, ના, સજ્જન ! મારે એ આવક નથી જોઈતી ! એ આવક કરતાંય કર્ણદેવની કીર્તિ-કમાણીને હું વધારે મૂલ્યવાન ને મહાન ગણું છું !'

સમયે બોલાયેલા શબ્દો ધારણા કરતાંય વધુ અસર કરી ગયા ! ત્રણ ત્રણ વર્ષની આવકનો પાઈ પાઈનો હિસાબ લેવા આવેલા સિદ્ધરાજે પોતાના તરફથી જ ગિરનારનાં દહેરાંઓનો એ જીર્ણોદ્ધાર કબૂલ રાખ્યો.

— • —

ભીમ સાથરિયાના ઘર-આંગણાની પરિસ્થિતિ જુદી જ હતી ! ઘરને આંગણે ઊભો-ઊભો સાથરિયો રોજ રોજ જૂનાગઢ ભણી આશામીટ માંડી રહેતો :

'કેમ ન આવ્યા દંડનાયક ? હવે તો આવવા જ જોઈએ. પારકી થાપણનો આ ભાર હું ક્યાં સુધી ખમતો રહું ?'

'ભીમની વિચારધારા આગળ વહેતી :

'શું બીજો કોઈ વિરલો જંગ જીતી ગયો હશે ? મારા અધરને આરે આવેલો, અનુપમ અવસરનો આ અમૃત-પ્યાલો શું ઝૂંટવાઈ જશે ?'

અંતે જ્યારે જૂનાગઢની દિશાએથી અશ્વોના કોઈ ડાબલા ન જ સંભળાયા, ત્યારે ભીમે ઘોડી દોડાવી મૂકી !

વસુંધરા બહુરત્ના છે, એ વાત સાચી પણ એનાં રત્નો આટલાં બધાં નકલંક હશે, એની ખબર તો દંડનાયકને, ભીમ જ્યારે પોતાની આગળ ખડો થયો, ત્યારે જ જણાયું !

'કેમ દંડનાયક ? પારકી થાપણ મારે ક્યાં ઠાલવવી ? તમારાં તરફથી હજી ગાડાં ન આવ્યાં, તેથી મારે આમ અહીં આવવાનું થયું છે !'

દંડનાયકે બધી વાત વિસ્તારથી કહી સંભળાવી ! કલ્પના સત્ય બની હતી ! નિસાસા સાથે ભીમ બોલ્યો :

'હાય ! અધરને આરે આવેલો અમૃત-પ્યાલો આમ એકાએક જ ઝૂંટવાઈ ગયો, મંત્રીશ્વર ! પણ દાનમાં આપેલી આ રકમ હવે તો મારી ન જ ગણાય. એનો સદુપયોગ તમારે હાથે જ થવો જોઈએ !'

અંતે વામનસ્થળીથી ગાડાં આવ્યાં, જેમાં ભીમ-સાથરિયાનું દાન ગાઈ રહ્યું હતું ! સજ્જનને એ દ્રવ્યનો સ્વીકાર કરવો જ પડ્યો.

ભીમ-સાથરિયાના આ દાનમાંથી 'મેરક-વશી'ની ટૂંકનું નવનિર્માણ થયું, એમ ઇતિહાસ કહે છે.

ભીમ-સાથરિયાની સ્મૃતિમાં એક વિશાળ જળ-કુંડ ગિરનાર પર સજ્જને તૈયાર કર્યો. પવનની ઝાપટે એના જળમાં તરંગો ઊઠતા અને જાણે કહેતા : બહુરત્ના વસુંધરા !

•



## ૧૩ હોડમાં હોમાયેલું તીર્થ

મૂલ્ય ચૂકવો અને ગિરનાર ખરીદો, આવી હોડ-હરીફાઈ આજે ગિરનારમાં ખૂબ રસાકસી સાથે ચગી હતી ! તીર્થ હોડમાં હોમાયું હતું !

યોગિનીપુર-દિલ્હીથી શ્રેષ્ઠીપૂર્ણ બાદશાહી ઠાઠમાઠ સાથે આવીને, ગિરનારની તળેટીએ તંબુઓ તાણીને રહ્યો હતો. એ શ્રેષ્ઠી દિગંબર મતનો કટ્ટર અનુયાયી હતો. એની પાસે બધું જ હતું : લક્ષ્મી ને લાવણ્યની છોળો એના પગ ચૂમતી હતી ! શાન ને શૌર્યની યશકલગીઓ એના માથે ફરતી હતી ! ખૂની અલ્લાઉદ્દીનના વંશજોની કૃપા એણે

મેળવી હતી, જે વંશજો દિલ્હીના તખ્ત પર ભારતનું ભાગ્ય ઘડી રહ્યા હતા ને આવી દોસ્તીના દાવે જ, જ્યારથી સંઘનું પ્રયાણ થયું, ત્યારથી દિલ્હીપતિ તરફથી રક્ષક-સૈન્ય એની કુમકે રહ્યું હતું.

આમ, એક તરફથી દિગંબરીય સંઘ આવ્યો, ત્યારે જ બીજી તરફથી એક શ્વેતાંબરીય સંઘ પણ ત્યાં આવી ઊભો !

એ સંઘના સંઘપતિ હતા : મહામાત્ય પેથડ ! એય જબ્બર પુણ્યશાળી હતા. માંડવગઢમાં રહીને જ એમણે પોતાની હાક આજુબાજુ વગાડી હતી, આખો માલવદેશ એમનાથી ધ્રૂજતો હતો. આટલી બધી રાજ-કૃપા ને છાપ એમણે પોતાની કુનેહથી સંપાદન કરી હતી !

ગિરનારની તળેટી આમ બે સંઘના આગમનથી ભરી ભરી થઈ ગઈ. પહેલો સંઘ દિગંબરોનો આવ્યો ને બીજો સંઘ શ્વેતાંબરોનો આવ્યો.

યાત્રાનું પ્રયાણ પણ સાથે જ થયું. ગિરનારની પહેલી પગથાર પર પણ બન્ને સંઘો એકી સાથે જ આવી ઊભા, પણ ત્યાં જ વાદ-વિવાદ જાગ્યો : ગિરનાર પર કયો સંઘ પહેલાં આગળ વધે ?

દિગંબરો કહે : આ તીર્થ મૂળમાં જ અમારું છે ને તમારાથી પહેલાં પણ અમે જ આવ્યા છીએ, માટે સૌથી મોખરે અમે જ રહીશું.

શ્વેતાંબરીય-સંઘ જ્યારે આંખ આડા કાન કરીને, આગળ ચાલવા તૈયાર થયો, ત્યારે પૂર્ણ સંઘવીના ઈશારે એક સૈન્ય ટુકડી આગળ ધસી આવી. એની મોખરે પૂર્ણ પોતે ઊભો રહ્યો ને એણે ગિરનારની ગુફાઓનેય ગજવી મૂકે એવો એક જોરદાર પડકાર કર્યો :

'ખબરદાર ! એક પણ પગલું આગળ વધ્યા તો ! તીર્થ અમારું છે ! અમે પહેલાં આવ્યા છીએ ને ઉપરથી તમારે આગળ જવું છે ? નહિ બને ! આ ક્યારેય નહિ બને ! જુઓ, આ સમશેરો કંઈ અમથી જ નથી રાખી. એ લાકડાની નહિ, લોખંડની છે !'

ગમે તેમ તોય સામો પક્ષ બળિયો હતો, દિલ્હીપતિના અનુગ્રહની ખુમારી એનામાં છલકી છલકીને ઊભરાઈ આવતી હતી !

પેથડશાહે બળથી નહિ, કળથી કામ લેવાનું વિચાર્યું. સંઘ અટકી ગયો. પેથડશાહે સામા પક્ષથી ટક્કર લેવાનો નિર્ણય કર્યો. એમણે કહ્યું.

'આ ગિરનાર આવા એક નહિ, અનેક વાદ-વિવાદોનો સાક્ષી છે. ગિરનારે આવી તો ઘણી ઘણી હોડ હરીફાઈઓ જોઈ છે, પણ દરેક વખતે અમારો જ જય જાહેર થયો છે ! હજી નજીકનો જ ઇતિહાસ તપાસો, જે ઇતિહાસની શાહી હજી પૂરી સુકાઈ પણ નથી ! શ્રી બપ્પભટ્ટિસૂરીશ્વરજીએ, શ્રી અંબાદેવીના મોઢેથી આ તીર્થના અધિકારી તરીકે કોને ઠરાવ્યા હતા ? કાન પરથી અંધશ્રદ્ધાની આંગળીઓ કાઢી નાખશો, તો એ ગાથાના ગુંજતા પડઘમ હજીય સંભળાશે; જેમાં નારી-નિર્વાણનું તત્ત્વ ખુલ્લંખુલ્લું દેખાય છે : તારેઇ નરં વ નારીં વા ! માટે આ તીર્થ અમારું જ છે, અમે આગળ જવાના જ !'

ન્યાયની સામે વાત, વાદ ને વિવાદ કરવામાંય મજા ! એમાં જય-પરાજય મળે એ બન્ને સારાં, પણ અન્યાયની જોડે વાદ-વિવાદ નકામા ! ને એમાં જય મળે તોય ખતરનાક ! સામો પક્ષ અન્યાયી હતો. મહામાત્ય પેથડશાહની આવી ન્યાયસંગત વાત સાંભળીને એ ધૂંવાંપૂંવાં થઈ ગયો. આમ વાતમાંથી વાદ ને વાદમાંથી વિવાદ જાગી પડ્યો. બન્ને મોરચા વચ્ચે જબરી રસાકસી જામી પડી. એક કહે : તીર્થ અમારું ! આ તીર્થના અધિકારી અમે જ ! બીજો કહે : નહિ, નહિ, તીર્થ તો અમારું જ ને અધિકારી પણ અમે જ !

દિગંબરીય પક્ષે જરા ઝનૂન બતાવ્યું. એના મોરચે સમશેરો સાબદી બનતી ચાલી. આવી તંગદિલીને નાથવા કેટલાક વૃદ્ધો આગળ આવ્યા, ને એમની મધ્યસ્થ દૃષ્ટિ બોલી :

'ભાઈ ! તીર્થ ન એકેય પક્ષનું ! ઇન્દ્રમાળની ઉછામણીમાં જે વધુ દ્રવ્ય બોલે એનું તીર્થ ! ચાલો, ઉપર જઈને તીર્થનો નિર્ણય કરીએ ! ન કોઈ સંઘે આગળ-પાછળ ચડવાનું ! બન્ને સંઘો એકીસાથે તીર્થયાત્રાનું પગલું ઉપાડે ને પ્રવાસ કરે !

બન્ને પક્ષે આ નિર્ણયને વધાવી લીધો, અને બન્ને સંઘોનું સહપ્રયાણ શરૂ થયું ! સંઘ દાદાના દરબારમાં પહોંચી ગયો.

— ● —

કામવિજેતા ભગવાન શ્રી નેમિનાથ સ્વામીના રંગમંડપમાં હવે ખરી રસાકસી જામી રહી હતી ! તીર્થ કોનું ? આ પ્રશ્નને બન્ને પક્ષે, પોતાનો પ્રાણપ્રશ્ન ગણ્યો ને એના ઉકેલ કાજે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવાના શપથ સાથે બન્ને પક્ષે ઝઝૂમી લેવાનો નિર્ણય પણ કરી લીધો.

ગિરનારને પોતાનો સાબિત કરવાની હોડ-હરીફાઈ શરૂ થઈ ! ઉછામણી સુવર્ણથી શરૂ થઈ અને એનીય છેલ્લી સીમા આવી ગઈ ! પછી બીજી રીતેય ઉછામણી શરૂ થઈ ને એનીય છેલ્લી હદ આવી ગઈ અને છેલ્લે છેલ્લે સુવર્ણ ઘડીથી ઉછામણી આંરભાઈ :

'પાંચ ધડી ! શરૂઆત મહામાત્ય પેથડશાહે કરી.

'છ ધડી !'

'સાત ધડી ?'

આમને-સામનેથી ધડીઓનો આંકડો વધવા લાગ્યો ! પૂરના પાણી જેમ હેરત પમાડે એ રીતે ઊંચાં ચડતાં જાય, એમ ધડીની સંખ્યા વધતી જ ચાલી !

ભગવાન નેમનાથની જમણી બાજુએ, પેથડશાહનો પક્ષ ખડો હતો ને ડાબી બાજુએ પૂર્ણનો ! આ પરથી જ વૃદ્ધોએ રૂખ કાઢી લીધી કે, જય કોનો થશે ! એમને પેથડશાહને ભગવાનની જમણી બાજુ સ્થાન મળવાથી એમનો જય નક્કી લાગતો હતો ! મંત્રીશ્વરે હરીફાઈને જોરદાર બનાવી : સોળ ધડી સોનું !

પેથડશાહે આજે જબરી હોડ મૂકી હતી !

દિગંબરીય સંઘ ને સંઘવી પૂર્ણને તો ધોળે દિવસે તારાં દેખાવા માંડ્યાં. બધા સ્તબ્ધ બની ગયા : સોળ ધડી સોનું ? દશ મણની એક

ઘડી ! શું એકસો સાઠ મણ સોનું ? પણ આજે એય વટે ચડ્યા હતા. તીર્થને જતું કેમ કરાય ? દિગંબર સંઘને કાલક્ષેપ જોઈતો હતો, જેથી પોતે તૈયાર થઈ શકે ! એમણે શરત મૂકતાં કહ્યું :

'આઠ દિવસની અવધિ મળવી જોઈએ ! કેમ કે આ પ્રાણ-પ્રશ્ન છે. આનો ઉકેલ આમ એક દિવસમાં જ ન આવી શકે !'

કબૂલ ! કબૂલ ! કબૂલ !' પેથડશાહે સમસ્વરે એ માંગનો સ્વીકાર કર્યો. પૂર્ણે પોતાના સંઘમાંથી સુવર્ણનો ફાળો ઉઘરાવવા માંડ્યો ને બીજું સોનું લેવા દિલ્હી તરફ યોજન-ગામિની સાંઢણીઓ પણ એમણે મોકલી !

મંત્રીશ્વર પેથડશાહ પણ હવે હોડની રસાકસી કળી ગયા હતા. એમણેય માંડવગઢ તરફ પોતાની સાંઢણીઓ દોડતી મૂકી, જે ઘડી એકમાં જોજનનો પંથ કાપી નાખે, એવી ચાલવાળી હતી !

દિગંબર-સંઘમાં પ્રત્યેકે આ પ્રશ્નને પોતાનો ગણ્યો ને સહુને ગિરનારની રક્ષા કાજે નોંધપાત્ર ફાળો ધરી દીધો ! ફાળાની ટહેલની એ ઝોળી છલકાઈ ઊઠી. એમાંથી અઠ્ઠાવીસ ધડી સોનું નીકળ્યું ને બીજું સોનું દિલ્હીથી રવાના થઈ ગયું હતું. પૂર્ણની ખુમારી વધી ગઈ. તીર્થ હવે એણે પોતાના હાથમાં જ લાગ્યું ! એથી આખો દિગંબરીય સંઘ ચાર પગે નાચકૂદ કરવા માંડ્યો !

અવધિ પૂરી થઈ ને પાછી હોડ જામી : અઠ્ઠાવીસ ધડી સોનું !

પૂર્ણ જાણે પ્રશ્ન આગળ પૂર્ણવિરામ મૂકી રહ્યો હોય, એવા ઉત્સાહ સાથે જોરથી બોલ્યો ! એને એમ કે, હવે આનાથી આંકડો વધે એમ નથી, પણ 'શેરના માથે સવાશેર'ની ગર્વભંજક વાણી આજે એ વીસરી ગયો હતો ! સામેથી એના કરતાંય જોરથી ગર્જના થઈ : છપ્પન ધડી સોનું !

પેથડશાહનો એ અવાજ હતો. એમને હવે 'એક-બે'આંકડા વધારીને સમય બગાડવો અસહ્ય થઈ પડ્યો હતો. એમણે 'અઠ્ઠાવીસ'ના સીધા જ 'છપ્પન' કરી નાખ્યાં !

પૂર્ણ ભોંઠો પડી ગયો, પોતાનું એકલાનું નહિ, પોતાના ધર્મનુંય સ્વમાન ઘવાતું હતું. એણે પછી મંત્રણા ચલાવી પણ ફૂટી બદામ ય આપવા હવે કોઈ તૈયાર ન હતું ! બધાએ કહ્યું :

'બાવા થઈને, બધું જ લૂંટાવી દઈને કંઈ અમારે ગિરનાર જોઈતો નથી ! અમે તો આજકાલમાં ચાલ્યા જઈશું. ગિરનાર કંઈ અમારાં ઘરે સાથે આવવાનો નથી, એ તો અહીંનો અહીં જ રહેવાનો છે ! પછી સંપત્તિનું તળિયું ઘસીને એની રક્ષા શા માટે !'

ને મંત્રણા પડી ભાંગી ! અંતે શરમના શેરડા સાથે પૂર્ણે પોતાની હાર કબૂલતાં કહ્યું :

'મંત્રીશ્વર પેથડશાહ ! ઇન્દ્રમાળ-સંઘમાળ તમે જ પરિધાન કરો !'

જયની માળ ને સંઘની માળ એકીસાથે મંત્રીશ્વરના ગળે શોભી રહી ! તીર્થ જેનું હતું, એને જ પાછું મળ્યું ! જે પલ્લામાં સત્યનો ભાર હતો, એ જ પલ્લું નમ્યું !

હોડમાં હોમાયેલો ગિરનાર રક્ષાયો, ધર્મનું જતન થયું, ધનની ન્યોછાવરીથી ને સંપત્તિના સમર્પણથી ! પેથડશાહ ઇન્દ્રમાળનું પરિધાન કરીને નીચે ઊતર્યા, પણ એમના મોં પર તો ધર્મ-ગર્વની જ રેખા વંચાતી હતી !

— ● —

પગમાં પવનનો વેગ હતો ને સાંઢણીઓ માર માર કરતી માંડવગઢ ભણી દોડી રહી હતી !

મૂલ્ય ચૂકવાઈ ગયું હતું ને ગિરનાર જેનો હતો, એનો જ સાબિત પણ થઈ ચૂક્યો હતો. છતાંય આજે અંતરે અંતરે ને મસ્તકે મસ્તકે ચિંતા વંચાતી હતી ! ગઈકાલે જ ઇન્દ્રમાળનું પરિધાન થયું. મંત્રીશ્વર નીચે આવ્યા ને એમણે પ્રતિજ્ઞા અંગીકાર કરી :

'જ્યાં સુધી ગિરનારને સમર્પિત થયેલું છપ્પન ઘડી સોનું, અહીં હાજર ન થાય ને એ દેવદ્રવ્ય ભગવાનના ચરણે ન ધરાય, ત્યાં સુધી મારે આહાર-ત્યાગ !'

આ ખુમારી પર બધા સ્તબ્ધ બની ગયા ! ક્યાં ગિરનાર ને ક્યાં માંડવગઢ ! ને છપ્પન ઘડી સોનું એકાદ બે દિવસમાં કંઈ થોડું જ આવી જાય ! છતાંય મંત્રીશ્વરને દેવદ્રવ્ય પર એટલી બધી શ્રદ્ધા હતી કે, એનું દેવું માથે રાખીને કોળિયો કેમ ઉતારાય ? એ ઋણ ચૂકવવા મંત્રીશ્વર અધીરા હતા અને એમણે ભીષ્મ-પ્રતિજ્ઞા સ્વીકારી હતી. મંત્રીશ્વરની આ પ્રતિજ્ઞામાં બીજા અગ્રણીઓએ પણ સાથ આપ્યો !

કેવું એ દિલ હશે ? દેવનો દીવાનો જ આવી કસોટીને સામી છાતીએ આવકારે ને ભેટે ! મંત્રીશ્વરના દિલમાં દેવ હતા, ને દેવદ્રવ્યની સર્વોત્કૃષ્ટતાનો જીવંત ખ્યાલ હતો ! એમના દિમાગમાં શાસન વસ્યું હતું ને શાસનની શાન-શૌકત, એમના લોહીના કણ કણમાં વણાઈ ચૂકી હતી !

પ્રતિજ્ઞા પથ્થરરેખ જેવી હતી. મંત્રીશ્વરની આગળ આ પ્રતિજ્ઞાની ભીષ્મતા સમજાવીને, નિર્ણય બદલવા ઘણાએ આકાશ-પાતાળ એક કરી જોયાં, પણ જવાબ એક જ મળ્યો :

'માથે દેવું ! અને એય પાછું દેવદ્રવ્યનું હોય, તો એક કોળિયો પણ શેં ઊતરે ? આ દેવ અનોખા છે ને આ દેવદ્રવ્ય અલૌકિક છે ! એનું ઋણ ચૂકવ્યા પછી જ શાંતિનો શ્વાસ લેવાય !'

મંત્રીશ્વર પેથડશાહની આ શાસન વફાદારી જોઈને સહુ મોંમાં આંગળાં નાંખી ગયા !

— ● —

સહુની આંખ માંડવગઢની વાટ પર મીટ માંડી રહી હતી ! પ્યાસું ચાતક ને તૃષાતુર મયૂર, ગ્રીષ્મની ઋતુમાં જેમ આકાશ ભણી જોયા

કરે, એમ સહુની દૃષ્ટિ સાંઢણીઓથી ઊડતી ધૂળ-ડમરીઓ જોવા ઝૂરી રહી હતી !

એક દિવસ વીત્યો ! બીજા દિવસનો મધ્યાહ્ન પણ વીતી ગયો ! ઢળતી સાંજ પણ વીતતી ચાલી, પણ નિરાશા સિવાય કશું જ ન મળ્યું ! આખરે બધાએ આશા છોડી દીધી. બે ઘટિકા જેટલો જ દિવસ હવે બાકી હતો ! સૂર્યાસ્ત સમયે સાંઢણીઓ આવે એનો કોઈ અર્થ જ ન હતો. કારણ મંત્રીશ્વર રાત્રિભોજનના ત્યાગી હતા. એટલામાં તો ડાબલાઓ સંભળાયા ! ધૂળની ઊડતી ડમરીઓ દેખાઈ ! માંડવગઢથી માર માર કરતી સાંઢણીઓ આવી ને ગિરનારની તળેટીએ આવીને એ ઊભી રહી ગઈ !

બે ઘટિકા જેટલો દિવસ હજી હાથમાં હતો. મંત્રીશ્વરે તરત જ છપ્પન ઘડી સોનું કાંટે જોખ્યું ને ભગવાન શ્રી નેમનાથના ચરણે સમર્પિત કરાવ્યું !

મંત્રીશ્વરની આગળ હવે બધાએ ભોજનથાળ મૂક્યા પણ એમણે તો પાછી ના જ પાડી ! બે ઘડી પૂર્વે આહાર-પાણી પતાવી દેવાનો એમનો નિયમ હતો ને એ મર્યાદા ઓળંગીને સૂર્ય તો આગળ વધી ગયો હતો !

સૂર્યને મંત્રીશ્વરનું પારણું જોવું હતું. પણ એ જોવાનું એનું ભાગ્ય ન હતું. એથી એમ ને એમ એ સૂર્યને ચાલ્યા જવું પડ્યું ! અંધારું આખી દુનિયા પર ફરી વળ્યું. છતાંય સંઘની પ્રત્યેક વ્યક્તિની આંતર આલમમાં, મંત્રીશ્વરની પ્રતિજ્ઞા તેજ લિસોટા દોરી રહી હતી !

•



# ૧૪ શત્રુ શરણાગત બન્યો

પ્રભાવ-કથન ક્યારેક પીડા ઉપજાવનારું થાય છે ! શ્રી જિનપ્રભસૂરિજી માટે એક વાર આવું જ બન્યું. બાદશાહ-સુરત્રાણ એમનો અદનો અનુરાગી હતો. એક વાર એણે પૂછ્યું :

‘સૂરિદેવ ! તમારા ધર્મમાં ગિરનારનાં ઘણાં ઘણાં ગીત-ગાન ગવાયાં છે ! શું ગિરનાર આટલો બધો પ્રભાવશાળી છે ?’

‘હા, બાદશાહ જૈની-આલમ જ નહિ, બીજી બીજી પણ આલમો ગિરનારને એક પવિત્ર તીર્થ તરીકે નિહાળે છે. સૌંદર્ય- રમ્યા એ ગિરિ-

ભોમ ઘણી જ સુંદર છે. ત્યાં અમારાં નેમનાથ ભગવાનનું વિશાળ જૈનમંદિર છે. એમના ત્રણ ત્રણ મહાન કલ્યાણકોથી એ ધરતી ધન્ય બની છે. આ ઉપરાંત બીજાં પણ ધર્માલયો ત્યાં છે !'

'મંદિર-મૂર્તિનો કોઈ પ્રત્યક્ષ પ્રભાવ ખરો, સૂરિજી ?'

'પ્રભાવ ? પ્રભાવ તો એવો છે કે, હૈયું હેરત અનુભવે ! ત્યાંની પ્રતિમા અચ્છેદ્ય છે. ગમે તેવા શસ્ત્ર-અસ્ત્રો પણ એની કાંકરીય ન ખેરવી શકે, કારણ કે એ મૂર્તિ દેવાધિષ્ઠિત હોવા સાથે વજ્ર નિર્મિત છે !'

'એમ ? આટલો બધો મહિમા ?' બાદશાહે સાશ્ચર્ય પૂછ્યું ને એ મનમાં બબડ્યો : આ બધી તો કલ્પનાની કથાઓ ! લોખંડી-શસ્ત્રો આગળ એ બાવલું ટકી શકે ? અસંભવ, સાવ જ વાહિયાત વાત ! ચાલ, પરીક્ષા કરી જોઉં !

ને શ્રી જિનપ્રભસૂરિજીની સાથે બાદશાહ સૂરત્રાણ એક દિ' ગિરનાર ભણી પ્રયાણ કરી ગયો.

સૂરિજીના મનમાં શ્રદ્ધા હતી. સમ્રાટના મનમાં શંકા હતી. એક દહાડે દૂર સુદૂર ઊભતાં ગિરનારે દેખા દીધી.

શું ભવ્ય પર્વત ! આભને આલિંગતાં શાં એનાં પ્રોતુંગ શિખરો ! યોજનનાં યોજન સુધી ફેલાયેલો શો એનો ઘેરાવો ! લીલી-કુંજાર વનસ્પતિથી લચી પડેલી શી એની સમતલ અને વિષમભૂમિઓ !

ગિરનારની ભવ્યતાને મુગ્ધભાવે નિહાળતો બાદશાહ એની ગોદમાં આવી ઊભો. પરીક્ષાની પળ હવે હાથવેંતમાં હતી.

ગિરનારની તસુ તસુ જેટલી પર્વતીય ભૂમિ પર, પ્રકૃતિએ કંડારેલું લાખેણું લાવણ્ય નિહાળતો નિહાળતો સુરત્રાણ ભગવાન નેમનાથના મંદિરમાં આવી ઊભો. ત્યાં પહોંચતાં જ બાદશાહને પોતાના ગર્વ-ખંડનનો ભય લાગ્યો !

આષાઢી વાદળની શ્યામળતા, એ પ્રતિમાની પાસે પાણી ભરે એવી હતી. એની મુખમુદ્રા, એનું સપ્રમાણ દેહકંડારણ અને એની મોહકતા પર બાદશાહ વારી ઊઠ્યો. એને થયું : આની પર વળી પરીક્ષા કરવાની હોય ! આજુબાજુના વાતાવરણનો કણ કણ બાદશાહને પોકારી રહ્યો કે, શાહ ! પરીક્ષા કરવાનું માંડી વાળ. તારી શાન નહિ જળવાય ! આ મૂર્તિ જ નહિ, પરંતુ આ મંદિરની તો ઈંટ-ઈંટ પણ દેવોના વાસથી સુરક્ષિત છે !

આવા પોકારથી શાહ વિસ્મિત બની ઊઠ્યો પણ ત્યાં તો એના અંતરનો એક અવાવરુ ઓરડો ખુલ્લો થયો. અશ્રદ્ધાનો એક ઓછાયો એમાંથી બહાર નીકળ્યો ને એણે પુકાર કર્યો :

'શાહ ! પરીક્ષાની પળને ટાણે જ દેવી-દેવતાઓની હાજરાહજૂરી કળાય છે. માટે કરી લે પરીક્ષા ! કદાચ તારો ય જય થાય !'

- ને શાહે પ્રતિમા સમક્ષ પોતાનું વજ્ર ઉગામ્યું !

શ્રી જિનપ્રભસૂરિજી ધ્યાનમગ્ન બેઠા હતા. શ્રદ્ધાએ એમના એક રોમનેય નિવાસવિહોણું નહોતું રાખ્યું ! ત્યાં તો અવાજ થયો : ખ...ણ...ણ ! ખણ...ણ ! ખણ...ણ !

સુરત્રાણે ભગવાન નેમનાથની એ પ્રતિમા પર ત્રણ ત્રણ વજ્રઘાત કર્યા છતાં એની કાંકરીય ન ખરી. બાદશાહ છક્ક થઈ ગયો : રે ! શાહની શાન શું આજે મૂરઝાશે ? એણે પુનઃ એક વજ્રઘાત જોરથી ફટકાર્યો ! પણ રે ! આ શું ! શાહ ફાટી આંખે જોઈ જ રહ્યો. એની આંખો ચકળ-વિકળ થવા માંડી. મૂર્તિમાંથી અગ્નિનાં જ્વલંત સ્ફુલિંગો ખરવા માંડ્યાં ! જાણે વીજળીના જ ટુકડાઓ !

અગ્નિકણોના એ તેજથી શાહ ગભરાયો. એને થયું : આ સ્ફુલિંગની ચિનગારી મારા દેહને ભડથું તો નહિ બનાવી દે ને ? સુરત્રાણે પોતાના

હાથમાં રહેલું વજ્ર એક જ ઝાટકે દૂર દૂર ફગાવી દીધું. જાણે હાથમાંથી એ કાળોતરો નાગ ન ફેંકતો હોય !

સૂરિજી વજ્ર ફંગોળવાના એ અવાજથી ધ્યાનભગ્ન થઈ ગયા, ને એમણે જે દૃશ્ય જોયું, એ જોઈને એમના રોમ-રોમમાં આનંદની કંપારીઓ ફરી વળી !

ત્યાં દૂર દૂર શત્રુ જાણે શરણાગત બન્યો હતો. સુરત્રાણ ભગવાન નેમનાથને ચરણે ભેટી પડ્યો હતો, ને ઊંચે સાદે એ અરજ ગુજારી રહ્યો હતો :

'રહેમાન ! ખુદાવિંદ ! મારી કસૂરને માફી બક્ષજો ! મેં આપના પ્રભાવને, અનુભવની એરણ પર ચડાવવાની બદમુરાદ કરી, પણ હવે મને સમજાય છે કે, એ મારી કસૂર હતી.'

ને સુરત્રાણ થોડી પળો સુધી, એમ ને એમ ઘૂંટણિયે પડી રહ્યો. નાનું બાળક ભયભીત બનીને માનો ખોળો પકડે, એના જેવો શરણાગત ભાવ સુરત્રાણના એ નમનમાં કળાતો હતો.

થોડી વાર પછી બાદશાહ ખડો થયો. પોતાનો દેહ હવે એને હળવો ફૂલ લાગતો હતો. શ્રદ્ધાના એ વિજયની ખુશાલી રૂપે, જતાં જતાં સુરત્રાણે ભગવાન નેમનાથના ચરણે સુવર્ણનો ઢગ સમર્પિત કર્યો !

— • —

એ જ રાતની વાત ! બાદશાહની આ ભક્તિની સાથેના કેટલાક ઝનૂની મ્લેચ્છોમાં વિપરીત અસર થઈ. સવારના ચમત્કારની એ અસરને ધોઈ નાંખવા માટે એમણે એક નવો મોરચો ગોઠવ્યો.

ગિરનારનાં એ મંદિરોમાં જેટલી જેટલી શ્યામ મૂર્તિઓ હતી, એ બધી મૂર્તિઓને મ્લેચ્છોએ એકઠી કરી ને એક ઠેકાણે પૂરી દીધી. એથી મહાજન ભયભીત હતું. મ્લેચ્છોએ મહાજનને કહ્યું :

'આ બધાં ભૂતો આજની રાતે અમને કંઈક પરચો બતાવશે, તો જ અમે આ બધી મૂર્તિઓ સવારે તમને માનભેર પાછી સોંપીશું, નહિ તો કાલની સવારે ભરબજારે આ બધી મૂર્તિઓનો ભુક્કે-ભુક્કો બોલાવીને જ અમે જંપીશું !'

મ્લેચ્છોની આ વાત સાંભળીને જ મહાજન સ્તબ્ધ બની ગયું. એક રાત જ આડી હતી.

રાત પડી ! મધરાત પડી ! ને સવાર પણ પડી !

મ્લેચ્છોના આનંદનો અત્યારે આરો-ઓવરો ન હતો, કારણ કે એક પણ મૂર્તિએ પરચો બતાવ્યો ન હતો. મહાજન સામે જ ખડું હતું. મ્લેચ્છોએ પોતાનો જય સૂચવતાં કહ્યું :

'આ પૂતળાંઓ આખી રાત મૂંગાં જ રહ્યાં છે. ન અમે પરચો જોયો ! ન અમે એમાં થોડીય હલચલ જોઈ ! હવે આ પ્રતિમાઓનો ભુક્કો બોલાવવો એ અમારા હાથની ને હૈયાંની વાત છે !'

મહાજનનું હૈયું તૂટું તૂટું થઈ ગયું. એ મહાજન સીધું જ સૂરિજી પાસે પહોંચ્યું. રાતની બધી વાતની ફલશ્રુતિ જાણીને સહુ સ્તબ્ધ બની ગયા. સૂરિજીએ સમ્રાટને સાદ દીધો. ને એમને બધી વાત જણાવી !

આ બધા પ્રપંચોથી બાદશાહ અણજાણ હતો પણ આ જાણ્યા પછી પોતાને રાતે આવેલા એ સ્વપ્નની કડીઓ એને જોડાતી જણાઈ ! એણે સત્તાવાહી સૂરે મ્લેચ્છોને સાદ દીધો ! મલેચ્છોએ આવતાંની સાથે જ કહ્યું :

'નામદાર ! આપ ગઈ સવારે ઠગાયા. આ બુતપરસ્તી મૂકી દો !'

'કઈ રીતે હું ઠગાયો ?' સુરત્રાણે જાણે અજ્ઞાન દર્શાવ્યું.

ને મ્લેચ્છોએ મનનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં. ઠાવકે મોઢે બધું સાંભળી બાદશાહે પૂછ્યું :

'શું તમને ભૂતોએ કંઈ જ ન કહ્યું ?'

'ના, ના. કંઈ જ નહિ !'

બધાંએ સમસ્વરે અવાજ કર્યો.

'પરચો પણ પુણ્ય હોય, તો જ જણાય ! મને રાતે ખ્વાબમાં...'

'શું આપને ખ્વાબમાં કંઈ પરચો મળ્યો ?'

'હા, રાતે બધા જ ભૂતોએ મને સાવધાનીની સૂચના કરી કે, શાહ ! તમારી પર મોટી આફત તોળાયેલી છે. તમારા મ્લેચ્છોને હાથે, એક પણ મૂર્તિની કાંકરી ખરશે, તોય તમારું ભાવિ ભયાનક નીવડશે !'

મ્લેચ્છોની આંખ ફાટી ગઈ. બધા મ્લેચ્છો થર થર કંપવા લાગ્યા !

'અત્યાર સુધી તો મને ખ્વાબના ખુદાઓની આ વાતનું અનુસંધાન જડતું ન હતું : શું મૂર્તિઓ ને શું ખંડન ! પણ અત્યારે જ્યારે આ બધું જાણ્યું, ત્યારે મારી આંખ ક્રોધથી લાલઘૂમ બની ઊઠી !'

સહુનાં કંપનો વધવા માંડ્યાં !

'નાદાનો ! મને 'બુતપરસ્તી'થી પાછા હઠવાની સલાહ દેનારા તમે કોણ ? આ ખુદા તો જાગતો ખુદા છે. ગઈ રાતની પળ મારા જીવનની સહુથી વધુ કિંમતી પળ છે ! આવા ખુદાને ખતમ કરવાનો તમે પ્રપંચ રચ્યો ને એય મારી જાણ બહાર ! જાવ, તમને સહુને શૂળીની અણીએ ચડાવવાનો હુકમ દેવામાં આવે છે !'

બાદશાહે હાથ પછાડ્યા. એમનો ક્રોધ નિઃસીમ બન્યો હતો. બધા મ્લેચ્છોને શૂળીએ ચડાવવાની આજ્ઞા કર્યા છતાં હજી એમની આંખનો અગન શાંત થયો ન હતો !

મ્લેચ્છોની આંખ સામે જ પોતાનું કમકમાટીભર્યું મોત કાળની કાતિલ કટારી ઉગામીને ખડું હતું.

લોહી થીજી ગયું હતું. આંખે આંખે લટકતાં આંસુનાં તોરણો, વાતાવરણની કરુણાને વધારતાં હતાં. કોઈ મોં એવું ન હતું, જેમાં નિસાસો ન હોય, અને 'જીવનભિક્ષા' કાજેની કાકલૂદી ન હોય !

મહાજનની કરુણતા આ જોઈને જાગી ઊઠી. એને થયું કે, આપણી ખાતર મોત ! એણે બાદશાહને વીનવ્યા : સુલતાન ! આ બધાની કસૂરને માફી બક્ષો ! આવું અમાનુષીય કાર્ય હવે એમના હાથે નહિ થાય, એની જવાબદારી અમારી !

'આમને માફી ? હરગિજ નહિ !'

બાદશાહ બરાડી ઊઠ્યો, પણ ત્યાં તો સૂરિજી આવી પહોંચ્યા. એમની ઇચ્છાને આવકાર્યા સિવાય શાહનો છૂટકો ન હતો. સૂરિજીની માગણીને માન આપીને એ બધાના ગુના માફ કરવામાં આવ્યા. સહુ મ્લેચ્છો ગિરનારના ગીત લલકારતાં લલકારતાં મોતમાંથી મુક્ત થયા. શત્રુઓ જાણે શરણાગત બન્યા હતા !

●



## ૧૫ મુંડને વળી મૂડકું શું ?

અડવાણાં કદમ ! અડવાણું મસ્તક ! અને અવિરત પ્રવાસ !

દૂરદૂરથી કેઈ ગામ નગરોને વટાવતા, કેઈ દેશ, દિશાઓને પાછળ મૂકતા, થોડા મુનિઓ આજે મંજિલને જોઈ શક્યા હતા. એમની મંજિલ હતી : ગિરનાર ! એમની હૈયાસિતારી પર સંગીત હતું : કામવિજેતા ભગવાન અરિષ્ટનેમિનું !

મન મહોરી ઊઠ્યું : રે ! આજે આપણો તીર્થઘાટ આવ્યો ! મુનિઓએ ગિરિ-આરોહણ કાજે કદમ ઉઠાવ્યાં, પણ આગળ વિઘ્ન હતું. જેની એમને એંધાણી પણ ન હતી.

એ કાળે, તરવાના ત્રાપા સમા તીર્થ શ્રી ગિરનારને કેટલાકે મરવાનું સાધન બનાવ્યું હતું. દરેક યાત્રી પાસેથી ત્યારે મૂંડકાવેરો લેવાતો હતો. આ કર ચૂકવ્યા વિના, કોઈ આગળ વધી શકતું નહોતું. માણસ-દીઠ પાંચ દ્રમ્મનો મૂંડકાવેરો ત્યારે દરેક યાત્રી પર લાદવામાં આવેલો હતો.

મુનિઓના મનમાં, ગિરનારનાં ગીત ઘૂંટાતાં હતાં. એઓ તો કોઈ અપૂર્વ મસ્તી સાથે આગે બઢી રહ્યા હતા પણ એ મસ્તી ઝાઝી ન ટકી ! મુનિઓ થોડે દૂર ગયા, ત્યાં જ એમને રોકવામાં આવ્યા. મુનિઓને આશ્ચર્ય થયું : રે ! નીલ ગગનનાં આ ઊડતાં પંખીઓ, ભગવાનને ભેટવા જાય છે; ત્યારે એમાં રુકાવટ શાની ? એમણે પૂછ્યું :

'પણ રોકવાનું કંઈ કારણ ?'

'કેમ, અજાણ છો ? મૂંડકાવેરો ચૂકવો, પછી આગળ વધો !'

'મૂંડકાવેરો ! અમારા પોતાના ભગવાનને ભેટવા જતાંય અમારે મૂલ્ય ને મૂંડકું ચૂકવવું પડે ? મુંડને વળી મૂંડકું શું ?'

મુનિઓના મોં પર આશ્ચર્યની રેખાઓ જણાતી હતી.

'હાસ્તો ! યાત્રા એમ કંઈ મફતમાં થાય ? મૂલ્ય ચૂકવીને મળેલી ચીજનું મહત્ત્વ વધુ હોય છે !'

'શું આટલે દૂરથી અમે પગપાળા ચાલીને આવ્યા, એ ઓછું મૂલ્ય છે ? દૂર દૂરથી ધરતીને માપતા ને કાપતા અમે અહીં આવ્યા છીએ !'

'એ બધું તો તમે જ જાણો ! અમારું કહેવું તો એટલું જ છે કે, મૂંડકવેરાના પાંચ દ્રમ્મ રોકડા ચૂકવો, પછી જ આગળ વધાશે !'

મુનિઓએ જોયું કે, સામા માણસો કદાગ્રહી છે. સમજાવટથી અહીં ફાવટ મળે એમ નથી. રે ! આ તો કેવું ? પોતીકા પ્રભુને ભેટવામાંય આવો અવરોધ ! એ દિવસે મુનિઓ પાછા ફર્યા પણ એમના અંતરમાં તો એક આંદોલન ઊભું થઈ ગયું હતું કે, ગમે તે રીતે આ વેરો હઠાવવો !

હારે એ હૈયું બીજું ! મુનિવરો બીજે દિવસે પણ યાત્રા માટે ગયા. આજેય ગઈકાલની જ પુનરાવૃત્તિ થઈ : મૂંડકાવેરા વિના યાત્રા કેવી ? મુનિવરો પાછા ફર્યા. પાછા ફરતાં એમણે સાંભળ્યું કે, ગુજરાતની ગૌરવમૂર્તિસમા મહામાત્ય શ્રીવસ્તુપાલ સંઘ સાથે આવતી કાલે અહીં આવવાના છે, ને એમની આંખમાં આશાનૃત્ય આરંભાયું ! એમને થયું : આ મૂંડકાવેરાને મહામાત્ય જરૂર હઠાવી શકશે !

ત્રીજા દિવસે મુનિવરોએ, ગિરનાર ભણી પાછાં કદમ બઢાવ્યાં. કુમારદેવી સરોવરની પાસે એઓ આવ્યા, ત્યાં જ મંત્રીશ્વર દેખાયા.

મૂંડકવેરાની આ આફત મંત્રીશ્વરના ધ્યાન બહાર ન હતી પણ જો કોઈ કુનેહથી પગલું લેવામાં ન આવે, તો પરિસ્થિતિ વધુ વણસી જવાનો ભય હતો. એમણે ગિરનાર ભણી જોયું, તો થોડા મુનિવરો યાત્રા કાજે જઈ રહ્યા હતા. મુનિવરોને વંદના કરીને એમણે કહ્યું :

'મુનિવરો ! થોડી જ વાર રોકાઈ જાઓ ! સંઘ સાથે આપ પ્રયાણ કરશો, તો જ યાત્રા નિર્વિઘ્ને થશે. મૂંડકાવેરો ચૂકવ્યા વિના ભગવાનનું દર્શન નહિ મળે. આ પરિસ્થિતિથી આપ અજાણ તો નહિ જ હો.'

મૂંડકાવેરાને મહાત કરવાની આ પળને, એળે ગુમાવવી પાલવે એમ ન હતી. મુનિવરો પળને પરખી ગયા ને બોલ્યા :

'મંત્રીશ્વર ! તમારા જેવા કાર્યદક્ષ કર્મ-યોગીએ 'એક'નું જ નહિ, 'લોક'નું પણ હિત વિચારવું જોઈએ ! અમે તો કદાચ તમારી સાથેય આવીએ ને અમારી યાત્રાય થઈ જાય, પણ લોકનું શું ? આ મૂંડકવેરાએ કેટલાય પ્રવાસીઓના પગનું પરાક્રમ હરી લીધું છે, તે રોજબરોજ ધસી આવતા, યાત્રીઓના કલરવથી ગુંજતો ગિરનાર, આજે કેવો સૂનો સૂનો ભાસે છે ?'

મંત્રીશ્વર આ વાત સાંભળી જ રહ્યા. એક માટે નહિ, લોક માટે જ એમની પ્રવૃત્તિઓ હતી. આ વેરાને હઠાવવા એમણે જહેમત લીધીય હતી, પણ એના પાયા ઘણા ઊંડાણ સુધી ઊતરી ગયા હતા. આ

મુનિવરોમાં એઓ ઝંઝાવાતી-બળ નીરખી રહ્યા. આશાભર્યા સાદે એમણે કહ્યું :

'મુનિવરો ! આપની વાત તો સાચી, પણ કોઈ કુનેહ અહીં હવે ફાવટ મેળવી જાય, એ વાતમાં મને તથ્ય જણાતું નથી. પ્રયત્નો ઘણા ઘણા થઈ ગયા છે, પણ આજેય મૂંડકાવેરો તો ચાલુ જ છે !'

મુનિવરો મંત્રીશ્વરની આ હૈયાંખોલ વાત સાંભળીને આનંદ પામ્યા. આંદોલનની સફળતા હવે પોતાના હાથમાં હતી. એમણે જવાબદારી લેતાં કહ્યું :

'મંત્રીશ્વર ! અમે બે બે દિવસથી રોજ યાત્રા કાજે જઈએ છીએ, પણ હજી અમારા 'દીર્ઘ-પ્રવાસ'ની સફળતા અમે મેળવી શક્યા નથી. અમે નક્કી કર્યું છે કે, આ મૂંડકાવેરો તો હઠાવવો જ ! તમે જો અમને પીઠ-બળ આપો, તો આ મૂંડકાવેરો બંધ થાય એમ છે !'

'મારા પીઠબળથી ? તો તો મારો તમને હાર્દિક સાથ છે ! આપ કદમ ઉઠાવો, આ પણ શાસનની શાનનું જ કાર્ય છે !'

મંત્રીશ્વર હસી ઊઠ્યા. આ નૌજવાન મુનિઓની તાકાત આગળ એમને 'વેરા'ના ઊંડા-પાયાની મજબૂતી કમતાકાત લાગી !

ને કેટલીક અગત્યની વાતો કરીને એ મુનિવરોએ ગિરનારની પગથાર પર પ્રવાસ આરંભ્યો ! 'કરવું કે મરવું'નો અડગ-વિચાર એમની ગતિ-મતિમાં હતો ! થોડે દૂર જતાં જ રુકાવટ માટે સાદ પડ્યો :

'બે-બે દિવસથી આમ ને આમ હાલ્યા આવો છો, સાવ ખાલી હાથે ! કીધું નહિ તમને કે, મૂંડકાવેરાના પાંચ દ્રમ્મ અહીં મૂકો, પછી પગલું ઉઠાવો !'

એ અવાજમાં ઉગ્રતા હતી, સાથે સાથે ઉશ્કેરાટ પણ ! મુનિવરો પણ જરા ઉગ્ર બન્યા :

"મુંડને વળી મૂંડકાવેરો શાનો ! અમે તો સાધુ છીએ, અમારી પાસે ક્યાં સંપત્તિ છે ? જુઓ, આ માથે વાળ પણ નથી, અમે તો મુંડ છીએ ! વાળ હતા, એ પણ કોઈને આપી દીધા. હવે તમને અમે શું આપીએ ?'

મુનિવરોનો જોશ-જુસ્સો જોઈને સામે પક્ષેય જુવાળ વધ્યો. આમ ને આમ વાતે વાદનું સ્વરૂપ પકડ્યું. વાદ, વિવાદમાં પલટાયો. કડવાં તીખાં ઘણાં વેણોની વર્ષા થઈ, અંતે મૂંડકાવેરાના એ નિયમને પગ નીચે કચડીને મુનિઓ આગળ વધી ગયા. આજે છેક ત્રીજા દિવસે, ગિરનારના એ ગીત-ગાયકોના મોં ઉપર ઉલ્લાસ, ઉજમા અને ઊર્મિની ત્રિવેણી રચાઈ !

– ● –

મુનિઓ ચાલ્યા ગયા, એથી મૂંડકું ઉઘરાવનારાઓનો ક્રોધ નિઃસીમ બન્યો : રે ! એક તો મૂંડકું ચૂકવ્યું નહિ ને ઉપરથી આપણા પર સત્તા ચલાવીને એ ગયા ! આ તો હડહડતો અન્યાય ! આની દાદ-ફરિયાદ થવી જ જોઈએ, ને એ બધા મંત્રીશ્વર પાસે આવ્યા. ધા નાંખીને એમણે પોતાની ફરિયાદ રજૂ કરી. મંત્રીશ્વરે સહાનુભૂતિનો ભાવ બતાવ્યો ને બીજી બાજુ એ મુનિઓને તેડાવ્યા. ફરિયાદીઓને થયું : મંત્રીશ્વર અમારા પક્ષમાં છે !

મુનિઓએ ધાર્યું જ હતું : તેડું આવવું જ જોઈએ. ને થોડી વારમાં તેડું આવ્યું. મુનિવરો મંત્રીશ્વર પાસે ખડા થઈ ગયા.

ફરિયાદીઓએ કહ્યું : મંત્રીશ્વર ! આ મુનિઓએ 'નિયમ-ભંગ' તો કર્યો, પણ એ ઉપરાંત અમારી પર જોર-જુલમી કરીનેય યાત્રા કરી. આનો ન્યાય માંગવા અમે અહીં આવ્યા છીએ !'

પોતાનું મોં મુનિઓ ભણી વાળીને મંત્રીશ્વરે પૂછ્યું : મુનિવરો ! આ ફરિયાદની 'સાચ-જૂઠ' અંગે આપને કંઈ કહેવું છે ?

મુનિવરોએ મક્કમતાથી કહ્યું : હા. મંત્રીશ્વર ! મૂંડકું ભર્યા વિના જ યાત્રા કરી, એ અમે કબૂલીએ છીએ, પણ આમાં પ્રશ્ન એ છે કે,

મૂંડને વળી મૂંડકું શાનું ? અહીં આવ્યાને આજે ચોથો દિવસ છે ! ત્રણ ત્રણ ઉપવાસ થયા, પછી અમે ભગવાનનું દર્શન પામ્યા. પહેલે દિવસે ગયા ને આમણે અમને રોક્યા. કહે : પાંચ પાંચ દ્રમ્મ આપો ! અમારી પાસે ક્યાં પૈસા હતા ? અમે યાત્રા કર્યા વિના જ પાછા ફર્યા ! બીજે દિવસેય આ જ હાલત થઈ. અમે વિચાર્યું : હવે કાલે તો યાત્રા કરવી જ ! આ ચિર-પ્રવાસની પાછળ, ગિરનાર અમારી 'આશા-મૂર્તિ' હતો. એને ભેટ્યા વિના પાછું પણ કેમ જવાય ! અંતે અમે ગઈકાલે યાત્રા કરી આવ્યા. 'નિયમ-ભંગ'ય થયો. વાદ-વિવાદ પણ થયો. અમારું તો એ ચોક્કસ માનવું છે કે, આવા મહાન તીર્થ પર મૂંડકાવેરો એક કાળું ને કારમું કલંક છે. તમારે આ વિષયમાં સચોટ ન્યાય તોળવો જોઈએ !

મુનિવરો મૌન થયા. થોડી પળો મૌનથી ગંભીર બની ગઈ ! મંત્રીએ ફરિયાદીને પૂછ્યું : મુનિવરોની આ વાતની સચ્ચાઈ માટે તમારે કંઈ કહેવું છે ?

'મંત્રીશ્વર ! બધી જ વાત સાચી છે. અમે એમને રોક્યા. પાંચ પાંચ દ્રમ્મ એમની પાસે યાચ્યા પણ આ તો અમારી ઈજારદારી ને હક્ક છે ! પાંચ દ્રમ્મ દરેક યાત્રીદીઠ અમને મળે છે ને મળવા જ જોઈએ !' વળી થોડી પળો સુધી મૌન છવાયું ! મૌનભંગ કરતાં મંત્રીશ્વર બોલ્યા :

'આમાં મારે કોનો પક્ષ તાણવો ! એક બાજુ મારા પૂજનીય મુનિઓ છે, બીજી બાજુ તમે ! તમે એમ કરો. આમાંથી એક મધ્યમ માર્ગ પસંદ કરો ! આ મૂંડકાની વાત પર મૌનનો પડદો ઢાળી દો ! ભવિષ્યમાં પણ આ પ્રથા પુનઃવિવાદ ઊભો કરે, એવી પૂર્ણ શક્યતા છે. માટે આ મૂંડકાવેરાના બદલામાં તમે બીજું કંઈ માંગી લો !'

આ મધ્યમ-માર્ગ આમ તો ફરિયાદીઓને સારો લાગ્યો કારણ કે યાત્રીઓ પાસેથી પાંચ-પાંચ દ્રમ્મ ઉઘરાવતાં એમનેય ખબર પડી જતી હતી. કેટલીક મથામણ ને કેટલીય ઝંઝટને અંતે 'મૂંડકું' મળતું હતું પણ આના બદલે માંગવું શું ? બધા વિચારમાં પડી ગયા.

મંત્રીશ્વરને હવે મોડું થતું હતું. એમણે જરા ઊંચા સાદે કહ્યું :

'કેટલી વાર ? આના બદલે કંઈક બીજું માંગી લો ! યોગ્ય માંગ પર હું વિચાર કરવાય નહિ થોભું. મારે મોડું થાય છે. ભાવિની ને અત્યારની બધી મુસીબતો આ 'મધ્યમમાર્ગ'થી ટળી જશે !'

ફરિયાદીઓએ જવાબમાં જણાવ્યું :

'મંત્રીશ્વર ! માર્ગ તો સાચો છે, પણ આ મૂંડકાવેરામાં તો ઘણા ઘણાના ભાગ છે ! કોણ આનો નિર્ણય કરે ?'

'તમે જો નિર્ણય કરવાને અસમર્થ હો, તો આ વાત મને સોંપી દો ! મારી પર તો તમને વિશ્વાસ છે ને ?'

'આપના પર વળી અવિશ્વાસનો છાંટોય રખાય ? આપ ન્યાય તોળો, એને અમે સમસ્વરે વધાવી લઈશું !'

'ચોક્કસ ! પછી એ માર્ગ છોડીને, એક પગલુંય આડું-અવળું નહિ મૂકી શકાય !'

'અમારા પર વિશ્વાસ રાખો, મંત્રીશ્વર !'

'આપનો ન્યાય અમે મસ્તક પર ચડાવીશું.'

બધાંની સમસ્વરી આ કબૂલાત પછી મંત્રીશ્વરે કહ્યું, આ મૂંડકવેરા આજથી રદ કરવાનો હુકમ થાય છે ને એના બદલામાં, આ જીર્ણદુર્ગની ગોદમાં વસેલું 'કુહાડી' ગામ તમને આપવામાં આવે છે. એની ઊપજ પર તમારો સંપૂર્ણ અધિકાર આજથી માન્ય કરવામાં આવે છે. એની સંપૂર્ણ આવક તમારી ! બસ !'

સહુ આનંદી ઊઠ્યા. 'કુહાડી' ગામનો 'ઇજાર-લેખ' હાથમાં આવતાં જ સહુએ મંત્રીશ્વરનો જયઘોષ કર્યો.

ગિરનારની કોતરોમાં થઈને એ જયઘોષ જ્યારે પાછો વળ્યો, ત્યારે મંત્રીશ્વર સંઘ સાથે ગિરનારની પગથાર પર આગે બઢી ગયા હતા !

●



## ગૌરવવંતો ગિરનાર અને જિનાલયો

**'પૂ. તપસી મહારાજ'** તરીકે ઓળખાતા વર્ધમાન તપ પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી **હિમાંશુસૂરીશ્વરજી** મહારાજાની ગિરનાર તરફથી ભક્તિભાવના અદ્ભુત હતી. વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજનું શિષ્યત્વ ધરાવનારા તેમના ગુરુબંધુ પૂ.આ.**શ્રી જિતમૃગાંકસૂરીશ્વરજી** મહારાજ તથા સંસારી સંબંધે પુત્ર પૂ.આ.**શ્રી નરરત્નસૂરીશ્વરજી** મહારાજ પણ અદ્ભુત સંયમ સાધના કરી ગયા. તપસ્વી પૂજ્ય આચાર્યદેવશ્રીની અદ્ભુત સેવાનો લાભ પામનારા પૂ.પંન્યાસપ્રવર **શ્રી હેમવલ્લભવિજયજી** ગણિવર (પૂજ્ય પંન્યાસ **શ્રી ચન્દ્રશેખર-વિજયજી** ગણિવરના શિષ્યરત્ન પૂ. પં. **શ્રી ધર્મરક્ષિતવિજયજી** ગણિવરના શિષ્યરત્ન) પણ સેવાના પ્રભાવે આયંબિલતપમય અને ગિરનારમય બનવા પૂર્વક **'સૌ ચાલો, ગિરનાર જઈએ'** આવા નાદથી સકળ સંઘમાં ગિરનાર ભક્તિની ભરતી આણવામાં જે રીતે નિમિત્ત બનવા ઉપરાંત ગિરનારના મંદિરોના જીર્ણોદ્ધારના પ્રેરક બની રહ્યા છે, એનો જ એ પ્રભાવ છે કે, આજે ચો તરફથી ગિરનારના યાત્રિકોનો પ્રવાહ વૃદ્ધિંગત બની રહ્યો છે. પૂજ્યશ્રી દ્વારા લિખિત 'સૌ ચાલો ગિરનાર જઈએ' આ પ્રકાશનના આધારે આ વિભાગ સંકલિત કરવામાં આવ્યો છે.

–•–

• ગિરનારગિરિ પણ શત્રુંજયગિરિની જેમ પ્રાયઃ શાશ્વત છે. પાંચમા આરાના અંતે શત્રુંજયની ઊંચાઈ ઘટીને સાત હાથ થશે, ત્યારે શત્રુંજયના પાંચમા શિખર સમા ગિરનારની ઊંચાઈ સો ધનુષ્ય રહેશે.

● પાંચમું શિખર હોવાથી તે પંચમ જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન અપાવનારું છે.

● આ મનોહર એવો ગિરનાર સમવસરણની શોભાને ધારણ કરે છે, કારણ કે તે વિસ્તારથી મધ્યમાં ચૈત્યવૃક્ષ જેવું મુખ્ય શિખર અને ગઢ જેવા આજુબાજુમાં અન્ય નાના પર્વતો આવેલા છે. જાણે કે ચાર દિશામાં ઝરણાં વહેતાં હોય તેવા ચાર દ્વારો રૂપ ચાર પર્વતો શોભી રહ્યા છે.

● ગિરનાર ઉપર અનંતા તીર્થંકરો આવેલા છે અને મહાસિદ્ધિ અર્થાત મોક્ષપદને પામેલા છે. બીજા અનંતા તીર્થંકરના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે. તેમજ અનેક મુનિઓ પણ મોક્ષપદને પામ્યા છે અને ભવિષ્યમાં પામશે.

● ગઈ ચોવીસીમાં થયેલા ૧, શ્રી નમીશ્વર ૨, શ્રી અનિલ ૩, શ્રી યશોધર ૪, શ્રી કૃતાર્થ ૫, શ્રી જિનેશ્વર ૬, શ્રી શુદ્ધમતિ ૭, શ્રી શિવંકર અને ૮, શ્રી  સ્પંદન નામના આઠ તીર્થંકર ભગવંતોના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક અને અન્ય બે તીર્થંકર ભગવંતના માત્ર મોક્ષકલ્યાણક ગિરનાર ગિરિવર ઉપર થયા હતા. વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ગિરનાર ઉપર થયા છે. તેમાં દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક સહસાવન (સહસ્રામ્રવન)માં તથા મોક્ષકલ્યાણક પાંચમી ટૂંક ઉપર થયેલ છે. આવતી ચોવીસીમાં થનારા શ્રી પદ્મનાભ થી માંડીને શ્રી દેવ સુધીના ૨૨ તીર્થંકરોના મોક્ષ કલ્યાણક તથા શ્રી અનંતવીર્ય શ્રી ભદ્રકૃત આબેના દીક્ષા-કેવલ-નિર્વાણ કલ્યાણક ગિરનાર પર ઉજવાશે.

● ગિરનાર મહાતીર્થની ભક્તિ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનના રહનેમિ સહિત આઠ ભાઈઓ, શાંબ, પ્રદ્યુમ્ન આદિ અનેક કુમારો, કૃષ્ણ મહારાજાની આઠ પટ્ટરાણીઓ, સાધ્વી રાજીમતિશ્રી આદિ અનેક ભવ્યાત્માઓ મોક્ષપદને પામ્યા છે અને કૃષ્ણ મહારાજાએ તો આ

તીર્થભક્તિના પ્રભાવે તીર્થંકરનામકર્મ બાંધેલ છે તેથી તેમનો આત્મા આવતી ચોવીસીમાં બારમાં તીર્થંકર શ્રી અમમસ્વામી બની મોક્ષપદને પામશે.

● ગિરનાર મહાતીર્થ તથા શ્રી નેમિનાથ ભગવાન ઉપર અવિહડરાગના પ્રભાવે ધામણઉલી ગામના ધાર નામના વેપારીના પાંચપુત્રો ૧, કાલમેઘ ૨, મેઘનાદ ૩, ભેરવ ૪, એકપદ અને ૫, ત્રૈલોક્યપદ આ પાંચેય પુત્રો મરીને તીર્થના ક્ષેત્રાધિપતિ દેવ થાય છે.

● વલ્લભીપુરનો ભંગ થતા ઇન્દ્રમહારાજાએ સ્થાપન કરેલ શ્રી નેમિનાથ ભગવાનના બિંબની રત્નકાંતિ ગિરનારમાં લુપ્ત કરવામાં આવી હતી તે મૂર્તિ આજે ગિરનારમાં મૂળનાયકના સ્થાને બિરાજમાન છે. આ શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ લગભગ ૧,૬૫,૭૩૫ વર્ષ ન્યૂન (ઓછા) એવા ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષ પ્રાચીન છે. જે ગઈ ચોવીસીના ત્રીજા સાગરનામના તીર્થંકરના કાળમાં બ્રહ્મેન્દ્ર દ્વારા બનાવવામાં આવેલ હતી. આ પ્રતિમાને પ્રતિષ્ઠિત કર્યાને લગભગ ૮૪,૭૮૫ વર્ષ થયા છે. તે મૂર્તિ આ જ સ્થાને હજુ લગભગ ૧૮, ૪૬૫ વર્ષ સુધી પૂજાશે ત્યારબાદ શાસન અધિષ્ઠાયિકા દ્વારા પાતાળલોકમાં લઈ જઈને પૂજાશે.

● સહસ્રાવનમાં નેમિનાથ ભગવાનના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક થયા હતા. શ્રી નેમિનાથ ભગવાનના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના કરવામાં આવી હતી અને પ્રભુએ પ્રથમ તથા અંતિમ દેશના આપી હતી. અહીં હાલ સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા યુક્ત અદ્ભુત સમવસરણ મંદિર છે.

● ગિરનાર ગિરિવરની પહેલી ટૂંકે હાલ-ચૌદ ચૌદ બેનમૂન જિનાલયો શોભી રહ્યા છે. ભારતભરમાં મૂળનાયક તરીકે તીર્થંકર ન હોય તેવા સામાન્ય કેવળી સિદ્ધાત્મા શ્રી રહનેમિનું એક માત્ર જિનાલય ગિરનાર ગિરિવર ઉપર છે.

● રૈવતગિરિ મહાતીર્થના પહાડ ઉપર આવેલા દેરાસરના નિર્માણમાં વિશિષ્ટ કોટિની કાર્યકુશળતાના દર્શન થાય છે. શિલ્પકલાના સૌંદર્યની વિવિધતાના કારણે બધા જિનમંદિરો પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે. આબુ-દેલવાડા-રાણકપુર ને જેસલમેર આદિ જિનાલયોની કલાકૃતિ અને ઝીણી ઝીણી કોતરણીની યાદ અપાવે તેવી વિશિષ્ટ કલાકૃતિ આ ગિરનાર મહાતીર્થના જિનાલયોમાં જોવા મળે છે, મનોહર અને નયનરમ્ય એવા જિનાલયોની જિનપ્રતિમા તથા કલા-કુશળતા નિરખતાં મન ધરાતું નથી. દરેક જિનાલયનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

**શ્રી નેમિનાથજીની ટૂક :-**

કિલ્લાના મુખ્યદ્વારથી અંદર પ્રવેશ કરતાં ડાબી બાજુ હનુમાનની તથા જમણી બાજુ કાલભૈરવની દેરી આવે છે. ત્યાંથી ૧૫-૨૦ ડગલાં આગળ ચાલતાં ડાબા હાથે શ્રી નેમિનાથજીની ટૂંકમાં જવાનો મુખ્ય દરવાજો આવે છે, જ્યાં **શેઠશ્રી દેવચંદ લક્ષ્મીચંદની પેઢી ગિરનારતીર્થ** આવું બોર્ડ લગાવવામાં આવેલ છે. આ દરવાજાથી અંદર પ્રવેશતાં ડાબી-જમણી બાજુ પૂજારી-ચોકીદાર-મેનેજર આદિ કર્મચારીઓને રહેવા માટેની ઓરડીઓ છે. ત્યાંથી આગળ વધતાં ડાબીબાજુ પાણીની પરબ તથા ઉપર-નીચે યાત્રિકોને વિશ્રામ કરવા માટે ધર્મશાળાની રૂમો બનાવવામાં આવેલ છે, (જ્યાં ભૂતકાળમાં યાત્રિકો આખો દિવસ સ્થિરતા કરી બીજા દિવસે શ્રી નેમિનાથ પરમાત્માના મોક્ષકલ્યાણકની ભૂમિ એટલે કે પાંચમી ટૂંકે યાત્રા કરી પાછાં આવતા હતાં) પૂર્વે પેઢી દ્વારા અહીં લાડવા-ગાંઠીયા રૂપ ભાતું આપવાની વ્યવસ્થા હતી, સામેની બાજુ યાત્રિકો માટે શૌચાલયની વ્યવસ્થા પણ રાખવામાં આવેલી છે. જમણીબાજુ શેઠ દેવચંદ લક્ષ્મીચંદ પેઢીની ઓફિસ આવે છે, આગળ વધતાં જમણી બાજુ વળીને પાછા ડાબી બાજુ વળતાં ડાબા હાથ ઉપર યાત્રિક ભાઈ-બહેનોને ન્હાવા માટેના સ્નાનગૃહ આવ્યા છે, તથા જમણી બાજુ પીવાના ઉકાળેલા પાણીની ઓરડી છે. આગળ વધતાં ગિરનારમંડન શ્રી નેમિનાથ

પરમાત્માના મુખ્ય જિનાલયનું દક્ષિણદિશા તરફનું પ્રવેશદ્વાર આવે છે, તે દ્વારથી પ્રવેશ કરતાં જ શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયના ૧૩૦ ફુટ પહોળા તેમજ ૧૯૦ ફૂટ લાંબા પ્રાંગણનો પ્રારંભ થાય છે. જેમાં મુખ્ય જિનાલયની ફરતી ભમતીમાં ૮૪ દેરીઓ છે. દક્ષિણદ્વાર બહાર જ જમણાહાથે શ્રી અંબિકાદેવીની દેરી આવે છે. જેમાં મહાતીર્થ તથા શ્રી નેમિનાથ ભગવાનના શાસનના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની સુંદરમૂર્તિ છે. જેનો અચિન્ત્યપ્રભાવ છે. જિનાલયમાં પ્રવેશતાં પૂર્વે તેના દર્શન અવશ્ય કરવા જોઇએ.

**શ્રી નેમિનાથ જિનાલય :-**

શ્રી નેમિનાથ ભગવાન (૬૧ ઈંચ)થી મંડિત જિનાલયના પ્રાંગણમાં પ્રવેશ કરતાં વિશાળ અને ભવ્ય ગગનચુંબી શિખરના દર્શન થાય છે. આ જિનાલયના દક્ષિણ દ્વારમાંથી પ્રવેશ કરતાં ૪૧.૬ ફૂટ પહોળો અને ૪૪.૬ ફૂટ લાંબો રંગમંડપ આવે છે. જેના મુખ્યગભારામાં ગિરનાર-ગિરિભૂષણ શ્રી નેમિનાથ પરમાત્માની શ્યામવર્ણીય મનોહર પ્રતિમા બિરાજમાન છે.

● મૂળનાયક શ્રી નેમિનાથ પરમાત્માની આ પ્રતિમા વિશ્વમાત્રમાં વર્તમાનમાં સૌથી પ્રાચીનતમ પ્રતિમા છે. આ પ્રતિમા ગઈ ચોવીસીના ત્રીજા સાગર નામના તીર્થંકરના કાળમાં પાંચમા દેવલોકના બ્રહ્મેન્દ્ર દ્વારા બનાવરાવવામાં આવી હતી. આ પ્રતિમા ૧૬૫૭૫૦ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડી-સાગરોપમ વર્ષ પ્રાચીન છે. શ્રી નેમિનાથ ભગવાનના નિર્વાણના ૨૦૦૦ માં વર્ષે કાશ્મીરદેશથી સંઘ લઇને આવેલ શ્રી રત્નસાર નામના શ્રાવકે શાસન અધિષ્ઠાયિતા શ્રી અંબિકાદેવીની આરાધના કરી, તેમની સહાયથી આ પ્રતિમા મેળવીને તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અબજો વર્ષ સુધી પાંચમા દેવલોકમાં તથા, શ્રી નેમિનાથ પ્રભુની હયાતીમાં દ્વારિકાનગરીમાં શ્રી કૃષ્ણના જિનાલયમાં પૂજાયેલ છે. આ પ્રતિમા રત્નસારશ્રાવક દ્વારા પ્રતિષ્ઠા થયા બાદ ૧,૦૩,૨૫૦ વર્ષ સુધી

આ જ સ્થાને પૂજાશે તેવું શ્રી નેમિપ્રભુનાં વચન હોવાથી પાંચમા આરાના છેડા સુધી આ પ્રતિમા અહીં પૂજાશે. ત્યારબાદ શાસનદેવી અંબિકા દ્વારા તે પાતાળલોકમાં લઈ જવાશે અને ત્યાં તે પૂજાશે, આ રીતે આ પ્રતિમા ત્રણેય લોકમાં પૂજાશે. લગભગ ૮૪, ૭૮૬ વર્ષથી આ પ્રતિમા આ સ્થાન ઉપર બિરાજમાન છે. આજ સુધી આ જિનાલયના અનેક જીર્ણોદ્ધાર થવા પામેલ છે.

મૂળનાયકની ફરતી ભમતી તથા રંગમંડપમાં યક્ષ-યક્ષિણી અને ગુરુ-પ્રતિમાઓ બિરાજમાન છે. આ રંગમંડપની આગળ ૨૧ ફૂટ પહોળા અને ૩૮ ફૂટ લાંબા બીજા રંગમંડપમાં ગણધર ભગવંતોના લગભગ ૮૪૦ પગલાંની જોડ જુદા જુદા બે પબાસણ ઉપર સ્થાપિત કરવામાં આવેલ છે. જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૯૪ ચૈત્ર વદ બીજના દિવસે કરવામાં આવેલ છે. આજુબાજુ તીર્થંકર પરમાત્માની અનેક પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. જિનાલયની બહાર ભમતીમાં પશ્ચિમદિશાથી શરૂ કરતાં વિ.સં. ૧૨૮૭માં પ્રતિષ્ઠા કરેલ નંદીશ્વરદ્વીપનો પટ, જિનપ્રતિમાઓ, પદ્માવતીજીની મૂર્તિ, સમેતશિખરજી તીર્થનો પટ, શત્રુંજય મહાતીર્થનો પટ, શ્રી નેમિનાથ જીવનચરિત્રનો પટ, શ્રી મહાવીરપ્રભુની પાટપરંપરાના પગલાં, જૈનશાસનના વિવિધ અધિષ્ઠાયક દેવ-દેવીની પ્રતિમા, શાસનદેવી અંબિકાની દેરી, શ્રી નેમિનાથ તથા શ્રી મહાવીરપ્રભુના પગલાંની દેરી, શ્રી વિજયાનંદસૂરિ (પૂ. આત્મારામજી) મહારાજની પ્રતિમા આદિ સ્થાપન કરેલ છે.

ભમતીમાં એક ઓરડામાં શ્રી આદિનાથ ભગવાન, સાધ્વી રાજીમતીશ્રીજી આદિની ચરણપાદુકા તથા ગિરનાર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવનાર પૂ. આ. શ્રી નીતિસૂરિજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે. તે જ ઓરડામાં એક ભોંયરામાં મૂળનાયક તરીકે સંપ્રતિકાલીન, પ્રગટપ્રભાવક અત્યંત નયનરમ્ય શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની ૬૧ ઇંચની શ્વેતવર્ણીય પ્રતિમા બિરાજમાન છે. પ્રભુજીની મુખમુદ્રા

નિરખતાં ધ્યાનમગ્ન બની જવાય છે, પ્રભુજીના હાથના નખની અત્યંત નાજુક કારીગરી દર્શનાર્થીના મનને હરનારી બની જાય છે.

**જગમાલ ગોરધનનું જિનાલય :-**

(શ્રી આદિનાથ ભગવાન-૩૧ ઈંચ) શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયની બરોબર પાછળ શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય છે. આની પ્રતિષ્ઠા પોરવાડ જ્ઞાતીય શ્રી જગમાલ ગોરધન દ્વારા પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મહારાજ સાહેબની પાવનનિશ્રામાં વિ.સં. ૧૮૮૪, વૈશાખ વદ-૬ શુક્રવારે કરાવવામાં આવી હતી. શ્રી જગમાલ ગોરધન શ્રી ગિરનારજી તીર્થ ઉપર જિનાલયોના મુનીમ તરીકેની ફરજ બજાવી, તે જિનાલયોના સંરક્ષણનું કાર્ય કરી ગયા હતા. તેમના નામ ઉપરથી જૂનાગઢ શહેરમાં ઉપરકોટ પાસેના ચોકનું નામ **જગમાલ ચોક** રાખવામાં આવ્યું હતું.

શ્રી નેમિનાથજી ટૂંકની ભમતીમાંથી ઉત્તર દિશા તરફના દ્વારથી બહાર નીકળતાં અન્ય ત્રણ ટૂંકના જિનાલયમાં જવાનો માર્ગ આવે છે, તેમાં કાળાપાષાણના ઊંચા ઊંચા પગથિયાં ઉતરતાં ડાબા હાથે સર્વપ્રથમ મેરકવશીની ટૂંક આવે છે.

**મેરકવશીની ટૂક :-**

મેરકવશીની ટૂકના મુખ્ય જિનાલયમાં પ્રવેશ કરતાં પૂર્વે જમણા હાથ ઉપર પંચમેરૂનું જિનાલય આવે છે.

**પંચમેરુનું જિનાલય :-**

(શ્રી ઋષભદેવ ભગવાન-૯ ઈંચ) આ પંચમેરુ જિનાલયની રચના અત્યંત રમણીય છે. જેમાં ચારબાજુના ચારખૂણામાં ધાતકીખંડના બે મેરુ અને પુષ્કરાર્ધદ્વીપના બે મેરુ તથા મધ્યમાં જંબૂદ્વીપનો એક મેરુ એમ પાંચ મેરુપર્વતની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં દરેક મેરુ

ઉપર ચૌમુખજી પ્રતિમાઓ પધરાવવામાં આવેલ છે. જેની વિ.સં. ૧૮૫૯માં પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તેવો લેખ છે.

**અદબદજીનું જિનાલય :-**

(ઋષભદેવ ભગવાન-૧૩૮ ઇંચ) પંચમેરુના જિનાલયમાંથી બહાર નીકળી મેરકવશીના મુખ્ય જિનાલયમાં પ્રવેશ કરતાં પહેલાં ડાબા હાથે શ્રી ઋષભદેવ ભગવાનની પદ્માસનમુદ્રામાં બેઠેલી મહાકાયપ્રતિમા જોતાં જ શ્રી શત્રુંજયગિરિરાજની નવટૂકમાં રહેલા અદબદજીદાદાનું સ્મરણ કરાવતી હોવાથી આ જિનાલયને પણ અદબદજીનું દેરાસર કહેવાય છે. આ પ્રતિમા શ્યામવર્ણના પાષાણમાંથી બનેલી હોવા છતાં હાલ તેના ઉપર શ્વેતવર્ણનો લેપ કરવામાં આવેલો છે. અજૈનો આ પ્રતિમાને ભીમપુત્ર ઘટોત્કચ અથવા તો ઘટીઘટુકોના નામથી ઓળખે છે. તે મૂર્તિની બેઠકમાં આગળ ૨૪ તીર્થંકર પરમાત્માની મૂર્તિવાળો વિ.સં. ૧૪૬૮માં પ્રતિષ્ઠાના એક લેખયુક્ત પીળોપાષાણ છે.

**મેરકવશીનું મુખ્ય જિનાલય :-**

(સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન-૨૯ ઇંચ) આ જિનાલયના મુખ્યદ્વારમાં પ્રવેશતાં જ છતમાં વિવિધ કલાકૃતિયુક્ત ઝીણી ઝીણી કોતરણીઓ આશ્ચર્યકારી જણાય છે. આગળ વધતાં ઘુમ્મટની કોતરણી જોતાં દેલવાડાના વિમલવસહી અને લૂણવસહીના સ્થાપત્યોની યાદ તાજી કરાવે છે. આ બાવનજિનાલયના મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન છે, જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯માં પૂ.આ.શ્રી જિનેન્દ્રસૂરિજી મહારાજના હસ્તે થયેલ છે. આ બાવનજિનાલયની ભમતીમાં ડાબી તરફથી ફરતાં પીળા પત્થરમાં વિ.સં. ૧૪૪૨માં કોતરાયેલ ચોવીસ તીર્થંકરની મૂર્તિવાળો અષ્ટાપદજીનો પટ છે. આગળ વધતાં મધ્યભાગમાં આવતી મોટી દેરીમાં અષ્ટાપદનું દેરાસર બનાવવામાં આવેલ છે, જેમાં ચત્તારી-અટ્ઠ-દસ-દોય એમ ચાર દિશામાં ક્રમસર ૪-૮-૧૦-૨ પ્રતિમાઓ પધરાવીને અષ્ટાપદની રચના કરાઈ છે. આગળ વધતાં મૂળનાયકની

બરોબર પાછળની દેરીમાં શ્રી મહાવીર સ્વામિ બિરાજમાન કરવામાં આવેલ છે. ત્યાંથી ઉત્તરદિશા તરફ આગળ વધતાં દરેક દેરીઓની આગળની ચોકીની છતમાં અત્યંત મનોહારી કોતરણી મનને આહ્લાદ પમાડે છે. આગળ વધતાં ઉત્તર દિશા તરફની દેરીઓમાં મધ્યમાં રહેલી મોટી દેરીમાં શ્રી શાંતિનાથ ભગવાનની ચૌમુખજી પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલ છે. આ જિનાલયના મુખ્યદ્વારથી બહાર આવી ડાબી તરફ વળતાં સગરામ સોનીની ટૂકમાં જવાનો માર્ગ આવે છે. તથા સામેની દિવાલની પાછળ નવોકુંડ આવેલ છે.

**સગરામ સોનીની ટૂક :-**

(શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન-૨૯ ઈંચ) મેરકવશીની ટૂકમાંથી બહાર નીકળી ઉત્તરદિશાના દ્વારમાંથી સગરામસોનીની ટૂકમાં પ્રવેશ થાય છે. આ બાવન જિનાલયના મુખ્ય જિનાલયમાં બે માળવાળો અત્યંત મનોહર રંગમંડપ છે, જેમાં પૂજા વગેરે અનુષ્ઠાન દરમ્યાન ઉપરનાં ભાગમાં સ્ત્રીઓને બેસવા માટે સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. આ રંગમંડપમાંથી મૂળનાયકના ગભારામાં પ્રવેશતાં સામે જ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન કરવામાં આવેલ છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯ જેઠ સુદ-૭ ગુરુવારે પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરિજી મહારાજના હસ્તે થયેલ છે. અન્ય જિનાલયોના ગભારાની ઊંચાઈની અપેક્ષાએ આ જિનાલયના ગભારાની અંદરની ઊંચાઈ કંઈક વિશેષ જણાય છે. આ ગભારાની છતની ઊંચાઈ લગભગ ૩૫ થી ૪૦ ફુટ ઊંચી છે. ગિરનારના જિનાલયોમાં આ જિનાલયનું શિખર સૌથી ઊંચુ જણાય છે. સગરામ સોની કે સંગ્રામ સોનીના નામે ઓળખાતું આ જિનાલય હકીકતમાં સમરસિંહ માલદે દ્વારા ઉદ્ધાર કરીને તદ્દન નવું જ નિર્માણ કરવામાં આવેલ છે, તેવું કેટલાક વિદ્વાનોએ વાસ્તવિક પ્રમાણ દર્શાવવાપૂર્વક જણાવેલ છે. આ જિનાલયની ભમતીના ઉત્તરદિશા

તરફના દ્વારથી બહાર નીકળતાં કુમારપાળની ટૂકમાં જવાના માર્ગની જમણીબાજુ ડોક્ટર કુંડ તથા ગીરધર કુંડ આવેલા છે.

**કુમારપાળની ટૂક :-**

(શ્રી અભિનંદન સ્વામિ ભગવાન ૨૪ ઇંચ) કુમારપાળની ટૂકમાં પ્રવેશતાં મુખ્ય જિનાલયની ચારેબાજુ આવેલ વિશાળ પ્રાંગણમાં થઇને જિનાલયમાં પ્રવેશ કરતાં એક વિશાળ રંગમંડપ આવે છે જેમાં આગળ વધતાં બીજો રંગમંડપ આવે છે. આ જિનાલયના મૂળનાયક તરીકે શ્રી અભિનંદન સ્વામિ બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૭૫ વૈશાખ સુદ-૭, શનિવારે પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરિજી મહારાજના હસ્તે કરવામાં આવી હતી. આ જિનાલયના ઉત્તરદિશા તરફના પ્રાંગણમાં એક દેડકી વાવ નામની વાવ છે. પૂર્વે જીર્ણોદ્ધાર દરમ્યાન રંગમંડપ વગેરે સ્થાનોની તૂટેલી પૂતળીઓ કાઢીને આ વાવની આજુબાજુ મૂકવામાં આવેલી છે. ઉત્તરદિશા તરફની બારીથી બહાર નીકળતાં ભીમકુંડ આવે છે.

**ભીમકુંડ :-**

ભીમકુંડ ઘણો જ વિશાળ છે. તે લગભગ ૭૦ ફુટ લાંબો અને ૫૦ ફુટ પહોળો છે. આ કુંડ ૧૫માં શતકમાં બનેલો હોવાનું જણાય છે. ઉનાળાની સખત ગરમીમાં પણ આ કુંડનું પાણી શીતળ રહે છે. આ કુંડની એક દીવાલમાં પાષાણમાં શ્રી જિનપ્રતિમા તથા હાથ જોડી ઉભા રહેલા શ્રાવક-શ્રાવિકાની પ્રતિમા કોતરેલી જોવા મળે છે. પશ્ચિમ દિશા તરફ કુંડની પાળે પાળે આગળ વધતાં ઉત્તરાભિમુખ નીચે ઉતરવાના પગથિયા આવે છે. આ પગથિયા પૂરા થતાં નાગીમાતાની દેરીના નામે એક દેરી આવે છે. જેમાં સામે જ નીચેના ભાગમાં એકપાષાણનો પિંડ જોવામાં આવે છે. તથા ડાબા હાથની દીવાલના ગોખલામાં શ્રી નેમિનાથ પરમાત્મા તથા જમણા હાથની દીવાલના ગોખલામાં શ્રી નેમિપ્રભુના શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીની મૂર્તિ

બિરાજમાન છે. આ દેરીની ચોકીની છત ઉપરના અધૂરા ઘુમ્મટ ઉપરથી દેરીના નિર્માણનું કાર્ય કોઈપણ કારણોસર અધૂરું મૂકવામાં આવ્યું હોવાનું જણાય છે. ત્યાંથી આગળ વધતાં શ્રી ચન્દ્રપ્રભ સ્વામિના જિનાલય સુધી જવાનો કેડીમાર્ગ આવે છે.

**શ્રી ચન્દ્રપ્રભસ્વામિનું જિનાલય :-**

(શ્રી ચન્દ્રપ્રભસ્વામિ-૧૯ ઈંચ) શ્રી ચન્દ્રપ્રભસ્વામીના આ જિનાલયનું સ્થાન એકદમ એકાંતમાં આવેલું છે. આ જિનાલયમાં મૂળનાયક શ્રી ચન્દ્રપ્રભસ્વામિની પ્રતિમાની પ્રતિષ્ઠા વિ.સં. ૧૭૦૧માં થયેલ છે. આ જિનાલયની છત અનેક કલાકૃતિઓથી સુશોભિત છે. જેમાં ચારે બાજુ ફરતી પૂતળીઓ સ્થાપિત કરી રંગ પૂરવામાં આવેલ છે. આ જિનાલયથી ઉત્તરદિશાએથી ૩૦-૩૫ પગથીયાં નીચે ઉતરતાં ગજપદ કુંડ આવે છે.

**ગજપદ કુંડ :-**

શ્રી શત્રુંજયતીર્થને સ્પર્શીને શ્રી રૈવતગિરિને નમસ્કાર કરીને ગજપદકુંડમાં સ્નાન કરનારને ફરી જન્મ લેવો પડતો નથી, આવો મહિમા વાચવા મળે છે. આ ગજપદકુંડ ગજેન્દ્રપદ કુંડ તથા હાથી પગલાંનો કુંડ આ નામે પણ ઓળખાય છે. આ કુંડનો ઉલ્લેખ ૧૩ થી ૧૫માં શતક સુધીમાં રચાયેલ ગિરનાર સંબંધી લગભગ તમામ જૈન સાહિત્યમાં મળે છે. તે ઉપરાંત સ્કન્દપુરાણ અંતર્ગત પ્રભાસખંડમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે. આ કુંડના એક થાંભલામાં જિનપ્રતિમા કોતરવામાં આવેલી છે.

શ્રી શત્રુંજય માહાત્મ્ય અનુસાર શ્રી ભરતચક્રવર્તી, ગણધરભગવંતો પ્રતિષ્ઠાર્થે ગિરનાર આવેલા ત્યારે શ્રી નેમિજિન પ્રાસાદની પ્રતિષ્ઠા કાજે ઇન્દ્ર મહારાજ પણ ઐરાવણ હાથી ઉપર આરૂઢ થઇ આવ્યા હતા. તે અવસરે પ્રભુના સ્નાત્રાભિષેક માટે ઐરાવણહાથી દ્વારા ભૂમિ ઉપર એક

પગ દબાવરાવીને કુંડ બનાવ્યો હતો જેમાં ત્રણેય જગતની વિશિષ્ટ નદીઓના જલ આ કુંડમાં ઉતરી આવ્યા હતા. તે વિશિષ્ટ જલ વડે ઈન્દ્રે ભક્તિ કાજે પ્રભુના અભિષેક કરાવ્યા હતા.

આ અત્યંત પ્રભાવક જલના પાન તથા સ્નાન કરતાં અનેક રોગો નાશ પામે છે. જેમકે ખાંસી, શ્વાસ, ક્ષય, કોઢ, જલોદર જેવા ભયંકર રોગો પણ શમી જાય છે. આ કુંડના જલથી સ્નાન કરી ભગવાનને જે અભિષેક કરે છે, તેના કર્મમલ દૂર થતાં તે પરંપરાએ મુક્તિપદને પામે છે.

આ કુંડમાં ચૌદહજાર નદીઓના પ્રવાહ દેવના પ્રભાવથી આવે છે, તેથી ઘણો પવિત્ર કુંડ છે. આ કુંડનું પાણી મીઠું અને નીતરતા ઘી જેવું નિર્મળ છે. વિ.સં. ૧૨૧૫ના શિલાલેખ અનુસાર આ કુંડની ફરતી દીવાલ બાંધી તેમાં અંબિકાની અને અન્ય મૂર્તિઓ મૂકાયાનો ઉલ્લેખ જોવા મળે છે. આ કુંડના દર્શન કરી પાછા ફરતાં કુમારપાળની ટૂકની બારીમાંથી અંદર પ્રવેશ કરી શ્રી નેમિનાથજીની ટૂકમાંથી બહાર નીકળીને પુનઃઉપરકોટ-(દેવ કોટ) ના મુખ્યદ્વાર પાસેના રસ્તા ઉપર આવી શકાય છે. આ મુખ્યદ્વારની સામે મનોહરભુવનવાળી ધર્મશાળાની રૂમો પાસેથી સુરજકુંડ થઈને શ્રી માનસંગ ભોજરાજના દેરાસરે જવાય છે.

**માનસંગ ભોજરાજનું જિનાલય :-**

(શ્રી સંભવનાથ ભગવાન-૨૫ ઈંચ) આ જિનાલય કચ્છ-માંડવીના વીશા ઓસવાળ શા. માનસંગ ભોજરાજે બંધાવેલ હતું. જેમાં મૂળનાયક તરીકે શ્રી સંભવનાથ ભગવાનની સુંદર પ્રતિમા બિરાજમાન છે. આ જિનાલયમાં જતાં પૂર્વે માર્ગમાં આવતો સુરજકુંડ પણ શા. માનસંગે કરાવેલ છે. જૂનાગઢ ગામમાં આદીશ્વર ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠા પણ તેમણે વિ.સં. ૧૯૦૧ માં કરાવેલ હતી. જિનાલયમાંથી બહાર નીકળી મુખ્યમાર્ગ ઉપર ઉત્તરદિશા તરફ આગળ વધતાં જમણાં હાથ ઉપર વસ્તુપાલ તેજપાલની ટૂક આવે છે.

**વસ્તુપાલ-તેજપાલનું જિનાલય :-**

(શ્રી શામળા પાર્શ્વનાથ-૪૩ ઈંચ) આ જિનાલયમાં એક સાથે પરસ્પર જોડાયેલાં ત્રણ મંદિરો છે. આ જિનાલયો ગૂર્જરદેશના મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલ દ્વારા વિ.સં. ૧૨૩૨ થી ૧૨૪૨ના કાળમાં બંધાવ્યા હતા. જેમાં હાલ મૂળનાયક તરીકે શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૩૦૯ વૈશાખ સુદ-૩ શનિવારના દિવસે પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજની મુખ્ય પરંપરામાં શ્રી દેવસૂરિજીના શિષ્ય શ્રી જયાનંદવિજયજી મહારાજે કરી હતી. આ વચલા દેરાસરનો રંગમંડપ ૨૯ ૧/૨ ફુટ પહોળો અને ૫૩ ફુટ લાંબો છે. તથા આજુબાજુના બન્ને દેરાસરના રંગમંડપો ૩૮ ૧/૨ ફુટ ચોરસ છે. આ જિનાલયમાં લગભગ છ થી સાત શિલાલેખો છે. જે વિ.સં. ૧૨૮૮ ના ફાગણ સુદ ૧૦ ના બુધવારના છે. જેમાંથી ચારલેખોમાં વસ્તુપાલ અને તેમના પત્ની લલીતાદેવીના શ્રેયાર્થે અજિતનાથ આદિ જિનાલયો બંધાવ્યાનો અને બે મંદિર દ્વિતીય પત્ની સોખુકાદેવીના શ્રેયાર્થે બંધાવ્યાનો ઉલ્લેખ છે. અન્ય પણ લેખોમાં તેમણે વિવિધ તીર્થોમાં જુદા જુદા તીર્થંકરોની પ્રતિમા તથા ચરણપાદુકા આદિ પધરાવ્યા હોવાના લેખો છે. મુખ્ય જિનાલયની ડાબી બાજુના જિનાલયમાં ચોરસ સમવસરણમાં ચૌમુખજી ભગવાન પધરાવેલા છે, જેમાં ત્રણ પ્રતિમા શ્રી પાર્શ્વનાથ ભગવાનની વિ.સં. ૧૫૫૬ની સાલના લેખવાળી તથા ચોથી શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા વિ.સં. ૧૪૮૫ની સાલના લેખવાળી છે. જમણીબાજુના જિનાલયમાં ગોળમેરુની ઉપર ચૌમુખજી ભગવાન પધરાવેલા છે, જેમાં પશ્ચિમાભિમુખ શ્રી સુપાર્શ્વનાથ, ઉત્તર અને પૂર્વાભિમુખ શ્રી નેમિનાથ ભગવાન આ ત્રણેય પ્રતિમાઓ વિ.સં. ૧૫૪૬ની સાલની છે અને દક્ષિણાભિમુખ શ્રી ચન્દ્રપ્રભસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. આ મેરુની રચના પીળા પાષાણમાંથી કરવામાં આવેલ છે. આ જિનાલયોની કોતરણી, અને કલાકૃતિયુક્ત કમાનવાળા થાંભલાઓ, જિનપ્રતિમાઓ વિવિધ દ્રશ્યો તથા કુંભાદિની આકૃતિ અતિ

આનંદદાયક છે. ચૌમુખજી જિનાલયોની વિશાળતા તથા ગોઠવણી નયનરમ્ય છે.

**ગુમાસ્તાનું દેરાસર :-**

(શ્રી સંભવનાથ ભગવાન-૧૯ ઇંચ) વસ્તુપાલ-તેજપાલના જિનાલયની પાછળના પ્રાંગણમાં તેમની માતાનું દેરાસર છે, જે ગુમાસ્તાનું દેરાસર તરીકે પ્રસિદ્ધ છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન બિરાજમાન છે. વસ્તુપાલની માતા કુમારદેવીના નામે આ મંદિર બંધાવ્યુ હોવાથી તે વસ્તુપાલની માતાના દેરાસર તરીકે ઓળખાય છે, વળી કચ્છ-માંડવીના ગુલાબશાહે બંધાવ્યું હોવાથી ગુલાબશાહના મંદિરના નામે ઓળખાય છે. (ગુલાબશાહના નામનો અપભ્રંશ થતાં કાળક્રમે તે ગુમાસ્તા નામે પ્રચલિત થયું હોય તેવું લાગે છે.)

**સંપ્રતિરાજાની ટૂક :-**

(શ્રી નેમિનાથ ભગવાન-૫૭ ઇંચ) વસ્તુપાલ-તેજપાલના જિનાલયમાંથી બહાર નીકળી ઉત્તર દિશા તરફ જતાં સંપ્રતિરાજાની ટૂક આવે છે. શ્રી ચન્દ્રગુપ્ત મૌર્યના વંશમાં થયેલ અશોકના પૌત્ર મગધસમ્રાટ સંપ્રતિ મહારાજા થયા હતા. જેમણે આચાર્ય સુહસ્તિસૂરિજી મહારાજના સદુપદેશથી જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો. તે લગભગ વિ.સં. ૨૨૬ની આસપાસ ઉજ્જૈન નગરીમાં રાજ કરતાં હતા. તેઓએ સવાલાખ જિનાલયો અને સવા કરોડ જિનપ્રતિમા ભરાવ્યા હતા. સંપ્રતિમહારાજે બંધાવેલ આ જિનાલયના મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ ભગવાન બિરાજમાન છે. આ પ્રતિમા વિ. સં. ૧૫૧૯માં પ્રતિષ્ઠા કરાવ્યા હોવાનો લેખ પ્રતિમાની ગાદીમાં જોવા મળે છે. મૂળનાયકના ગભારાની બહારના ગોખલામાં દેવીની પ્રતિમા છે જેને કેટલાક ગ્રંથોમાં ચક્રેશ્વરી દેવી અને કેટલાંક ગ્રંથોમાં અંબિકાદેવી તરીકે ઓળખાવી જુદા-જુદા સમયે તે ગોખલા ઉપર તેના નામ લખાયેલા છે. જયારે વાસ્તવમાં આ પ્રતિમા

હંસવાહિની, હાથમાં વીણા અને પોથી યુક્ત હોવાથી આ પ્રતિમા સરસ્વતીદેવીની હોવાનું સ્પષ્ટપણે કહી શકાય છે. આ સિવાય રંગમંડપમાં ૫૪ ઈંચના ઉભા કાઉસ્સગ્ગિયા પ્રતિમા સહિત અન્ય ૨૪ નયનરમ્ય પ્રતિમા પણ બિરાજમાન છે. આ રંગમંડપની બહાર પણ બીજો મોટો રંગમંડપ બનાવવામાં આવેલ છે.

આ જિનાલયનું પ્રવેશદ્વાર બે માળનું હોવાનું જણાય છે. તેનું પશ્ચિમ સન્મુખ દ્વાર હોવા છતાં હાલ આ જિનાલયમાં દક્ષિણાભિમુખ પ્રવેશદ્વાર જ ખુલ્લુ રાખવામાં આવેલ છે. આ જિનાલયની બહારની દિવાલો અત્યંત મનોહર કોતરણીથી ભરચક છે. શિલ્પ કલાના રસિયા આ કોતરણી જોઈને અતિ આહ્‌લાદ પામે છે. આ નકશીની વિવિધ આકૃતિઓ પ્રાથમિક કક્ષાના શિલ્પકારોને શિલ્પકળામાં આલંબનકારી બને તેવી છે.

**જ્ઞાનવાવનું જિનાલય :-**

(શ્રી સંભવનાથ-૧૬ ઈંચ) સંપ્રતિ-રાજાના જિનાલયની બાજુમાંથી ઉત્તરદિશા તરફના ઢાળમાં નીચે ઉતરતાં બાજુમાં જ જમણાહાથે રહેલા દ્વારમાં પ્રવેશ કરતાં જ પ્રથમ ચોગાનમાં જ્ઞાનવાવ આવે છે. આ ચોકમાં રહેલા ઉત્તરદિશા તરફના દ્વારથી અંદર પ્રવેશતાં ચૌમુખજીનું દેરાસર આવે છે, જે શ્રી સંભવનાથ ભગવાનના નામે ઓળખાય છે. આ જિનાલયના મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન છે. આ દેરાસરથી નીચે ઉતરીને પણ ભીમકુંડ તથા શ્રી ચન્દ્રપ્રભ સ્વામિના જિનાલયે જઈ શકાય છે. ભીમકુંડની પાછળ ઉત્તરદિશામાં ભૂતકાળમાં ચોવીસ તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ પધરાવવા માટે ચોવીસ દેરીઓ બનાવવા માટેનું કામકાજ શરૂ થયું હશે, પરંતુ કોઈપણ કારણસર તે બંધ પડતાં તે કાર્ય અધુરું રહેલું નજરે પડે છે. જ્ઞાનવાવના દેરાસરના દર્શન કરી દક્ષિણદિશા તરફ ઉપર ચઢી પુનઃ સંપ્રતિરાજાના દેરાસર પાસે જઈને પૂર્વદિશામાં આગળ વધતાં લગભગ ૫૦ પગથિયા ચઢતાં કોટનો દરવાજો આવે છે.

જેમાંથી બહાર નીકળતા સામે જ **'લેવલ ૩૧૦૦ ફીટ'** અને **'બે માઈલ'** એવું પથ્થરમાં કોતરેલ જોવા મળે છે. ત્યાંથી આગળ વધી લગભગ ૫૦ પગથિયાં ચઢતાં ડાબા હાથે શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય આવે છે.

**શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય :-**

(શ્રી શાંતિનાથ ભગવાન-૨૯ ઇંચ) ઉપરકોટ (દેવકોટ)ના દરવાજામાંથી બહાર નીકળ્યા બાદ સૌથી પહેલું દેરાસર આ શેઠ ધરમચંદ હેમચંદનું આવે છે. જેને ખાડાનું દેરાસર પણ કહેવામાં આવે છે. આ દેરાસરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. માંગરોળ ગામના દશાશ્રીમાળી વણિક શેઠ શ્રી ધરમચંદ હેમચંદ દ્વારા વિ.સં. ૧૯૩૨માં આ દેરાસરનું સમારકામ કરાવવામાં આવ્યું હતું.

**મલ્લવાળુ દેરાસર :-**

(શ્રી શાંતિનાથ ભગવાન-૨૧ ઇંચ) શેઠ ધરમચંદ હેમચંદના દેરાસરથી આગળ વધતાં લગભગ ૩૫ થી ૪૦ પગથિયાં ચઢતાં જમણીબાજુ આ મલ્લવાળુ દેરાસર આવે છે. આ જિનાલયમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. જેનો ઉદ્ધાર જોરાવરમલ્લજી દ્વારા થયો હોવાથી આ દેરાસર મલ્લવાળા દેરાસર તરીકે ઓળખાય છે.

**રાજુલગુફા :-**

મલ્લવાળા દેરાસરથી દક્ષિણદિશા તરફ થોડા પગથિયાં આગળ જતાં પથ્થરની એક મોટી શિલા નીચે બખોલ જેવા ભાગમાં નીચા નમીને જવાય છે. જ્યાં લગભગ દોઢ બે ફૂટની ઊંચાઈની રાજુલ-રહનેમિની મૂર્તિ સ્થાપિત કરેલી હોવાથી આ સ્થાન રાજુલની ગુફાના નામે ઓળખાય છે.

**પ્રેમચંદજીની ગુફા (ગોરજીની ગુફા) :-**

ગુફાથી બહાર નીકળી દક્ષિણદિશા તરફની કેડીની વાટે આગળ જતાં ડાબા હાથ તરફ સાતપુડાના કુંડ તરફ જવાની કેડી આવે છે અને

જમણા હાથ તરફ વિકટમાર્ગે ઝાડીઓની વચ્ચેથી નીચે ઉતરતાં ઉતરતાં પહાડના છેડે એક મોટી શિલા નજરે ચડે છે. જેની નીચે આ પ્રેમચંદજીની ગુફા આવેલી છે. આ ગુફાની બાજુમાં જ ખીણ હોવાથી ખૂબજ સાવચેતીપૂર્વક આ ગુફાના દ્વારમાં પ્રવેશ કરવો પડે છે. આ ગુફામાં અનેક મહાત્માઓએ સાધના કરેલી છે, જેમાં શ્રી પ્રેમચંદજી મહારાજ નામના સાધુએ અહીં ઘણા લાંબા સમય માટે સાધના કરેલી. આ મહાત્મા યોગવિદ્યામાં ખૂબ જ કુશળ હતા. પોતાના ગુરૂભાઈ શ્રી કપુરચંદજીને શોધવા માટે આવ્યા હોવાથી આ સ્થાને રહ્યા હતા. આ કપુરચંદજી મહારાજ વિશે એવું જાણવા મળે છે કે તેઓ અનેકરૂપ ધારણ કરી શકતા હતા અને અનેક સ્થાને જવા માટે તેમની પાસે આકાશગામિની વિદ્યા પણ હતી. આ ગુફા શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીની માલિકીની છે. જેમાં વખતોવખત જરૂરી એવું સમારકામ પણ ભૂતકાળમાં આ પેઢી દ્વારા જ કરાવવામાં આવેલ છે. (શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીની તળેટીની જગ્યામાં ભાતાખાતાની પાછળ આ પ્રેમચંદજી મહારાજના પગલાંની દેરી બનાવવામાં આવેલ હતી. જેમાં વિ.સં. ૧૯૨૧ નો લેખ જોવા મળે છે તેની બાજુમાં દયાલચંદજી મહારાજના પગલામાં વિ.સં. ૧૯૨૨ ની સાલનો લેખ જોવા મળે છે. હાલ આ બન્ને પગલાં ત્યાંથી ઉત્થાપન કરી અન્ય સ્થાને પધરાવવામાં આવેલ છે.) આ ગુફાની બારોબાર કેડીમાર્ગે પૂર્વદિશા તરફ આગળ વધતાં પાટવડને નાકે થઇ બીલખા જવાય છે. શ્રી પ્રેમચંદજી મહારાજની ગુફાથી પાછા મુખ્યસીડી માર્ગે ભેગાં થઇ લગભગ ૯૦ પગથિયા ચઢતાં ચૌમુખજીનું દેરાસર આવે છે. રસ્તામાં જમણી બાજુ દિગંબર સંપ્રદાયનું મંદિર આવે છે.

**ચૌમુખજીનું દેરાસર :-**

(શ્રી નેમિનાથ ભગવાન-૨૫ ઇંચ) ચૌમુખજીના દેરાસરના હાલ ઉત્તરાભિમુખ મૂળનાયક શ્રી નેમિનાથ, પૂર્વાભિમુખ શ્રી સુપાર્શ્વનાથ, દક્ષિણાભિમુખ શ્રી ચન્દ્રપ્રભ સ્વામિ અને પશ્ચિમાભિમુખ શ્રી

મુનિસુવ્રતસ્વામી છે. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૫૧૧ પૂ. આ. શ્રી જિનહર્ષસૂરિજી મહારાજના હસ્તે થયેલ હોવાના પબાસણના લેખો જોવા મળતાં હતા. આ જિનાલય શ્રી શામળા પાર્શ્વનાથના નામે પણ ઓળખાય છે. જેની પાછળનું રહસ્ય સમજાતું નથી. પરંતુ પૂર્વે અન્ય કોઇ કાળે ત્યાં મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ હોવાની સંભાવના રહે છે. વળી આ દેરાસરની અંદરના પબાસણના ચારેય ખૂણામાં રહેલી ચોરસ થાંભલીમાં એક-એકમાં ૨૪-૨૪ પ્રતિમાઓ એક કુલ ૯૬ પ્રતિમાઓ કોતરવામાં આવેલી છે. આ ચાર થાંભલી લગ્ન મંડપની ચાર ચોરી જેવી લાગતી હોવાથી આ જિનાલયને ચોરીવાળું દેરાસર પણ કહેવામાં આવે છે. વિ.સં. ૨૦૫૮ દરમ્યાન આ ચૌમુખજીનો લેપ થયો ત્યારે શરતચૂકથી તેમાં મૂળનાયક શ્રી નેમિનાથ તથા બાકીના ત્રણ ભગવાનમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામીના લાંછન મૂકાઈ ગયા હોય તેવું જણાય છે. આ ચૌમુખજીના દેરાસરથી આગળ લગભગ ૭૦-૮૦ પગથિયાં ચડતાં ડાબા હાથે સહસાવન શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક ભૂમિ તરફ જવાનો માર્ગ આવે છે અને જમણી બાજુ ૧૫-૨૦ પગથિયા ચડતાં ગૌમુખીગંગા નામનું સ્થાન આવે છે.

**ગૌમુખીગંગા :-**

આ ગૌમુખીગંગામાં પ્રવેશ કરતાં જ અંદર હિન્દુ સંપ્રદાયના દેવ-દેવીની પ્રતિમાની દેરીઓ આવે છે ત્યાં જમણી બાજુ નીચાણમાં જવા માટેના પગથિયા ઉતરીને ડાબી બાજુ આગળ જતાં ચોવીસ તીર્થંકર પરમાત્માની ચરણપાદુકા એક ગોખલામાં સ્થાપન કરવામા આવેલી છે. જેમાં દરેક પગલાંની આગળ તે તે તીર્થંકર ભગવાનના નામ કોતરવામાં આવેલા છે. આ ગૌમુખી ગંગાના સ્થાનનું સંચાલન હાલ હિન્દુ સંપ્રદાયના સન્યાસીઓ દ્વારા કરવામાં આવે છે. જ્યારે આ ચરણપાદુકાની પૂજા વગેરે શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી દ્વારા જ કરવામાં આવે છે.

**રહનેમિનું જિનાલય :-**

(શ્રી સિદ્ધાત્મા રહનેમિજી-૫૧ ઇંચ) ગૌમુખીગંગાના સ્થાનથી લગભગ ૩૫૦ પગથિયા ઉપર ચડતાં જમણીબાજુ આ રહનેમિનું જિનાલય આવે છે. આ જિનાલયમાં મૂળનાયક તરીકે સિદ્ધાત્મા શ્રી રહનેમિની શ્યામવર્ણીય પ્રતિમા બિરાજમાન કરવામાં આવેલ છે. ૬-૭ વર્ષ પૂર્વે આ પ્રતિમાને લેપ કરવામાં આવેલ છે. ભારતભરમાં પ્રાયઃ એકમાત્ર આ જિનાલય હશે જ્યાં અરિહંત પરમાત્મા ન હોવા છતાં સિદ્ધાત્મા શ્રી રહનેમિની પ્રતિમા મૂળનાયક તરીકે સ્થાપન કરવામાં આવી હોય ! શ્રી રહનેમિ બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ પરમાત્માના નાનાભાઈ હતા, જેમણે દીક્ષા લઇને, ગિરનારની પવિત્રભૂમિમાં સંયમારાધના કરી અષ્ટકર્મનો ક્ષય કરી સહસાવનમાં કેવળજ્ઞાન અને મોક્ષપદની પ્રાપ્તિ કરી હતી. આ રહનેમિજીના જિનાલયથી આગળ સાચાકાકાની જગ્યાના કઠિન ચઢાણના લગભગ ૫૩૫ પગથિયા ચડતાં અંબાજી મંદિર આવે છે.

**અંબાજીની ટૂક :-**

આ અંબાજીની ટૂકમાં અંબિકાનું મંદિર આવેલું છે. દામોદરકુંડ પાસેનું દામોદરનું મંદિર, ગિરનાર ઉપરનું શ્રી નેમિનાથ ભગવાન તથા અંબાજીનું મંદિર સંપ્રતિમહારાજાએ બંધાવ્યાનું કહેવાય છે. શિલ્પસ્થાપત્યના આધારે બારમી-તેરમી સદીની રચનાવાળું જણાતું આ મંદિર વસ્તુપાલ-તેજપાલે બંધાયેલું હોવાની વાત કેટલાક લેખો ઉપરથી જાણવા મળે છે. જેમાં શ્રી નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીની પ્રતિમા પધરાવવામાં આવી હતી. વિ. સં. ૧૫૨૪ની એક પ્રશસ્તિ ઉપરથી એમ સ્પષ્ટ સમજાય છે કે, સામલ નામના શાહુકારે સદ્ભાવનાપૂર્વક શ્રી ગિરનાર પર્વત ઉપર શ્રી અંબિકા નામની મહાદેવીનું જીર્ણ થયેલ મોટું ચૈત્ય નવેસરથી બંધાવ્યું હતું. કાળક્રમે આજે હિંદુઓ દ્વારા વૈદિકધર્મની પદ્ધતિથી તેના દર્શન-પૂજન આદિ થાય છે અને તેઓના

સંન્યાસીઓ દ્વારા જ તે મંદિરની દેખરેખ રાખવામાં આવે છે. આ મંદિરની પાછળ શ્રી નેમિનાથ ભગવાનના પગલાં પધરાવવામાં આવેલ છે. કેટલાક શાંબના પગલાં હોવાનું કહે છે. વસ્તુપાલે તે સમયે એ ટૂક ઉપર શ્રી નેમિનાથ ભગવાન વગેરેની પ્રતિમાઓ પધરાવેલ હોવાનો ઉલ્લેખ મળે છે.

વસ્તુપાલના પ્રશસ્તિલેખો તેમજ સમકાલીન, સમીપકાલીન અને ઉત્તરકાલીન જૈન લેખો અનુસાર અંબાજી પાછળનાં ત્રણ શિખરો ગોરખનાથ, ઓઘડનાથ અને ગુરુદત્તાત્રેયનાં અસલી નામો અવલોકન, શાંબ અને પ્રદ્યુમ્ન હતાં અને જિનસેનકૃત હરિવંશપુરાણ તથા સ્કન્દપુરાણમાં પણ અંબાજી પછી શાંબ અને પ્રદ્યુમ્નનો ઉલ્લેખ મળે છે. અંબાજી સહિત આ ત્રણે શિખરો પર પણ મંત્રીશ્વર વસ્તુપાલે નેમિનાથ ભગવાનની દેવકુલિકાઓ કરાવી હતી તેવું વિ.સં. ૧૨૮૮ ની છ-શિલા પ્રશસ્તિઓમાં જોવા મળે છે. અંબાજીની ટૂકથી લગભગ ૧૦૦ પગથિયા ઉતરીને પુનઃ લગભગ ૩૦૦ પગથિયા ચઢતાં ગોરખનાથની ટૂક આવે છે.

**ગોરખનાથની ટૂક :-**

**(અવલોકન શિખર)** આ ગોરખનાથની ટૂંક ઉપર શ્રી નેમિનાથ પરમાત્માના વિ.સં. ૧૯૨૭ વૈશાખ સુદ-૩ શનિવારના લેખવાળાં પગલાં છે તે બાબુ ધનપતસિંહજી પ્રતાપસિંહજીએ સ્થાપેલા છે. કેટલાક આ પગલાં પ્રદ્યુમ્નના હોવાનું કહે છે. આ ટૂક ઉપર હાલ નાથ સંપ્રદાયના સંન્યાસીઓનો કબજો છે. ગોરખનાથની ટૂકથી આગળ લગભગ ૧૫ પગથિયાં ઉતરતાં ડાબા હાથ તરફની ભીંતમાં કાળાપાષાણમાં એક જિનપ્રતિમા કોતરવામાં આવેલ છે તથા લગભગ ૪૦૦ પગથિયા ઉતર્યા બાદ પણ ડાબા હાથે એક મોટા કાળા પાષાણમાં જિનપ્રતિમા કોતરવામાં આવેલ છે. એ રીતે કુલ લગભગ ૮૦૦ પગથિયા ઉતરતાં પગથિયા વગરના વિકટમાર્ગે ચોથી ટૂક જવાય છે.

**ઓઘડ ટૂક :-**

-(**ચોથી ટૂક**) આ ઓઘડટૂક ઉપર પહોંચવા માટે કોઈ પગથિયાં કરવામાં આવ્યા નથી, તેથી આડાઅવળા પથ્થર ઉપર ચઢીને જવાય છે. આ માર્ગ ખૂબજ વિકટ હોવાથી કોઈ અતિશ્રદ્ધાવાન સાહસિક આ શિખરને સર કરવાના પ્રયત્નો કરે છે. આ ટૂંક ઉપરની એક મોટી કાળી શિલામાં શ્રી નેમિનાથની પ્રતિમા તથા બીજી શિલા ઉપર પગલાં કોતરવામાં આવેલા છે. જેમાં વિ. સં. ૧૨૪૪નો પ્રતિષ્ઠા કર્યાનો લેખ જોવામાં આવતો હતો. ચોથી ટૂકથી સીધા બારોબાર પાંચમી ટૂકે જવામાં જાનનું જોખમ થાય તેવો વિકટ રસ્તો છે. તેથી ચોથી ટૂકથી નીચે ઉતરી આગળ વધતાં ડાબા હાથ તરફની સીડીથી લગભગ ૬૯૦ પગથિયા ઉપર ચઢતાં પાંચમી ટૂકનું શિખર આવે છે. આ પગથિયાનો ચઢાવ ઘણો કઠીન છે.

**પાંચમી ટૂક :-**

(**મોક્ષકલ્યાણક ટૂક**) ગિરનાર માહાત્મ્ય અનુસાર આ પાંચમી ટૂકે પૂર્વાભિમુખ પરમાત્માના પગલાં ઉપર વિ.સં. ૧૮૯૭ના પ્રથમ આસો વદ-૭ ના ગુરુવારે શા. દેવચંદ લક્ષ્મીચંદ વડે પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. તે પગલાંની આગળ હાલ અજૈનો દ્વારા દત્તાત્રયની પ્રતિમા પધરાવવામાં આવેલ છે. તે મૂર્તિની પાછળની દીવાલમાં પશ્ચિમાભિમુખ શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા કોતરવામાં આવેલ છે. જેને હિન્દુઓ શંકરાચાર્યની મૂર્તિ હોવાનું કહે છે. આ પગલાંની પ્રદક્ષિણા પૂર્ણ થતાં ડાબા હાથે એક મોટો ગંજાવર ઘંટ છે. જેમાં વિ.સં. ૧૮૯૪ની સાલ નો ઉલ્લેખ છે. અહીં જાત્રાર્થે પધારતાં સર્વ હિન્દુયાત્રાળુઓ શ્રદ્ધાપૂર્વક આ ઘંટ વગાડીને પોતાની ગિરનારની યાત્રા પૂર્ણ થયાનો આનંદ માણે છે. હાલમાં આ ટૂક દત્તાત્રયના નામે પ્રસિદ્ધ થયેલ છે, જૈન માન્યતાનુસાર શ્રી નેમિનાથ પરમાત્માના શ્રી વરદત્ત, શ્રી ધર્મદત્ત અને શ્રી નરદત્ત એમ ત્રણ ગણધરના નામના છેડે 'દત્ત' શબ્દ આવતો હોવાથી

'દત્તાત્રય' એવું નામ પડ્યું હોવાનું કહેવાય છે. ઘણા લોકો આ પગલાંને શ્રી વરદત્તગણધરનાં પગલા પણ કહે છે. લગભગ ૬૦ વર્ષ પૂર્વે આ ટૂકનો સંપૂર્ણ વહીવટ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી દ્વારા કરવામાં આવતો હતો અને પહેલી ટૂકથી પૂજારી પૂજા કરવા માટે આવતાં હતા. હાલમાં દત્તાત્રય તરીકે પ્રસિદ્ધ એવી આ ટૂંકનો સંપૂર્ણ વહીવટ હિન્દુ મહંત દ્વારા કરવામાં આવે છે. આજે જૈનો માત્ર દર્શન અને એ પવિત્રભૂમિની સ્પર્શના કરીને સંતોષ માને છે.

આ પાંચમી ટૂકથી નીચે ઉતરી મુખ્ય સીડી ઉપર આવી પાછા જવાના રસ્તે જવાને બદલે ડાબા હાથ તરફના લગભગ ૩૫૦ પગથિયા ઉતરતાં કમંડલકુંડ નામની જગ્યા આવે છે.

**કમંડલ કુંડ :-**

આ કમંડલકુંડનું સંચાલન હિન્દુ મહંત દ્વારા થાય છે. અહીં કાયમી અગ્નિધૂણો પ્રગટેલો રહે છે. અહીં આવનાર દરેક યાત્રિકો માટે વિનામૂલ્ય અન્નક્ષેત્ર ચાલે છે. જ્યાં નિત્ય સેંકડો યાત્રિકો ભોજનની સગવડ પામે છે. કમંડલકુંડથી નૈઋત્યખૂણામાં જંગલ માર્ગે રતનબાગ તરફ જવાય છે, આ રસ્તો ખૂબ વિકટ અને દેવાધિષ્ઠિત સ્થાન છે. જ્યાં આશ્ચર્યકારક વનસ્પતિ થાય છે. આ રતનબાગમાં રતનશિલા ઉપર શ્રી નેમિપ્રભુના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હોવાનો પાઠ પણ કોઇ ગ્રંથમાં જોવા મળે છે. શ્રી નેમિનાથ ભગવાન સાથે ૫૩૬ મહાત્માઓ નિર્વાણ પામ્યા હોવાથી તેઓનો અગ્નિસંસ્કાર પણ આ વિસ્તારમાં થયો હોવાનું સ્પષ્ટ સમજી શકાય છે. આ કમંડલકુંડથી અનસુયાની છઠ્ઠી ટૂક અને મહાકાલીની સાતમી કાલિકાટૂક ઉપર જવાય છે.

**કાલિકા ટૂક :-**

કમંડલકુંડથી કાલિકાટૂક જવાનો માર્ગ અત્યંત વિકરાળ અને ભયંકર લાગતો હોવાથી ભોમિયાને સાથે લઇને જવાનું હિતાવહ ગણાય. માર્ગમાં

કોઇ ભૂલા ન પડે તે માટે ઠેકઠેકાણે લાલ સિંદુરની નિશાનીઓ કરવામાં આવેલી છે. માર્ગમાં કાંટા અને પથરાઓ રહેતા હોવાથી કોઇ જોરાવર અને હિમ્મતવાન માણસ જ કાલિકાટૂંક સુધી પહોંચવા સમર્થ બને છે. પૂર્વે તો કહેવાતું કે બે માણસ કાલિકા ટૂક જાય તેમાંથી એક માણસ જીવતો પાછો ફરે. કાલિકાની ટૂકે કાલિકા માતાનું સ્થાન અને ટોચ ઉપર ત્રિશૂળ જોવા મળે છે. કમંડલકુંડથી પાંડવગુફા જવાનો પણ માર્ગ મળે છે આ ગુફા પાટણવાવ સુધી નીકળતી હોવાનું જાણવા મળે છે. કમંડલકુંડથી પાછા ગોરખનાથ ટૂક, અંબાજી ટૂક થઇ ગૌમુખી ગંગાની બાજુમાં ઉત્તરદિશા તરફના રસ્તે આગળ વધતાં આનંદગુફા, મહાકાલગુફા, ભૈરવજપ, સેવાદાસની જગ્યા અને પથ્થર ચટ્ટીની જગ્યાએ થઇને લગભગ ૧૨૦૦ પગથિયાં નીચે ઉતરતાં સહસાવનનો વિસ્તાર આવે છે.

**સહસાવન (સહસ્રામ્રવન) :-**

(શ્રી નેમિપ્રભુની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક ભૂમિ) સહસાવનમાં શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક થયા હતા. સહસાવનને સહસ્રામ્રવન કહેવાય છે કારણ કે અહીં સહસ્ર અર્થાત્ હજારો આંબાના ઘેઘૂરવૃક્ષો આવેલા છે. ચારેબાજુથી આંબાઓથી ઘેરાયેલા આ સ્થળની રમણિયતા તન-મનને અનેરી શીતળતાનો અનુભવ કરાવે છે. આજે પણ મોરલાના મધુરા કીંકાર અને કોયલના ટહૂકારથી ગુંજતી આ ભૂમિ શ્રી નેમિપ્રભુની દીક્ષા અવસરના વૈરાગ્યરસથી રસાયેલી તથા કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિબાદ સમવસરણમાં બેસી દેશના આપતાં પ્રભુની પાંત્રીસ અતિશયયુક્ત વાણીના શબ્દોથી સદા ગુંજતી હોવાની પ્રતીતિ કરાવે છે. આ સહસાવનમાં શ્રી નેમિનાથ પ્રભુની દીક્ષા કલ્યાણક તથા કેવળજ્ઞાન કલ્યાણકની ભૂમિના સ્થાને પ્રાચીન દેરીઓમાં પ્રભુજીના પગલાંઓ પધરાવેલા છે.

તેમાં કેવળજ્ઞાન કલ્યાણકની દેરીમાં તો શ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતીશ્રીજી અહીંથી મોક્ષે ગયા હોવાથી તેઓનાં પગલા પણ પધરાવવામાં આવેલ છે.

લગભગ ૪૦-૪૫ વર્ષ પૂર્વે તપસ્વી સમ્રાટ પૂ.આ.શ્રી હિમાંશુસૂરિજી મહારાજ પહેલી ટૂકેથી આ કલ્યાણકભૂમિની સ્પર્શના કરવા માટે વિકટકેડીના માર્ગેથી આવતાં હતા. તે અવસરે કોઇ યાત્રિક આ ભૂમિની સ્પર્શના કરવા આવવાનું સાહસ કરતા નહીં, તેથી આચાર્ય ભગવંતના મનમાં વિચાર આવ્યો કે, "જો આ રીતે જ આ કલ્યાણભૂમિની ઉપેક્ષા કરવામાં આવશે, તો આ ઐતિહાસિક સ્થાનની સુરક્ષા જોખમમાં મૂકાઈ જશે." આ સમય દરમ્યાન કોઇ દિવ્યપ્રેરણાના બળે પૂજ્યશ્રીએ વિચાર કર્યો કે પ્રાચીનદેરી અને માત્ર પગલાંના દર્શન કરવા કોઇ યાત્રિક ઉત્સુક બનતું નથી, તેથી તેઓને પુષ્ટ આલંબન મળે તે માટે દીક્ષાકલ્યાણક અને કેવળજ્ઞાનકલ્યાણકના પ્રતીકરૂપે બે જિનાલયોનું નિર્માણ થાય, તો અનેક ભાવિકો આ ભૂમિના દર્શન-પૂજન-સ્પર્શનનો લાભ પામી શકે. ત્યારબાદ તેઓશ્રીની પ્રેરણાથી ટ્રસ્ટે અથાગ પુરુષાર્થથી સહસાવનમાં જગ્યા મેળવી કેવળજ્ઞાન કલ્યાણકના પ્રતીકરૂપે સમવસરણ મંદિરનું નિર્માણ કર્યું.

**સમવસરણ મંદિર :-**

(શ્રી નેમિનાથ ભગવાન-૩૫ ઇંચ) આ સમવસરણ મંદિરમાં ચૌમુખજીના મૂળનાયક તરીકે શ્યામવર્ણીય સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. આ ચૌમુખજી પ્રભુજીની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૪૦ ચૈત્ર વદ-પાંચમના દિવસે પૂ. આ. શ્રી હિમાંશુસૂરિજી મહારાજ, પૂ. આ. શ્રી નરરત્નસૂરિજી મહારાજ, પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મહારાજ, પૂ. પં. હેમચન્દ્રવિજયજી ગણિવર્ય આદિ વિશાળ સાધુ સાધ્વી સમુદાયની પાવન નિશ્રામાં થયેલ છે.

આ સમવસરણ જિનાલયમાં પ્રવેશ કરતાં જ સામે સમવસરણના પગથિયાંને જોઈ સાક્ષાત્ પ્રભુના સમવસરણમાં પ્રવેશ કરતાં હોવાની ભાવાનુભૂતિ થાય છે. ચઢીને ઉપર જતાં મધ્યમાં અશોક વૃક્ષની નીચે ચૌમુખજી પ્રભુજીના બિંબોને નિહાળતાં હૈયું પુલકિત થાય છે. આ સમવસરણની સમ્મુખના રંગમંડપમાં ગતચોવીસીના દસ તીર્થંકર સમેત શ્યામવર્ણીય શ્રી નેમિનાથ પરમાત્મા તથા તેની સામે આવતી ચોવીસીના ચોવીસ તીર્થંકર સમેત પીતવર્ણીય શ્રી પદ્મનાભ પરમાત્માની નયનરમ્ય પ્રતિમાઓ પધરાવેલ છે. અન્ય રંગમંડપમાં જીવિતસ્વામી શ્રી નેમિનાથ ભગવાન તથા સિદ્ધાત્મા શ્રી રહનેમિજીની પ્રતિમાઓ, વિશિષ્ટ કલાકૃતિયુક્ત કાષ્ઠનું સમવસરણ મંદિર તથા દરેક રંગમંડપમાં શ્રી નેમિપ્રભુના ૬-૬ ગણધર ભગવંતોની પ્રતિમા સ્થાપિત કરવામાં આવેલ છે. તદુપરાંત જિનાલયમાં પ્રવેશતાં રંગમંડપમાં ડાબે-જમણે અનુક્રમે શ્રી નેમિનાથ ભગવાનના શાસનઅધિષ્ઠાયક શ્રી ગોમેધયક્ષ તથા અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની પ્રતિમાઓ બિરાજમાન છે. અન્ય રંગમંડપોમાં પૂ. આ. શ્રી હિમાંશુસૂરિજી મહારાજના વડીલપૂજ્યોની પ્રતિકૃતિ તથા પગલાં પધરાવવામાં આવેલ છે. સમવસરણની પાછળ નીચે ગુફામાં શ્રી નેમિનાથ પરમાત્માની અત્યંત મનમોહક પ્રતિમા (૧૧ ઇંચ) પધરાવવામાં આવેલ છે. જ્યાં અનેક મહાત્માઓ અનેક દિવસો સુધી અઠ્ઠમ આદિ તપશ્ચર્યા સમેત વિશિષ્ટ જાપની આરાધનાઓ કરતા જ રહે છે.

પૂ. આ. શ્રી હિમાંશુસૂરિ મહારાજ પ્રેરિત શ્રી સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ-જૂનાગઢ દ્વારા આ સમવસરણ મંદિરનું નિર્માણ કરાયેલ છે અને અહીં વિશિષ્ટ આરાધના કરવાની ભાવનાવાળા પુણ્યશાળીઓ માટે ધર્મશાળાની વ્યવસ્થા છે. પૂર્વસંમતિપૂર્વક આવનાર અહીં રાત્રિરોકાણ કરી શકે છે તથા ભોજન-આયંબિલની વ્યવસ્થા પણ કરી આપવામાં આવે છે. આ સંકુલમાં દર્શનાર્થે પધારતાં સર્વ સાધર્મિક બંધુઓને ભાતું આપવામાં આવે છે.

આ સમવસરણ મંદિરથી બહાર નીકળી પગથિયાં ઉતરતાં જમણી બાજુ આ મંદિરના પ્રેરણાદાતા પૂ. આ. શ્રી હિમાંશુસૂરિજી મહારાજની અંતિમસંસ્કાર ભૂમિ આવે છે, જેમાં પૂજ્યશ્રીના પગલાં તથા પ્રતિકૃતિ પધરાવવામાં આવેલ છે. આ અંતિમસંસ્કાર ભૂમિથી ૬૦ પગથિયાં ઉતરતાં બે રસ્તા પડે છે જેમાં ડાબીબાજુના માર્ગે ૩૦૦૦ પગથિયાં ઉતરી લગભગ અડધો કીલોમીટર ચાલતાં તળેટી આવે છે. જમણી બાજુ ૧૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ બુગદાની ધર્મશાળા આવે છે, જયાં અને મહાત્માઓએ સ્થિરતા કરી ૬૮ ઉપવાસ, માસક્ષમણ આદિ ઉગ્રતપશ્ચર્યા કરેલ છે ત્યાંથી ૩૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ શ્રી નેમિનાથ પરમાત્માની કેવળજ્ઞાન કલ્યાણકની પ્રાચીન દેરી આવે છે.

**શ્રી નેમિનાથ પ્રભુજી કેવળજ્ઞાન કલ્યાણકની પ્રાચીનદેરી :-**

આ કેવળજ્ઞાન કલ્યાણકની દેરીમાં મધ્યમાં શ્રી નેમિનાથ પ્રભુના પગલાં તથા તેની બાજુમાં તેમના ભાઈ મુનિ શ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતીશ્રીજીના પગલાં પધરાવવામાં આવેલા છે. આ દેરીથી ૩૦ પગથિયા ઉતરતાં ડાબીબાજુ શ્રી નેમિપ્રભુની દીક્ષા કલ્યાણકની પ્રાચીનદેરી આવે છે.

**શ્રી નેમિપ્રભુની દીક્ષાકલ્યાણકની પ્રાચીન દેરી :-**

આ દીક્ષા કલ્યાણકની પ્રાચીન દેરી એક વિશાળ ચોકમાં આવેલી છે, જેમાં શ્રી નેમિપ્રભુના શ્યામવર્ણીય પગલાં પધરાવવામાં આવેલા છે. અનેક મુમુક્ષુ આત્માઓ દીક્ષાપૂર્વે આ પાવનભૂમિની સ્પર્શના કરવા આવશ્ય પધારે છે. આ દીક્ષા કલ્યાણકભૂમિની સામે વાલ્મિકીગુફા તથા ડાબા હાથે નીચે ઉતરતાં ભરતવન, ગિરનારી ગુફા, હનુમાનધારાના હિન્દુસ્થાનો આવે છે. ત્યાંથી નીચે ઉતરતાં પરિક્રમાના રસ્તામાં આવતી ઝીણાબાવાની મઢીના સ્થાને પહોંચાય છે. આ દીક્ષાકલ્યાણકની દેરીથી જમણી તરફ પાછા ૭૦ પગથિયાં ઉપર ચઢતાં જમણીબાજુ તળેટી તરફ જવાનો માર્ગ આવે છે. જે માર્ગે લગભગ ૧૮૦૦ પગથિયાં ઉતરતાં

રાયણના ઝાડ નીચે એક પરબ આવે છે જ્યાં ઉકાળેલા પાણીની વ્યવસ્થા પણ ઉપલબ્ધ હોય છે. ત્યાંથી ૧૨૦૦ પગથિયાં ઉતરીને લગભગ અડધો કિલોમીટર ચાલીને જતાં ગિરનાર તળેટી આવી જાય છે.

સહસાવનમાં શ્રી નેમિપ્રભુની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની સાથે અન્યપણ ઐતિહાસિક પ્રસંગો થયા છે. આ સહસાવનમાં કરોડો દેવતાઓ દ્વારા શ્રી નેમિનાથ ભગવાનનું પ્રથમ તથા અંતિમ સમવસરણ રચાયું હતું, સાધ્વી રાજીમતીજી તથા શ્રી રહનેમિજી મોક્ષપદને પામ્યા હતા. શ્રી કૃષ્ણવાસુદેવ દ્વારા સુવર્ણ અને રત્નમય પ્રતિમાજી યુક્ત ત્રણ જિનાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સોનાના ચૈત્યોમાં મનોહર ચોવીસીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. બાજુમાં લક્ષારામમાં એક ગુફામાં ત્રણકાળની ચોવીસીના બોંતેર તીર્થંકર ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી હતી.

●



## ગિરનારની અજબ-ગજબની વાતો

ગિરનારના પહાડોમાં અનેક ગુફાઓ અને ગુપ્તસ્થાનો છે, જેના કારણે ગિરનાર ઘણા સ્થાને ખૂબ પોલો હોવાનું જણાય છે. આ પર્વતોમાં અનેક સંતો, મહંતો, સિદ્ધો, યોગીઓ, અનેક અઘોરીઓ અને

મહાત્માઓએ વસવાટ કરી અનેકવિધ સાધનાઓને સિદ્ધ કરેલ છે. આજે પણ અનેક વિભૂતિઓ ગિરનારની ગુફાઓમાં આત્મધ્યાનમાં લીન રહી આત્મસાધના કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે, જેની ઉંમર ૧૦૦-૨૦૦-૩૦૦ એમ સેંકડો વર્ષની પણ હોય છે. જૈન ગ્રંથો તથા અન્યધર્મગ્રન્થોમાં પણ યક્ષાદિ અને આત્માઓ ગિરનારમાં વસતા હોવાનો ઉલ્લેખ આવે છે. આવા આત્માઓની અનેક વાર્તાઓ અને ચમત્કારોની વાતો આજે પણ લોકમુખથી જાણવા મળે છે, જેમાંથી કેટલીક વાતો અહીં પ્રસ્તુત છે.

૧. જૂનાગઢના ગોરજી કાંતિલાલજીના કહેવા પ્રમાણે જૂનાગઢના કેટલાક ભાઈઓએ ગદ્ધેસિંહના ડુંગરમાં જઈ ગધૈયાના સિક્કાઓ એકઠા કરી ગાંસડી બાંધીને બોરદેવીના મુકામે આવ્યા, તે વખતે બોરદેવીમાં ઉપસ્થિત બાવાને તેઓએ હેરાન કર્યા, તેથી બાવાનો ક્રોધ આસમાને ચડતાં કેટલાક તો ગાંડા થઈને ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યા, કેટલાક ભાગી છુટતા રસ્તામાં મૃત્યુ પામ્યા અને કેટલાક તો જૂનાગઢમાં પહોંચ્યા પછી મૃત્યુ પામ્યા હતાં.

૨. આ યતિજી કહેતા કે ગિરનાર ઉપર પથ્થર ચટ્ટીની જગ્યામાં રહેતા હરનાથગર નામના અઘોરીએ એકવાર કોઇ બ્રાહ્મણના પુત્રને ઉપાડી લાવીને તેનું ભક્ષણ કર્યું હતું. તે બ્રાહ્મણ પુત્રને શોધતાં શોધતાં ગિરનાર ઉપર આવ્યો, પરંતુ પુત્ર ન મળવાથી અત્યંત દુઃખી હૃદયે તેણે ગિરનારના અધિષ્ઠાયક દેવોને પ્રાર્થના કરી, બ્રાહ્મણના આક્રંદથી તુષ્ટ થયેલ વરદત્ત શિખરના અધિષ્ઠાયક દેવ જાગૃત થયા, તેમની સહાયથી પેલો બ્રાહ્મણપુત્ર પુનઃ જીવિત થયો અને અધિષ્ઠાયક દેવે તે અઘોરીને લાકડી વડે ખૂબ માર મારતાં તે અઘોરી લંગડો થઇ ગયો, ત્યારબાદ ઘણા અઘોરીઓ ગિરનાર છોડીને ચાલ્યા ગયા.

૩. ગિરનારના શ્રી નેમિનાથ દાદાની પૂજા કરનાર આરાધક આત્માઓ ધન્ય બની જાય છે, અરે નેમિપ્રભુના દર્શન-પૂજનથી કેટલાય આરાધકોએ વાસનાઓનું વમન થતું હોવાનો અનુભવ કર્યો છે, અનેક

મુમુક્ષુ આત્માઓ દીક્ષાપૂર્વે શ્રી નેમિપ્રભુ તથા દીક્ષા કલ્યાણકભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન દ્વારા સંયમ અંગીકાર કરવામાં નડતાં અંતરાયોને તોડવા માટે સમર્થ બને છે. કેટલાક આત્માઓ આ ગિરનારની ભક્તિ કરી બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરી આત્મારાધનામાં લીન બન્યા છે.

૪. એક સાધક આત્મા ગિરનારના અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના ભોંયરામાં સાધના કરવા અનેકવાર આવતાં હતાં, ત્યારે એક રાત્રિએ ભોંયરામાં જાપ-ધ્યાનની આરાધનામાં લીન હતા અને ભોંયરાનો દરવાજો પૂજારી બહારથી બંધ કરી ગયો. ત્યારે આકાશમાર્ગેથી એક દિવ્યપ્રકાશનો પુંજ ભોંયરામાં ઉતરતો જોયો અને થોડીવાર તે પ્રકાશના પુંજમાંથી બે ચારણમુનિઓ અવતરતાં દશ્યમાન થયા, થોડીવાર પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ કરી, ત્યારબાદ તે ચારણમુનિઓ અત્યંત તેજગતિએ આકાશભણી ગમન કરતાં નિહાળ્યા હતા.

૫. એક મહાત્માએ ગિરનારની ૯૯ યાત્રા કરતાં કરતાં એકવાર એક વિશિષ્ટ ગુફામાં પ્રવેશ કર્યો, ત્યાં અત્યંત શાંત, તેજસ્વી, કદાવરદાર દેહધારી, તેજવર્તુળવાળા એક દિવ્યસંતના દર્શન કર્યા અને તેમના સ્વમુખે ગિરનાર મહાતીર્થનું અલૌકિક માહાત્મ્ય સાંભળ્યું હતું.

૬. રાજનગર-અમદાવાદથી એક આરાધક પરિવાર સંઘ લઈને ગિરનારમંડન શ્રી નેમિનાથ પ્રભુજીને આભૂષણ ચઢાવવા આવ્યો, ત્યારે અઢાર અભિષેકના દિવસે શ્રી નેમિનાથ દાદાના આખા દેરાસરની છતમાંથી મોટા મોટા ટીપાં પડે તે રીતે અમીઝરણાં થયા હતા, વળી શ્રીનેમિપ્રભુના પ્રતિમાને ત્રણવાર અંગલુછણા કરવા છતાં જ્યારે અમીઝરણાં ચાલુ જ રહ્યા, ત્યારે સૌએ તેવા ભીના પ્રભુજીની જ પૂજા કરવી પડી હતી.

૭. ગિરનાર ઉપરની શ્રી પ્રેમચંદજીની ગુફામાં ઘણા મહાત્માઓએ ધ્યાન ધરેલ છે, શ્રી પ્રેમચંદજી મહારાજ યોગવિદ્યામાં પ્રવીણ હતા, એકવાર પોતાના ગુરુભાઈ શ્રી કપુરચંદજીને શોધવા માટે તેઓ ગિરનારની આ ગુફામાં આવીને રહ્યા હતાં. શ્રી કપુરચંદજી મહારાજ

પાસે અનેકરૂપને ધારણ કરવાની તથા એક સ્થળેથી બીજા સ્થળે ઉડીને જવાની આકાશગામિની વિદ્યા હતી.

૮. વિ.સં. ૧૯૪૩માં ગિરનાર ઉપર એક યોગી એક પ્રબુદ્ધ લેખકને પોતાની ગુફાનું પાષાણનું દ્વાર ખોલીને અંદર લઇ ગયેલા, ત્યારબાદ તે લેખક અનેકવાર તે સ્થળે જઇને તે દ્વારની તપાસ કરતાં, પરંતુ ત્યાં ખડકની શિલા સિવાય બીજું કાંઇ નહોતું મળતું.

૯. એકવાર કેટલાક આરાધકો શ્રી નેમિનાથ દાદાના દેરાસરની બહારની ધર્મશાળાની રૂમોમાં જાપ-આરાધના કરી રહ્યા હતાં. ત્યારે શ્રી નેમિપ્રભુના જિનાલયમાંથી એકધારો ઘંટનાદ સંભળાતો હતો.

૧૦. કેટલાક સાધ્વીજી ભગવંતો શ્રી નેમિનાથ ભગવાનનું દેરાસર માંગલિક થયા બાદ બહાર રહેવા શાસનઅધિષ્ઠાયિકા અંબિકાદેવીની દેરી પાસે આરાધના કરી રહ્યા હતા ત્યારે દાદાના દરબારમાંથી લગભગ પોણા કલાક સુધી સતત નૃત્યોના નાદ અને ઝાંઝરના - ઝમકારના દિવ્યધ્વનિનું ગુંજન સંભળાતું હતું.

૧૧. વિ. સં. ૨૦૩૧ ના કારતક માસમાં એક આરાધક આત્માએ ખૂબ ભાવપૂર્વક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાને પ્રક્ષાલ કર્યો પછી અંગલૂંછણા વગેરેથી બધું કોરું કરી દેવા છતાં જ્યારે પૂજા કરવા ગયા ત્યારે પ્રભુજીના ચરણકમલમાંથી લગભગ ચારેક વાટકી ભરાય તેટલું દિવ્યસુગંધી નવણજલ ઝર્યું હતું.

૧૨. એકવાર એક યોગીપુરુષને જીવતાં સળગાવી દેવામાં આવ્યા હોવા છતાં તે મહાત્માએ ભડભડ બળતાં અગ્નિમાંથી સહજતાપૂર્વક બહાર નીકળીને કલકત્તાના અંગ્રેજ ગવર્નરને આશ્ચર્ય પમાડી દીધા હતાં.

૧૩. ગિરનારની ગુફામાં વસતાં નાગાબાવાઓ મહાશિવરાત્રિના મેળાના અવસરે અનેકવિધ અકલ્પનીય યોગના દાવો દ્વારા સૌને આશ્ચર્યમુગ્ધ કરતાં હોય છે. આજે પણ એવા ઘણા અઘોરીઓ ગિરનારની ગુફામાં વસે છે, જે મહાશિવરાત્રિના મેળાના અવસરે ભવનાથ મંદિરના

દર્શનાર્થે આવે છે, પછી મૃગીકુંડમાં સ્નાન કરવા પડે છે અને પાછા બહાર નીકળતા જોવા મળતા નથી. (પ્રાયઃ સૂક્ષ્મ શરીર કરીને ચાલ્યા જતાં હોવાનો સંભવ છે.)

૧૪. ઈ.સ. ૧૮૮૯-૧૮૯૦ માં વંથલી તાલુકાના સેલરા ગામના એક આહિરના પુત્રને તેના ખેતરમાંથી આકાશમાર્ગે આવેલા કોઇ સાધુ પોતાની પાછળ તે બાળકને ઉપાડીને ગિરનાર ઉપર લઇ જતા હતા, એક ગુફામાં ત્રણ દિવસ રાખીને પાછો મૂકી જતા હતાં, ત્યારે પોલીસ તપાસ થતી, પરંતુ તે વખતના નવાબ રસુલખાને હવે આ છોકરો સહીસલામત પાછો આવી ગયો હોવાથી તે સાધુઓની શોધ કરવા માટે વિશેષ ઉંડા ઉતરવાની જરૂર નથી, તેવું કહીને તપાસ બંધ કરવા માટે આજ્ઞા કરી હતી.

૧૫. એકવાર એક બાવાએ જંગલમાં કોઇ રસકૂપિકાની શોધ કરીને તેમાંથી રસ લઇને એક તુંબડીમાં ભરી દીધો હતો, રાત્રે કોઇ સોનીને ત્યાં રોકાણ કરી બીજા દિવસે સવારે ઉઠીને તે પોતાના રસ્તે ચાલી નીકળ્યો હતો. સોનીના ઘરમાં જ્યાં જ્યાં તુંબડીમાં રહેલા રસના છાંટા હતા, તે તે વસ્તુઓ સોનાની બની ગઇ હતી, આ ઘટનાનો ખ્યાલ આવતાં સોનીએ તાત્કાલિક તે બાવાને શોધવાના પ્રયત્નો કર્યા, પરંતુ તે બાવાનો કોઇ પત્તો ન લાગ્યો.

૧૬. રોગથી પીડાતા કોઇ માણસે આપઘાત કરવા અંબાજીની ટૂકથી પડતું મૂક્યું, પરંતુ નશીબજોગે કોઇ હરડેના ઝાડ પાસે પડવાથી તે થોડો સમય ત્યાંજ પડ્યો રહ્યો હરડેના ઝાડની અસરથી તેને વારંવાર સંડાસ જવાનું થતાં તેનો બધો જ રોગ દૂર થઇ ગયો, આ વાત તેણે જૂનાગઢના તે વખતનાં ગોરજી લાધાજી જયવંતજીના ગુરુને કરી, ત્યારે તેમણે પણ તે હરડે લાવીને નવાબ સાહેબની દવામાં ઉપયોગ કર્યો, ટૂક સમયમાં નવાબ સાહેબનો દીર્ઘકાલીન રોગ પણ ગાયબ થતાં તે તંદુરસ્ત સ્વાસ્થ્યને પામ્યા હતાં.

૧૭. એકવાર કેટલાક યાત્રિકો ગિરનારમાં ભૂલા પડ્યા ત્યારે કોઇ યોગીની ગુફા પાસે આવી પહોચ્યાં, યોગી મહાત્માએ તેમને સાંત્વન

આપીને કોઇ ઝાડના પાંદડાઓ ખાવા આપ્યા તે પાંદડા તેમને પાપડ જેવા લાગ્યા અને તેનાથી તેમની ભૂખનું શમન થઈ ગયું, ત્યારબાદ યોગીએ તેમની ઉપર પાટા બાંધીને કોઈક રસ્તે છૂટા મૂકી દીધા, ત્યારે તે સ્વાભાવિક જ પોતાના સ્થાન ઉપર પાછા પહોંચી ગયા હતાં. બીજા દિવસે જ્યારે તે યાત્રિકોએ તે ગુફાની શોધ કરી, ત્યારે તેમને તે સ્થાન જોવા ન મળ્યું.

૧૮. એકવાર એક કઠિયારાએ રતનબાગમાં કોઇ વાંદરાને કુહાડી મારી, તે કુહાડી જોગાનુજોગ કોઇ કુંડમાં પડવાથી સોનાની થઇ ગઇ, તે સ્થાનની ચોક્કસ નિશાની રાખીને કઠિયારો બીજા દિવસે તે સ્થાન શોધવા લાગ્યો, ત્યારે પોતાની કરેલી નીશાની ન મળતાં તે રસ્તામાં ભૂલો પડી ગયો હતો.

૧૯. ગબ્બર અથવા ગદ્ધેસિંહનો ડુંગર પાંચમીટૂકના નૈઋત્યખૂણામાં છે, ત્યાં શાશ્વતી પ્રતિમાઓ છે, પરંતુ તેમાં કુંજ દ્રહ નામનો ઝરો છે, તેને તાંતણીયો ધરો પણ કહેવાય છે. આ ધરામાં રતનબાગમાંથી શુદ્ધ નિર્મલ જલ આવે છે અને અગાધ હોવાથી તેનો કોઇ પાર આવતો નથી, તેથી તે શાશ્વતી પ્રતિમાના સ્થાન સુધી કોઇ પહોંચી શકતું નથી. આ તાંતણીયો ધરો બીલખા તરફ થઇને હોજતને મળે છે.

૨૦. ગિરનારના માર્ગમાં આવેલા દામોદરકુંડ માં પાણીમાં નાંખવામાં આવેલા હાડકાં આપમેળે ઓગળી જાય છે અને તેમાં ભસ્મ નાંખવામાં આવે તો પણ તે પાણી શુદ્ધનું શુદ્ધ જ રહે છે.

૨૧. ગિરનારના સહસાવન તરફના પોલા આંબાના વૃક્ષ પાસે એક ઝરણું વહેતું હતું. એક માણસ તે ઝરણાનું પાણી લેવા નીચે વળીને પાછો ઉભો થયો, ત્યારે તેની સામે એક મહાકાય માનવ જેવી આકૃતિ તેની સામે જોઇને અટ્ટહાસ્ય કરી રહી હતી. તે દૃશ્ય જોઇને પેલો માણસ ગભરાટ સાથે ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

૨૨. ગિરનારમાં એવી વનસ્પતિ છે જેના મૂળિયાને રાંધીને ખીચડી બનાવીને ખાવાથી છ-છ માસ સુધી માણસની ભૂખ શાંત થઇ જાય છે.

૨૩. ગિરનારમાં એક એવી વનસ્પતિ છે જેમાંથી દૂધ નીકળે છે, તે દૂધના ૩-૪ ટીપાં આપણાં સાદા દૂધમાં નાંખવામાં આવે તો પાંચ જ મીનિટમાં તે દહીં બની જાય છે.

૨૪. એકવાર યાત્રાળુઓ ગિરનાર ચઢી રહ્યા હતા, ત્યારે સવારના સમયે કોઇ ઝાડીની ડાળી તોડીને દાતણ કરવા લાગ્યા અને થોડી જ વારમાં તેના બધા દાંત પડી ગયા.

૨૫. જૂનાગઢ ગામના એક શ્રાવક તથા તેના મિત્ર રતનબાગ તરફ જવાના માર્ગે આગળ વધી રહ્યા હતા, ત્યાં સામે આવેલી ઝાડીને હાથથી થોડી દૂર કરવાનો પ્રયાસ કરવા માંડ્યો, ત્યાં તો તે ડાળી જાણે કે કોઇનો હાથ ન હોય, તેમ તે વ્યક્તિના મુખ ઉપર જોરથી લાફો માર્યો, ત્યારે તેમના આગળના ચારદાંત પડી ગયા હતાં.

૨૬. ગિરનારમાં કોઇ યાત્રિક રસ્તો ભૂલી ગયો હશે, ત્યારે તેને સામે જ કોઇ સંન્યાસી મળ્યો અને પૂછ્યું, "બેટા ! ક્યાં રસ્તા ભૂલ ગયા હૈ ? તેણે હા પાડતાં પોતાની પાછળ પાછળ લઇ ગયો અને એક શિલાને હાથથી ખસેડતા અંદર એક ગુફા હતી, અંદર જઇને પોતાની લબ્ધીથી ભોજન હાજર કરીને તે યાત્રિકને ખવડાવે છે, પછી તે યાત્રિકને ચાલવાનું કહેતા તે આગળનો આગળ ચાલતાં બે દિવસ બાદ ઉપલેટા ગામ પાસેથી બહાર નીકળ્યો હતો.

૨૭. એક યાત્રિક માર્ગ ભૂલી જતાં મુઝવણમાં મુકાઇ જાય છે, ત્યારે શણગાર સજેલી એક સ્ત્રી તેને માર્ગ ચીંધે છે. તે આગળ ચાલવા માંડે છે ત્યારે તેને આગળ માર્ગ દેખાય છે તે સમયે પાછળ જોતાં પેલી શણગાર સજેલી સ્ત્રી અલોપ થયેલી હતી.

આવી અનેક અજબ-ગજબની, અનુભૂત વાતો આ મહાપ્રભાવક, ચમત્કારી ગિરનાર ગિરિવરના ઇતિહાસ સાથે સંકળાયેલી-જોડાયેલી સાંભળવા મળે છે.

•

[redacted]

## ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રા કેવી રીતે કરશો ?

ગિરનારની ૯૯ યાત્રાથી આપ ગભરાઈ ગયા ? તેમાં ગભરાવાની કોઈ જરૂર નથી, હકીકતમાં શત્રુંજયની ૯૯ યાત્રા કરતાં તો ગિરનારની ૯૯ યાત્રા સાવ સરળ છે. કઈ રીતે સરળ ? વાંચો :

- શત્રુંજયની પ્રથમ યાત્રામાં લગભગ ૩૬૦૦ પગથિયા થાય, ગિરનારની પહેલી યાત્રામાં લગભગ ૩૮૪૦ પગથિયા થાય.
- શત્રુંજયમાં બીજી યાત્રા માટે ઘેટીપાગના ૨૮૦૦ પગથિયા ઉતરવાના થાય જ્યારે ગિરનારમાં બીજી યાત્રા માટે ૧૦૦૦ પગથિયાના ડીસ્કાઉન્ટ સાથે સહસાવન સુધીના માત્ર ૧૮૦૦ પગથિયા ઉતરવાના થાય.
- શત્રુંજયની ત્રણ યાત્રામાં જેટલા પગથિયા થાય, તેનાથી ઓછા પગથિયામાં ગિરનારની તો ચાર યાત્રા થઈ જાય એટલે ગિરનારની ૯૯ યાત્રા ખૂબજ અઘરી છે તેવો જરાપણ ભય ન રાખશો.

[redacted]

## જૂનાગઢ જીલ્લાના તીર્થો

- **ગિરનારજી તીર્થ :** શ્રી દેવચંદ લક્ષ્મીચંદ ટ્રસ્ટ, ઉપરકોટ રોડ, જગમાલ ચોક, બાબુનો વંડો, જૈનધર્મશાળા, જૂનાગઢ - ૩૬૨૦૦૧
  ફોન : ૦૨૮૫-૨૬૫૦૧૭૯, (પેઢી) ૨૬૨૦૦૫૯ શેઠીયાની ધર્મશાળા) ૨૨૨૦૦૫૯

- **ચોરવાડ તીર્થ :** શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, મુ. પો. ચોરવાડ, ફોન : ૦૨૭૩૪-૨૬૭૩૨૦

- **વંથલી તીર્થ :** શ્રી શીતલનાથ ભગવાન જૈન શ્વે. મંદિર, શ્રી વંથલી તપાગચ્છ જૈન સંઘ, આઝાદ ચોક, મુ. પો. વંથલી - ૩૬૨૬૧૦
  ફોન : ૦૨૮૮૭૨-૨૨૨૨૬૪

- **અજાહરા તીર્થ :** શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, મુ. અજાહરા, પો. દેલવાડા - ૩૬૨૫૧૦

- **ઉના તીર્થ :** શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, વાસા ચોક, મુ. પો. ઉના - ૩૬૨૫૬૦ ફોન : ૦૨૮૫-૨૨૨૨૩૩

- **દેલવાડા તીર્થ :** શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, વાસા ચોક, મુ. પો. દેલવાડા - ૩૬૫૫૧૦, વાયા - ઉના.
  ફોન : ૦૨૮૮૫-૨૨૨૨૩૩

- **પ્રભાસ પાટણ તીર્થ :** શ્રી પ્રભાસ પાટણ જૈન શ્વે. મૂ. સંઘ, જૈનદેરાસરની શેરી, મુ.પો. પ્રભાસપાટણ - ૩૬૨૨૬૮,
  ફોન : ૦૨૮૭૬-૨૩૧૬૩૮

- **વેરાવળ તીર્થ :** શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ માયલાકોડ, મુ. પો. વેરાવળ, ફોન : ૦૨૮૭-૨૨૧૩૮૧

- **દીવ તીર્થ :** શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, મુ. પો. દીવ - ૩૬૨૫૨૦ વાયા - ઉના, ફોન : ૦૨૮૭૫-૨૨૨૨૩૩

## ગિરનાર તીર્થમાં ઉપલબ્ધ વ્યવસ્થા

- **શેઠશ્રી દેવચંદ લક્ષ્મીચંદ તળેટીની પેઢી :** ગિરનાર તળેટી, બંડીલાલ દિગંબર ધર્મશાળાની સામે, ગિરનાર-જૂનાગઢ.
  તળેટીની પેઢી : ૦૨૮૫-૨૬૨૦૦૫૯

- **શ્રી નેમિજિન યાત્રિક ભવન :** ગિરનાર, ફોન : ૦૨૮૫-૨૬૨૦૨૫૧,
  ફોન : પહાડ ઉપર : ૦૨૮૫-૨૯૦૨૭૫૪,
  સહસાવન : ૦૨૮૫-૨૬૨૨૯૨૪

- **શ્રી ગિરનાર દર્શન ધર્મશાળા :** રૂપાયતન રોડ, ભવનાથ તળેટી, જૂનાગઢ - ૩૬૨૦૦૧ ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯, ૨૬૫૭૧૯૯

- **કચ્છીભવન ધર્મશાળા :** ફોન : ૦૨૮૫-૨૬૫૫૩૬૦

●



ગીરનાર મંડન શ્રી નેમિનાથ દાદા




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

अत्थमिए जिणसूरे केवलिचंदेऽवि जे पईयुव्व ।
पयडंति इह पयत्थे ते आयरिए नमंसामि ॥

જિનેશ્વર ભગવાનરૂપી સૂર્ય અને સામાન્ય કેવળીરૂપી ચન્દ્ર અસ્ત પામતાં, જેઓ આ સંસારમાં દીવાની જેમ પદાર્થોને પ્રકાશિત કરે છે, તે આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.



ગુલાબ જેવા સુવાસિત

પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન સુરત